સ્વાતંત્ર્ય
કથાઓ
ધનંજય શાહ

Gujarati F
Shah, Dhananjay
Swatantrya kathao
Stories 2014 £ 8.40
Mumbai R.R.Sheth
ISBN: 9789351222095

ROYAL BOROUGH OF GREENWICH
Follow us on twitter @greenwichlibs
Woolwich Library
Tel: 020 8921 5750
Tel: 020 8921 5748

Please return by the last date shown

5/15
Amar
-- NOV 2015

Thank you! To renew, please contact any
Royal Greenwich library or renew online at
www.better.org.uk/greenwichlibraries

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'
રોયલ એપાર્ટમેન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Visit us at : www.rrsheth.com

GREENWICH LIBRARIES
3 8028 02076512 6

SWATANTRYA KATHAO
Children Stories on Freedom Movement of India
Written by Dhananjay Shah
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai □ Ahmedabad
2014
ISBN : 978-93-5122-209-5

© હર્ષ ધનંજય શાહ પરિવાર

પ્રથમ આવૃત્તિ : ફેબ્રુઆરી, ૨૦૧૪

Greenwich Libraries	WO
16022	
38028020765126	
Gujarati	

પ્રકાશક
આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.
મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

મુદ્રણ વૈદેહી ઑફસેટ, અમદાવાદ ખાતે થયું.

પં. જવાહરલાલ નેહરુ

"આજ મધરાતે આપણે પ્રતિજ્ઞા લઈશું કે સ્વાતંત્ર્યેતર કાળમાં ગમે તેટલા પ્રચંડ વંટોળો અને તુમુલ ઝંઝાવાતો આપણી સામે આવે તોપણ આઝાદીની મશાલને આપણે હરગિજ બુઝાવા નહિ દઈએ. મહાત્મા ગાંધીજીની રાહબરી હેઠળ ચાલેલા સ્વાતંત્ર્યસંગ્રામમાં જે નામી-અનામી સ્વયંસેવકોએ તથા આઝાદીના લડવૈયાઓએ પ્રાણોની આહુતિ આપી છે તેમની કુરબાનીને પણ આપણે કદાપિ નહિ વિસ્મરીએ."

(તા. ૧૪ ઑગસ્ટ, ૧૯૪૭)

સરદાર વલ્લભભાઈ પટેલ

"આજે પ્રાપ્ત થયેલી સ્વતંત્રતાના ઉદ્ભવની સાથે જે મહાન જવાબદારીઓ અને ફરજોનો બોજ આપણે ઉઠાવવાનો છે તેને અત્યારની ઘડીના આનંદમાં વીસરી ન જઈએ. બાહ્ય તેમજ આંતરિક બળો સામે આપણી આઝાદીનું સાવધપણે જતન કરવાની આપણી પ્રાથમિક ફરજ છે. ઈશ્વરે હવે જ આપણને આપણા આદર્શો અને કલ્પનાઓ મુજબના રાષ્ટ્રના ભાગ્યનું નિર્માણ કરવાની તક આપી છે.

(તા. ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭)

ઋણ સ્વીકાર

આ હારમાળા તૈયાર કરવામાં સર્વશ્રી મે કિ અને મે લેસન, એસ. એન. સેન, પંડિત સુંદરલાલજી, મલ્કાપુરકર, હર્ડીકર, ફોરેસ્ટ, હોપ, રામપ્રસાદ બિસ્મિલ, યશપાલ, મન્મથનાથ ગુપ્ત, સાવરકર, ડૉ. ભૂપેન્દ્રનાથ દત્ત તેમજ અન્ય ક્રાંતિકારીઓ અને લેખકોનાં લખાણો, પુસ્તકો, સામયિકો અને વર્તમાનપત્રોમાં છપાયેલા લેખોની મેં સહાય લીધી છે. એ સહુનો અત્રે ઋણ સ્વીકાર કરું છું. આ પુસ્તિકાઓને પ્રકટ કરવા માટે મારા સુહૃદય પ્રકાશક શ્રી ભગતભાઈ શેઠનો આભારી છું.

— ધનંજય ર. શાહ

અનુક્રમ

અંગ્રેજો ટળો	૫
ત્રણસોની ટોળી	૨૧
વાઘની મૂછ	૨૭
સિંહણનું શૂરાતન	૩૪
વાઘની બોડમાં	૪૪
દેશ ખાતર દુનિયા ખૂંદી	૫૩
શૂરવીર સૂફીજી	૭૮
મારે બૉમ્બ બનાવતાં શીખવું છે	૮૩
ધરમ માટે ધાડ	૧૦૦
પંડિતનો પ્રકોપ	૧૧૪
જેલમાંથી નાઠા	૧૨૫
શિર જાવે તો જાવે	૧૩૮
શહીદની સહચરી	૧૪૬
કરેંગે યા મરેંગે	૧૫૬
હમ આજ હી મરને વાલે હૈં	૧૬૧
નામ મારું છે "આઝાદ"	૧૬૮
શૂરો સપૂત	૧૯૨
પ્રતિજ્ઞા પૂરી થઈ	૨૦૮
અબલા બની પ્રબલા	૨૧૪
ફાંસી કે ફૂલમાળા	૨૨૦
દેશપ્રેમી દાદીમા	૨૨૨
કનકની કુરબાની	૨૨૬

અંગ્રેજો ટળો

ઈ. સ. ૧૯૪૨.

ઑગસ્ટ મહિનો અને ૭મી તારીખ.

મુંબઈની અલબેલી નગરી.

આ નગરીના મશહૂર ગોવાળિયા ટૅંક નામના મેદાનમાં એક ખૂબ વિરાટ શમિયાણો ખડો કરવામાં આવ્યો છે. પાંત્રીસ હજાર ચોરસ ફૂટનો વિસ્તાર ધરાવતા આખા મેદાનમાં જાણે માનવ મહેરામણ ઊમટ્યો છે.

આકાશ વાદળછાયું છે.

મોસમ મજાની છે.

વીસ હજાર કરતાં પણ વધુ વ્યક્તિઓ એ સભામંડપમાં એકઠી થઈ છે.

એમાં ખાદીનાં કપડાંમાં સજ્જ થયેલા પુરુષો છે. ભાતભાતનાં રંગીન કપડાંમાં સજ્જ થયેલી સ્ત્રીઓ પણ છે.

૩૫૦ કરતાં પણ વધુ પત્રકારો આ સભામાં હાજર રહ્યા છે. જેમાં રશિયાની નામાંકિત સમાચાર સંસ્થા 'તારા'ના પ્રતિનિધિ, તેમ જ ચીન અને બીજા દેશોના પ્રતિનિધિઓ પણ હાજર છે.

સભાની શરૂઆત 'વંદેમાતરમ્' ગીતથી થઈ.

એ ગીત ગાતી વખતે સભામાં હાજર રહેલા હરકોઈ ઊભા થઈ ગયા. યુરોપના પત્રકારો સુધ્ધાં એ ગીત ગવાતી વખતે અદબભેર ઊભા રહ્યા.

આજની આ સભા ભારતના ઇતિહાસમાં સોનાના અક્ષરે લખાવવા માટે સર્જાયેલી સભા હતી.

આ સભામાં જ અંગ્રેજોને ભારત છોડી ચાલ્યા જવાનો પડકાર થયો હતો.

પંડિત જવાહરલાલ નેહરુએ સભાની સામે ઠરાવ મૂક્યો. આ ઠરાવ રજૂ કરતી વખતે એમણે ભારે જોશીલી વાણીમાં કહ્યું : 'બસો બસો વર્ષની ગુલામી પછી આઝાદીની માંગણી કરવી, એ શું કોઈ ગુનો છે?'

ઠરાવને ટેકો આપવા ઊભા થયા ભારતના લોખંડી વીર પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ.

એક ઘા ને બે કટકા જેવી એમની તીખી તમતમતી વાણી. સભામાં જબરો ઉત્સાહ આવી ગયો. ગજબનું ઝનૂન જાગ્યું.

એમણે અંગ્રેજોને રોકડું પરખાવ્યું : 'તમારી ઇચ્છા હોય તો હિન્દુસ્તાનનું રાજ્ય તમે મુસ્લિમ લીગને સોંપો. તેમ ન ગમે

તો ચોર, લૂંટારા કે ડાકુને સોંપો. એ લોકો હિન્દુસ્તાનના રહેવાસીઓ હોય એટલે બસ. બાકી તમે તો હવે કોઈ પણ હિસાબે અહીંથી જાઓ, જાઓ ને જાઓ.'

સભાના અધ્યક્ષ પદેથી બોલતાં મૌલાના અબૂલ કલામ આઝાદે જણાવ્યું : 'અંગ્રેજોએ હમણાં ને હમણાં જ સત્તાની ફેરબદલી કરવી

જોઈએ. હવે એક પળનો પણ વિલંબ નહીં ચાલે.'

આ સભામાં મહાત્મા ગાંધીજી હાજર હતા.

અંગ્રેજોની કપટનીતિ, બેવચનીપણું સ્વાર્થાંધતા અને હિંદવાસીઓને લડાવ્યા કરવાની નીતિથી એ ખૂબ તંગ આવી ગયા હતા. ખૂબ ખૂબ અકળાયા હતા.

ભારે મક્કમતાથી છતાં ખૂબ શાંતિપૂર્વક એમણે એમનો અભિપ્રાય જણાવ્યો. એમના શબ્દો જાણે તોળાઈ તોળાઈને આવતા હોય એવા હતા. એક એક શબ્દ ઉપર એમણે પૂરતો ભાર મૂક્યો હતો. સભામાં હાજર રહેલા એકએક જણના કાળજામાં સોંસરવા ઊતરી જાય એવા એમના શબ્દો હતા.

કોઈ પણ જાતના દેખીતા ઉશ્કેરાટ વિના, ભારે ગંભીરતાથી એમણે કહ્યું : 'હું રહું કે ન રહું! હું જીવું કે મરું! પણ ભારત તો આઝાદ થઈને જ રહેશે.'

આ શબ્દો સાંભળી જાણે આકાશમાંથી વીજળી પડી હોય એવો સન્નાટો સભામાં ફેલાઈ ગયો. બીજી જ પળે ગાંધીજીએ પહાડ જેવો અડગ એક લલકાર આપ્યો : 'કરેંગે યા મરેંગે!' 'અંગ્રેજો ચાલ્યા જાવ.'

આખી સભામાં જબરો ઉશ્કેરાટ ફેલાઈ ગયો. ગાંધીજીનું એક નવું જ વિરાટ સ્વરૂપ સહુની આંખો સામે ખડું થયું.

બીજે દિવસે સાંજે ૨૫૦ સભ્યોમાંથી માત્ર ૧૩ સભ્યોએ

'ભારત છોડો'ના આ ઠરાવની સામે પોતાનો વિરોધ નોંધાવ્યો. આ ૧૩માં ૧૨ સામ્યવાદી હતા. જ્યારે તેરમાએ પોતાના સામ્યવાદી દીકરાની સલાહથી આ ઠરાવનો વિરોધ કર્યો હતો.

સભાએ કરેલા આ અંતિમ નિર્ણયને લીધે ભારતવાસીઓને કામ કરવાની સાચી દિશા મળી. 'કરેંગે યા મરેંગે'નો નાદ એમના કાનમાં જોરશોરથી ગુંજવા લાગ્યો.

આ બાજુ અંગ્રેજ સરકાર આ ઠરાવથી સૂનમૂન બની ગઈ.

તે વખતે બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું. જાપાનીઓ અંગ્રેજોને સારી પેઠે ધીબોડી રહ્યા હતા. બહુ પંકાયેલી અંગ્રેજ સેનાને પીછેહઠ કરવી પડી હતી.

આમ છતાં અંગ્રેજ સરકારની સાન બરાબર ઠેકાણે આવી ન હતી.

પોતે હંમેશને માટે ભારત ઉપર રાજ કરવા માટે જ સર્જાયા છે; એવી અંગ્રેજોની કાયમી માન્યતા હતી.

આથી આ ઠરાવ પસાર કરનારા નિઃશસ્ત્ર કૉંગ્રેસ નેતાઓને જેલભેગા કરવાની એણે રાતોરાત તૈયારીઓ કરી લીધી.

બીજે દિવસે હજુ તો સૂરજ પણ ઊગ્યો ન હતો, એ પહેલાં તો અંગ્રેજોએ વીજળીવેગે આગેવાન કૉંગ્રેસી નેતાઓની ધરપકડ કરવા માંડી. પરિણામે કેટલાક નેતાઓનું નાહવાનું અધૂરું રહ્યું. કોઈકની ચાહ રહી ગઈ. કેટલાક વળી પોતાનાં જરૂરી પુસ્તકો, કપડાં અને બીજો સામાન પોતાની સાથે લેવાનો ભૂલી ગયા. ભારે જબરી ધાંધલ મચી રહી.

અલ્ટમાઉંટ રોડ ઉપર આવેલા એક મકાનમાં પંડિત જવાહરલાલ નેહરુનો ઉતારો હતો. ખૂબ વહેલી સવારે ટરરર ટરરર

કરતી એ મકાનની ઘંટડી વાગી.

તરત જ ઇન્દિરાબેન જાગી ગયાં.

એ વખતે એમની ઉંમર ચોવીસ વર્ષની હતી.

જવાહરલાલ નેહરુની સાથે એ પણ એ મકાનમાં હાજર હતાં.

એમણે તરત જ બારણાં ખોલ્યાં.

હવે જવાહરલાલને ગિરફતાર કરવા માટે મોકલવામાં આવેલા અંગ્રેજ પોલીસ અધિકારીઓ તે વખતે સાદા વેશમાં આવ્યા હતા. આથી ઇન્દિરાબેન એમને ઓળખી ન શક્યાં.

પંડિતજીએ તે દિવસે અમેરિકન ટેલિવિઝન કંપનીના માણસોને પોતાની મુલાકાત લેવાની મંજૂરી આપી હતી.

આથી ઇન્દિરાબેને તો એ ગોરાઓને એ અમેરિકન ટેલિવિઝન કંપનીના માણસો જ માની લીધા.

થોડી જ પળોમાં ઇન્દિરાબેનને સાચી વાતની જાણ થઈ.

પંડિતજી પણ ઊઠી ગયા હતા.

એમને જ્યારે કહેવામાં આવ્યું કે એમને પકડવા માટે ગોરા પોલીસો આવી લાગ્યા છે, ત્યારે એ તો ખૂબ આનંદમાં આવી ગયા. જોરથી તાળીઓ પાડતાં એ કહેવા લાગ્યા : 'વાહ! વાહ! છેવટે એ લોકો આવી ગયા! આવી ગયા!'

અને પંડિતજી ગોરા પોલીસો સાથે રવાના થયા.

મૌલાના અબૂલ કલામ આઝાદે સભાપતિ તરીકેનું કામ બજાવ્યું હતું. આગલી સાંજથી જ એમનું માથું ખૂબ દુખતું હતું. આથી એસ્પિરિનની બે ટીકડીઓ ચાહ સાથે લઈ એ માંડ સૂતા હતા. ઘડિયાળમાં સવારના ચારના ડંકા માંડ પડ્યા હશે. એટલામાં ભુલાભાઈ દેસાઈનો દીકરો હાથમાં ભૂરો કાગળ લઈને ત્યાં આવી

લાગ્યો. એણે મૌલાનાના પગનો સ્પર્શ કર્યો. તરત જ મૌલાના જાગી ગયા.

બરાબર દોઢ કલાક બાદ પોલીસની મોટરમાં બેસી મૌલાના પોલીસો સાથે રવાના થયા.

મહાત્મા ગાંધીજી 'બિરલા હાઉસ'માં ઊતર્યા હતા. પોલીસે લગભગ મધરાતથી જ બિરલા હાઉસને ઘેરી લીધું હતું.

રોજની આદત પ્રમાણે ગાંધીજી ખૂબ વહેલા ઊઠી ગયા.

જેવી એમણે આંખો ખોલી કે તરત જ એમની નજર બાજુમાં ઊભેલા એમના અંગત મંત્રી મહાદેવભાઈ દેસાઈ ઉપર પડી.

મહાદેવભાઈએ કહ્યું : 'બાપુજી! બહાર પોલીસ કમિશનર બટલર ઊભા છે. એ પૂછે છે કે આપને અહીંથી તેમની સાથે નીકળતાં કેટલો સમય લાગશે?'

ગાંધીજીએ શાંતિથી એમના રોજના નિયમ પ્રમાણે બકરીનું દૂધ પીધું. ફળનો રસ લીધો.

ત્યાં હાજર રહેલા સહુએ 'વૈષ્ણવ જન તો તેને કહીએ' ગાયું.

કુમારી અમતુલ સલામે મધુર કંઠે કુરાનની કેટલીક આયાતો ગાઈ.

ગાંધીજીના વિશાળ કપાળમાં કંકુનો ચાંદલો કરવામાં આવ્યો. એમના ગળામાં ફૂલનો હાર આરોપાયો.

મીરાંબેન અને મહાદેવ દેસાઈને સાથે લઈ ગાંધીજી પોલીસ સાથે રવાના થયા.

આ બાજુ રવિવારે સાંજે પૂજ્ય કસ્તૂ ા ગાંધીનું શિવાજી પાર્કમાં ભાષણ રાખવામાં આવ્યું હતું.

આથી મહાત્મા ગાંધીજીનાં પત્ની કસ્તૂરબા તો બાપુને વિદાય

કરી બિરલા હાઉસમાં જ રહ્યાં હતાં.

બપોરે પોલીસ બિરલા હાઉસમાં આવી લાગી.

પોલીસ અધિકારીએ કસ્તૂરબાને શિવાજી પાર્કની એ સભા બંધ રાખવા વિનંતી કરી. ખૂબ ખૂબ સમજાવ્યાં. પણ કસ્તૂરબાએ ગાંધીજી જેવા મહાપુરુષનાં પડખાં સેવ્યાં હતાં. એ કદી માને ખરાં કે?

એમણે પોલીસને તેમ કરવાની સાફ ના પાડી. ઊલટું એમણે તો સામેથી જણાવ્યું કે, હું તો ધરાર એ સભામાં ભાષણ કરીશ અને બહેનોને આ સંગ્રામમાં ભાગ લેવા સમજાવીશ.

તરત જ સુલેહશાંતિનો ભંગ કરવાનો અપરાધ ઊભો કરી, કસ્તૂરબાના નામનું પોલીસે વૉરન્ટ કાઢ્યું.

થોડી જ વારમાં તો કસ્તૂરબા પોલીસોની સાથે જેલ તરફ રવાના થયાં. કેટલાક સમય બાદ એમનું જેલમાં જ અવસાન થયું.

સરોજીની નાયડુને તો કદાચ પહેલેથી જ શંકા આવી ગઈ હશે કે પોલીસ એમને ગિરફતાર કરશે. અથવા તો એમણે માની લીધું હશે કે આ જાતની સભા અને આ જાતના નિર્ણય બાદ પોલીસ કૉંગ્રેસના ટોચના નેતાઓને પકડ્યા વિના રહેવાની નથી.

આથી એમણે પોલીસના આવતા પહેલાં જ એમનો બધો જરૂરી સરસામાન બાંધીને તૈયાર રાખ્યો હતો.

એટલે જેવો પોલીસ ઇન્સ્પેક્ટર એમના મલબાર હિલના રહેઠાણે એમને ગિરફતાર કરવા વહેલી સવારે આવી લાગ્યો, તેવું જ એમણે કહ્યું : 'આવો! આવો! હું તમારી જ રાહ જોતી હતી. મને તો હતું કે તમે આથી પણ વહેલા આવશો.'

શ્રી બી. જી. ખેરને પકડવા ગયેલી પોલીસને ખેરે કહ્યું : 'મને

સવારે સવારે પગે ચાલવાની ટેવ છે. આથી હું તમારી સાથે ચાલતો ચાલતો પોલીસ થાણે આવીશ.'

પણ પોલીસે તેમ કરવાની સાફ ના પાડી. છેવટે ખેર સાહેબને પોલીસની સાથે એમની મોટરમાં જ રવાના થવું પડ્યું.

આમ પોલીસે ભારે ઝડપથી મોડી રાતથી માંડી સવાર સુધીમાં લગભગ તમામ આગેવાનોને ગિરફ્તાર કરી લીધા.

ગિરફ્તાર કરાયેલા કૉંગ્રેસી નેતાઓને એક પછી એક મુંબઈના બોરીબંદર સ્ટેશને લાવવામાં આવ્યા.

સ્ટેશન ઉપર એમને માટે એક ખાસ ટ્રેન તૈયાર જ ઊભી હતી.

પોલીસ અધિકારીઓની એક મોટી ટુકડી આ કેદીઓની દેખભાળ માટે ત્યાં હાજર હતી.

જેમ જેમ કેદીઓ આવતા જતા હતા, તેમ તેમ પોલીસ અધિકારીઓ તેમને ડબામાં બેસાડતા જતા હતા.

એક પોલીસ અધિકારીએ કેદીઓની ગણતરી કરવી શરૂ કરી.

'એક...બે...ત્રણ...ત્રીસ!'

એ અધિકારીના શબ્દો પૂરા થાય એ પહેલાં તો કોઈકનો મજાકભર્યો મોટો અવાજ સહુના કાન પર પડ્યો : 'બત્રીસ!'

પેલો પોલીસ અધિકારી એ સાંભળી ગૂંચવાયો. એને થયું કે એણે ગણતરીમાં કોઈ જબરી થાપ ખાધી છે.

આજે તો એના માથા પર કપરામાં કપરી જવાબદારી હતી. ભારતના એ સમયના ટોચના નેતાઓની ગિરફ્તારી અને મુંબઈથી એમને છાનામાના રવાના કરવાની જવાબદારી એને માથે હતી. જરા સરખી ભૂલ થાય તો કેમ ચાલે?

આથી એણે બિચારાએ ફરીથી ગણતરી કરવી શરૂ કરી.

બધા ખડખડ હસી પડ્યા.

એ પોલીસ અધિકારીને આમ તોફાન કરી ગૂંચવી નાખનાર વ્યક્તિ બીજી કોઈ નહીં, પણ મૌલાના અબૂલ કલામ આઝાદ હતા.

થોડી વાર બાદ બીજી ત્રણ ટ્રકો કેદીઓ ભરીને આવી. એમાંથી બીજા ચાળીસ કેદીઓને પોલીસે નીચે ઉતાર્યા.

પોલીસ અધિકારીઓએ કેદીઓને ટ્રેનના ડબ્બામાં બેસાડ્યા.

કેદીઓની સાથે અધિકારીઓ પણ એમાં ગોઠવાયા.

તરત જ ટ્રેન ઊપડી. ધમધમાટ કરતી એ પૂના તરફ જવા લાગી.

આ ટ્રેન હવે સીધીસાદી ટ્રેન રહી ન હતી.

એ તો પૂના તરફ ધમધમાટ કરતું વહી જતું એક કેદખાનું જ હતી.

કેટલાક વખત બાદ ચિંચવડ નામનું સ્ટેશન આવ્યું. ગાડી આ સ્ટેશને ઊભી રહી.

અહીંથી પૂના ઝાઝું દૂર ન હતું.

એક ખાસ મોટરમાં ચિંચવડથી ગાંધીજીને પૂનામાં આવેલા આગાખાન મહેલમાં લઈ જવામાં આવ્યા.

જ્યારે બાકીનાઓને યરોડા જેલમાં તેમ જ અહમદનગરમાં આવેલા ચાંદબીબીના કિલ્લામાં કેદ પૂરવામાં આવ્યા.

જોકે સરકારે શરૂઆતમાં આ તમામ નેતાઓને આફ્રિકા લઈ જઈ યુગાન્ડાના કે દક્ષિણ આફ્રિકાના કોઈ જેલખાનામાં પૂરવાનું વિચાર્યું હતું. પરંતુ પાછળથી એ વિચાર પડતો મુકાયો હતો.

ઈ. સ. ૧૯૪૨માં રવિવારે છાપાં બહાર પડતાં ન હતાં. આથી ખાસ વધારાઓ મારફતે જ આ ભારતની પ્રજાના ખૂબ લાડીલા આ તમામે તમામ નેતાઓની ગિરફતારીના સમાચાર બધે ફેલાયા. આખું ભારત આ સમાચાર વાંચતા ભડકી ઊઠ્યું.

ચારે બાજુ ક્રાંતિના અંગારા સળગી ઊઠ્યા.

ઈ. સ. ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામ પછી પહેલી વાર ભારતની જનતા આટલા મોટા પાયા ઉપર વીફરી. પહેલી વાર એણે એવો આઝાદી માટે ક્રાંતિનો આટલો મોટો આતશ પ્રકટાવ્યો.

ચારે બાજુ ઠેરઠેર મોટાં મોટાં તોફાનો થયાં. પાટા ઊખડ્યા. પોસ્ટ ઑફિસો સળગતી દેખાઈ, સરકારી કચેરીઓ તોડી પડાઈ. ટ્રેનો ઉથલાવી દેવામાં આવી. ટ્રામોમાં આગ ચંપાઈ.

અંગ્રેજોએ આંધળા બની ગોઝારો જુલમ કરવા માંડ્યો. લાઠીમાર, ગોળીબાર, ઘોડદોડ, બંદૂકના કુંદા, સંગીનોના ઘા, આવા તો કંઈ કંઈ અત્યાચારો એણે ભારતની જનતા ઉપર કર્યા.

અંગ્રેજ સરકારના એ વખતના અધિકારીઓએ જ આપેલી માહિતી અનુસાર આઝાદી માટેના આ સંગ્રામને શમાવી દેવા માટે સરકારે ૫૩૮ વખત ગોળીબાર કર્યો. ૧૦૨૮ વ્યક્તિઓ મરણ પામી. ૩૨૦૦ વ્યક્તિઓ ઘાયલ થઈ.

કૉંગ્રેસના આગેવાનોએ અંગ્રેજોએ આપેલા આ આંકડાને પડકારતાં કહ્યું, ૧૦૨૮ નહિ પણ ઓછામાં ઓછી ૧૦,૦૦૦ જેટલી વ્યક્તિઓ આ સંગ્રામમાં શહાદતને પામી.

ભારત અંગેના સચિવનો હોદ્દો ભોગવતા એમરીએ જણાવ્યું કે આ સંગ્રામમાં ભાગ લેવા જતાં પોલીસોના હાથમાં ઝડપાયેલી અગણિત વ્યક્તિઓમાંથી ૩૪,૮૧૫ જણને સજા થઈ. એમાંથી

૧૬,૬૨૩ને જુદી જુદી જેલોમાં ધકેલી દેવામાં આવ્યા.

આ બાજુ આ નેતાઓની ગિરફતારીના દિવસથી જ મુંબઈ શહેરનું વાતાવરણ તો એકદમ ગમગીન બની જ ગયું હતું. ત્યાં રાતનો કરફ્યૂ જાહેર કરવામાં આવ્યો હતો. લોકોનાં ટોળાંઓ અને પોલીસો વચ્ચે અનેક વાર અથડામણો થઈ હતી. એમાં ઘણા લોકો મરણ પામ્યા હતા.

આખા શહેરમાં જબરજસ્ત હડતાળ પાળવામાં આવી હતી. મુંબઈનું શેરબજાર પણ સમૂળું બંધ હતું.

ગોવાળિયા ટૅંકના પેલા મેદાનનો તો જાણે આખો દેખાવ જ ફરી ગયો હતો.

આગલે દિવસે જ્યાં ખાદી પહેરેલા હજારો માણસો ઘૂમતા હતા, ત્યાં આજે સેંકડો પોલીસો ઊતરી પડ્યા હતા.

આમ છતાં કૉંગ્રેસે નક્કી કરેલા કાર્યક્રમ પ્રમાણે મેદાનમાં ધ્વજવંદન થયું.

મોતને મુઠ્ઠીમાં લઈ ફરનારા અનેક દેશભક્તો એ મેદાનમાં ભેગા થયા.

અરુણા અસફઅલીએ તીખું તમતમતું ભાષણ કર્યું. એમણે નેતાઓની એકાએક કરેલી ગિરફતારીના સમાચાર લોકોને આપ્યા.

એ સાંભળી ભેગા થયેલા લોકો ચિંતાતુર થયા. એવામાં પોલીસ અમલદારો ત્યાં આવી લાગ્યા. એમણે તાબડતોબ એ મેદાન ખાલી કરવાનો હુકમ આપ્યો. પણ લોકો તે દિવસે પોલીસનાં ફરમાનો માનવાના મિજાજમાં ન હતાં.

ત્યાં હાજર રહેલી દેશસેવિકાઓ અર્ધ વર્તુળના આકારમાં સભામંડપની બાજુમાં ગોઠવાઈને સિંહણની માફક પોલીસોને પડકાર

કરતી ઊભી રહી. પોલીસની ધમકીઓ એમનું એક રૂંવાડુંય ન ફરકાવી શકી.

તરત જ પોલીસે બળજબરીથી લોકોને વિખેરી નાખવાનું વિચાર્યું.

ધમ...ધમ...ધમ... કરતાં અશ્રુવાયુના ટેટા ફૂટવા માંડ્યા.

તરત જ લોકો એકદમ જમીન ઉપર સૂઈ ગયા. કોઈ કરતાં કોઈ ત્યાંથી ભાગ્યું નહીં.

આજે સૌ મોતને મુઠ્ઠીમાં લઈને જ આવ્યા હતા.

વડો પોલીસ અધિકારી એકદમ આગળ વધ્યો. એની આંખમાં ફરફર લહેરાઈ રહેલો ત્રિરંગો ધ્વજ ખૂંચતો હતો.

એ મોટી મોટી છલાંગો મારતો સીધો ધ્વજ તરફ દોડ્યો.

ધ્વજને જમીનદોસ્ત કરવાની એ કોશિશ કરવા લાગ્યો.

ત્યાં ઊભેલા બે નવયુવાનોનું લોહી એ જોઈ ઊકળી ઊઠ્યું. એમનાં જાન કરતાં વધુ વહાલા એ ધ્વજનું આવું અપમાન! એમનાથી એ સહન જ કેમ કરી શકાય?

આથી એ લોકોએ પેલા પોલીસ અમલદારનો વિરોધ કર્યો.

સટાસટ કરતી લાઠીઓ એમના પર વીંઝાઈ.

જોતજોતામાં તો એ બંને નવયુવાનો લોહીલુહાણ થઈ જમીન પર પટકાયા. તરત જ એમને ઇસ્પિતાલમાં ખસેડવામાં આવ્યા.

તે દિવસે આગળથી ગોઠવાયેલા કાર્યક્રમ પ્રમાણે તે સમયે વિદ્યાર્થીઓની એક સભા ગોવાળિયા ટૅંકમાં ભરવાનું નક્કી થયું હતું. એમાં ખુદ પંડિત જવાહરલાલ ભાષણ કરવાના હતા.

હવે મુંબઈના તમામ લોકોને નેતાઓની ગિરફતારીના સમાચાર હજુ પહોંચ્યા ન હતા. વળી કેટલાક જાણતા હતા, તોપણ સભામાં

ભાગ લેવાની પોતાની ફરજ છે એમ માની ત્યાં આવી રહ્યા હતા.

જોતજોતામાં ખૂબ મોટી સંખ્યામાં લોકો ગોવાળિયા ટેંકમાં ઊમટવા લાગ્યા.

આથી પોલીસોની તો પસ્તાળ જ પડી ગઈ. એમનું કામ બમણું થઈ ગયું. મેદાનમાં એક બાજુ તો તોફાન ચાલતું જ હતું. એવામાં આજુબાજુથી આ રીતે કિડિયારાની માફક લોકો જવાહરલાલને સાંભળવા આવી રહ્યા હતા.

હવે શું કરવું? પોલીસ મૂંઝાઈ. એમની પાસ રાઇફલો તૈયાર હતી.

લોકોને વિખેરવા માટે હવે એમની પાસે એ જ સાધન બાકી રહ્યું હતું.

તરત જ પોલીસ અધિકારીઓએ ગોળીબાર કરવાનો હુકમ આપ્યો.

ધડીમ...ધડીમ...ધડીમ...કરતી ગોળીઓ ચારે બાજુ વછૂટવા લાગી.

સામાન્ય રીતે બાપુજીની તમામ લડતો અહિંસક રહી હતી. જુલમ કરનારા જુલમ કરતા થાકે, પણ જુલમ સહેનારાનું રૂંવાડું ન ફરકે. કોઈ સામો હાથ ન ઉપાડે. કોઈ સામી લાકડી ન પકડે. કોઈ સામો અપશબ્દ ન કહે. પણ આ ઈ. સ. ૧૯૪૨નો સંગ્રામ અનોખો હતો. લોકો તે વેળા પૂજ્ય બાપુજીની અહિંસાની ચુસ્ત વ્યાખ્યાનું પાકું પાલન કરવાના મિજાજમાં ન હતા.

આથી પોલીસના પાશવી જુલમોનો જનતાએ પણ પથ્થરો અને છત્રીઓ યા લાકડીઓથી જેટલો બની શકે તેટલો જવાબ આપ્યો.

આકાશમાંથી વરસાદ વરસતો હતો. છતાં લોકોની છત્રીઓ

બંધ હતી. પોલીસ જ્યારે જ્યારે લોકો ઉપર દંડા, સંગીન કે હંટરનો ઉપયોગ કરતી ત્યારે ત્યારે લોકો હાથમાંની એ છત્રીઓ વડે પોલીસો ઉપર હુમલો કરતા. એમનાં ગજાં પ્રમાણે એ પણ પોલીસોને ઠોકતા.

આ બાજુ આસપાસની શેરીઓમાં રહેતી સ્ત્રીઓ પણ કંઈ કમ ન હતી.

ચારે બાજુ અશ્રુવાયુના ટોટા ફૂટતા હતા. આ ટોટાને બુઝાવી દેવા માટે રેતીની ભરેલી ડોલો ને ડોલો એ પુરુષોને આપતી. સળગતા ટોટા એના વડે લોકો બુઝાવી દેતા. જરૂર પડે બાલદીઓમાં પાણી પણ અપાતું. જેમની આંખો અશ્રુવાયુને લીધે બળતી, એ લોકો આ પાણી વડે આંખો ધોતા. સહેજ સારું લાગે એટલે વળી પાછા પોલીસોનો સામનો કરતા.

મુંબઈની માફક ભારતના બીજા પણ કેટલાંક શહેરોમાં લગભગ આ જ જાતના બનાવો ૧૯૪૨ની ૧૫મી ઑગસ્ટ બાદ શરૂ થયેલા આ આંદોલન દરમિયાન બન્યા હતા.

પરદેશી ચીજો વેચતી દુકાનો પર લોકો ધૂંધવાયા હતા. દારૂની દુકાનો પણ વીફરેલા લોકોએ તોડી નાંખી હતી.

મુંબઈની મિલોમાં કામદારોએ કામ કરવાની ના પાડી.

હેટ અને ટાઈના ઢગલા ને ઢગલા કરાયા. એમની મોટી મોટી હોળી થઈ.

પોર્ટુગીઝ ચર્ચના નામથી ઓળખાતા મુંબઈના એક ભાગમાં એક સામટી અઢીસો હેટના ઢગલાને આગ ચંપાઈ.

સેંટ ઝેવિયર કૉલેજમાં ભણતા યુવકો કૉલેજની સામે ધોરી રસ્તા ઉપર સૂઈ ગયા. એમણે એ રસ્તાની બધી અવરજવર જ થંભાવી દીધી.

ગિરગાંવમાં તો લોકો એકદમ રોષમાં આવી ગયા હતા. એમને કાબૂમાં લેવા પોલીસના હાથની બહાર જેવું હતું. આથી કપટી અંગ્રેજ અમલદારોએ આકાશમાંથી દુશ્મનોનો હવાઈ હુમલો થવાની તૈયારીમાં છે. એવો દેખાવ કર્યો. હવાઈ હુમલાની ચેતવણી આપતી સાયરનો ઉપરાછાપરી વગાડાવી. એ વેળા બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું. આથી એ સાયરનોને લોકોએ સાચેસાચ ભયજનક માની લીધી હતી.

પોલીસના ભયંકર જુલમને કારણે લોકોના મરણનું પ્રમાણ પણ કંઈ નાનુંસૂનું ન હતું. રવિવારે એકલા ભૂલેશ્વરમાં જ સાત વાર ગોળીબાર થયો. શહેરમાં પાંચ વ્યક્તિ ગોળીબારને કારણે મરાઈ. ૨૦ ઘાયલ થઈ. ૧૪૧ની ગિરફતારી થઈ.

બીજે દિવસે એટલે કે સોમવારે વાતાવરણ આગલા દિવસ કરતાં પણ ખૂબ જ ઉગ્ર રહ્યું. ૧૧ વખત ગોળીબાર થયો. ૧૫ જણા મરણ પામ્યા. કાલાબાદેવીમાં કબૂતરખાનાના નામે ઓળખાતી જગા પાસે અઢી કલાકમાં ૭ વાર ગોળીબાર થયો.

જેમ જેમ આંદોલન જોર પકડતું ગયું, તેમ તેમ પોલીસોના અત્યાચારો ઓર વધતા ગયા.

એક તો નર્યા રાક્ષસો જેવા ઘાતકી અંગ્રેજ અમલદારો. એવી જ પોલીસ. ભારતના ઉચ્ચ કક્ષાના તમામ નેતાઓ જેલમાં. જે બહાર હતા તે છૂપી રીતે આંદોલનો ચલાવવા ભૂગર્ભમાં અલોપ થઈ ગયા હતા.

આ સંજોગોમાં જનતા કેવી રીતે લાંબા સમય સુધી આ રાક્ષસી જુલમોનો સામનો કરી શકે?

ઇંગ્લૅન્ડમાં તે સમયે સર વિન્સટન ચર્ચિલ વડો પ્રધાન હતો.

એણે ઇંગ્લૅન્ડમાં આમની સભામાં સાફ સાફ શબ્દોમાં જણાવ્યું કે અંગ્રેજ સૈનિકોએ ભારતીય જનતાના આ બળવાને સારી રીતે ધમરોળી નાખ્યો છે. અંગ્રેજ સલ્તનતના પાયા વધુ મજબૂત કર્યા છે.

આમ છતાં એ પાયા હવે એકદમ ડગવા જ માંડ્યા હતા. ભારતની જનતામાં જાગેલા જુવાળને ખાળવાની અંગ્રેજ સરકારમાં હવે તાકાત રહી ન હતી.

આથી માત્ર પાંચ વર્ષ જેટલા જ ટૂંકા ગાળામાં અંગ્રેજોને ભારતને આઝાદી આપવી પડી. પરિણામે ઈ. સ. ૧૯૪૭ના ૧૫મી ઑગસ્ટના રોજ ભારત અંગ્રેજોની નાગચૂડમાંથી કાયમને માટે છૂટ્યું.

ભારત માટે સોનાનો સૂરજ ઊગ્યો.

પંડિત જવાહરલાલ નેહરુ ભારતના પ્રથમ વડાપ્રધાન બન્યા. સરદાર વલ્લભભાઈ પટેલ નાયબ વડાપ્રધાન થયા.

*



ત્રણસોની ટોળી

ઈ. સ. ૧૯૪૨!

ચારે બાજુ ચાલી રહેલું ભયંકર આંદોલન.

એ સમયના ઉત્તરપ્રદેશની આ વાત છે.

માત્ર એકવીસ વર્ષનો એક યુવાન છે. જબરી એનામાં તાકાત છે. જબરું એનું શૂરાતન છે. જબરો એનો દેશપ્રેમ છે.

સાતઆઠ વર્ષની નાની ઉંમરથી જ એને ભગતસિંહ બનવાનું ઘેલું લાગ્યું હતું.

નાનપણથી જ એ દિલેરીના, નીડરતાના પાઠો શીખ્યો હતો.

આથી ભારતની આઝાદી માટેના આ સંગ્રામમાં એ કદી પાછળ રહે ખરો કે?

ઉત્તરપ્રદેશનું ભીખમપુર એનું વતન છે.

આ ભીખમપુરમાં એણે ઈ. સ. ૧૯૪૨ની આ ક્રાંતિ વખતે ત્રણસો જેટલા એના જેવા જ શૂરા સાથીઓની એક ટોળી બનાવી છે. મોતને મુઠ્ઠીમાં લઈ આ યુવાનો ફરે છે.

એમની ઇચ્છા એમના આખા જિલ્લાને પોતાના તાબામાં લેવાની છે.

આ માટે આ ત્રણસો જણા એમના વિસ્તારમાં રહેતા જમીનદારો તથા અંગ્રેજોના આડતિયાઓનાં રહેઠાણો પર હુમલા કરે છે. એમના ઘરોમાંથી બંદૂકો કે

રાઈફલો છીનવી લે છે.

એમના વિભાગમાં હવે સહુથી મોટા ગણાતા પોલીસ અધિકારીની બંદૂક જ ખૂંચવી લેવાની બાકી રહે છે.

આ શૂરવીરો એ અધિકારીની કચેરી ઉપર મોરચો લઈ જાય છે.

એમને જોઈ એ અધિકારી એમના ઉપર એની બંદૂક તાકવા જાય છે. બીજી જ પળે ધન્ કરતો અવાજ આવે છે.

આંખના પલકારામાં એ અધિકારી ઘવાઈને નીચે પડે છે. જોતજોતામાં એનું પ્રાણપંખેરું ઊડી જાય છે.

આ વાતની અંગ્રેજોને ખબર પડે છે.

ત્રણ દિવસ બાદ ગોરાઓની એક ટુકડી અને પોલીસો આ ગામ ઉપર ઓચિંતો હુમલો કરે છે.

ગામલોકો ઉપર ભયંકરમાં ભયંકર જુલમો ગુજારે છે. પેલા ત્રણસો દેશભક્તોએ કરેલાં પરાક્રમોનો પોલીસ ગણી ગણીને ગામલોકો પર બદલો લે છે.

આ યુવાન નેતાનું ત્રણસોનું આખું દળ વેરવિખેર થઈ જાય છે.

પોલીસના હાથમાં ઝડપાઈ ન જવાય, એ હેતુથી એ એનું ગામ છોડી નાસી છૂટે છે.

દેશનાં અનેક મોટાં મોટાં શહેરોમાં એ છૂપી રીતે જાય છે. પોતાનું નામ બદલી બદલીને એ આંદોલનોમાં ભાગ લે છે. બબ્બે વાર આ બનાવટી નામ ઉપર સજા પણ ભોગવી આવે છે.

હવે એની પાસે પૈસા ખૂટે છે.

એક એક પાઈ માટે એને વલખાં મારવા પડે છે.

એના તમામ જૂના દોસ્તોને તો સરકારે ગિરફતાર કરી લીધા હતા.

છેવટે લખનૌમાં એક દિવસ એ પોલીસના હાથમાં ઝડપાય છે.

બે મહિનામાં તો એના ઉપરનો કેસ ચલાવી નાખવામાં આવે છે. ઈ. સ. ૧૯૪૪ના જૂનની ૨૨મી તારીખે એને ફાંસીની સજાની ભેટ આપવામાં આવે છે.

ત્રણસોની ટોળીના આ શૂરા સરદારનું નામ હતું : રાજનારાયણ મિશ્ર.

એને આ ફાંસીની સજાની રજમાત્ર તમા ન હતી.

જેલમાં પણ એનું વજન વધે જ જાય છે.

ઈ. સ. ૧૯૪૫ની શરૂઆતમાં ફાંસી ઉપર ચઢતાં પહેલાંના થોડા દિવસ અગાઉ રાજનારાયણ એમનાં પત્ની અને બાળકોને છેલ્લવેલ્લા મળ્યા હતા. એ વખતે એમણે એમને કહ્યું હતું : 'હું દેશને માટે મારા જાનની આહુતિ આપી રહ્યો છું. એને માટે હું ફરીથી જન્મીશ! ફરીથી શહીદ થઈશ.'

કેવી ઝંખના!

કેવો દેશપ્રેમ!

ફાંસીને દિવસે મંચ સુધી એ જુદાં જુદાં સૂત્રો જ બોલતા રહ્યા હતા.

એમનું છેલ્લું સૂત્ર હતું: 'ઇન્કિલાબ ઝિંદાબાદ!'

ભારતના આ એક શૂરા સપૂતના પિતાનું નામ હતું: બલદેવ મિશ્ર.

એમનાં માતાએ એમને નાનપણમાં બે વર્ષના મૂકી આત્મહત્યા કરી હતી.

એમની બહેન રમાદેવીએ એમને ઉછેર્યા હતા.

નાનપણથી જ મારામારી, ધીંગામસ્તી, સાહસ અને તોફાન એમને ગમતાં.

બચપણમાં અનેક વાર ભગતસિંહની વાત સાંભળી એમનામાં શૂરાતન ઊભરાતું. એમની માફક ફાંસીને માંચડે ચઢવાની ઇચ્છા નાનપણથી જ એમના મનમાં જાગી હતી.

ઈ. સ. ૧૯૩૦માં દેશમાં અસહકારનો યુગ બેઠો.

આ વખતે એમની ઉંમર નવદશ વર્ષની હશે.

આ ઉંમરે પણ એમનાથી શાંત ન રહી શકાયું.

હાથમાં રાષ્ટ્રપતાકા લઈ એ નિશાળમાં ગયા.

હવે એ જમાનામાં શાળાના શિક્ષકો આવું બધું ચલાવી લેવાની કદી હિંમત ન કરે. એમને એમની નોકરી ચાલી જવાનો ભારે ડર લાગે. આથી તરત જ રાજનારાયણ ઉપર ખૂબ રોષે ભરાયા. એમણે એમની સારી પેઠે નેતર અને ચાબુક વડે સબાક સબાક કરતાં ફટકાવ્યા. આમ છતાં રાજનારાયણ જરા સરખા ન ડર્યા.

એમના આવા ઉગ્ર સ્વભાવને લીધે એમને એ નિશાળ છોડવી પડી.

એ એક મિડલસ્કૂલમાં દાખલ થયા.

અહીં પણ દેશભક્તિથી ભર્યોભર્યો એમનો સ્વભાવ જણાયા વગર ન રહ્યો.

અહીંના શિક્ષકોએ પણ એમની સામે ફરિયાદ કરી. આથી એમને આ શાળા પણ ફરજિયાત છોડવી પડી.

એ બાદ કેટલાક વખત પછી સીતાપુર નામના એક સ્થળે ઉત્તરપ્રદેશના નવયુવકોનું એક સંમેલન મળ્યું.

રાજનારાયણે પણ આ સંમેલનમાં એક સ્વયંસેવક તરીકે હાજરી આપી. નવયુવકોના આ સંગઠનની એમના પર જબરી અસર થઈ. એમણે એમના ગામમાં પણ યુવકોનું એક મંડળ સ્થાપવાનું નક્કી કર્યું. પાસે પૈસા તો હતા નહીં. આથી એમણે માત્ર એ મંડળ સ્થાપવા માટે એમની સાઇકલ પણ વેચી દીધી.

આ સાથે સાથે નિશાળમાં એમનું ભણતર ચાલુ જ હતું. એવામાં એકાએક એક દિવસ એમને એમની સાથે ભણતા એક પૈસાદારના છોકરા જોડે જબરી તકરાર થઈ. પરિણામે એમને એ શાળા પણ છોડવી પડી. છેવટે ક્ષત્રિય સ્કૂલ નામની એક શાળામાંથી એમણે આઠમું ધોરણ પસાર કર્યું.

આ રાજનારાયણના મોટાભાઈ પણ એક જબરા દેશભક્ત હતા. એમનું નામ હતું : પંડિત બાબુલાલ મિશ્ર. એ એમના જિલ્લાના એક મોટા નેતા પણ હતા. અંગ્રેજ સરકારે એમને ૩૮ વર્ષની કેદની સજા ફટકારી હતી.

કેટલાક મહિના બાદ રાજનારાયણ પણ અંગ્રેજ સરકારની વિરુદ્ધ ભાષણ કરતા પકડાયા. એમને સરકારે એક વર્ષની સજા ઠોકી. આ બન્યું ઈ. સ. ૧૯૪૧માં.

એક વર્ષની સજા ભોગવી એ જ્યારે ઘેર પાછા આવ્યા, ત્યારે એમના પિતાજી મરણ પામ્યા હતા.

એ બાદ થોડા દિવસો પછી ઈ. સ. ૧૯૪૨નો સ્વાતંત્ર્યસંગ્રામ પૂર જોશમાં ફાટી નીકળ્યો. એમાં એમણે ભાગ લીધો અને શહીદી વહોરી.

રાજનારાયણની આ શહાદત અમર રહેશે.

*

વાઘની મૂછ

ભારતમૈયાની મહામોંઘી આઝાદી કંઈ આપમેળે આવી નથી. એ માટે તો અનેક નવયુવાનોએ, યુવતીઓએ, કિશોરોએ, વૃદ્ધોએ પોતાનાં તન, મન, ધન અને જીવનનાં બલિદાન આપ્યાં છે.

ભારતમૈયાના એવા એક સપૂતની આ વાત છે. એમણે ભારતમાં રહીને નહીં પણ વાઘની બોડ જેવા વિલાયતમાં રહીને, ગમે તેવા હિંસક પ્રાણીઓને પણ શરમાવે એવા, વાઘ કરતાં પણ વધુ ભયંકર, અંગ્રેજોની મૂછો ખેંચવાનું ભારે શૂરાતનભર્યું કામ કર્યું હતું.

ભારતમાંથી અંગ્રેજોને કાયમને માટે હાંકી કાઢવાની યોજનાઓ ઘડવામાં અને પાર પાડવામાં મશગૂલ બનેલા, ઇંગ્લૅન્ડમાં જ રહેતા, કેટલાક ભારતીય દેશભક્તોની સાથે એ સામેલ થયા હતા.

આ વીરનરનું નામ હતું સરદારસિંહ રાણા! એ ગુજરાતનું સંતાન હતા.

ગુજરાતની ધરતીનાં ધાવણ એ ધાવ્યા હતા. એમના પિતાનું નામ રાવજી રાણા હતું.

એમનો જન્મ સૌરાષ્ટ્રના લીંબડી રાજ્યના કણિયારા ગામમાં થયો હતો. એમણે મુંબઈમાં અભ્યાસ કર્યો હતો. મુંબઈ યુનિવર્સિટીની બી.એ.ની ઉપાધિ મેળવી, એ વધુ અભ્યાસ માટે વિલાયત ગયા હતા.

લંડનમાં એમને લગભગ ઈ. સ. ૧૯૦૦ના અરસામાં કચ્છના શ્યામજી કૃષ્ણવર્માની મુલાકાત થઈ. એ મુલાકાતે જ એમના જીવનનો રાહ બદલી નાખ્યો. હર્બર્ટ સ્પેન્સર, શ્યામજી કૃષ્ણવર્મા, બૅરિસ્ટર સાવરકર જેવાઓ સાથે એમણે કામ કર્યું.

એમના પૂર્વજો પ્રતાપ રાણાની બહાદુર સેનામાં સૈનિકો તરીકે જોડાયા હતા. મહારાણા પ્રતાપના એ ભારે વિશ્વાસુ હતા.

જ્યારે પ્રતાપની માઠી દશા થઈ ત્યારે જે થોડાઘણા સૈનિકો રાણા પ્રતાપની સાથે રહ્યા હતા, અને એમનો એક પળ માટે પણ સાથ નહોતો છોડ્યો. એ સૈનિકોમાં રાણા સરદારસિંહના પૂર્વજો પણ હતા. એમણે દાખવેલાં અદ્ભુત પરાક્રમ અને દેશભક્તિને લીધે સરદારસિંહના પૂર્વજોને 'રાણા' તરીકે ઓળખવામાં આવ્યા હતા. ત્યારથી એ અટક એમના કુળમાં પેઢી દર પેઢી ચાલુ રહી હતી.

આમ આ નવયુવક સરદારસિંહને વફાદારીના, દેશભક્તના અને દેશને માટે કુરબાન થવા સદા આતુર રહેવાના ગુણો તો ગળથૂથીમાંથી વારસામાં જ મળ્યા હતા.

એ જ્યારે મુંબઈમાં ભણતા હતા ત્યારે એમનાં લગ્ન થઈ ગયાં હતાં. એમને બે બાળકો પણ હતાં.

ઇંગ્લૅન્ડમાં શ્યામજી કૃષ્ણવર્માની સાથે રહીને એમણે ' ઇંડિયા હાઉસ' નામનું એક છાત્રાલય શરૂ કર્યું હતું. એમાં ભારતથી ઇંગ્લૅન્ડ વધુ અભ્યાસ માટે આવેલા વિદ્યાર્થીઓ રહેતા. આ ઇંડિયા હાઉસ જ આગળ જતાં ભારતની આઝાદી માટે મરી ફીટવા તૈયાર થનારા જબરજસ્ત ક્રાંતિકારીઓનું મથક થઈ પડ્યું.

લંડનમાં એમને શ્રીમતી વિકાજી કામા નામનાં એક દેશભક્ત પારસી બહેનનો પણ પરિચય થયો હતો. અંગ્રેજ સરકારની નજર એકાએક કરડી થતાં એમને એમના ગુરુ જેવા શ્યામજી કૃષ્ણવર્મા સાથે પેરિસ ભાગી જવું પડ્યું હતું. પેરિસમાં શ્રીમતી કામા સાથે રહીને એમને ક્રાંતિકારી પુસ્તિકાઓ અને અંગ્રેજ સરકારની વિરુદ્ધનાં

અનેક લખાણો છપાવવા માંડ્યાં.

'ઇંડિયન સોશિયોલૉજિસ્ટ' નામની શ્યામજી કૃષ્ણ વર્માની એક પત્રિકા પહેલાં ઇંગ્લૅન્ડમાં છપાતી હતી. એના ઉપર અંગ્રેજ સરકારની કરડી નજર થતાં એ પણ એમણે પેરિસમાંથી પ્રકટ કરવામાં શ્યામજીને મદદ કરી હતી.

'ઇંડિયન ફ્રીડમ' અંગ્રેજ સરકારનો બરાબર ઊધડો લેતાં 'વંદેમાતરમ્' અને 'તલવાર' વગેરે ભારેલા અગ્નિ જેવાં પત્રો પણ એમણે પેરિસથી પ્રકટ કરવામાં જબરજસ્ત ફાળો આપ્યો હતો.

બૉમ્બ અને બંદૂક કરતાં પણ આ છાપાંઓમાંના સમાચારો અને લખાણ અંગ્રેજ સરકારને કપરાં લાગતાં. એ વાંચી એમના આખા શરીરે લહાય લાગતી.

સરદારસિંહ પાસે સારાં એવાં ધન-દોલત હતાં. એ બધાં એ દેશને માટેની ક્રાંતિકારી ચળવળમાં છૂટે હાથે વાપરતા.

એ જમાનો ભારતમાંથી અંગ્રેજોને ફૂંકી મારી, દૂર ફગાવવાનો હતો. પિસ્તોલ, રિવૉલ્વર, કારતૂસો વગેરેની ભારતના ક્રાંતિકારીઓને ભારે જરૂર રહેતી.

જુલમ વરસાવતા અંગ્રેજ અમલદારોને ગોળીએ વીંધી નાંખવા દેશના અનેક ક્રાંતિકારી નવયુવાનો થનગનતા હતા.

સરકારના દમનને લીધે અનેક

નિર્દોષ ભારતવાસીઓ ફાંસીએ લટકતા. કાયમને માટે કાળાપાણીની સજા પામતા. બીજા કેટલાય રાક્ષસી કહી શકાય તેવા જુલમો દેશભક્તોને વેઠવા પડતા.

એ બધાનું સાટું વાળવા માટે અંગ્રેજ સરકારના અમલદારો, મળતિયાઓ, ખાંધિયાઓ અને દેશદ્રોહીઓને ગોળીએ ઉરાડી મૂકવાનું કામ એ ક્રાંતિકારીઓ મહાપવિત્ર ગણતા. ક્યાંક વળી બૉમ્બ પણ ફોડવામાં આવતા.

એ સમયમાં આવા બૉમ્બ બનાવવાની કળા ભારતમાં કોઈને આવડતી ન હતી. આથી ભારતના ક્રાંતિકારીઓએ બૉમ્બ બનાવવાની રીત શીખવા માટે હેમચંદ્રદાસ નામના એક યુવાનને યુરોપ મોકલ્યો હતો.

આ હેમચંદ્ર યુરોપમાં સરદારસિંહને મળ્યો હતો. દેશભક્ત સરદારસિંહે તરત જ હેમચંદ્રને એ માટેની બધી જ ગોઠવણ કરી આપી હતી. એ માટે જોઈતી તમામ રકમ પણ પૂરી પાડી હતી.

આમે સરદારસિંહ છાનાછપનાં અનેક જાતનાં શસ્ત્રો અને દારૂગોળો તો ભારતમાં મોકલાવતા જ રહેતા.

ઈ. સ. ૧૯૦૯માં એમણે ભારતમાં મોકલવાને માટે ૨૦ જેટલી બ્રાઉનિંગ પિસ્તોલો અને કારતૂસો પેરિસમાં બૅરિસ્ટર વિનાયક સાવરકરને આપ્યાં હતાં.

હવે એ જ અરસામાં બૅરિસ્ટર સાવરકરનો એક રસોઇયો ભારત જવાનો હતો. એનું નામ હતું : ચત્રભુજ અમીન. એની પેટીમાં એક બનાવટી તળિયું નાંખી એની નીચે આ પિસ્તોલો અને કારતૂસો છુપાવવામાં આવ્યાં. ચત્રભુજ સાથે એ પેટી સ્ટીમરમાં ભારત તરફ રવાના થઈ.

એ અરસામાં અંગ્રેજ સરકારની વિરુદ્ધ કવિતાઓ અને બીજાં લખાણો લખવા માટે ગણેશ સાવરકરને અંગ્રેજ સરકારે કેદ કર્યા.

કેદ પકડાતા પહેલાં ગણેશે પોતાના એક અંગત મિત્રને રસોઇયા સાથે સ્ટીમરમાં આવી રહેલી પિસ્તોલો વિષેની ખબર આપી દીધી હતી. ગણેશ સાવરકરના પકડાઈ ગયા બાદ એમના આ મિત્રે મુંબઈમાંથી જ આ પિસ્તોલો, કારતૂસો વગેરે સંભાળી લીધાં હતાં.

આ બાજુ ગણેશનો કેસ જેવો અદાલતમાં દાખલ થયો કે, તરત જ એમની ક્રાંતિકારી ટોળીએ એમની પર કામ ચલાવનારા અંગ્રેજ અધિકારી જેક્સનને ગોળીએ વીંધવાનું નક્કી કર્યું.

પરિણામે ઈ. સ. ૧૯૦૯ના ડિસેમ્બરની ૨૧મી તારીખે ઔરંગાબાદના એક દિલેર ક્રાંતિકારીએ જેક્સનને વીંધી નાંખ્યો. એમ કહેવાય છે કે સરદારસિંહે મોકલેલી બ્રાઉનિંગ પિસ્તોલ વડે જ જેક્સનનું ખૂન કરવામાં આવ્યું હતું. મહારાષ્ટ્રમાં આ બીજી વાર અંગ્રેજ અધિકારીનું ખૂન થયું હતું. ૧૨ વર્ષ પહેલાં દામોદર ચાફેકરે રેન્ડ અને એયર્સ્ટ નામના બે અંગ્રેજ અધિકારીઓના ખૂન કર્યાં હતાં અને હસતે મુખે ફાંસીએ ચઢ્યા હતા.

જેક્સનના ખૂનની ભારે ઝીણવટથી તપાસ થઈ. છેવટે વિનાયક

સાવરકરનો પેલો રસોઇયો ચત્રભુજ પણ પોલીસના હાથમાં ઝડપાયો. એણે એ પિસ્તોલો પોતે પેરિસથી કેવી રીતે લાવ્યો હતો, તેની બધી માહિતી સરકારને એના જુલમથી ત્રાસીને આપી દીધી. બૅરિસ્ટર સાવરકર અને સરદારસિંહ ઉપર અંગ્રેજ સરકારની એકદમ કરડી નજર થઈ. એ લોકો એમને ઇંગ્લૅન્ડમાં આ ગુના માટે ગિરફ્તાર કરે એ પહેલાં વિકાજી કામાએ એ પિસ્તોલો આપવાનો આરોપ ફ્રાંસમાં રહ્યાં રહ્યાં, પોતાને માથે વહોરી લીધો. પરિણામે સરદારસિંહ અને સાવરકર બચી ગયા.

વિલાયતમાં આવ્યા બાદ સરદારસિંહે એક જર્મન યુવતી સાથે બીજી વાર લગ્ન કરી લીધું હતું. આ જર્મન યુવતી ભારે ચબરાક અને પતિનો પડતો બોલ ઉઠાવી લેનારી હતી. સરદારસિંહના એકએક કામમાં, પ્રવૃત્તિમાં એ પોતાનો દિલોજાનીથી સાથ આપતી. અંગ્રેજો વિરુદ્ધ આટલી ભયંકર પ્રવૃત્તિઓ કરી રહેલા પોતાના પતિને એ ક્યારે પણ એ માટે રોકતી નહિ. એના એક શબ્દે પોતાનો જાન આપવા એ સદા તૈયાર રહેતી. આ બહાદુર, સહેજ પણ અભિમાન વગરની યુવતીના સાથને લીધે જ સરદારસિંહ બેવડા ઝનૂનથી, ઉત્સાહથી અને તાકાતથી કામ કરી શકતા.

એટલામાં પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. અંગ્રેજો જર્મનો સામે

લડતા હતા.

આથી સરદારસિંહને અંગ્રેજ સરકારે પોતાના કુટુંબ સાથે માર્ટિનિક ટાપુ ઉપર ચાલ્યા જવાનો હુકમ કર્યો. એ અનુસાર સરદારસિંહ, એમની જર્મન પત્ની અને એમનો દીકરો રણજીતસિંહ માર્ટિનિક ટાપુ ઉપર પહોંચી ગયાં.

ઈ. સ. ૧૯૧૯માં લડાઈ પત્યા બાદ સરદારસિંહ વિલાયત પાછા ફર્યા. આ ગાળા દરમિયાન એ ટાપુ ઉપર એમની પત્ની અને દીકરો બંને મરણ પામ્યાં હતાં. આમ છતાં પણ એ વીરનરની હિંમત અડગ રહી હતી. દેશને માટેની અનેક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા એ હસતે મુખે આતુર રહેતા.

૩૦-૩૦ વર્ષ સુધી એ યુરોપમાં જ રહ્યા હતા.

ઈ. સ. ૧૯૪૭માં ભારત આઝાદ થયું. એટલે છેવટે ઈ. સ. ૧૯૪૯માં સરદારસિંહ લગભગ સાડાચાર દાયકાના યુરોપના વસવાટ બાદ ભારત પાછા ફર્યા.

રે સ્વતંત્રતા! તને મેળવવા માટે કેટલાય દેશપ્રેમીઓએ કેવાં ભવ્ય બલિદાનો આપ્યાં છે!

અમે પણ તને જાળવવા માટે અણનમ અને અતૂટ પ્રયાસો કરીશું! અમારા જાનને જોખમે પણ તારું રક્ષણ કરીશું!

*

સિંહણનું શૂરાતન

જે પોતાની આઝાદી ગુમાવે છે,

એ પોતાનું ચારિત્ર્ય ગુમાવે છે!'

ઉપર મુજબના શબ્દો પોતાની સમાધિ ઉપર એક તખતીમાં અંકિત કરવાની સૂચના આપનાર ભારતનાં મહાન મહિલા દેશભક્તનું નામ હતું શ્રીમતી ભિખાઈજી કામા!

એમનો જન્મ મુંબઈમાં ઈ. સ. ૧૮૬૧ના સપ્ટેમ્બર માસની ચોવીસમી તારીખે થયો હતો. એમના પિતા એક સાધારણ સ્થિતિના વેપારી હતા.

નાનપણથી જ એમના મનમાં દેશભક્તિના સંસ્કારો જાગ્યા હતા.

ઉંમરલાયક થતાં એમને 'એલેક્ઝાંડ્રા ગર્લ્સ હાઇસ્કૂલ'માં મૂકવામાં આવ્યાં હતાં.

એમનો સમય અજ્ઞાન અને અંધકારભર્યો હતો. કન્યાઓને અને સ્ત્રીઓને ઝાઝી સ્વતંત્રતા આપવી નહીં, એમ તે વખતે લોકો માનતા. એ સંજોગોમાં સ્ત્રીઓ રાજકારણમાં ઝંપલાવે તો તો હાહાકાર જ મચી જાય એવો એ સમય હતો.

ખુદ ભિખાઈજીનાં માતાપિતાને પણ એમના આ બધા દેશભક્તિના વિચારો ગમતા ન હતા.

ભણવાનું પતી ગયા પછી ભિખાઈજીએ જાતજાતની સામાજિક સેવાઓનું કામ પોતાના કંધા ઉપર લીધું. જાતજાતનાં મંડળો સ્થાપ્યાં. લોકોનું જીવન ઊંચું આણવાનું, એમની ગરીબાઈ દૂર કરવાનું અને માભોમને આઝાદ કરવાની એમના મનમાં એક જબરદસ્ત ઇચ્છા

જગાડવાનું કામ, એમણે એમની આ પ્રવૃત્તિ મારફતે કરવા માંડ્યું. એવામાં અખિલ ભારતીય કૉંગ્રેસનું પહેલું અધિવેશન મળ્યું.

આ અધિવેશને જાણે ભિખાઈજી કામાની લાગણીઓને વાચા આપી. એ પોતે તરત જ કૉંગ્રેસની રાજકીય પ્રવૃત્તિઓમાં સામેલ થઈ ગયાં. એમના પિતા એમને તેમ કરતાં જરાય ન રોકી શક્યા!

આમ છતાં એમણે એમના મનમાં ઊંડે ઊંડે, એમની નજરે લાગતી આ ખતરનાક રાજકીય ચળવળથી, એમની દીકરીને દૂર રાખવાની યુક્તિઓ વિચારવા માંડી!

ભિખાઈજીના પિતાએ એમનાં લગ્ન જેમ બને તેમ જલદીથી કરી નાંખવાનું મનોમન નક્કી કરી નાખ્યું.

ભિખાઈજીને પાત્ર એક યુવક એમને મળી ગયો. એનું નામ હતું રૂસ્તમ કામા!

મુંબઈની એ સમયની ખૂબ જ જાણીતી સંસ્થા 'કામા ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ'ને શરૂ કરનાર શ્રી કે. આર. કામાનો એ પુત્ર હતો.

થોડા જ સમયમાં શ્રી રૂસ્તમ કામા અને ભિખાઈજીનાં લગ્ન થયાં.

પણ લગ્ન બાદ ભિખાઈજીની તબિયત એકદમ લથડવા લાગી. એક જીવલેણ ઑપરેશન માટે એમને યુરોપ જવાની સલાહ આપવામાં આવી. ભિખાઈજી કામા તરત જ લંડન જવા રવાના થયાં. હૈયામાં ભરી ભરી દેશભક્તિને લઈને.

લંડનમાં એમણે સફળ રીતે ઑપરેશન કરાવ્યું પણ ખરું એમની તબિયત પણ સારી એવી સુધરી. થોડા દિવસો બાદ એમણે ભારત પાછા ફરવાનું નક્કી કર્યું પણ એવામાં એકાએક એક સુભગ પળે

શ્રીમતી ભિખાઈજી કામા

શ્રી શ્યામજી કૃષ્ણવર્મા સાથે એમનો ભેટો થયો.

શ્યામજી કૃષ્ણવર્માની સાથેની આ મુલાકાતે શ્રીમતી ભિખાઈજી કામાની જિંદગીનો જાણે આખો રાહ જ બદલી નાખ્યો. એમના મનમાં સૂતેલી આગ જાગી! ભારેલા અંગારા હવે ભડકે બળી રહ્યા. માભોમની મુક્તિ માટેના નવા રસ્તાઓ એમને હવે દેખાવા લાગ્યા.

થોડા જ દિવસો બાદ લંડનના મશહૂર હાઇડ પાર્કમાં સિંહણ સમાં શૂરાં શ્રીમતી કામાએ આગ ઝરતી વાણીમાં એક ખૂબ સુંદર ભાષણ આપ્યું.

અંગ્રેજોનું માદરેવતન! એમની જ રાજધાની લંડન! એ લંડનનો લગભગ જાહેર સભાગૃહ જાહેર ચોતરા જેવો કહી શકાય એવો એ હાઇડ પાર્ક!

એમાં જોશીલી જબાનમાં ભિખાઈજીએ આજે વર્ષોથી પોતાના હૈયામાં ભંડારેલી આગ ખાબકી નાખી.

જેને પોતે કાળા ગણતા હતા, જેને પોતે અજ્ઞાન, અસમજ અને અભણ ગણતા હતા! જેને પોતે સદા ગુલામ રહેવાને લાયક જ છે, એ રીતે બિરદાવતા હતા!

એ હિંદીઓમાંથી એક નાની અમથી નાજુક બાંધાની નારી આવું રોમ રોમ આગ સળગાવે એવું ભાષણ કરે! શૂરી સિંહણની

માફક ગર્જના કરે!

અંગ્રેજો તો એકદમ ચકિત થઈ ગયા!

આ શું? આ હિંમત કેમ ચલાવી લેવાય? તરત જ જનજાગૃતિને દાબી દેવામાં સદા આગળ રહેનારી અંગ્રેજ સરકારના હુકમો છૂટ્યા.

ખબરદાર! અમારી વિરુદ્ધ એક હરફ સરખો બોલ્યાં છો તો! ખબરદાર! અમારી અંગ્રેજ જનતાને અને ભારતમાં અભ્યાસ, રોજગારી કે બીજાં કોઈ કામે આવેલા ભારતીયોને ઉશ્કેર્યા છે તો! વિલાયતની આ ભૂમિ ઉપર પછી એક પળ પણ તમને રહેવા નહીં દઈએ. ઘઉંમાંથી કાંકરો કાઢી ફંગોળીએ છીએ એમ અમે તમને ફંગોળી દઈશું!

આવી તો કંઈ કંઈ ધમકીઓ શ્રીમતી કામાને મળી!

પણ એની એમના ઉપર જરા સરખી અસર ન થઈ. એમણે તો એમનું કામ ચાલુ જ રાખ્યું

આથી અંગ્રેજોની આંખો હવે એકદમ રાતી ચોળ થઈ.

મેડમ કામા સમજી ગયાં કે ક્રાંતિકારી ચળવળ ચલાવવી હશે તો હવે લંડનમાં રહેવામાં જોખમ છે. એ ગિરફતારી કે જીવનની કુરબાની આપવાથી ડરતાં ન હતાં! એમને તો ફિકર માભોમની મુક્તિની ચળવળ આગળ ધપાવવાની હતી.

આથી લાગ જોઈ એ વિલાયતમાંથી ઇંગ્લૅન્ડની મશહૂર ખાડીને સામે પાર આવેલા ફ્રાંસમાં પહોંચી ગયાં!

એક બાજુ શ્યામજી કૃષ્ણવર્માની કાબેલ દોરવણી અને સલાહસૂચન હતાં. બીજી બાજુ શ્રીમતી કામાની અગાધ હૈયાસૂઝ અને કદીય દબાઈ ન રહે એવી દેશભક્તિ હતી.

ફ્રાંસની ધરતી પર રહ્યાં રહ્યાં એમણે એક પછી એક મહાન

કામો પાર પાડવા માંડ્યાં.

ઇંગ્લૅન્ડમાં, યુરોપમાં અને ભારતમાં કામ કરી રહેલા તમામ ક્રાંતિકારીઓનું ધ્યાન આગના તણખા સમી આ મહાન અબળાના અંગ્રેજો સામેના એલાને જંગ તરફ દોરાયું.

ફ્રાંસની સરકાર એમના તરફ પૂરતી સાનુકૂળ હતી. આઝાદી, સમાનતા અને બંધુતાની ઉપાસક ફ્રેન્ચ જનતાની પણ શ્રીમતી કામા તરફ અપાર સહાનુભૂતિ હતી.

ફ્રાન્સમાં બેઠાં બેઠાં એમણે અંગ્રેજી હકુમતની વિરુદ્ધ જોશીલી વાણીમાં અનેક ચોપાનિયાં છાપીને યુરોપ તેમ જ ભારતમાં વહેંચાવવા માંડ્યાં.

ફ્રાન્સ અને રશિયાના ક્રાંતિકારીઓએ પણ એમને ઘણી ઘણી મદદ કરી. ભારતમાં જીવ સટોસટની બાજી લગાવી અંગ્રેજો સામે લડી રહેલા ક્રાંતિકારીઓને મદદ કરવાને માટે ખૂબ બધી રકમ એકઠી કરી. હથિયારો એકઠાં કર્યાં. જાતજાતની છૂપી રીતો અજમાવી. એ હથિયારો એમણે ભારતમાં પહોંચાડવાનાં પણ શરૂ કર્યાં.

શ્રીમતી કામાની આ તમામ કામગીરીની જેમ જેમ અંગ્રેજોને જાણ થતી ગઈ, તેમ તેમ એ લોકો ખૂબ જ ભડકવા લાગ્યા. કોઈ પણ હિસાબે શ્રીમતી કામાની બોબડી બંધ કર્યે જ એમના માટે છૂટકો હતો! કોઈ પણ હિસાબે એમની બધી પ્રવૃત્તિ અટકાવવામાં જ એમનું કલ્યાણ હતું પણ એ તો ફ્રાન્સની ધરતી પર હતાં. ત્યાં અંગ્રેજી હકૂમતનું કંઈ જ ચાલે તેમ ન હતું.

આથી ખૂબ અકળાઈને છેવટે અંગ્રેજોએ ફ્રેન્ચ સરકારને વિનંતી કરી કે શ્રીમતી કામાને તાબડતોબ વિલાયત તગેડી મૂકવાં.

પરંતુ ફ્રેન્ચ સરકારને શ્રીમતી કામા સામે કોઈ જ વાંધો ન હતો. એમણે ફ્રેન્ચોની સામે કોઈ કાવતરું કર્યું ન હતું. ફ્રેન્ચોએ એ રીતે શ્રીમતી કામાને જાકારો આપવાની સાફસાફ ના પાડી દીધી.

એમણે શ્રીમતી કામાને ગૂંગળાવવાને માટે એક નવો જ રસ્તો લીધો.

એમણે એમને કાયમને માટે ભારત પાછા ફરવાની મનાઈ ફરમાવી. ભારતની ધરતી પર એ પગ મૂકશે કે તરત એમની ધરપકડ થશે, એમ એમને જણાવી દીધું.

શ્રીમતી કામાને એની જરા સરખી પડી ન હતી. ભારતની ધરતી હોય કે ફ્રાન્સની ધરતી હોય!

એમને તો બસ આઝાદીની લડત કોઈ પણ ભોગે ચાલુ રાખવી હતી.

તરત જ એમણે 'વંદેમાતરમ્' નામનું એક છાપું પ્રસિદ્ધ કરવાનું શરૂ કર્યું. એમાં અંગ્રેજોનાં તમામ કરતૂતો ખુલ્લાં કરવામાં આવ્યાં. મડદામાં પણ પ્રાણ પૂરે એવી શૂરાતનભરી ગર્જનાઓ એ સિંહણે એ પત્રમાં કરવા માંડી.

ફ્રેન્ચ સરકાર મુસીબતમાં ન મુકાય એ હેતુથી એ આ પત્ર જિનીવામાં છપાવતાં હતાં.

વળી ફ્રાન્સનાં અનેક છાપાંઓમાં ખૂબ તમતમતી ભાષામાં વારંવાર એમનાં લખાણો તો આવ્યાં જ કરતાં હતાં. ફ્રાન્સની સરકારે એ સામે જરા સરખો વાંધો લીધો ન હતો.

એમના આ છાપાએ એમને લગભગ આખી દુનિયામાં જાણીતાં કરી દીધાં.

આખા યુરોપના અનેક ક્રાંતિકારીઓ હવે એમને આવીને મળવા લાગ્યા!

સાવ સુકલકડી પણ તેજથી લખલખતું એમનું શરીર હતું. પ્રમાણમાં થોડું નબળું પણ લાગે! થોડું ફિક્કું પણ ખરું!

આમ છતાં એમાં સૂરજ કરતાં પણ વધુ ગરમી ધરાવતા તણખાઓ ધરબાયા હતા.

સહુ કોઈ ભક્તિભાવથી આ નારીનાં ચરણોમાં પોતાનું મસ્તક ઝુકાવતા હતા.

ભારતની તળભૂમિ ઉપર ગમે ત્યારે પોલીસને હાથે પકડાઈ જવાની કટોકટી ઊભી થતાં, અનેક ક્રાંતિકારીઓ ભારત છોડી પરદેશ નાસી છૂટતા.

આ તમામ દેશભક્તો શ્રીમતી કામાને પેરિસમાં અચૂક મળતા જ મળતા! એમની પાસેથી કદી ન દબાય એવા જુસ્સાની પ્રેરણા મેળવતા. વળી મનમાની સહાય પણ એમને મળતી.

પેરિસનું એમનું નિવાસસ્થાન આમ ક્રાંતિકારીઓના વડામથક સમું બની ગયું હતું.

લાલા હરદયાલ, બૅરિસ્ટર સાવરકર, વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય જેવા ભારતના મહાન ક્રાંતિકારીઓ પણ એમને મળવામાં ગૌરવ અનુભવતા હતા.

આ પ્રવૃત્તિ બદલ એમણે શ્રીમતી કામાને અનેક અનેક અભિનંદન પણ આપ્યાં હતાં.

આપણામાંનાં કદાચ બહુ ઓછાને ખબર હશે કે, ભારતના આપણા અત્યારના રાષ્ટ્રધ્વજની પહેલવહેલી કલ્પના કરનાર શ્રીમતી કામા હતાં.

જર્મનીમાં સ્ટડગાર્ડ નામનું એક શહેર છે. આ શહેરમાં સમાજવાદીઓની એક પરિષદ યોજવામાં આવી હતી.

શ્રીમતી કામાએ આ પરિષદમાં એક ખૂબ જોશદાર, હૈયા સોંસરવું ઊતરી જાય એવું ભાષણ કર્યું હતું. એ ભાષણ સાંભળી આખી પરિષદમાં તમામ સભ્યોનાં હૈયાં હચમચી ઊઠ્યાં હતાં. સહુએ તાળીઓના પ્રચંડ ગડગડાટથી શ્રીમતી કામાના ભાષણને વધાવી લીધું હતું.

આ પરિષદમાં જ પહેલીવાર શ્રીમતી કામાએ માત્ર પોતાની કલ્પનામાંથી ઉપજાવી કાઢેલા ભારતના ત્રિરંગી ધ્વજને ફરકાવ્યો હતો.

આ ધ્વજ ઉપર વંદેમાતરમ્ લખ્યું હતું.

એના કેસરી રંગના ભાગમાં આઠ તારા મૂકવામાં આવ્યા હતા.



અલબત્ત શ્રીમતી કામાએ રજૂ કરેલા ભારતના આ પ્રથમ રાષ્ટ્રધ્વજમાં જેમ જેમ સમય વીતતો ગયો, તેમ તેમ થોડા થોડા ફેરફાર થતા રહ્યા! અને અંતે આજે આપણે જોઈએ છીએ તે આપણો પ્રાણપ્યારો રાષ્ટ્રધ્વજ અસ્તિત્વમાં આવ્યો.

શ્રીમતી કામાએ એ પરિષદમાં પોતાની સાડીને ફાડી નાખી, રજૂ કરેલા પ્રથમ ભારતીય રાષ્ટ્રધ્વજને જોઈને પરિષદના સભ્યોએ પ્રચંડ જયનાદ કર્યા હતા.

હવે આ અરસામાં જગત આખું પહેલાં વિશ્વયુદ્ધની જ્વાળામાં ભરખાયું હતું.

અંગ્રેજ સરકાર વારંવાર ફ્રાન્સની સરકાર ઉપર શ્રીમતી કામાને પોતાને હવાલે કરી દેવા માટે અનહદ દબાણ કરતી હતી, છતાં ફ્રાન્સની સરકાર આ બાબતમાં અંગ્રેજોને જરા સરખી પણ ગાંઠતી ન હતી. હંમેશાં અંગ્રેજોની આ વિનંતિનો એ ઘોર વિરોધ કરતી હતી.

છેવટે પહેલું વિશ્વયુદ્ધ બંધ થયું. કેટલાક સમય બાદ અંગ્રેજ સરકારે શ્રીમતી કામાને ભારત પાછા ફરવાની છૂટ આપી.

અત્યાર સુધીની આકરી પ્રવૃત્તિમાં દિનરાત મશગૂલ રહેવાથી શ્રીમતી કામાનું આમેય નબળું શરીર ઠીક ઠીક ભાંગી પડ્યું હતું.

એમની ઉંમર પંચોતેર વર્ષની થઈ ચૂકી હતી.

બીમારી હવે જરાયે હટતી ન હતી.

આ સ્થિતિમાં એમણે હવે માદરેવતનમાં આવવાનું નક્કી કર્યું.

માંદગી તો એટલી બધી હતી કે, ભારતની ધરતી ઉપર આવતાંની સાથે એક સ્ટ્રેચરમાં નાખી એમને મુંબઈમાં તાબડતોબ એક ઇસ્પિતાલમાં લઈ જવાં પડ્યાં.

ઇસ્પિતાલમાં એમણે કેટલાક મહિના ગંભીર માંદગીમાં વિતાવ્યા.

અંતે ઈ. સ. ૧૯૩૬ના ઑગસ્ટ માસની તેરમી તારીખે પંચોતેર વર્ષની ઉંમરે, સિંહણની માફક શૂરાતનથી સભર આ વીર મહિલાનો સ્વર્ગવાસ થયો.

મરતાં પહેલાં આ મહાન નારીએ નીચેનાં અમર વાક્યો ઉચ્ચાર્યાં હતાં :

'ભારત આઝાદ થાઓ.'

'ભારતમાં ગણતંત્રની – લોકશાહીની સ્થાપના થાઓ.'

'તમામ ભારતીયો એક થાઓ.'

'ભારતમાં બધે જ બોલાતી હોય એવી એક રાષ્ટ્રભાષાનો આપણા દેશમાં અમલ થાઓ.'

આ મહાન નારીની બધીય મનોકામનાઓ એમના મરણ બાદ થોડાં વર્ષો પછી પાર પડી છે.

*

વાઘની બોડમાં

લંડનમાં એક સ્થળે કેટલાક યુવાનો ભેગા મળ્યા છે. એ યુવાનો સમક્ષ એક ખૂબ જોશીલો યુવાન કંઈક કહી રહ્યો છે. એ યુવાનનું નામ હતું: વિનાયક દામોદર સાવરકર!

ઈ. સ. ૧૮૫૭ના બળવાને નામે અંગ્રેજોએ ઓળખાવેલા ભારતની આઝાદી માટેના પહેલા સંગ્રામને માટે ખૂબ ખૂબ આદર છે.

એક નવા જ દષ્ટિકોણથી એ સત્તાવનનો અધિકૃત ઇતિહાસ તે વખતે તૈયાર કરી રહ્યા છે.

ખૂબ જોશીલી વાણીમાં એમણે ભેગા થયેલા નવયુવકોને સમજાવ્યું કે ઈ. સ. ૧૯૦૭માં સત્તાવનના સંગ્રામને પચાસ વર્ષ પૂરાં થશે.

આપણે એ સંગ્રામની અર્ધશતાબ્દી, પચાસમી વર્ષગાંઠ ઊજવીએ! જેથી આપણા સહુમાં કંઈક ચેતના આવે! જુસ્સો આવે! દેશભક્તિનું નવું જોમ આવે! વિલાયતમાં બેઠાં બેઠાં પણ માભોમની મુક્તિ માટે આપણે કરી રહેલા પ્રયાસોમાં અનેકગણો વેગ આવે.

એકઠા થયેલા યુવાનોમાં મોટેભાગે ભારતથી વિલાયતમાં વધુ અભ્યાસ માટે આવેલા વિદ્યાર્થીઓ હતા. એમાંના કેટલાક તો ખૂબ જ ઉગ્ર વિચારસરણી ધરાવનારા ક્રાંતિકારી પણ હતા! એ બધા ઉપર સાવરકરનો સારો એવો પ્રભાવ પણ હતો.

સભાને તરત જ સાવરકરનો વિચાર પસંદ પડી ગયો. એમણે તાળીઓના ગડગડાટથી એ ઠરાવને વધાવી લીધો.

ઈ. સ. ૧૯૦૭ના મેની ૧૦મી તારીખે એ ઉત્સવ ઊજવવાનું નક્કી કરવામાં આવ્યું. આ બાદ આ માટે બીજી સભાઓ

અવારનવાર મળી!

આ ઉત્સવની ધામધૂમપૂર્વક તૈયારીઓ કરવા માટે, એના પ્રચારને માટે કાર્યકર્તાઓ ચૂંટવામાં આવ્યા.

લંડનમાં ભારતીય વિદ્યાર્થીઓના મક્કા સમાન 'ઇંડિયા હાઉસ'માં આ ઉત્સવ ઊજવવાનું નક્કી થયું.

આખા યુરોપમાં પથરાયેલા અન્ય દેશભક્ત કાર્યકરોને, ક્રાંતિકારીઓને આ ઉજવણી અંગેના નિર્ણયની ખબર મોકલી આપવામાં આવી.

ધાર્યા કરતાં ચારેબાજુથી ખૂબ ખૂબ સહકાર મળવા માંડ્યો! લોકો ભારે રસથી અને ધગશથી આ ઉત્સાહની ઉજવણીમાં સામેલ થવાનાં આમંત્રણો સ્વીકારવા લાગ્યા.

એ જોઈ ઉત્સવના યોજકોમાં પણ ખૂબ ખૂબ ઉત્સાહ આવ્યો, જોશ આવ્યું.

જોતજોતામાં ઈ. સ. ૧૯૦૭નો એપ્રિલ મહિનો પૂરો થયો.

મેની શરૂઆતથી જ ઉત્સવ સમિતિના કાર્યકરોએ અને પ્રચારકોએ વિલાયતમાં ભણવા આવેલ તમામ ભારતીય વિદ્યાર્થીઓ, વેપારીઓ અને કારીગરો વગેરેનો સંપર્ક સાધવા માંડ્યો.

આ બધાને એમણે આ ઉત્સવનો ઉદ્દેશ સમજાવવા

બહાદુર શાહ

મહારાણી લક્ષ્મીબાઈ

માંડ્યો. ઈ. સ. ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામનું નવું જ મૂલ્ય એમણે એ લોકોની સામે રજૂ કરવા માંડ્યું. સાવરકર સહુને દોરવણી આપતા રહ્યા.

ધીરે ધીરે મોટા ભાગના ભારતીયોમાં આ ઉત્સવની ઉજવણી માટે અજબ પ્રકારનો જુસ્સો જાગતો ગયો.

જેમ જેમ ૧૦મી મે નજીક ને નજીક આવી રહી હતી; તેમ તેમ સહુના ઉત્સાહ અને ધગશમાં જબરી ભરતી આવતી જતી હતી.

છેવટે એ દિવસ આવી પણ પહોંચ્યો!

આખા ઇંડિયા હાઉસના વિશાળ મકાનને રંગબેરંગી રોશની વડે સજાવવામાં આવ્યું. લાલ પડદા ઉપર ફૂલોના હાર અને ધજાઓ ગૂંથવામાં આવ્યા. ફૂલમાળાઓ અને તોરણો વડે આખું ઇંડિયા હાઉસ મહેકી ઊઠ્યું.

સત્તાવનના સંગ્રામના અમર નેતાઓ બહાદુર શાહ, મહારાણી લક્ષ્મીબાઈ, ટીપુ સુલતાન, નાનાસાહેબ પેશ્વા, તાત્યા ટોપે, રાજા કુંવરસિંહ,

ટીપુ સુલતાન

મૌલવી અહમદશાહ, વગેરેનાં નામો ભાતભાતના ભભકતા રંગો વડે સુંદર પૂંઠાંઓ ઉપર લખી એ પૂંઠાં ચોમેર આકર્ષક રીતે ગોઠવવામાં આવ્યાં.

ક્યાંક ક્યાંક ભારતની આઝાદી માટે મરી ફીટનાર એ બહાદુર દેશભક્તોનાં ચિત્રો પણ ટીંગાડવામાં આવ્યાં હતાં.

રાજા કુંવરસિંહ

ભારતીય સંસ્કૃતિ અનુસાર સુગંધિત ધૂપદીપ કરવામાં આવ્યાં હતાં.

ઇંડિયા હાઉસ તરફ આવતી નજીકની તમામ સડકો ઉપર ભારતીયોનાં ટોળાં ને ટોળાં ઊભરાઈ રહ્યાં. છેક ઑક્સફર્ડ અને કેમ્બ્રિજથી પણ વિદ્યાર્થીઓ ત્યાં આવી લાગ્યા હતા.

ઉત્સવનો કાર્યક્રમ શરૂ થવાની થોડી વાર હતી. એટલામાં તો ઉજવણી માટે નક્કી કરવામાં આવેલા ઇંડિયા હાઉસનો સભાખંડ ભારતીયો વડે ખીચોખીચ ભરાઈ ગયો. કેટલાકને ઊભા રહેવું પડ્યું.

નક્કી કરેલા સમયે કાર્યક્રમનો આરંભ થયો. સહુથી પહેલાં એક રાષ્ટ્રીય ગીત રજૂ થયું.

શ્યામજી વર્માના એ ગીતથી આખા સભાખંડમાં એક પ્રકારનો જબરજસ્ત જુસ્સો ફેલાઈ ગયો. સહુએ ભારે જોરશોરથી 'વંદેમાતરમ્'ના નારા લગાવ્યા.

એમની એ ગર્જનાઓ ઇંડિયા હાઉસની મજબૂત દીવાલોને

ભેદીને છેક બહાર દૂર દૂર સુધી પહોંચી રહી!

તરત જ આ ઉત્સવ માટે પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવેલા શ્યામજી જેવા જ પ્રથમ પંક્તિના ક્રાંતિકાર શ્રી સરદારસિંહ રાણા આવી લાગ્યા. આ સરદારસિંહ ગુજરાતના જ એક પનોતા પુત્રે હતા.

એમના પૂર્વજોએ મહારાણા પ્રતાપના સમયમાં ભારે પરાક્રમ દાખવ્યાં હતાં. શ્યામજીએ જ વિલાયતમાં ભણવા આવેલા સરદારસિંહને ક્રાંતિકારી પ્રવૃત્તિ તરફ દોર્યા હતા.

એમણે જ ઇંગ્લૅન્ડમાં જ્યાં આ સમારંભ ઉજવાઈ રહ્યો હતો તે ઇંડિયા હાઉસની સ્થાપના કરી હતી.

રાષ્ટ્રીય ગીત પૂરું થયા બાદ શ્રી વી. વી. એસ. આયરે રાષ્ટ્રીય પ્રાર્થનાની ધૂન મચાવી.

આખા વાતાવરણમાં આ ગીત અને પ્રાર્થનાને લીધે ખૂબ ગરમી આવી ગઈ! ઉશ્કેરાટ ફેલાઈ ગયો!

પ્રાર્થના પૂરી થયા બાદ શ્રી સાવરકર મંચ ઉપર આવ્યા.

એમણે સત્તાવનના સંગ્રામનું સાચું રહસ્ય ખૂબ જ તમતમતી અને જોશીલી ભાષામાં સભાજનોને સમજાવ્યું. એમણે પોતાના સર્વસ્વનો ત્યાગ કરનાર દિલ્હીના અંતિમ બાદશાહ બહાદુર શાહ અને નાનાસાહેબ પેશ્વા વિષે એક નવો જ પ્રકાશ સભાજનોના મનમાં પાડ્યો! એ બંને વ્યક્તિઓની એમણે ભારોભાર પ્રશંસા કરી.

સાવરકરના આ ભાષણથી એકેએક શ્રોતાનું હૈયું હાલી ગયું.

એમનું લોહી ઊકળી આવ્યું.

એમણે સત્તાવનના સમર્થ શૂરવીરોનો જય જય જયકાર ગજાવ્યો.

વળી પાછું 'ઇંડિયા હાઉસ' 'વંદેમાતરમ્'ના દિલના ઊંડાણમાંથી આવતા પડકારોથી ગાજી ઊઠ્યું!

સાવરકર બાદ શ્રી ખાન ઊભા થયા.

એમણે ખૂબ રસાળ ભાષામાં 'રાજા કુંવરસિંહ' ઉપર એક પ્રવચન કર્યું.

એમના પછી શ્રી દાસે મહારાણી લક્ષ્મીબાઈના જીવન ઉપર પ્રકાશ પાથર્યો.

એ પછી પણ ભારતના જુદા જુદા ભાગોમાંથી અને સંપ્રદાયોમાંથી આવતા કેટલાક વક્તાઓએ સત્તાવનના સંગ્રામને અનુલક્ષીને સુંદર પ્રવચનો કર્યાં.

એક સરસ મજાનું વાતાવરણ જામી ગયું. આ સમારંભ યોજનારા યોજકોના મનની ગુપ્ત મુરાદ પાર પડી. સમારંભ તો એક નિમિત્ત હતું.

એ બહાને એ યોજકોને તો વિલાયત અને યુરોપમાં રહેતા ભારતીયોનાં હૈયામાં ક્રાંતિનાં બીજ વાવવાં હતાં.

અંગ્રેજો સામે હાથ ધરાનાર સંગ્રામમાં એમની ઓથ અને સહાનુભૂતિ મેળવવી હતી. એમને એમાં ભાગ લેવા આતુર કરવા હતા.

આ ઉદ્દેશ આ સમારંભની યોજનાથી સારી રીતે બર આવ્યો હતો.

અને એટલે તો બધાં પ્રવચનો પૂરાં થઈ ગયાં બાદ ત્યાં એકઠા થયેલા તમામ ભારતીયોએ માભોમની સ્વતંત્રતા માટે હરેક પ્રકારનો ત્યાગ કરવાની, હરેક પ્રકારનાં દુઃખો હસતે મુખે વેઠવાની એકી અવાજે પ્રતિજ્ઞા લીધી.

આ સભામાં તબીબો, બૅરિસ્ટરો, તંત્રીઓ, અધ્યાપકો, વેપારીઓ હતા. ભાઈઓ, બહેનો તથા બાળકો પણ હતાં!

એ સહુના ચહેરા પર આજે જબરી પ્રસન્નતા દેખાતી હતી. બધાં એમના ખરેખરા રંગમાં હતાં.

આ તકનો લાભ લેવા માટે કેટલાક ભારતીય વિદ્યાર્થીઓએ પોતપોતાની ટોપીઓ ઉતારી.

અંગ્રેજો સામે સંગ્રામ ખેલવા માટે એમાં ફાળો ઉઘરાવવા માંડ્યો. પટોપટ બધા કંઈ ને કંઈ એમાં આપવા માંડ્યા.

સરદારસિંહ રાણાએ એમનો એક મહિનાનો આખો પગાર આપી દીધો.

'મેડમ કામા'ના લાડીલા નામે ઓળખાતાં શ્રી ભિકાજી કામા નામનાં એક ખૂબ જોશીલાં, ઉત્સાહી અને ભારતીય ક્રાંતિકારીઓની ઓથ અને પ્રેરણાસમા પારસી બહેને પણ એ ફાળામાં પોતાનો હિસ્સો આપ્યો.

ફાળા ઉઘરાવવાનું પૂરું થયું એટલે શ્રીમતી દત્ત નામના એક બહેને અંતમાં રાષ્ટ્રગીત ગાયું.

તે બાદ સત્તાવનના સંગ્રામની અર્ધ શતાબ્દી રૂપે ઉજવાયેલા આ સમારંભની યાદગીરી તરીકે પ્રસાદ વહેંચવામાં આવ્યો.

આ ઉત્સવે ચારેબાજુ જબરી અસર કરી મૂકી.

કેટલાક દિવસો સુધી આ સમારંભને વિષે ચર્ચાઓ ચાલી.

ઇંગ્લૅન્ડની કૉલેજોમાં ભણતા કેટલાક ભારતીય વિદ્યાર્થીઓએ '૧૮૫૭'ના બિલ્લાઓ પણ પોતાનાં કપડાં ઉપર લગાવ્યા. આને કારણે કૉલેજોમાં જબરી ધમાલ થઈ.

આ બિલ્લાઓ સાથે કૉલેજોમાં દાખલ થવાની કૉલેજોના

આચાર્યોએ ના પાડી! વિદ્યાર્થીઓએ બિલ્લાઓ ઉતારવાની ના પાડી.

આ આખોય સવાલ બ્રિટિશ પાર્લામેન્ટમાં પહોંચ્યો!

લોકશાહીને વરેલા એ દેશની પાર્લામેન્ટના સભ્યોએ ચુકાદો આપ્યો કે વિદ્યાર્થીઓ ઇચ્છતા હોય તો એમને એ બિલ્લાઓ પહેરીને કૉલેજોમાં દાખલ થવાની છૂટ આપવી જોઈએ. કૉલેજોના આચાર્યોની જક અર્થ વગરની છે.

એવામાં ધનદેવી નામનાં એક બહેને વળી એક નવી યોજના ભારતીય વિદ્યાર્થીઓ સામે ધરી. આ બહેન પંજાબનાં હતાં.

એમણે ભારતીય વિદ્યાર્થીઓમાં એવી જાહેરાત કરાવી કે જે કોઈ વિદ્યાર્થી કોઈ પણ જાતનું સાહસભર્યું કાર્ય કરશે તેને 'યારે હિંદ' નામનો એક ખિતાબ આપવામાં આવશે.

કેટલાક એવા છાત્રો પણ નીકળ્યા કે જે આ ખિતાબને લાયક નીવડ્યા.

એમને આ ખિતાબ આપવા માટે વળી પાછો એક સમારંભ યોજવામાં આવ્યો.

જેમાં વળી પાછી ભારતીય વીરનરોની, સત્તાવનના સંગ્રામના લડવૈયાઓની વીરગાથાનાં ગાન ગાવામાં આવ્યાં.

અલબત્ત, આ બધી પ્રવૃત્તિઓને કારણે ધીરે ધીરે અંગ્રેજ સરકારની નજર વિલાયતમાં આવતા ભારતીયો તરફ કરડી થતી જતી હતી.

એના વર્તનમાં, એની રીતિનીતિમાં પણ પહેલાં કરતાં ફેરફાર થવા લાગ્યો હતો.

એ વખતે ઇંગ્લૅન્ડમાં એવા પણ થોડા ભારતીય વિદ્યાર્થીઓ અને બીજા કેટલાક નાગરિકો મોજૂદ હતા, જેમને 'સત્તાવનના

સંગ્રામની અર્ધશતાબ્દી' અને 'યારે હિન્દ'ના ખિતાબો આપવા માટે યોજવામાં આવેલા સમારંભો ગમ્યા ન હતા.

આ સ્વાર્થી ભારતીયો બ્રિટિશ સરકારને ખૂબ વફાદાર હતા.

ભારતીય ક્રાંતિકારીઓ તેમને રાજભક્ત ભારતીયો તરીકે ઓળખતા. એમને પોતપોતાના ઉત્કર્ષમાં રસ હતો!

એમને પોતપોતાની ઉજ્જ્વળ કારકિર્દીનો લોભ હતો.

ભારતમાં પાછા ફરી ધન અને કીર્તિ કમાવાની એમને જબરી હોંશ હતી.

અંગ્રેજ સરકાર એમને વિષે કંઈ આડુંઅવળું સમજી ન બેસે અને એમના હિતોને આંચ ન આવે એ હેતુથી આ નાનકડા રાજભક્ત ભારતીયોના જૂથે લંડનના એક ભવ્ય સભાગૃહમાં એક સભા બોલાવી.

આ સભામાં પ્રવચન કરવાને માટે યોજકોએ કેટલાક અંગ્રેજોને પણ બોલાવ્યા હતા.

પરંતુ સભાની કાર્યવાહીમાં વારંવાર દખલો ઊભી થઈ!

વારંવાર પોકારો થયા!

અને અંતે કંઈ પણ ચોક્કસ ઠરાવો પસાર કર્યા વિના આ સભા વિખેરાઈ ગઈ.

અંગ્રેજો જેવા લોહીતરસ્યા વાઘની બોડમાં બેસીને પણ આ રીતે ભારતની મુકમ્મિલ આઝાદીને માટે પ્રયાસો કરનારા એ સમયના સહુ ક્રાંતિકારીઓ લાખ લાખ ધન્યવાદને પાત્ર છે!

ભારત એમને અને એમના પ્રયાસોને કદી પણ ભૂલવાનું નથી.

*

દેશ ખાતર દુનિયા ખૂંદી

એ કિશોર તો હતો અંગ્રેજોની ગુલામીમાં સબડતી ભારતમૈયાની મુક્તિ માટે મરી ફીટવાની અભિલાષા સેવી રહેલો એક ખૂબ તરુણ ક્રાંતિકારી! એનું નામ હતું: નરેન્દ્રનાથ!

બંગાળના ચોવીસ પરગણાના અરબલિયા નામના એક ગામમાં ઈ. સ. ૧૮૯૨માં એનો જન્મ થયો હતો. એના પિતાનું નામ હતું દીનબંધુ ભટ્ટાચાર્ય.

આમ તો આ કુટુંબનું મૂળ વતન બંગાળના મેદિનીપુર જિલ્લામાં આવ્યું હતું. પરંતુ દીનબંધુ રોજગારીની શોધમાં ફરતાં ફરતાં અરબલિયામાં આવ્યા હતા.

અરબલિયાની માધ્યમિક શાળામાં એમણે થોડો સમય સંસ્કૃતના શિક્ષક તરીકે કામ કર્યું હતું.

તે બાદ એમને કોડલિયા નામના એક નગરમાં નોકરી મળી. આથી અરબલિયા છોડી એમનું આખું કુટુંબ કોડલિયામાં આવી ગયું.

બાળક નરેન્દ્ર ધીરે ધીરે મોટો થતો ગયો. નાનપણથી જ એનામાં એક ખાસ લક્ષણ તરી આવ્યું!

કોઈ પણ બાબત એક વાર એના મનમાં સાચી લાગતી, યોગ્ય લાગતી કે તરત જ એ એની પાછળ મંડી પડતો.

એ બાબતને પાર પાડીને જ એ જંપતો.

જ્યાં સુધી એ પતે નહીં ત્યાં સુધી એના મનમાં બેચેની રહ્યા કરતી.

નાનપણમાં ન જાણે ક્યાંથી એના મનમાં ભૂત ભરાયું કે મૂર્તિપૂજા

એ નકામી છે. મૂર્તિ પૂજા કર્યા કરવાથી લોકો આળસુ બની જાય છે. એમનો વિશ્વાસ અને કામ કરવાની તાકાત ખોઈ બેસે છે. આવા મતલબની એકબે ચોપડીઓ પણ એના વાંચવામાં એ ગાળા દરમિયાન આવી.

બસ થઈ ચૂક્યું! મૂર્તિઓ એને હવે અકારી લાગવા માંડી!

એ પોતે એક બ્રાહ્મણ-પૂજારીના વંશમાં જન્મ્યો હતો, છતાં એણે ઘરમાંથી કેટલીક મૂર્તિઓ ગુપચુપ ગુમ કરી. કેટલીક મૂર્તિઓ ઉખેડી ઉખેડી ક્યાંય ફંગોળી દીધી.

આ રીતે મૂર્તિઓ ગુમ થવાથી એના ઘરમાં તો હાહાકાર મચી ગયો. થોડા જ સમયમાં આ કામ એનું છે, એ વાતની સહુને ખબર પડી. એના વડીલોએ એને આમ કરવા માટે ખૂબ ખૂબ ઠપકાર્યો.

વળી એનું આ પરાક્રમ માત્ર ઘર પૂરતું જ મર્યાદિત નહોતું રહ્યું. એણે તો એના ગામમાં પણ ઠેકઠેકાણે મૂર્તિઓ ઉખાડી ઉખાડીને દૂર દૂર ફેંકી દીધી હતી.

આથી ગામલોકો પણ એક ધાર્મિક બ્રાહ્મણના દીકરાનાં આ કરતૂતો જોઈ કમકમી ઊઠ્યા હતા.

એમણે પણ નરેન્દ્રનાથની વિરુદ્ધ એમના વડીલોને સખ્ત ફરિયાદ કરી. એમણે નરેન્દ્ર સાથે જબરો ટંટો કર્યો, પણ નરેન્દ્ર કોઈનીય વાત માનવા તૈયાર ન હતા.

પોતે જે કંઈ કર્યું છે તે બરાબર જ છે! એમ જ થવું જોઈએ! એવું એ તો બધાંને સામે મોંએ કહેવા લાગ્યા.

ગામમાં એમની વિરુદ્ધ જબરો વાવંટોળ જાગી જાત, પરંતુ એ જ અરસામાં બંગાળના ભાગલા પડ્યા.

બંગભંગની જબરજસ્ત ચળવળ શરૂ થઈ. તોફાની નરેન્દ્રનું

ધ્યાન એ તરફ દોરાયું.

એમણે પણ એ ચળવળમાં ભાગ લેવાનું નક્કી કર્યું. અંગ્રેજ સરકારે એ ચળવળને દાબી દેવાને માટે ઘોર દમનનીતિ વાપરી. લોકો પર અગણિત અત્યાચારો ગુજાર્યા. પરિણામે ઠેકઠેકાણે નાની નાની છૂપી મંડળીઓની રચના થઈ.

આ મંડળીઓમાં મોટે ભાગે ઉગ્ર વિચાર ધરાવતા ક્રાંતિકારીઓ જ ભેગા થયા હતા.

નરેન્દ્રનાથ પણ આવી જ એક છૂપી ક્રાંતિકારી મંડળીના સભ્ય બન્યા.

ફક્ત ચૌદ વર્ષની નાની ઉંમરે કોઈ પણ જાતના ડર કે સંકોચ વિના એમણે ક્રાંતિકારીઓની સાથે રહીને અનેક કામગીરી પાર પાડી.

એમની આ ક્રાંતિકારી પ્રવૃત્તિને કારણે જ ઉપર જણાવ્યું તેમ ઈ. સ. ૧૯૦૭માં એમના ઉપર ટપાલકચેરી લૂંટવાનો આરોપ પોલીસે મૂક્યો. પણ સારા નસીબે એ સાબિત ન થઈ શકવાથી એ છૂટી ગયા.

આ એક જ અનુભવ ઉપરથી નરેન્દ્રનાથે જોઈ લીધું કે, એમણે ખૂબ જ હોશિયારીથી અને ભારે ચપળતાથી આ પ્રવૃત્તિ કરવી જોઈએ.

જરા સરખી ભૂલ ને બીજી જ પળે શકરાબાજની માફક ટાંપી રહેલા પોલીસો એમને ગિરફતાર કરવા તૈયાર જ ઊભા હતા.

ઈ. સ. ૧૯૧૦ના અરસામાં કલકત્તા નજીક ક્રાંતિકારીઓએ 'હાવરા ષડ્યંત્ર'ના નામથી ઓળખાયેલી એક ભયંકર યોજના અમલમાં મૂકી. નરેન્દ્રનાથ પણ એ યોજનામાં સામેલ હતા.

પોલીસે આ વખતે પણ એમને ગિરફ્તાર તો કર્યા. તેમ છતાં એમના ઉપરનો આરોપ આ કેસમાં પણ સાબિત ન કરી શકાયો.

આમ છતાં પોલીસે કરેલી એમની તમામ પ્રવૃત્તિની વિગતવાર નોંધને કારણે, તેમ જ પોલીસને એમના ઉપર જાગેલી શંકાને કારણે એમને વીસ મહિના સુધી નજરકેદમાં રાખવામાં આવ્યા.

આ વખતે એમની ઉંમર માત્ર અઢાર વર્ષની જ હતી. એ જમાનામાં રાજકીય કેદીઓને મન કારાવાસ એક પ્રકારના વિદ્યાપીઠવાસ સમો બની જતો હતો.

જેલના વસવાટ દરમ્યાન મળતા સમયમાં ઘણા વિદ્વાન રાજકીય કેદીઓએ કંઈ કેટલાય વિષયોના સાંગોપાંગ અભ્યાસ કર્યાના દાખલ નોંધાયા છે. ટિળક મહારાજ, પં. જવાહરલાલ નેહરુ મહાત્મા ગાંધીજી અને બીજા કેટલાય મોટામોટા નેતાઓએ એમના કારાવાસ દરમ્યાન સંખ્યાબંધ પુસ્તકો પણ લખ્યાં છે.

નરેન્દ્રનાથને પણ વીસ માસની એ નજરકેદ દરમ્યાન

સાહિત્ય, તત્ત્વજ્ઞાન, દર્શનશાસ્ત્ર, વગેરે વિષયોને લગતાં કેટલાંય પુસ્તકો વાંચવાની અને એ ઉપર ઊંડું વિચારવાની તક મળી.

આ ઉપરાંત જેલના નિયમોની મર્યાદામાં રહીને જેલના અધિકારીઓ 'રાજકારણ'ને લગતાં જે કંઈ પુસ્તકો એમનાં વાંચન માટે મંજૂર કરતા હતા, એ પુસ્તકો પણ એમણે બરાબર વાંચ્યાં અને પચાવ્યાં!

આમ 'રાજકારણ' અને 'રાજનીતિ' અંગે પણ એમના મનમાં ઠીક ઠીક પ્રકાશ પડ્યો.

એટલે જ્યારે એ નજરકેદમાંથી છૂટા થયા ત્યારે એમના મનમાં એમણે કયો રસ્તો લેવો જોઈએ, એ માટે એમણે શું કરવું જોઈએ, એ વિષે ઘણી બધી ચોખવટ થઈ ગઈ હતી.

હવે એ પહેલાનાં કરતાં પણ વધુ મક્કમ બન્યા હતા. જોકે જેલમાંથી છૂટ્યા બાદ કંઈક અંશે એમનું મન પ્રભુભક્તિ તરફ વળ્યું હતું. એથી કેટલાક સમય માટે પોતાની ક્રાંતિકારી પ્રવૃત્તિઓને બાજુ પર રાખી એ રામકૃષ્ણ મિશનમાં જોડાયા.

ત્યાં રહી એમણે સમાજસેવાનું થોડું કામ પણ કર્યું પરંતુ એમનો મૂળ જીવડો તો ક્રાંતિકારીનો જ હતો. એટલે એમને ત્યાં વધુ વખત ન ગોઠ્યું.

એ જમાનામાં બારીન્દ્રકુમાર ઘોષની 'યુગાંતર'ના નામથી ઓળખાતી એક મોટી ક્રાંતિકારી ટોળી હતી. નરેન્દ્રનાથ એ ટોળીમાં જોડાઈ ગયા.

થોડા જ વખતમાં એમની વિશાળ બુદ્ધિ, ઊંડી સમજશક્તિ, અસીમ ધીરજ, અનહદ દેશદાઝ અને અદ્ભુત સાહસવૃત્તિને લીધે એક ખૂબ ઉચ્ચ કક્ષાના ક્રાંતિકારી તરીકે એમની ગણના થવા લાગી.

એ સમયમાં એમણે ઘણી બધી યોજનાઓ ભારે સિફતથી, ભારે ચતુરાઈથી પોલીસના હાથમાં આવ્યા વિના પાર પાડી આપી હતી.

એમની આ બધી ધમાલને લીધે એમને પોતાના જાનના રક્ષણને માટે હવે હંમેશાં એમનો તમંચો સાથે લઈને જ ફરવું પડતું હતું.

આ સમયની એક ઘટના તો ખૂબ જ જાણીતી છે.

એક દિવસની વાત છે. નરેન્દ્રનાથ પોતાના કમરામાં બેઠા હતા.

એમના હાથમાં તે દિવસનું છાપું હતું. શાંતિથી એ છાપું વાંચી રહ્યા હતા. એમની ક્રાંતિકારી ટુકડીને લગતા કેટલાક અગત્યના કાગળો એમની ખુરશીની નજીક પડેલા એક નાનકડા મેજ પર પડ્યા હતા. પોલીસના હાથમાં જો એ કાગળો ભૂલચૂકે પણ જાય તો કંઈ કેટલાય ક્રાંતિકારીઓને સરકારના મહેમાન બનવું પડે તેમ હતું.

એ કાગળોની ઉપર એમણે એમનો રોજના સાથી સમો તમંચો મૂકેલો હતો.

હવે એ જમાનામાં એમનું નામ પોલીસ જાસૂસોની કાળી ડાયરીમાં તો ક્યારનુંય નોંધાઈ ગયું હતું.

અવારનવાર પોલીસ છૂપી રીતે એમનો પીછો કરતી જ ફરતી હતી.

એમ કરી એમની તમામ પ્રવૃત્તિની શક્ય તેટલી બધી જ માહિતી એ મેળવતી હતી.

છતાં નરેન્દ્રનાથની જબરી કુશળતાને લીધે એ પોલીસના છટકામાં સપડાયા ન હતા.

એ જમાનામાં ચાર્લ્સ ટેગાર્ટ નામનો એક ખૂબ મશહૂર અંગ્રેજ ગુપ્તચર હતો. એનું કામ આ ક્રાંતિકારીઓની જડો શોધવાનું હતું.

હવે તે દિવસે એકાએક આ ચાર્લ્સ ધડાક કરતો નરેન્દ્રના કમરામાં ઘૂસી આવ્યો.

બીજો કોઈ કાચોપોચો, નબળા દિલનો ક્રાંતિકારી હોત તો તો એનું આવી જ બનત!

આવા મોટા વાઘ જેવા જબરજસ્ત અંગ્રેજ જાસૂસને એકાએક, આમ જ્યારે અગત્યના છૂપા કાગળો અને તમંચો ખુલ્લેખુલ્લા મેજ ઉપર પડ્યા હોય ત્યારે ધસી આવેલો જોઈને કાચાપોચાના તો છક્કા જ છૂટી જાત!

એનો ગભરાટ, એની ચિંતા અને એનો ફડફડાટ જ એમને એ ગુપ્તચરના હાથમાં સપડાવી દેત. પણ નરેન્દ્રનાથ તો નરેન્દ્રનાથ જ હતા.

જેવું બારણું ખૂલ્યું કે તરત જ એમની સદા સાવધ રહેતી નજર બારણા તરફ ગઈ. કોઈ પણ જાતના ક્ષોભ કે ડર વિના એમણે ખૂબ ટાઢકથી ટેગાર્ટ ન જુએ એ રીતે પોતાનું છાપું પેલા મેજ ઉપર મૂકી દીધું.

છાપા નીચે પેલો તમંચો અને કાગળો સરસ રીતે ઢંકાઈ ગયા.

સારા નસીબે ચાર્લ્સની નજર એ સમયે કમરામાં બીજે ક્યાંક જ ઘૂમી રહી હતી.

એથી એણે નરેન્દ્રની આ હિલચાલ પર જરા સરખું ધ્યાન ન આપ્યું.

નરેન્દ્ર શાંતિથી એની પાસે ગયા.

એની સાથે હાથ મિલાવ્યા. આવકાર આપી એને એક ખુરશી પર બેસાડ્યો.

પછી એની સાથે એમણે અનેક પ્રકારની આસમાની સુલતાની

વાતો ભારે સરળતાથી, કોઈ પણ જાતના ધડકાટ વિના કરી.

ચાર્લ્સ ટેગાર્ટ ભારે રસથી એમની વાતો સાંભળી રહ્યો.

એને એ કમરામાં કશું પણ વાંધાભર્યું ન દેખાયું. એટલે થોડી વાર બાદ શરમિંદા બની એણે નરેન્દ્રનાથની વિદાય લીધી.

એક કુશળ ક્રાંતિકારીમાં હોવી જોઈએ એવી દૃઢ કલેજાની ઠંડક જો નરેન્દ્રમાં ન હોત તો એમનું અને એમની આખી ટોળીનું તે દિવસે જ આવી બનત.

ચાર્લ્સની આ એકાએક થયેલી મુલાકાત બાદ નરેન્દ્રનાથ એટલું તો સમજી ગયા કે, હવે આ શહેરમાં રહેવામાં એમને માટે મોટું જોખમ છે.

એમની બધી જ પ્રવૃત્તિ ઉપર સરકાર ખૂબ કડકાઈથી છૂપી નજર રાખી રહી છે.

આ બાજુ એમને બિહારના પાટનગર પટનામાં થોડું કામ પણ હતું.

આથી એ ચૂપચાપ પટના ચાલ્યા ગયા. ત્યાં એમણે એક છાપખાનામાં નવ મહિના સુધી બીબાંના અક્ષરો ગોઠવનારા કંપોઝિટરની નોકરી લીધી.

સાથે સાથે પટનામાં પણ એમણે ક્રાંતિકારીઓની એક ટોળીનું સંગઠન કરવાનું કામ શરૂ કર્યું.

એવામાં ઈ. સ. ૧૯૧૪ની સાલ આવી પહોંચી. પહેલું વિશ્વયુદ્ધ શરૂ થયું.

ભારતના ક્રાંતિકારીઓ માટે આ સોનેરી તક હતી.

અંગ્રેજ સરકાર જર્મની સામે લડાઈમાં રોકાયેલી હતી.

ભારત સંભાળી શકવાની તે વખતે એની પાસે પૂરતી જોગવાઈ

ન હતી. એ સંજોગોમાં દેશભરમાં ક્રાંતિકારી ચળવળ કરી અંગ્રેજોને ઉથલાવી શકાય તેવા સંજોગો હતા, એમ એમને લાગતું હતું. આથી દેશમાં તેમ જ પરદેશમાં આ માટે ક્રાંતિકારીઓએ એક મોટી વિરાટ યોજના અમલમાં મૂકી.

કલકત્તામાં સ્વદેશી વસ્તુઓ વેચતો એક મોટો ભંડાર ખોલવામાં આવ્યો. આ ભંડારનો આમ બહારનો હેતુ તો લોકોમાં સ્વદેશી માલનો ફેલાવો કરવાનો જ હતો! પરંતુ એ ભંડાર ખરી રીતે તો ક્રાંતિકારીઓ માટેનું એક ગુપ્ત મિલનસ્થાન જ હતું. એમની પ્રવૃત્તિઓનું એ એક જબરજસ્ત કેન્દ્ર હતું.

ઈ. સ. ૧૯૧૫માં આ ભંડારમાં સ્થપાયેલા ક્રાંતિકારી દળના નેતા યતીન્દ્ર મુકરજીની આગેવાની નીચે બે ખૂબ મોટી ધાડ પાડવામાં આવી.

આ બંને ધાડો ક્રાંતિકારી ચળવળના ઇતિહાસમાં ખૂબ મશહૂર છે.

આમાંની એક ધાડ ગાર્ડન રીજ ઉપર આવેલી 'બર્ડ' નામની એક અંગ્રેજ કંપનીની પેઢી ઉપર પાડવામાં આવી હતી. આ ધાડને પરિણામે ક્રાંતિકારીઓના હાથમાં અઢાર હજાર રૂપિયાની માતબર રકમ આવી હતી.

જ્યારે આવી જ બીજી ધાડ બેલાઘાટ ઉપર આવેલી એક બીજી જંગી પેઢી ઉપર પાડવામાં આવી હતી. આ પેઢીમાંથી

ક્રાંતિકારીઓના હાથમાં ચાલીસ હજાર રૂપિયા જેટલી રકમ આવી હતી.

એ જમાનામાં ક્રાંતિકારી ચળવળ ચલાવવા માટે નાણાંની સખત જરૂરત રહેતી. નાણાં મેળવવા માટે આમ ધાડ પાડવા સિવાય બીજો એક પણ રસ્તો ક્રાંતિકારીઓ પાસે ન હતો.

આ બાજુ જર્મન સરકાર પણ અંગ્રેજોને બરાબર ભિડાવવા માટે ભારતીય ક્રાંતિકારીઓને શક્ય તે તમામ સહાય કરવા તૈયારી હતી.

પરિણામે ક્રાંતિને માટે જરૂરી હથિયારો અને અન્ય સાધનસામગ્રી મેળવવા માટે ક્રાંતિકારીઓ તરફથી ભોળાનાથ ચટ્ટોપાધ્યાય નામના એક ક્રાંતિકારીને બેંગકોક મોકલવામાં આવ્યા.

નરેન્દ્રનાથ પોતે પણ સી. માર્ટિન નામનું એક બનાવટી નામ ધારણ કરી જાવાના મુખ્ય શહેર બટાવિયામાં છૂપી રીતે પહોંચી ગયા.

એવી એક માન્યતા છે કે નરેન્દ્રનાથે બટાવિયાથી સારી એવી રકમ ભારતના ક્રાંતિકારીઓને માટે મોકલાવી હતી.

એ ઉપરાંત એમણે ભારતના ક્રાંતિકારીઓને શેર શેર લોહી ચઢે એવો એક બીજો સંદેશો પણ મોકલાવ્યો હતો.

એ સંદેશામાં એમણે જણાવ્યું હતું કે, થોડા જ વખતમાં 'માવેરિક' નામની જર્મન સ્ટીમરમાં એ ત્રીસ હજાર રાઇફલો, દોઢ કરોડ કારતૂસો અને લાખો રૂપિયાની રકમ મોકલી રહ્યા છે.

ભારતમાંના ક્રાંતિકારીઓ આ સમાચારથી ભારે ઉત્સાહમાં આવી ગયા.

હવે બટાવિયામાં નરેન્દ્રનાથને આ બધી વ્યવસ્થા જર્મન

સરકારના એક જાસૂસે કરી આપી હતી.

આ જાસૂસની યોજના અનુસાર એક ચીની નાગરિકની મારફતે આ બધી રકમ ભારતમાં પહોંચાડવાની હતી.

અંગ્રેજ સરકારના જાસૂસો પણ આ બધા સમય દરમિયાન એમ ને એમ બેઠા ન હતા.

બટાવિયામાં જ ભારતના કમનસીબે પેલો ચીનો પકડાઈ ગયો.

એની ગિરફ્તારીની સાથે જ આ આખીય યોજનાની અને બીજી ઘણી બાબતોની અંગ્રેજ સરકારને જાણ થઈ ગઈ.

બટાવિયામાં જબરી ધમાલ મચી રહી.

નરેન્દ્રનાથ અને બીજા ત્યાંના કેટલાક સ્થાનિક મદદગારો માંડ માંડ પોલીસના પંજામાં સપડાતા બચ્યા.

આ બાજુ ભારતમાં ક્રાંતિકારી દળના નેતા યતીન્દ્રનાથ મુકરજી અને એમના ત્રણ ક્રાંતિકારી સાથીઓ ઓરિસ્સાના બાલાસોર જિલ્લાના દરિયાકાંઠે પહોંચી ગયા હતા.

એ લોકો નરેન્દ્રે મોકલેલા સંદેશા પ્રમાણે પેલી 'માવેરિક' સ્ટીમરની ત્યાં રહ્યા રહ્યા રાહ જોઈ રહ્યા હતા. જાવામાં આ બધી ધમાલ થઈ ગઈ એનો એમને જરા સરખો ખ્યાલ ન હતો.

એવામાં પોલીસને કોઈ દગલબાજ લાંચિયાએ એમને વિષે માહિતી આપી દીધી.

તરત જ પોલીસે આવી એમને ઘેરી લીધા. ક્રાંતિકારીઓ અને પોલીસો વચ્ચે સામસામી ગોળીબારની જીવલેણ રમઝટ જામી.

પોલીસોની સંખ્યા વધુ હતી.

ક્રાંતિકારીઓની સંખ્યા ઓછી હતી.

પરિણામે બધા જ ક્રાંતિકારીઓ એ ભયંકર યુદ્ધમાં શહાદતને પામ્યા. એમનો બાલાસોરનો આ સંગ્રામ ક્રાંતિકારીઓના ઇતિહાસમાં અમર રહેવાનો છે.

આ બાજુ બટાવિયામાં નરેન્દ્રનાથ જબરી આફતમાં મુકાઈ ગયા.

હવે એમની પાછળ અંગ્રેજ સરકારના આંતરરાષ્ટ્રીય જાસૂસો લાગ્યા હતા.

દેશમાં ક્રાંતિકારીઓને મદદ મોકલવી તો બાજુ પર રહી, પણ એમનો પોતાનો જાન બચાવવાનું પણ હવે એમને માટે ભારે મુશ્કેલ બની ગયું.

આથી જાવા સુમાત્રા છોડી એ ગુપચુપ નાઠા. સૌથી પહેલાં એ હિંદી ચીન ગયા. ત્યાંથી હોંગકોંગ ગયા.

પણ એમની પૂંઠે અંગ્રેજોના જાસૂસો જળોની માફક વળગેલા જ રહેતા.

એમ કહેવાય છે કે, એમની આ રઝળપાટ વખતે એ એક કૅથલિક પાદરીનો વેશ ધારણ કરીને ઘૂમતા હતા.

જ્યારે એ ફિલિપાઈન્સમાં પહોંચ્યા ત્યારે ત્યાં પરદેશી શાસન સામે ત્યાંની પ્રજાનો એક જબરજસ્ત સંગ્રામ ચાલી રહ્યો હતો.

નરેન્દ્રનાથે ફિલિપાઈન્સના આ સ્વાતંત્ર્યસંગ્રામમાં પણ ભાગ લીધો.

વળી પાછી ત્યાં એમની પૂંઠે પડછાયાની માફક ઘૂમતી જાસૂસોની જંજાળ આવી પહોંચી. આથી એ પાછા ત્યાંથી છટક્યા.

જાસૂસોના હાથમાં ઝડપાયા વિના એ સીધા જાપાન પહોંચ્યા.

એમની માફક જ ભારત ભૂમિને હંમેશને માટે છોડીને નાસી છૂટેલા રાસબિહારી બોઝ એમને ત્યાં મળ્યા.

એ જ અરસામાં ચીની ક્રાંતિના એક મોટા સૂત્રધાર સુન યાટ સેન પણ જાપાનમાં આશરો લઈ રહ્યા હતા.

નરેન્દ્રનાથ વારાફરતી એ બંનેને મળ્યા.

એ મહાન નરશાર્દુલો સાથે એમણે ભારતની મુક્તિ માટે અનેક ચર્ચાઓ કરી.

જાપાનમાં પણ અંગ્રેજ જાસૂસોએ એમને જંપવા ન દીધા. આથી જાપાન છોડી એ વળી પાછા નાઠા.

આ વખતે એ કોરિયામાં આવી લાગ્યા. થોડા દિવસ કોરિયામાં વિતાવી, એ ચોરીછૂપીથી ચીનમાં દાખલ થયા.

હવે એ જમાનામાં ચીનમાં અંગ્રેજોનું ભારે જોર હતું. એમનો પડતો બોલ ચીનાઓ ઝીલી લેતા.

આથી અંગ્રેજોની સૂચનાથી ચીનાઓએ એમને તરત ગિરફતાર તો કરી લીધા, પણ એમની વિરુદ્ધમાં એમને કેદમાં પૂરવા માટે એક પણ સાબિતી ન મળી. અકારણ કોઈને કેદમાં પૂરવા, એ તો એક ગેરકાયદેસર કામ ગણાય.

આથી ચીનાઓએ તો એમને સી. માર્ટિન તરીકે જ પિછાન્યા અને એમને કારાવાસમાંથી છોડી મૂક્યા.

ચીનમાં પણ નરેન્દ્રનાથ જરાય ન જંપ્યા.

એમને માથે લટકતી ખાંડાની ધારની એ વીર નરને જરા સરખી પણ પડી ન હતી.

ચીનમાં એ જર્મન એલચીને મળ્યા!

ચીનના ક્રાંતિકારીઓ સાથે એમણે ધીરે ધીરે ઘરોબો કેળવ્યો.

એ બંનેની મદદ લઈ એમણે ચીનમાંથી ભારતમાં ક્રાંતિકારીઓ માટે શસ્ત્રો મોકલવાની કોશિશો કરી જોઈ.

પણ એ અરસામાં જર્મનીની યુરોપમાં હાર ઉપર હાર થવા લાગી હતી.

આથી ભારતના ક્રાંતિકારીઓને મદદ કરવાનો એનો જુસ્સો ઠંડો પડતો જતો હતો.

આ કારણસર જર્મન રાજદૂત તરફથી જોઈતો સહકાર નરેન્દ્રનાથને ન મળી શક્યો.

ઊલટું એમની આ બધી પ્રવૃત્તિ જોઈ ચીની પોલીસ એમના પર ખૂબ ખૂબ વહેમાઈ. અંગ્રેજ જાસૂસો તો ત્યાં હાજર હતા જ.

હવે એમને માટે ચીનમાં રહેવું પણ વસમું બની ગયું.

અંતે ચીનથી અમેરિકાના કેલિફોર્નિયા તરફ જઈ રહેલી એક જર્મન સ્ટીમરમાં એ વળી પાછા નાઠા. જર્મન સ્ટીમર કેલિફોર્નિયાના કિનારે લાંગરી.

અહીં પણ નરેન્દ્રનાથ માટે કમનસીબ બે ડગલાં આગળ જ હતું.

અમેરિકન સત્તાધારીઓએ નરેન્દ્રનાથને જર્મન સ્ટીમરમાં આવેલા જોઈ એમને જર્મન જાસૂસ જ માની લીધા.

તરત જ અમેરિકન પોલીસ એમની પૂંઠે ગોઠવાઈ ગઈ.

ઉલામાંથી ચૂલામાં પડવા જેવો ઘાટ થયો!

એમના સારા નસીબે એમને ત્યાં યદુગોપાલ મુખરજી નામના એક વિદ્વાન સાહિત્યકાર મળી ગયા.

એ ઉપરાંત અમેરિકામાં ખૂબ મોટા પાયા ઉપર ભારતીય ક્રાંતિકારીઓએ વિકસાવેલી ગદર પાર્ટીના ક્રાંતિકારી સભ્યો પણ એમને મળ્યા. એકબીજા સાથે ખૂબ નિકટનો પરિચય સધાયો.

હવે નરેન્દ્રનાથે અમેરિકામાં કયા બનાવટી નામે રહેવું તેની

એમના સાથીઓ સાથે વિચારણા થઈ.

મુખોપાધ્યાયે તરત જ એક સરસ રસ્તો શોધી આપ્યો.

એમણે નરેન્દ્રનાથ ભટ્ટાચાર્યને બદલે એમનું નામ માનવેન્દ્ર રૉય રાખવાનું સૂચવ્યું.

નરેન્દ્ર એટલે માનવીઓમાં ઇન્દ્ર અને માનવેન્દ્ર એટલે પણ મનુષ્યોમાં ઇન્દ્ર!

આમ બંને નામોનો અર્થ સરખો ને સરખો રહેતો હતો.

પરિણામે તે દિવસથી નરેન્દ્રનાથ એમના સાથી ક્રાંતિકારીઓમાં તેમ જ ભારતની સ્વતંત્રતાના ઇતિહાસમાં માનવેન્દ્ર રૉયના નામથી જ ઓળખાયા!

આજે પણ મોટા ભાગના ભારતીયો એમને માનવેન્દ્ર રૉયના નામથી જ પિછાને છે.

આપણે પણ હવે એમને એ જ નામે ઓળખીશું.

અમેરિકામાં આવી માનવેન્દ્ર ઊંડા અભ્યાસમાં ખૂંપી ગયા. એમને એક સવાલ ખૂબ ખૂબ મૂંઝવતો હતો!

એવાં તે શાં કારણો હતાં કે જેથી એમના બધાના ક્રાંતિના પ્રયાસો સફળ થતા ન હતા? એવી તે કઈ એમની ભૂલો હતી?

માનવેન્દ્ર આ બધા સવાલોના ઉકેલ પાછળ એમનું તમામ ધ્યાન કેન્દ્રિત કર્યું.

એવામાં એમને એ અરસામાં જ અમેરિકા આવેલા ભારતના મહાન દેશભક્ત લાલા લજપતરાયની મુલાકાત થઈ.

બંનેને એકબીજાના વિચારો ગમી ગયા. બંનેને એકબીજા માટે અનહદ મમતા જાગી. બંનેએ ત્યાં સાથે કામગીરી શરૂ કરી.

એમની કામગીરી બે જાતની હતી.

એક તો અમેરિકામાં ભારતની સ્વતંત્રતા માટે વિશાળ પાયા ઉપર પ્રચાર કરવો.

બીજું અમેરિકાની મજૂર ચળવળમાં ભાગ લઈ મજૂર કલ્યાણની પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લેવો.

અમેરિકન સરકારને એમની પહેલી પ્રવૃત્તિની ઝાઝી તમા ન હતી! પણ એમણે જે બીજી પ્રવૃત્તિ શરૂ કરી તે જોઈ અમેરિકન સરકારની એમના પર એકદમ લાલ આંખ થઈ.

ભારતથી આવેલા માણસો અમેરિકામાં રહી મજૂરોને બહેકાવવાનું કામ કરે?

આ બધું અમેરિકન સરકારથી કેમ સહ્યું જાય?

અમેરિકન મજૂર પ્રવૃત્તિમાં લાલા લજપતરાય કરતાં માનવેન્દ્રનો પોતાનો ફાળો ઘણો મોટો હતો.

આથી અમેરિકન સરકારે એમને એક ભારે ખતરનાક વ્યક્તિ ગણી તરત જ ગિરફતાર કર્યા.

એમ કહેવાય છે કે ખુદ લાલા લજપતરાય એમના જામીન થયા હતા અને એમને અમેરિકન પોલીસના પંજામાંથી છોડાવ્યા હતા.

આ બનાવ પછી હવે અમેરિકામાં પણ એમને માટે રહેવું વસમું બની ચૂક્યું.

અમેરિકન છૂપી પોલીસ ડાઘિયા કૂતરાની માફક એમની પૂંઠે જ પડી હતી.

આથી ભારે નિરાશ થઈ, માનવેન્દ્ર રૉય અમેરિકા છોડી એક દિવસ મેક્સિકો પહોંચ્યા.

એ અરસામાં મેક્સિકોમાં પણ એક મોટો સ્વાતંત્ર્યસંગ્રામ ખેલાઈ રહ્યો હતો.

મેક્સિકોમાં વસતા લોકો સ્પેનીશ સરકારની ગુલામગીરી ફગાવી દેવા માંગતા હતા. મેક્સિકોમાં એ સમયે જાણે મોટો વિરાટ જાગ્યો હતો.

માનવેન્દ્રનો ક્રાંતિકારી આત્મા એ આંદોલન જોઈ હરખાઈ ઊઠ્યો.

એમણે તરત જ મેક્સિકન જનતાના પક્ષમાં ઝુકાવ્યું. પોતાની બુદ્ધિ અનુસાર એમણે મેક્સિકન જનતાને દોરવણી આપવા માંડી.

નરેન્દ્રનાથ ઉર્ફે માનવેન્દ્ર રોય

ઈ. સ. ૧૯૧૮ સુધીમાં તો એ મેક્સિકોમાં ખૂબ ખૂબ મશહૂર થઈ ગયા.

મેક્સિકોમાં વસવાટ કરે માંડ થોડા મહિના વીત્યા હશે. એટલામાં તો એમણે સ્પેનીશ ભાષા સાંગોપાંગ શીખી લીધી હતી.

મેક્સિકોમાંથી એ સમયે 'એલ કમ્યુનિસ્તા' નામનું છાપું બહાર પડતું હતું. માનવેન્દ્ર એ છાપાના તંત્રી પણ બન્યા હતા.

આ ગાળા દરમિયાન એમણે અંગ્રેજી ભાષામાં લખેલું એમનું પહેલવહેલું પુસ્તક બહાર પાડ્યું હતું. એ પુસ્તકનું નામ હતું : 'ધી હાઈ રોડ ટુ વર્લ્ડ પીસ.'

ધીરે ધીરે મેક્સિકોમાં માનવેન્દ્ર રોયનું સ્થાન એટલું બધું મહત્ત્વનું બનતું ગયું કે મેક્સિકોના રાષ્ટ્રપતિ વેનુ સાટિયાનોએ એમને પોતાના અંગત સલાહકારનું પદ આપ્યું.



થોડા વખત બાદ એમણે મેક્સિકોમાંથી જ એક બીજું પુસ્તક અંગ્રેજી ભાષામાં પ્રસિદ્ધ કર્યું.

એ પુસ્તકનું નામ હતું: 'ઇંડિયા: પાસ્ટ, પ્રેઝન્ટ એન્ડ ફ્યુચર.'

આમ મેક્સિકોમાં એમણે ત્યાંના સ્વાતંત્ર્યસંગ્રામમાં ભાગ લીધો.

ભારતીય સ્વતંત્રતા માટેનો પ્રચાર કર્યો.

સાથે સાથે એમનો અભ્યાસ પણ ચાલુ રાખ્યો. અને એ અભ્યાસને પરિણામે જ એમણે ઉપર જણાવેલાં બે સુંદર પુસ્તકો લખ્યાં અને પ્રગટ કર્યાં.

એ જમાનામાં રશિયાની સરકારે બીજા દેશોમાં પણ ક્રાંતિની જ્વાળાઓ સળગાવવાનો નિર્ણય લીધો.

એમણે ઠેરઠેર પોતાના છૂપા પ્રચારકો આ માટે મોકલી આપ્યા.

આવો એક રશિયન દૂત ફરતો ફરતો મેક્સિકોમાં આવી પહોંચ્યો. એનું નામ હતું: બોરોદિન.

એ ભારે હોશિયાર હતો! ભારે ચબરાક હતો! અપાર સાહસિક હતો!

એ મેક્સિકોમાં માનવેન્દ્ર રૉયને મળ્યો. એમના જબરજસ્ત વ્યક્તિત્વથી અને વિચારોથી એ ખૂબ અંજાઈ ગયો.

માનવેન્દ્ર માટે એના મનમાં અપાર માન પેદા થયું.

પોતાની સરકારને આ માણસ ખૂબ જ મદદરૂપ થઈ પડશે,

એવી એના મનમાં ખાતરી થઈ ચૂકી.

એણે તરત જ એ સમયના રશિયાના સહુથી વડા નેતા લેનિનને એક અંગત કાગળ લખ્યો.

એમાં એણે માનવેન્દ્રનાં બેસુમાર વખાણ કર્યાં.

લેનિન એ વાંચી ખૂબ પ્રભાવિત થયો. એણે તરત જ એમને મોસ્કો આવી પોતાને મળી જવા વિનંતી કરી.

રૉયે લેનિનનું આમંત્રણ સ્વીકારી લીધું.

મેક્સિકોથી નીકળી એ પહેલાં સ્પેન ગયા. ત્યાંથી જર્મની ગયા અને અંતે જર્મનીથી એ રશિયા પહોંચ્યા.

મોસ્કોમાં એ લેનિનને મળ્યા. બંને વચ્ચે અનેક વિચારોની આપલે થઈ. બંનેને એકબીજાના સ્વભાવ ગમી ગયા.

રૉયે એમને ભારતની આખી સ્થિતિનો ખ્યાલ આપ્યો. સાથેસાથે દુનિયાના એમણે ખૂંદેલા તમામ દેશોની રાજકીય સ્થિતિનો પણ એમણે બરાબરનો ચિતાર આપ્યો. એ વિષે એમના પોતાના સાફ સાફ વિચારો પણ એમણે લેનિનને જણાવ્યા.

જોકે એમની અને લેનિનની વચ્ચે વિચારોમાં સારા એવા પ્રમાણમાં મતભેદ તો હતા જ!

આમ છતાં બંને વચ્ચે ઠીકઠીક દોસ્તી જામી શકી.

રશિયન ક્રાંતિકારીઓ ઉપર રૉયે રશિયામાં ખૂબ જ સારી છાપ પાડી.

ઠેરઠેર એમને રશિયનો ખૂબ જ આવકાર આપતા હતા. ભારે માનથી એમને બોલાવતા હતા.

એમનાં મહત્ત્વ અને એમના આદરને કારણે જ એમને રશિયાની ઘણી મોટી મોટી ગણાતી સંસ્થાઓના સભ્ય પણ બનાવવામાં

આવ્યા હતા.

રશિયાની જગમશહૂર લાલ સેનાની એક ટુકડીના વડા અધિકારી બનાવીને તેમને ખૂબ ઉચ્ચ કક્ષાનું માન આપવામાં આવ્યું હતું.

રશિયા વતી માનવેન્દ્રે રશિયાની પૂર્વ સરહદના વિસ્તારોમાં ખૂબ પ્રશંસાપાત્ર કામગીરી પણ બજાવી આપી.

આથી રશિયનો એમના ઉપર ઓર રાજી થયા.

મોસ્કોમાંથી રૉયે 'વેન્ગાર્ડ' અને 'મૅસેજ' નામના બે પત્રો પણ પ્રકટ કરવા શરૂ કર્યા હતા. આ પત્રોની નકલો ભારતમાં આવતી. ભારતીય ક્રાંતિકારીઓ એ નકલો ભારે રસથી અને શ્રદ્ધાથી વાંચતા.

રૉયના આ બંને પત્રો છેક અગ્નિ એશિયાના તમામ દેશોમાં પણ જતા હતા!

એ રીતે તેમની મારફતે ક્રાંતિકારી વિચારસરણીનો ફેલાવો થતો હતો.

ઈ. સ. ૧૯૨૪માં કાનપુરમાં 'બોલ્શેવિક ષડયંત્ર' નામનું એક કાવતરું રચાયું. એમાં રૉયનો હાથ હતો, એવું અંગ્રેજોને જાણવા મળ્યું. એથી એ ષડયંત્રના અન્ય કાર્યકર્તાઓની સાથે સાથે રૉયના નામનું પણ વૉરંટ નીકળ્યું.

રૉય તો એ વખતે મોસ્કોમાં હતા! ત્યાં જઈ એમને કોણ ગિરફ્તાર કરી શકે?

રૉયે ભારતમાં તેમ જ ચીનમાં સામ્યવાદી આંદોલનને ફેલાવવામાં પણ ઠીકઠીક સાથ આપ્યો.

જોકે સમય જતાં એમનાં છેલ્લાં વર્ષોમાં રૉય સામ્યવાદ અને સામ્યવાદીઓની પણ વિરુદ્ધ થઈ ગયા હતા.

કેટલાક સમય બાદ, ચીન તરફના એમના વહાલસોયા વલણને કારણે એ રશિયાના સામ્યવાદીઓની નજરમાં એકદમ ઊતરી પડ્યા.

ઈ. સ. ૧૯૩૦-૩૧ અરસામાં રૉય છૂપી રીતે ભારતમાં આવી પહોંચ્યા.

એમણે ડૉ. મહમૂદનું નામ ધારણ કર્યું હતું. વેશપલટો પણ નામને અનુરૂપ કર્યો હતો.

છતાં ઈ. સ. ૧૯૩૧ના જૂનની ૩૧મી તારીખે પોલીસે એમને ઓળખી કાઢ્યા!

મુંબઈમાં એ દિવસે એમની ધરપકડ થઈ. છૂપા વેશે ભારતમાં આવી પહોંચેલા રૉયની ધરપકડના એ સમાચાર સાંભળી આખું ભારત ચોંકી ઊઠ્યું.

તરત જ રૉય ઉપર ક્યારનાય બાકી રહેલા તમામ આરોપો મૂકવામાં આવ્યા. રૉયે ખૂબ જ હોશિયારીથી અને કાબેલિયતથી એક વીરપુરુષની માફક અદાલતમાં પોતાનો બચાવ કર્યો.

એમણે ભરી કોર્ટમાં ન્યાયાધીશને સાફસાફ સંભળાવ્યું કે ગુલામીની જંજીરોમાં જકડાયેલા જગતના કોઈ પણ દેશને ક્રાંતિ કરી, બળવો કરી, ભયંકર ઝંઝાવાત કરી સ્વતંત્ર થવાનો નૈતિક અને કાનૂની અધિકાર છે! માનવતાની નજરે પણ એમ કરવું તદ્દન બરાબર છે.



જોકે એમની એ વાત સાંભળવાની કે લક્ષમાં લેવાની અંગ્રેજ

અદાલતને રજમાત્ર તમા ન હતી.

એણે તો એમને આઠ વર્ષની દેશનિકાલની કપરી સજા ફટકારી દીધી.

તરત જ રૉયને બરેલીમાં આવેલી સેન્ટ્રલ જેલમાં મોકલી દેવામાં આવ્યા.

એ જ અરસામાં એ જેલમાં રૉયના જેવા જ એક ઉચ્ચ દરજ્જાના મહાસમર્થ ક્રાંતિકારી કેદ હતા.

એમનું નામ હતું શચીન્દ્રનાથ સંન્યાલ!

એક જ જેલમાં હોવા છતાં બંને જુદીજુદી કોટડીઓમાં કેદ હતા.

એમને બંનેને ક્યારેય પણ ભેગા મળવાની તક જેલના સત્તાવાળાઓએ આપી ન હતી.

શચીન્દ્રનાથ ભગવાનને દુનિયામાં રહેલી કોઈ ગેબી શક્તિ તરીકે માનતા હતા.

જ્યારે રૉય સાવ નાસ્તિક હતા.

બંને જણા વચ્ચે ચોરીછૂપીથી પત્રવ્યવહાર ચાલ્યા કરતો. જેલમાં રહેલા એમના વફાદાર સાથી કેદી મિત્રો એમાં એમને મદદ કરતા.

પત્રોમાં બંને એકબીજાને પોતપોતાના વિચારો સમજાવવાની કોશિશ કરતા.

બંનેએ દુનિયામાં ઘણા બધા સારાનરસા અનુભવો પણ મેળવ્યા હતા. વળી બંનેનો સ્વભાવ ખૂબ

સ્વતંત્ર હતો. એથી બંનેના વિચારો વચ્ચે એકદમ સમાધાન થવું અશક્ય જ હતું.

શચીન્દ્રનાથની સલાહથી રૉયે જેલમાં ભારતીય તત્ત્વજ્ઞાન અને દર્શનશાસ્ત્રનાં મૂળ પુસ્તકો વાંચવાનું પણ શરૂ કર્યું હતું.

રૉયે કેટલાંક વર્ષો આ રીતે જેલમાં વિતાવ્યાં. તે બાદ એમને અંગ્રેજ સરકારે છૂટા કર્યા.

એ અરસામાં પંડિત જવાહરલાલ નેહરુ સાથે એમની મુલાકાત થઈ.

એમની સલાહથી એ થોડા વખત માટે કૉંગ્રેસના સભ્ય પણ બન્યા.

એ બાદ એમણે રૅડિકલ ડેમોક્રેટિક પાર્ટીની સ્થાપના કરી.

ઈ. સ. ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. આખું ભારત આ વિશ્વયુદ્ધ વખતે અંગ્રેજોની વિરુદ્ધ હતું ત્યારે રૉયે એક તદ્દન વિચિત્ર અને ખૂબ જ અચરજ પમાડે એવો વિચાર ભારતવાસીઓ સામે મૂક્યો.

એમણે જર્મની અને ઇટલી ફાસિસ્ટ નેતાઓના જુલમગાર નાશને માટે અંગ્રેજોને લડાઈમાં મદદ કરવાની વકીલાત કરી.

આખું ભારત આ કારણે એમના ઉપર ભયંકર રોષે ભરાયું.

કોઈના પણ ગળે એમની આ વાત ઊતરી નહીં.

એ વખતે રૉય ભારતમાં એક છાપાનું પણ સંચાલન કરતા હતા.

પોતાના લાભમાં રૉય વિચારો પ્રકટ કરતા હતા. એ જોઈ અંગ્રેજ સરકાર એ છાપાને હજારો રૂપિયાની મદદ પણ કરતી હતી.

આથી તમામ ભારતીયો, ક્રાંતિકારીઓ અને સામ્યવાદીઓ સુધ્ધાં એમના ઉપર ભયંકર રોષે ભરાયા.

ઈ. સ ૧૯૪૮મા રૉયે પોતે જ એમના પક્ષને વિખેરી નાખ્યો.

એ બાદ એ માનવવાદનો પ્રચાર કરવાના કામમાં લાગ્યા.

આમ એમનાં છેવટનાં વર્ષોમાં એમણે દેખાડેલી એક જાતની નબળાઈ, એમના વિચારોમાં ફેરફાર અને અંગ્રેજોને મદદ કરવાની એમણે કરેલી હિમાયતને કારણે એમણે લોકોની ચાહના ગુમાવી દીધી.

આમ છતાં આજે પણ એ મહા વિદ્વાન પ્રખર બુદ્ધિશાળી ક્રાંતિકારીની શરૂઆતની ભારે યશસ્વી કારકિર્દીને કોઈ વીસરી શક્યું નથી.

એમણે ઘણાં બધાં પુસ્તકો લખ્યાં હતાં.

આ પુસ્તકો આજે પણ અનેક પંડિતો વાંચે છે. એમાંથી પ્રેરણા લે છે.

માનવેન્દ્રને એક, બે નહીં પણ સત્તર સત્તર જેટલી તો ભાષાઓ આવડતી હતી.



કંઈ કેટલીય ભાષાઓમાં એ સહેજ પણ રોકાયા વિના પોતાની માતૃભાષા હોય એટલી સરળતાથી ભાષણ કરી શકતા હતા.

ઈ. સ. ૧૯૫૪ના જાન્યુઆરી માસની ૧૪મી

તારીખે એમનો દેહાંત થયો.

એ એટલા નસીબવાન હતા કે, એમની હયાતી દરમ્યાન એ ભારતને સ્વતંત્ર થતું, ભારે ઝડપથી આખી દુનિયામાં નામના મેળવતું અને વિકાસને માર્ગે કૂચકદમ કરતું જોઈ શક્યા!

દેશ ખાતર આખી દુનિયા ખૂંદનાર અને દરેક દેશમાં ભારતની શાન વધારનાર એ મહા પંડિતને આપણાં વંદન હજો.

*

શૂરવીર સૂફીજી

પહેલા વિશ્વયુદ્ધના સમયની આ વાત છે.

અંગ્રેજો સામે જર્મનો અને ઈરાનીઓ લડી રહ્યા છે.

ઈરાનની ધરતી છે.

ઈ. સ. ૧૯૧૬નો સમય છે.

અંગ્રેજોએ ઈરાનનાં કેટલાંક શહેરો જીતી લીધાં છે.

એમના હાથમાં સેંકડો યુદ્ધકેદીઓ પણ પકડાયા છે.

આ યુદ્ધકેદીઓમાં સૂફી અંબાપ્રસાદ નામના એક ભારતીય ક્રાંતિકારી પણ છે.

લશ્કરી અદાલત પટોપટ આ યુદ્ધકેદીઓ ઉપર કામ ચલાવે છે.

બીજા કેટલાક કેદીઓની સાથે અંગ્રેજોના હડહડતા દુશ્મન સમા સૂફીજીને પણ ગોળી વડે વીંધી નાખવાની સજા ફરમાવવામાં આવે છે.

બીજે દિવસે સવારે અંગ્રેજ સૈનિકો સૂફીજીને ગોળી વડે ઉડાવવા લઈ જવા માટે એમની કોટડી નજીક આવીને ઊભા રહે છે, પણ આ શું? કોટડીમાં સૂફીજીનું શરીર તો મોજુદ હતું, પણ એમનો જીવ તો ક્યારનોય નીકળી ગયો હતો.

અંગ્રેજો એમને વીંધી નાખી એમનું જીવન પૂરું કરી નાખે એ પહેલાં સૂફીજીએ જ પોતાના દૃઢ મનોબળથી પોતાના જીવનનો અંત આણ્યો હતો.

બીચારા અંગ્રેજ સૈનિકો હાથ ઘસતા રહી ગયા. એમની બધી મનની મનમાં રહી ગઈ.

ભારતના અનેક ક્રાંતિકારીઓમાં આ સૂફી અંબાપ્રસાદનું નામ આગળ પડતું છે.

મુરાદાબાદ જિલ્લાના એક નાના સરખા ગામમાં એમનો જન્મ થયો હતો

નાનપણથી જ એ ભારે તોફાની અને હાજરજવાબી હતા.

જન્મથી જ એમને ભગવાને જમણો હાથ આપ્યો ન હતો. આથી એમણે તમામ કામો ડાબા હાથે જ કરવાં પડતાં.

ઘણી વાર એમના જુવાન મિત્રો એમના આ એક હાથની મજાક ઉડાવતા. એવે વખતે ભારે મશ્કરી સ્વભાવના સૂફીજી ખડખડાટ હસતાં કહેતાં કે, મારા ગયા જન્મમાં હું અંગ્રેજો સામે સત્તાવનના સ્વાતંત્ર્યસંગ્રામ વખતે યુદ્ધે ચઢ્યો હતો. તે વખતે થયેલી લડાઈમાં મારો આ જમણો હાથ કપાઈ ગયો હતો અને હું મરણ પામ્યો હતો. એ બાદ ફરીથી ભારતને આઝાદ કરવા માટે જંગ ખેલવા ભગવાને મને અવતાર આપ્યો, પણ કમનસીબે ગયા જન્મમાં કપાઈ ગયેલો મારો હાથ એમણે આ જન્મમાં પણ કાપેલો જ રાખ્યો.

સૂફીજીની આ વાત સાંભળી સૌ કોઈ ખડખડાટ હસી પડતા.

ભણવા-ગણવામાં પણ આ હસમુખા અને મનમોજી સૂફીજીનું સ્થાન ઘણું આગળ પડતું હતું.

ડાબા હાથે એ સરસ રીતે લખી શકતા. એક લેખક તરીકે એમણે જોતજોતામાં ચારે બાજુ નામના મેળવી હતી.

એમનાં લખાણોમાં અંગ્રેજો સામે નરી આગ ઝરતી, આથી અંગ્રેજો એમના ઉપર ભયંકર રોષે ભરાયેલા રહેતા.

છેક ઈ. સ. ૧૮૯૭માં એમને આ રીતે લખાણો લખી અંગ્રેજોને ત્રાહ ત્રાહ પોકરાવી દીધી હતી. આથી ત્રાસીને અંગ્રેજોએ એમના



ઉપર રાજદ્રોહનો આરોપ મૂકી એમને દોઢ વર્ષની સજા કરી હતી.

જેલમાંથી છૂટી આવ્યા બાદ તરત જ વળી પાછું એમણે અંગ્રેજ સરકાર વિરુદ્ધ લખવાનું શરૂ કરી દીધું.

અંગ્રેજોએ ફરીથી એમના પર કામ ચલાવ્યું. એમને બે વર્ષની સજા ફટકારવામાં આવી. એમનાં તમામ જમીનજાગીર જપ્ત કરી લેવામાં આવ્યાં.

આમ છતાં અંબાપ્રસાદનું રૂંવાડુંય ન ફરક્યું.

જેલમાંથી છૂટ્યા બાદ પણ એમણે અંગ્રેજોની વિરુદ્ધ પ્રચાર ચાલુ જ રાખ્યો.

એ વખતે પંજાબમાં સરદાર અજીતસિંહ નામના એક નેતા અંગ્રેજોની વિરુદ્ધ મોટા પાયા ઉપર કામ કરી રહ્યા હતા. અંબાપ્રસાદ આ અજીતસિંહ જોડે જોડાયા.

ઈ. સ. ૧૯૦૭માં પંજાબમાં અંગ્રેજો વિરુદ્ધ ભયંકર તોફાનો થયાં. પહેલા તો સરકાર એકદમ ગભરાઈ ગઈ. પછી પકડાપકડી શરૂ થઈ.

સરદાર અજીતસિંહના એક ભાઈ હતા. એમનું નામ સરદાર કિસનસિંહ હતું. એ પણ અંગ્રેજોના કટ્ટર વિરોધી હતા.

અંબાપ્રસાદ આ કિસનસિંહની સાથે નેપાલ તરફ નાસી છૂટ્યા. નેપાલમાં એ પકડાઈ ગયા. વળી પાછા એમને પકડી લાહોર

લાવવામાં આવ્યા.

લાહોર આવ્યા બાદ એમણે એક પુસ્તક લખ્યું. આમાં પણ અંગ્રેજ સરકારની વિરુદ્ધ લખવામાં આવ્યું હતું.

સરકારે તરત જ એ પુસ્તક જપ્ત કર્યું.

સૂફીજી કંટાળ્યા.

એમના પર સરકારની એકદમ લાલ આંખ થઈ હતી.

હવે ભારતમાં રહી અંગ્રેજો સામે કંઈ પણ ચળવળ કરવી એમને માટે શક્ય ન હતી.

આથી એમણે અને જિયા ઉલહક નામના એક સાથીએ પરદેશ ચાલ્યા જવાનો નિર્ણય કર્યો.

ખૂબ વિચારણાને અંતે એમણે ઈરાન જવાનું નક્કી કર્યું.

એક દિવસ અંગ્રેજ સરકારની નજર ચુકાવી એ બંને દોસ્ત છૂપી રીતે ઈરાન ચાલ્યા ગયા.

ઈરાનમાં રહ્યા રહ્યા ભારતની આઝાદી માટે એમણે પ્રયાસો કરવા શરૂ કર્યા.

થોડા જ વખતમાં અંબાપ્રસાદ ઈરાનમાં જામી ગયા. ઈરાનીઓ એમને જીવની માફક ચાહવા લાગ્યા.

અંબાપ્રસાદને બદલે ઈરાનમાં એ હવે સૂફીસાહેબને નામે ઓળખાવા લાગ્યા.

ઈરાનમાં એ વખતે લોકોનું એક મોટું આંદોલન ચાલી રહ્યું હતું. સૂફીજીએ એ આંદોલનમાં પણ ભાગ લીધો.

પહેલા વિશ્વયુદ્ધ વખતે ઈરાન અંગ્રેજોની સામે પડ્યું હતું. આથી અંગ્રેજોએ ઈરાન ઉપર આક્રમણ કર્યું હતું. એ વખતે સૂફીજી ઈરાનના શીરાઝ નામના શહેરમાં રહેતા હતા.

આ શીરાઝ શહેરમાં જ એમને ડૉ. ખાનાખોજે મળ્યા હતા. એમણે સૂફીજીને ભારતની આઝાદી માટે ગદરપક્ષે તૈયાર કરેલી યોજના સમજાવી હતી. ખાનાખોજેની વિનંતિથી એ ગદરપક્ષની ઈરાનની શાખાના વડા બન્યા હતા.

હવે શીરાઝ ઉપર એક દિવસ અંગ્રેજોએ ઘેરો નાખ્યો.

પોતાના ડાબા હાથે તલવાર પકડી સૂફીજી એ વખતે અંગ્રેજો સામે ભારે ઝનૂનથી લડ્યા. કમનસીબે એ અને એમની સાથે લડતા ઈરાનીઓ હાર્યા. અંગ્રેજોએ એમને કેદ કરી લીધા.

એ બાદ શરૂઆતમાં જણાવ્યું તેમ અંગ્રેજો એમને ગોળી વડે ઉડાવી દે, એ પહેલાં જ એમણે એમની જીવનલીલા સંકેલી લીધી.

*



મારે બૉમ્બ બનાવતાં શીખવું છે

ભારતમૈયા જ્યારે અંગ્રેજોની ગુલામીમાં સબડતી હતી, ત્યારે અનેક નવલોહિયા ભારતીય ક્રાંતિકારીઓનાં હૈયાંમાં આવી અભિલાષા જાગતી હતી!

બૉમ્બ બનાવતાં શીખવાનું કામ એ સમયમાં સહેલું ન હતું.

અંગ્રેજોના જાસૂસો અને પોલીસોની નજર ચારે બાજુ ફરતી જ રહેતી!

એક નાની સરખી પણ આ જાતની શંકા માટે એમના પંજામાં સપડાયા એટલે થઈ ચૂક્યું.

પોલીસના અનેક અત્યાચારો પકડનારને સહેવા પડતા. ચામડી ઊતરડી નાંખતા ફટકાઓ શરીર પર ખાવા પડતા. કાળાપાણી કે ફાંસીની સજા પણ બહુ જ ઝડપથી મળી જતી.

એવા સંજોગોમાં આ જાતની ઇચ્છા મનમાં ધરાવનાર એ ક્રાંતિકારી વીરનરોનાં હૈયાંમાં કેટલી બધી દિલેરી ભરી હશે! કેટલું બધું સાહસ એમનામાં હશે! કેટલી ઊંચી દેશદાઝથી એમનાં હૈયાં લખલખતાં હશે!

બૉમ્બ બનાવવાની તાલીમ મેળવવાની આવી મહેચ્છા રાખનારા એ જમાનાના ક્રાંતિકારીઓમાં 'ડૉ. ખાનખોજે'નું નામ ખૂબ આગળ પડતું હતું.

જોકે ખાનખોજે તો માત્ર એમની અટક જ હતી.

એમનું આખું નામ તો હતું: પાંડુરંગ સદાશિવ ખાનખોજે!

એમનો જન્મ ઈ. સ. ૧૮૮૬માં વર્ધામાં થયો હતો.

હવે એ કાળમાં ભારતના તમામ દેશભક્તો અને ક્રાંતિકારીઓ

લોકમાન્ય ટિળક

ઉપર ભારતના મહાન રાષ્ટ્રભક્ત લોકમાન્ય ટિળકનો જબરો પ્રભાવ પડતો હતો.

અનેક નવયુવાનો માભોમની મુક્તિને માટે મરી ફીટવાની પોતાની તમન્નાની જાણ ટિળક મહારાજને કરતા.

યુવાન પાંડુરંગ ખાનખોજે પણ ટિળક મહારાજની જબરી અસર નીચે આવ્યા હતા.

એમના દિલમાં તે વખતે જબરો જુસ્સો હતો.

અંગ્રેજો સામે વેરની જબરી આગ એમના હૈયામાં ભભૂકતી હતી. એ જુલમગારોના જુલમોનો એમને બરાબર બદલો આપવા એ થનગની રહ્યા હતા.

એ માટે એમને કોઈ લાંબા રસ્તા લેવા ન હતા.

તરત દાન અને મહાપુણ્ય કરવાનો એમનો સ્વભાવ હતો.

એટલે એમની એ યુવાન વયે એમના મનમાં માત્ર બે જ અભિલાષા હતી.

એક તો કોઈપણ રીતે લશ્કરી તાલીમ મેળવવી! પછી એ રીતે મેળવેલી તાલીમ ક્રાંતિકારીઓની ટુકડીઓને આપી, એમાંથી એક સશસ્ત્ર દેશભક્તોની તાલીમબદ્ધ ટુકડી તૈયાર કરવી.

સાથે સાથે લશ્કરી રીતરિવાજથી બરાબર પરિચિત થઈ, અંગ્રેજ

સરકારના લશ્કરમાં જોડાયેલા ભારતવાસીઓમાં પણ ક્રાંતિની જ્વાળાઓ ફેલાવવી.

પાંડુરંગ ખાનખોજે

એમની બીજી ઇચ્છા હતી, ઉપર કહ્યું તે પ્રમાણે બૉમ્બ બનાવતાં શીખવાની.

અંગ્રેજ સરકાર એમના જેવા ક્રાંતિકારીની એના લશ્કરમાં ભરતી કરે, એવો તો કોઈ સંભવ જ ન હતો.

વળી બૉમ્બ બનાવવાનું જ્ઞાન પણ પરદેશમાં જ સાંગોપાંગ રીતે મળી શકે તેમ હતું. એમ વિચારી એમણે પરદેશ જવાનું નક્કી કર્યું.

ઈ. સ. ૧૯૦૬માં ગદ્દાર ચળવળ વખતે એમને પરદેશ જવાની તક મળી.

સૌથી પહેલા એ જાપાનમાં પહોંચ્યા.

ત્યાં એમણે થોડો સમય ખેતીની તાલીમ પણ લીધી. આમ છતાં કેટલાક વખત બાદ એમને લાગ્યું કે જાપાનમાં એમની મુરાદો જોઈએ તેવી બર નહીં આવે.

એટલે જાપાન છોડી એમણે દુનિયામાં જુદા જુદા દેશોની સફર કરી.

આ સફર દરમિયાન બૉમ્બ બનાવવાની કેટલીક રીતો પણ એ શીખ્યા. આ બધી રઝળપાટને અંતે ઈ. સ. ૧૯૦૮માં એ અમેરિકા પહોંચ્યા.

હજુ એમના મનમાંથી લશ્કરી તાલીમ લેવાની એમની તીવ્ર ઇચ્છા ગઈ ન હતી.

અમેરિકામાં એ જમાનામાં કેટલાક ઉચ્ચ કક્ષાના દેશભક્ત ક્રાંતિકારીઓ રહેતા હતા.

આ ક્રાંતિકારીઓમાં સુરેન્દર મોહન બોઝ, અધરચંદ 'લશ્કર', ખગેનદાસ, ગિરીન મુકરજી અને તારકનાથ દાસ મુખ્ય હતા.

પાંડુરંગ ખાનખોજે આ બધાને મળ્યા.

એમની પાસે પોતાના હૈયામાં વર્ષોથી રમતી આ વાત રજૂ કરી.

ગિરીન મુકરજીએ તો એમને તરત જ સંભળાવી દીધું કે અમેરિકામાં કોઈ પણ સંજોગોમાં એવી લશ્કરી તાલીમ મેળવવાનું એક ભારતીય યુવાન માટે શક્ય નથી. માટે ખાનખોજેએ એ વિચાર પડતો મૂકવો.

પરંતુ ખાનખોજે જરા પણ નાહિંમત ન થયા.

એમણે અમેરિકામાં રહીને જ લશ્કરી તાલીમ મેળવવાની અનેક કોશિશો કરી. અનેક ધમપછાડા માર્યા!

અંતે એક દિવસ એમની એ બધી ધમાચકડીનો અંત આવ્યો. એમના અથાગ પ્રયાસો સફળ થયા.

સૈનિકોને તાલીમ આપતી અમેરિકાની લશ્કરી અકાદમીએ

ખાનખોજેને અકાદમીમાં લશ્કરી તાલીમ માટે દાખલ થવાની મંજૂરી આપી.

ખાનખોજેના આનંદનો પાર ન રહ્યો. કેનેડા અને અમેરિકામાં રહેતા તમામ ભારતીય ક્રાંતિકારીઓ આ સમાચાર સાંભળી દાંતમાં આંગળાં કરડવા લાગ્યા.

એક તદ્દન અસંભવિત વાત ખાનખોજેએ સંભવિત બનાવી હતી!

ધીરજથી કોઈ પણ કામ પાછળ મંડ્યા રહેવાથી અંતે સફળતા મળે જ છે, એ વાત એમણે સાબિત કરી બતાવી.

લશ્કરી અકાદમીમાં ખાનખોજેએ એક સારા વિદ્યાર્થી તરીકે નામના મેળવી.

તાલીમ પત્યા બાદ એમને એ અંગેનો ડિપ્લોમા પણ આપવામાં આવ્યો.

લશ્કરી તાલીમ બાદ એ અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યમાં ગયા.

ત્યાં રહ્યાં રહ્યાં એમણે હવે ભારતની આઝાદી માટેના હરેક પ્રકારના પ્રયાસો કરવા માટે એક સંસ્થા પણ સ્થાપી.

એ સંસ્થાનું નામ હતું: 'ઇંડિયા ઇન્ડિપેન્ડન્સ લીગ.'

ભારતથી અવારનવાર અનેક ક્રાંતિકારીઓ અમેરિકા આવતા.

એમાંથી જેમને બૉમ્બ બનાવવાની રીત શીખવવાની ઇચ્છા હોય તે ખાનખોજેને મળતા.

ખાનખોજે એમને જરૂરી તમામ માહિતી આપતા. સાહિત્ય આપતા. બરાબર મનમાં ઠસી જાય એ રીતે એમને એ રીત શીખવતા.

લાલા હરદયાલ

અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યના સેક્રેમેન્ટો અને ઓરીગન રાજ્યના પૉર્ટલૅન્ડ નામના શહેરોમાં ભારતીય ક્રાંતિકારીઓનાં બે મથકો ઈ. સ. ૧૯૦૮માં સ્થાપવામાં આવ્યાં.

ઈ. સ. ૧૯૧૦ સુધીમાં પૉર્ટલૅન્ડનું કેન્દ્ર ખૂબ મહત્ત્વનું બની ગયું. સાઇક્લો સ્ટાઇલ કરેલાં ક્રાંતિને લગતાં અનેક પુસ્તકો અહીંથી વિશ્વના જુદા જુદા ભાગોમાં મોકલવામાં આવતાં.

આ પૉર્ટલૅન્ડમાં કાશીરામ નામના ક્રાંતિકારી કર્તાહર્તા હતા.

ઈ. સ. ૧૯૧૧-૧૨ સુધીમાં પૉર્ટલૅન્ડનું આ કેન્દ્ર ભારે શક્તિશાળી બની ચૂક્યું.

આ અરસામાં લાલા હરદયાલ અને ભાઈ પરમાનંદ કેલિફોર્નિયામાં આવ્યા.

પરમાનંદ આ ક્રાંતિકારી જૂથમાં સામેલ ન થયા, જ્યારે લાલા હરદયાલ જોડાયા.

લાલા હરદયાલે આ ક્રાંતિકારી સંસ્થાનું નામ બદલીને 'ગદરપાર્ટી' રાખવાનું સૂચવ્યું.

સહુને એ પસંદ પડ્યું. સોહનસિંહને આ મંડળના સભાપતિ બનાવવામાં આવ્યા.

આ ગદરપક્ષના બે વિભાગ પાડવામાં આવ્યા. એક વિભાગ

પ્રચારનું કામ કરતો. તેની નેતાગીરી લાલા હરદયાલે લીધી.

જ્યારે બીજા વિભાગે ક્રાંતિકારી આયોજનો અમલમાં મૂકી યોગ્ય જગ્યાએ અને સમયે અંગ્રેજો પર હુમલો કરતા રહેવાનું હતું.

આ વિભાગની નેતાગીરી ખાનખોજેને આપવામાં આવી.

એક મુસલમાન કાર્યકર્તાની જરૂર પડતાં જાપાનના પાટનગર ટોકિયોમાં પ્રાધ્યાપકનું કામ કરતા બરકતુલ્લાને અમેરિકા પાછા બોલાવી લેવામાં આવ્યા. ઈ. સ. ૧૯૧૪ના અરસામાં એ અમેરિકા આવી પહોંચ્યા. એ જ અરસામાં પંડિત રામચંદ્ર સાનફ્રાન્સિસ્કોમાં આવ્યા અને ગદરપાર્ટીમાં જોડાયા.

મહારાષ્ટ્રની ક્રાંતિકારીઓની ગુપ્ત મંડળીના એક સભ્ય પિંગળે પણ લગભગ આ જ ગાળામાં અમેરિકા આવ્યા. એ ખાનખોજે ઉપર એક પત્ર લઈને આવ્યા હતા. ખાનખોજેએ એમને પણ કામે લગાડી દીધા.

આ જ પિંગળે પાછળથી રાસબિહારી અને શચીન્દ્રનાથ સંન્યાલને મળ્યા હતા. ગદરપાર્ટીએ ભારતમાં કરવા ધારેલા વિદ્રોહની માહિતી આપી હતી.

ઈ. સ. ૧૯૦૯-૧૦ના ગાળામાં તારકનાથ દાસ વર્મોન્ટની મિલિટરી વિદ્યાપીઠમાં અભ્યાસ માટે આવ્યા હતા. પાછળથી તે પશ્ચિમ અમેરિકાની એક બીજી વિદ્યાપીઠમાં દાખલ થયા. પણ ક્રાંતિકારી હોવાને કારણે અંગ્રેજ સરકારે એમને વિશ્વવિદ્યાલયમાંથી કાઢી મુકાવ્યા.

લાલા હરદયાલની આગેવાની નીચે પ્રસિદ્ધ થતી ગદરપત્રિકા ઊર્દૂ, મરાઠી, ગુજરાતી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં છપાતી.

'આક્રમણ' વિભાગમાં ડૉ. ખાનખોજેની નેતાગીરી નીચે સભ્યોને



લશ્કરી કવાયત, બૉમ્બ બનાવવાની વિદ્યા, પિસ્તોલ, રાઇફલ વગેરે ચલાવવાની તાલીમ અપાતી.

એક વાર બૉમ્બ બનાવતા આવડે છે કે નહીં તેની પરીક્ષા લેતા હરનામસિંહ નામના એક ક્રાંતિકારીનો કોણી સુધીનો આખો હાથ બૉમ્બથી ઊડી ગયો હતો.

કેટલાક વખત બાદ હરદયાલ અમેરિકાથી ચાલ્યા ગયા. આથી પ્રચારનું કામ પંડિત રામચંદ્ર, કાશીરામ અને બરકતુલ્લા માથે આવ્યું.

આ પંડિત કાશીરામ આમ તો અમેરિકામાં એક કોન્ટ્રેક્ટરનું કામ કરતા હતા, પણ એમણે પોતાનું તન, મન, ધન આ પ્રવૃત્તિ પાછળ સમર્પી દીધું હતું.

ડૉ. ખાનખોજે આ બધી પ્રવૃત્તિની સાથોસાથ મિનિસોટા યુનિવર્સિટીમાં ખેતીવાડીના વિષયમાં પીએચ.ડી.નો અભ્યાસ પણ કરી રહ્યા હતા.

ઈ. સ. ૧૯૧૪ના અરસામાં ખાનખોજેને ભારત જવાનો આદેશ આપવામાં આવ્યો. એમની સાથે બિશનદાસ નામના ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના એક સ્નાતક યુવાનને મોકલવામાં આવ્યા.

બંને શિકાગોથી ન્યુયોર્ક પહોંચ્યા.

ન્યુયોર્કમાં અગાશે નામના, મહારાષ્ટ્રની ગુપ્ત સમિતિના એક

ક્રાંતિકારી સભ્ય એમને મળ્યા. આ અગાશેને લડાઈ અંગેની તાલીમ લેવા સમિતિ તરફથી ઈરાન મોકલવામાં આવ્યા હતા.

મહમ્મદઅલીનું બનાવટી નામ ધારણ કરી, એ ઈરાનમાં એક લશ્કરી અમલદાર તરીકે નોકરી કરતા હતા.

બીશનદાસ, આ મહમ્મદઅલી ઉર્ફે અગાશે અને ખાનખોજે ન્યુયોર્કથી નીકળી ગ્રીસ આવ્યા.

ત્યાંથી બીશનદાસને સિનેમાનું પ્રોજેક્ટર અને બીજાં પ્રચારનાં સાધનો લઈ ભારતમાં ક્રાંતિનો પ્રચાર કરવા મોકલવામાં આવ્યા. પણ ભારત પહોંચતાની સાથે જ અંગ્રેજ સરકારે એમને ગિરફતાર કરી લીધા હતા.

ગ્રીસથી નીકળી અગાશે અને ખાનખોજે તુર્કસ્તાનના એ સમયના સ્પર્ના અને અત્યારના ઈઝમીર બંદરે થઈ ઈસ્તંબુલ પહોંચ્યા.

તુર્કીમાં તે વખતે પ્રમથનાથ દત્ત નામના એક ભારતીય ક્રાંતિકારી દાઉદઅલી નામ ધારણ કરી રહેતા હતા. એ જ રીતે બીજા એક પંજાબી યુવાન ક્રાંતિકારી પણ સૈયદ નામ ધારણ કરી ત્યાં વસતા હતા. આ બંનેને સાથે લઈ ખાનખોજે અને અગાશે તુર્કીના કર્તાહર્તા અનવર પાશા અને તલાત પાશાને મળ્યા. આ મિલન ગોઠવી આપવામાં તુર્કીમાંની જર્મન એલચી કચેરીએ સારી મદદ કરી હતી.

ખાનખોજેએ આ બંને તુર્કી નેતાઓને જણાવ્યું કે પોતે ભારતની આઝાદી ચાહતા માજી સૈનિકોની બનેલી એક સેનાના વડા છે. આ સેનાને તુર્કી લાવી ત્યાંથી ભારત ઉપર આક્રમણ કરવાની અમારી ઇચ્છા છે. તમે મંજૂરી આપશો?

બંને પાશાઓએ હા પાડી.

ખાનખોજેએ કેલિફોર્નિયા સંદેશો મોકલી જણાવ્યું કે તુર્કીમાં રસ્તો સાફ છે. આ સંદેશો મોકલવામાં તુર્કસ્તાનની અને જર્મન એલચી ખાતાની કચેરીઓએ એમને મદદ કરી હતી.

આટલું પતાવ્યા પછી ખાનખોજે એમના સાથી સાથે તુર્કીના એલેકઝાંડ્રિયા નામના બંદરે પહોંચ્યા.

એ જ અરસામાં તુર્કીએ પહેલા વિશ્વયુદ્ધમાં ઝંપલાવ્યું.

આથી અંગ્રેજોએ એલેકઝાંડ્રિયા પર બૉમ્બમારો કર્યો.

એટલે ખાનખોજે ત્યાંથી નાઠા.

એ સીધા સીરિયાના એલપ્પો નામના શહેરમાં પહોંચ્યા.

ત્યાંથી એક વણઝારની સાથે એ લોકો ઇરાકના પાટનગર બગદાદ પહોંચ્યા.

બગદાદમાં એમણે ઈરાનની સરહદની પાર જનારી એક મોટી ટોળી તૈયાર કરી.

ઇરાકમાં પણ એમણે ગદરપાર્ટીએ તૈયાર કરેલું પ્રચાર સાહિત્ય સારા પ્રમાણમાં વહેંચ્યું.

ઇરાકમાંથી નીકળી એ લોકો પ્રચાર પુસ્તિકાઓ લઈ ઈરાનના બુહારા નામના શહેરમાં ગયા.

ઈરાનમાંના અંગ્રેજોને આ વાતની ખબર પડી. આથી એ લોકો ખાનખોજે અને તેમની મંડળીની પૂંઠે લાગ્યા. એમની નજર ચુકાવી ખાનખોજે પોતાના સાથીઓ સાથે ઈરાનના શીરાઝ નામના શહેરમાં નાઠા.

અહીં તેમને સૂફી અંબાપ્રસાદ મળ્યા.

સૂફીજી ખાનખોજેને મળી ખૂબ રાજી થયા.

ખાનખોજેએ એમને ઈરાનમાંના ગદરપક્ષના નેતા તરીકે નીમ્યા.

શીરાઝથી નીકળી ખાનખોજે કિરમાન તરફ તેમના સાથીઓ જોડે આગળ વધ્યા.

અહીં એમણે ભારતમાં ઘૂસનારી અંતિમ ટુકડીની રચના કરી. આ ટુકડીમાં ભારતીયો પણ હતા અને ભારતની આઝાદીની ચળવળ તરફ ઊંડી સહાનુભૂતિ રાખનારા ઈરાનીઓ પણ હતા. ઈરાની ડેમોક્રેટિક પક્ષે કરેલી અમૂલ્ય મદદને લીધે જ આ બની શક્યું હતું.

ગદરપક્ષની માફક જર્મનીમાં પણ ભારતીય ક્રાંતિકારીઓનું એક ખૂબ મોટું મંડળ હતું. એનું નામ હતું બર્લિન કમિટી.

આ બર્લિન કમિટીના એક સભ્ય કેરશાસ્પ આ જ અરસામાં કિરમાન આવી લાગ્યા.

ગદરપક્ષ આ બર્લિન કમિટીની સાથે રહીને જ કામ કરતો હતો. બર્લિન કમિટી આ પક્ષને અનેક રીતે મદદ કરતી હતી.

આ કેરશાસ્પ આમ તો જર્મનીમાં ઇજનેરી વિદ્યાનો અભ્યાસ કરવા ગયા હતા.

ત્યાં ભારતીય ક્રાંતિકારીઓ સાથે એમને પરિચય થતાં એ દેશપ્રેમી યુવાન બર્લિન કમિટીના સભ્ય બન્યા હતા.

બર્લિન કમિટીએ જ આ કેરશાસ્પને ઈરાનમાં ક્રાંતિકારી ચળવળનો દોર સંભાળવા મોકલ્યા હતા.

આ કેરશાસ્પે ખાનખોજે અને એમના સાથીઓને બર્લિન કમિટી દ્વારા લેવાઈ રહેલાં પગલાંઓનો ખ્યાલ આપ્યો.

કેટલાક દિવસ બાદ એ કિરમાનથી ચાલ્યા ગયા.

ડૉ. ખાનખોજે સાથે કેરશાસ્પની આ છેલ્લી જ મુલાકાત હતી. કેટલાક વખત બાદ આ કેરશાસ્પ રાજા મહેન્દ્રપ્રતાપની શોધમાં

અફઘાનિસ્તાનના પાટનગર કાબુલ પહોંચ્યા હતા.

એમની સાથે વસંતસિંહ નામના એક બીજા ક્રાંતિકારી હતા.

આ વસંતસિંહ પણ ગદરપક્ષના જ એક સભ્ય હતા.

કાબુલમાં કામ પતાવી એ લોકો ઈરાનમાં પાછા જવા નીકળ્યા.

અફઘાનિસ્તાનની સરહદ વટાવી જેવો એમણે ઈરાનની સરહદમાં પગ મૂક્યો તેવા જ અંગ્રેજોએ એમને એકાએક પકડી લીધા. બીજા ભારતીય કેદીઓની સાથે એમને ગોળીથી ઉડાવી મૂકવામાં આવ્યા હતા.

ડૉ. ખાનખોજેએ પ્રમથદત્તને અફઘાનિસ્તાન અને બલુચિસ્તાનની સરહદો પસાર કરવા માટે જરૂરી તપાસ કરવા ભારત તરફ મોકલ્યા.

રસ્તામાં પ્રમથને અંગ્રેજોનો સામનો કરવો પડ્યો. અંગ્રેજોએ એમના પર ગોળીબાર કર્યો. પ્રમથ પગે ઘવાયા. મહામુસીબતે એ પાછા ફર્યા.

ડૉ. ખાનખોજેએ હવે એમની ટોળીના બે ભાગ કર્યા.

પ્રમથ અને અગાશે ઉર્ફે મહમ્મદઅલી કિરમાનમાં જ રહ્યા. જ્યારે ખાનખોજે બામ નામક એક નગરમાં પહોંચ્યા. બામમાં રહ્યાં રહ્યાં એમણે ભારતની પશ્ચિમ સરહદ પર વસતા બલૂચીઓની એક મોટી ટોળી જમાવવા માંડી.

ત્યાં બલૂચીઓની એક લડાયક જાતિના સરદાર જહાનખાં તેમને મળ્યો. એની મદદથી ખાનખોજે સારી એવી સંખ્યામાં માણસો ભેગા કરી નાની સરખી સેના બનાવી.

આ સેનાની મદદથી બલૂચિસ્તાનના એક સરહદી વિસ્તાર ઉપર તેમણે જોરશોરથી હુમલો કરી એ વિસ્તાર જીતી લીધો.

આ વિસ્તારમાં એમણે એક કામચલાઉ સરકાર પણ રચી દીધી.

એટલામાં તુર્કસ્તાને અંગ્રેજો સામે ધર્મયુદ્ધ (જેહાદ) જાહેર કરતું એક જાહેરનામું બહાર પાડ્યું.

એ જાહેરનામું લઈ ખાનખોજે ઈરાન અને બલૂચિસ્તાનના અમીરને મળ્યા.

અમીરે કહ્યું કે તમે જો અમને હથિયારો પૂરાં પાડો તો તમારી સાથે રહી અમે અંગ્રેજોના દાંત ખાટા કરીએ.

ખાનખોજેએ હા પાડી.

પણ થોડા જ સમયમાં અંગ્રેજોને આ વાતની ખબર પડી. તરત જ એ લોકો એક જબરો દાવ રમ્યા. ઘણી મોટી લાલચ આપી એમણે એ સુન્નીપંથી અમીરને ફોડી નાંખ્યો.

હવે અંગ્રેજોની ચઢવણીથી આ જ અમીરે ભારતવાસીઓની સેના ઉપર હુમલો કર્યો.

હજાર કરતાં પણ વધુ બલૂચીઓ આ સેનામાં સામેલ હતા. એ બધા આ હુમલો થતાં વેરવિખેર થઈ ગયા.

ડૉ. ખાનખોજે લાગ જોઈને ત્યાંથી પવનવેગે નાઠા. એમના બચેલા સાથીઓ પણ એમની સાથે જ હતા.

એ પહેલાં તો સીધા બામ આવ્યા.

બામમાં એમને ખબર પડી કે પ્રમથ, અગાશે, એમની સાથેના થોડા જર્મનો અને બીજા સાથીઓને પણ અંગ્રેજોનો સામનો કરવો પડ્યો હતો. અંગ્રેજોને હાથે એ લોકો હાર્યા હતા અને બામથી નાસી બસી નામના એક સ્થળે પહોંચી ગયા હતા.

ડૉ. ખાનખોજે એમના બચેલા માણસોને લઈ બામ આવી

લાગ્યા. અહીં પણ અંગ્રેજોએ એમને ઘેરી લીધા. આખો દિવસ બંને વચ્ચે લડાઈ ચાલી. આ લડાઈમાં ડૉ. ખાનખોજે ઘવાયા. અંગ્રેજોએ એમને યુદ્ધકેદી તરીકે પકડી લીધા.

અહીં એમને ખબર પડી કે પ્રમથ, મહમ્મદઅલી વગેરે તો બામ છોડી ક્યારનાય શીરાઝ પહોંચી ગયા છે.

આથી ભારે હિંમત વાપરી ડૉ. ખાનખોજે ખૂબ ચતુરાઈપૂર્વક અંગ્રેજોના હાથમાંથી છટકીને નાઠા.

બહુ તપાસને અંતે એમને ભાળ મળી કે પ્રમથ, અગાશે અને એમના જર્મન સાથીઓ તો અંગ્રેજોના હાથમાં કેદ પકડાઈ ગયા છે.

ડૉ. ખાનખોજેએ એમને ભગાડવા માટે જબરી કોશિશ કરી.

એ બાદ એ શિરાઝ પહોંચ્યા.

લગભગ ઈ. સ. ૧૯૧૬ના અરસાની આ વાત છે. એ વખતે ત્યાંની રાજધાની ઉપર પણ અંગ્રેજોએ કબજો જમાવ્યો હતો. આજ ગાળામાં અંગ્રેજોએ સૂફી અંબાપ્રસાદને કેદ કરી જાતે આત્મહત્યા કરવાના સંજોગો ઊભા કર્યા હતા.

ડૉ. ખાનખોજે તે બાદ ઈરાનની સેનામાં દાખલ થઈ ગયા.

ઈ. સ. ૧૯૧૯ સુધી ઈરાનીઓની સાથે એ અંગ્રેજો સામે લડતા રહ્યા; પણ છેવટે ઈરાનીઓ અંગ્રેજોને શરણે થયા.

એટલે વળી પાછું ખાનખોજેને જીવ લઈને નાસવું પડ્યું.

એ ઈ. સ. ૧૯૧૯માં ખૂબ છૂપી રીતે મુંબઈ આવ્યા.

ભારતના ક્રાંતિકારીઓને મળ્યા.

પોતાનાથી ભારતમાં રહી ક્રાંતિકારી ચળવળ ચલાવી શકાશે કે નહીં, તેની તપાસ કરી. એમાં એમને સાવ નિરાશા મળી.

આથી એ છૂપી રીતે યુરોપ જવા રવાના થઈ ગયા.

યુરોપમાં ફ્રાન્સ થઈ એ સીધા જર્મની ગયા. ત્યાં એમને ભૂપેન્દ્રનાથ દત્ત અને બર્લિન કમિટીના ભૂતપૂર્વ સભ્યો મળ્યા.

જર્મનીથી એ ભૂપેન્દ્રનાથ દત્ત, વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાયની સાથે રશિયાના પાટનગર મોસ્કોમાં પહોંચ્યા.

ડૉ. ખાનખોજે મોસ્કોમાં લગભગ ત્રણ મહિના રહ્યા. એ દરમિયાન એમણે રશિયન વિદેશ કચેરી મારફતે ઈરાનના એક મોટા કુટુંબમાં છૂપો આશરો લઈ રહેલા પ્રમથને છોડાવવાની કોશિશો કરવા માંડી.

એમના આ પ્રયાસોને કારણે પ્રમથ છૂટી શક્યા. જે દિવસે ડૉ. ખાનખોજે વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય સાથે મોસ્કોથી જર્મની જવા રવાના થવાના હતા, બરાબર તે જ દિવસે પ્રમથ હેમખેમ મોસ્કો આવી લાગ્યા. મોસ્કોથી ખાનખોજે બર્લિન આવ્યા.

ભૂપેન્દ્રનાથની સાથે રહી એમણે વધુ અભ્યાસ માટે આવતા ભારતીય વિદ્યાર્થીઓની મદદ માટે 'ઇન્ડિયન ન્યૂઝ ઍન્ડ ઇન્ફર્મેશન બ્યૂરો' નામની એક સંસ્થાની સ્થાપના કરી.

ઈ. સ. ૧૯૨૪માં ખાનખોજે મેક્સિકો ગયા.

હવે અમેરિકાએ પણ અંગ્રેજોનો પક્ષ લઈ પહેલા વિશ્વયુદ્ધમાં ઝુકાવ્યું હતું.

આથી અનેક ભારતીય ક્રાંતિકારીઓને અમેરિકામાં રહેવું ખૂબ મુશ્કેલીભર્યું થઈ પડ્યું હતું. પરિણામે એમનામાંથી મોટા ભાગના ક્રાંતિકારીઓ તક મળતા મેક્સિકો નાસી છૂટ્યા હતા.

આમ એ અરસામાં મેક્સિકોમાં બહુ મોટી સંખ્યામાં ભારતીય ક્રાંતિકારીઓ ભેગા થયા હતા. પરિણામે થોડા જ સમયમાં મેક્સિકોમાં પણ એક ક્રાંતિકારી કેન્દ્રની સ્થાપના કરવામાં આવી.

ડૉ. ખાનખોજે ખેતીવાડી વિદ્યાના એક ખૂબ મોટા નિષ્ણાત હતા. આથી મેક્સિકોની સરકારે એમને મેક્સિકોમાં કૃષિવિદ્યાના પ્રાધ્યાપક તરીકે નિમણૂક આપી એમનું બહુમાન કર્યું.

એ બાદ કેટલાક વખત પછી ભારતમાં ડૉ. ખાનખોજેના પિતા સખત બીમાર પડ્યા. તેમની તબિયત જોવા માટે તેમ જ એમને મળવા માટે ભારત આવવાની ડૉ. ખાનખોજેએ અંગ્રેજ સરકાર પાસે પરવાનગી માગી. પરંતુ અંગ્રેજોના હડહડતા દુશ્મન સમા આ વીર ક્રાંતિકારીને અંગ્રેજ સરકાર એવી સવલત આપે ખરી કે?

ડૉ. ખાનખોજેને અંગ્રેજોએ સાફ ના પાડી.

મેક્સિકો જ હવે તો એમનું જાણે વતન બની ચૂક્યું.

મેક્સિકોની સરકારે એમને મેક્સિકોનું નાગરિકત્વ પણ આપ્યું.

મેક્સિન સરકારમાં એમણે એક પછી એક ઘણા ઉચ્ચ હોદ્દાઓ ભોગવ્યા.

ઈ. સ. ૧૯૩૧ની સાલમાં મેક્સિકોની સરકારે એમને ખેતીવાડીમાં થઈ રહેલા સંશોધનોનો અભ્યાસ કરવા માટે ફ્રાન્સ, જર્મની, હૉલેન્ડ અને બેલ્જિયમ પણ મોકલ્યા.

ત્યાં એમણે મેક્સિકોની સાથે સાથે ભારતનું પણ નામ રોશન કર્યું. ઈ. સ. ૧૯૪૭માં ભારત આઝાદ થયું.

ઈ. સ. ૧૯૪૯માં મધ્યપ્રદેશની સરકારે ખાનખોજેને ભારતમાં માનભેર પાછા ફરવા માટે સઘળી સગવડ કરી આપી. એમના ખેતીવાડીના નિષ્ણાત તરીકેના જ્ઞાનનો મધ્યપ્રદેશે પૂરો લાભ ઉઠાવ્યો. ખેતીવાડીની નીતિ નક્કી કરવા માટે નિમાયેલી સમિતિનું પ્રમુખપદ પણ એમને સોંપાયું.

મેક્સિકોની સરકારે એ જ્યારે ભારત પાછા ફર્યા ત્યારે એમને

ભારત સાથે મેક્સિકોના ખેતી વિષયક તેમ જ સાંસ્કૃતિક સંબંધો સ્થાપવા અંગે વિનંતી કરી હતી.

એમના જીવનના છેલ્લાં વર્ષોમાં એ એમના વતન નાગપુરમાં રહેતા હતા. નાગપુરમાં આવેલી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટેની હૉસ્ટેલના વૉર્ડન તરીકેની એ કામગીરી સંભાળતા હતા.

ઈ. સ. ૧૯૬૬માં એમનું હૃદય બંધ પડવાથી મરણ થયું. એ વખતે એમની ઉંમર ૮૦ વર્ષની હતી. હૉસ્ટેલના મકાનમાં જ એમનું અવસાન થયું હતું.

ભારતના પીઢ ક્રાંતિકારીઓની જૂની પેઢીનો ખૂબ ઝળહળતો આ સિતારો આમ આશરે બે દાયકા ઉપર બુઝાયો.

દેશને આઝાદ કરવા માટે બૉમ્બ બનાવવાની વિદ્યા શીખવાની અને શીખવવાની દિલેરી દાખવનાર આ દેશભક્તનું ભારતવાસીઓ સદા સ્મરણ કરશે.

*

ધરમ માટે ધાડ

ઈ. સ. ૧૯૦૮ની સાલ છે.

જૂન મહિનાની બીજી તારીખની વહેલી સવાર છે.

હાલ બંગલાદેશમાં આવેલા ઢાકા બંદરેથી બે હોડીઓએ પોતાના લંગર ઉપાડ્યાં છે.

આ હોડીઓને કેટલાક માઈલ દૂર આવેલા બર્હા નામના ગામે પહોંચવાનું છે.

અગાઉથી નક્કી કર્યા પ્રમાણે થોડા થોડા સમયને અંતરે એકત્રીસ જેટલા નવયુવાનો આવીને એ બંને હોડીઓમાં ચૂપચાપ બેસી ગયા હતા

આ યુવાનો જ આ હોડીઓને હંકારી રહ્યા છે.

કેટલાક મુસાફરો પણ આ બંને હોડીઓમાં બેઠેલા છે. એમને આ એકત્રીસ નવલોહિયા કોણ છે, તેની ખબર નથી.

માવડીની મુક્તિ માટે ક્રાંતિના જંગ ખેલવા નીકળેલા આ દેશદુલારા દેશને માટે ડાકુ બન્યા છે. અંગ્રેજો વિરુદ્ધની એમની ક્રાંતિકારી ચળવળને માટે જોઈતું ધન મેળવવાની એમની ઇચ્છા છે. રિવૉલ્વરો, બંદૂકો અને દારૂગોળો પણ છૂપી રીતે એમણે સાથે લીધાં છે.

બંને નાવ સડસડાટ આગળ વધી રહી છે. સમય સમયનું કામ કરી રહ્યો છે. જોતજોતામાં બપોર થઈ.

હોડીમાં ભાત રાંધવામાં આવ્યો. સહુએ આનંદથી, શાંતિથી એ ઉકાળેલા ચોખાનું ભોજન કર્યું.

આ આખીય યોજનાનો સૂત્રધાર છે પુલિનબિહારી દાસ. એની

ગોઠવણ અને દોરવણી પ્રમાણે આ નવલોહિયા ક્રાંતિકારો ધરમ માટે ધાડ પાડવા જઈ રહ્યા છે.

બર્હાના જે શ્રીમંતના મકાનમાં ધાડ પાડવાની હતી તે મકાન તરફ જતી સડકો અને જળમાર્ગની ઝીણામાં ઝીણી વિગતો ધરાવતો નકશો તૈયાર કરી, દેશને માટે ડાકુ બનવા નીકળેલા આ ક્રાંતિકારીઓને આપવામાં આવ્યો છે.

કઈ જગ્યાએ સશસ્ત્ર ચોકિયાતો અને પહેરેગીરો પહેરો ભરી રહ્યા હશે, એ પણ બિંદુ મૂકીને નકશામાં બતાવવામાં આવ્યું છે.

બરાબર રાતના આઠ વાગ્યે હોડીઓ બર્હા પહોંચી.

એમાં બેઠેલા મુસાફરોને ઉતારી દેવામાં આવ્યા.

એ બાદ ક્રાંતિકારીઓ પેલા શ્રીમંતની પાકી હવેલી નજીક કોઈપણ જાતની મુસીબત વિના પહોંચી ગયા. આખી હવેલીને ફરતો ઘેરો ઘાલ્યો. પછી હુકમ મળતાંની સાથે જ ધડાધડ ધડાધડ ગોળીઓની રમઝટ બોલાવવા માંડી.

અંધારી કાજળ જેવી રાત હતી.

ક્રાંતિકારીઓ પાસે મશાલો તૈયાર હતી.

આ ધડાકા-ભડાકા અને સળગતી મશાલો સાથેના ભૂતાવળ જેવા ક્રાંતિકારીઓને હવેલીમાં ઘૂસી આવેલા પેલા ધનિકે જોયા કે એની હિંમત તૂટી ગઈ.

એમની સામે થવાનું જોખમ એ સમજી ગયો.

ચૂપચાપ તિજોરીની ચાવી આ ડાકુઓને સોંપી દેવામાં જ એણે પોતાની સલામતી માની.

નક્કી કરેલા ક્રાંતિકારીઓએ એ હવેલીમાં જઈ એ શેઠની તિજોરી ખોલી. એમાંનું બધું રોકડ ધન અને જરઝવેરાત એક

પોટલામાં બાંધ્યાં.

આ બાજુ બંદૂકો અને રાઇફલોના ધડાકાભડકાઓએ બર્હાના હિન્દુ-મુસલમાન ગ્રામજનોની ઊંઘ ઉડાડી મૂકી હતી.

એમાંના કેટલાય એ શેઠની હવેલી તરફ આવવા લાગ્યા હતા.

એ જોઈ તમામ લૂંટ લઈને ક્રાંતિકારીઓ ભારે ઝડપથી ઝાડઝાંખરમાં થઈને ચૂપચાપ હોડી તરફ પાછા ફરવા લાગ્યા.

એટલામાં પૂંઠે લાગેલા એ શ્રીમંત શેઠના કોઈ માણસે અથવા તો પછી કોઈક ગ્રામવાસીએ ખૂબ મોટી માછલી પકડવા માટે વાપરવામાં આવતો હૂકના આકારનો ગલ ક્રાંતિકારીઓ ઉપર ફેંક્યો હતો. આ અણીદાર ગલ રાજેન્દ્ર દત્ત નામના એક ક્રાંતિકારીના ખભામાં ભરાઈ ગયો હતો. આમ છતાં એ દુઃખની જરા પણ પરવા કર્યા વિના રાજેન્દ્ર એના સાથીઓ સાથે આગળ વધવા લાગ્યો. આ બાજુ રાજેન્દ્રની દશા જોઈને તેમ જ પાછળ મોટી સંખ્યામાં આવી રહેલા પેલા શેઠના માણસો અને ગ્રામવાસીઓને જોઈને ક્રાંતિકારીઓ ગભરાયા. એમણે એ લોકોને પાછા હાંકી મૂકવા માટે ધનન... ધનન... ધનન... કરતી એમના પર ગોળીઓ છોડવા માંડી

એનાથી કેટલાક સ્થાનિક માણસો ઘવાયા પણ ખરા!

લગભગ પા માઈલ જેટલું અંતર પગપાળા વટાવીને ક્રાંતિકારીઓ એમની હોડીઓ પાસે આવી લાગ્યા.

ચપચપ એ લોકો એમાં બેસી ગયા અને હોડીઓ હંકારી મૂકી.

પણ હવે ગામલોકો વિફર્યા હતા.

એમને ખબર ન હતી કે, દેશને માટે ડાકુ બનેલા આ ધાડપાડુઓ ખાનદાન કુટુંબના ભણેલાગણેલા નબીરાઓ છે.

આથી એ લોકો કોઈ પણ હિસાબે એમને પકડવા માટે નદીને કિનારે ચિચિયારીઓ પાડતા દોડવા લાગ્યા. આ દેશભક્ત ડાકુઓને પકડવાની એમને કોઈ અજબ ચાનક ચડી ગઈ હતી. આટલું પૂરતું ન હોય તેમ કેટલાક ગ્રામવાસીઓ કિનારા પર પડેલી હોડીઓમાં બેસી ગયા. એ હોડીઓએ ક્રાંતિકારીઓની પેલી બંને હોડીઓની ઝડપથી પૂંઠ પકડી.

આ બાજુ પોતાનો પીછો પકડવામાં આવી રહ્યો છે, એ વાતનું ભાન થતાની સાથે જ ક્રાંતિકારીઓએ તરત પાછા ફરવાની એમણે અગાઉથી ઘડી કાઢેલી એમની યોજના બદલી નાખી. મૂળ યોજના પ્રમાણે એમને ધાડ પાડી ઢાકા પાછા ફરવાનું હતું. એને બદલે હવે એ લોકોએ બીજી જ દિશામાં હોડીઓ હંકારી.

હવે આ બધી ધમાચકડી દરમિયાન તે ગામના પોલીસ અધિકારીને પણ આ લૂંટની ખબર પડી ગઈ હતી.

આથી એ પણ પોતાના સિપાઈઓને લઈને આવી લાગ્યો હતો. એમણે પણ ક્રાંતિકારીઓની હોડીની પૂંઠ પકડી શરૂ કરી હતી.

એમની પાસે તો કાળઝાળ સમી બંદૂકો પણ હતી. એ બંદૂકો વડે એ અવારનવાર ક્રાંતિકારીઓ પર ગોળીઓ છોડી રહ્યા હતા.

આ જોઈ ક્રાંતિકારીઓએ પોતાનો વ્યૂહ બદલ્યો.

નદીની મળતી એક નાનકડી શાખાનદીમાં એમણે પોતાની હોડી હંકારવા માંડી. આમ છતાં પોલીસે, લોકોએ તેમ જ પેલી એમનો પીછો કરી રહેલી હોડીઓએ એમની પૂંઠ ન છોડી તે ન જ છોડી.

પોલીસની બંદૂકોમાંથી ધાણી ફૂટે એમ લગાતાર ગોળીઓનો વરસાદ વરસી રહ્યો હતો.

ક્રાંતિકારીઓએ પણ ગોળીના એ વરસાદનો એવા જ સામા વરસાદથી જવાબ વાળી રહ્યા હતા.

શરૂશરૂમાં તો પોતાને કોઈ ઓળખી ન જાય એવા બેવડા ઇરાદાથી ક્રાંતિકારીઓ હોડીઓમાં બેઠા બેઠા જ હોડીઓની બાજુઓનું ઓઠું લઈ ગોળીઓ છોડી રહ્યા હતા. પરંતુ છેવટે મામલો બગડે એમ લાગતાં આશુદાસ ગુપ્ત, શાંતિ મુખોપાધ્યાય અને શિશિરગુહ રાય હોડીના તૂતક પર ઊભા રહી પોલીસો પર પોતાની રાઇફલમાંથી ગોળીઓ છોડવા લાગ્યા હતા.

પરંતુ પોલીસો પણ રાઇફલની એ ગોળીઓ એમને અડી ન શકે એટલે અંતરે રહીને જ એમના પર સામો ગોળીબાર કર્યે જતા હતા.

ભગવાન સવિતાનાં કિરણો નદી અને ધરતીના પટ અજવાળવા

લાગ્યા હતા.

બે ક્રાંતિકારીઓ હોડીમાં ઘૂસી આવેલાં પાણીને ઉલેચી રહ્યા હતા. કારણ કે પોલીસના ગોળીબારને કારણે હોડીમાં ઠેર ઠેર કાણાં પડ્યાં હતાં અને એમાંથી પાણી ચૂતું હતું.

આ બે ક્રાંતિકારીઓમાંથી એકનું નામ ગોપાલસેન હતું.

આ ગોપાલસેન સહેજ ઊંચો થઈ નદીમાં પાણી ફેંકવા ગયો. તેવી જ પોલીસની ગોળી સનનન કરતી આવી.

ગોપાલ તરત જ ઘવાયો. 'વંદેમાતરમ્' શબ્દ સાથે એ હોડીમાં ગબડી પડ્યો. થોડી જ પળોમાં એનું પ્રાણપંખેરું ઊડી ગયું.



ગોપાળના મૃત્યુએ ક્રાંતિકારીઓમાં નવી જ તાજગી આણી દીધી. પોતાના સાથીદારના બલિદાને એમને સહુને સાબદા કરી દીધા.

ગોપાલના શબને પોતાની સામે રાખીને ક્રાંતિકારીઓએ બુલંદ અવાજે પોતાનો એકમાત્ર ગુરુમંત્ર તે સમયનો સારાય દેશનો રાષ્ટ્રમંત્ર – 'વંદેમાતરમ્' જોરશોરથી પોકારવા માંડ્યો.

ઘામરાહી ગામની જનતા પણ આ ધાંધલ જોવાને માટે નદીકિનારે આવી લાગી હતી.

એમણે ક્રાંતિકારીઓની હોડીમાં ઊભેલા અમૃત કાજરાને જોરશોરથી, સીનો તાણી 'વંદેમાતરમ્' પોકારતો જોયો.

એ ગોરા, કસાયેલા, સુદૃઢ નવયુવાને એમનાં હૈયાં આકર્ષી લીધાં. એના 'વંદેમાતરમ્'ના લલકારે ઘામરાહીના લોકોમાંથી

કેટલાકનાં હૈયાંમાં દેશભક્તિના સૂરો ઝણઝણાવ્યા.

બીજી જ પળે એ લોકો પણ જોરશોરથી 'વંદેમાતરમ્'ના પોકારો કરવા લાગ્યા.

આ બાજુ બંને પક્ષોએ હવે તો મન મૂકીને ગોળીબાર કરવા માંડ્યા હતા.

જોકે ક્રાંતિકારીઓ સહુથી વધુ ગોળીઓ છોડી રહ્યા હતા.

પરંતુ જ્યારે એમણે સાંભળ્યું કે કિનારા પરના કેટલાક લોકો પણ વંદેમાતરમ્ બોલી રહ્યા છે, ત્યારે એમણે તરત જ ગોળીબાર બંધ કરી દીધા.

હોડીઓને કિનારે લાંગરી સામસામા સંગ્રામને માટે એ લોકો તૈયાર થઈને ઊભા. પરંતુ એમણે ભારે નવાઈ વચ્ચે જોયું કે કિનારા પરથી લોકો એમના તરફ હાથ હલાવી એમને અભિનંદન આપી રહ્યા હતા. જેવા ક્રાંતિકારીઓ કિનારા પર ઊતર્યા કે એમણે તરત જ ત્યાંથી વીખરાવાનું શરૂ કર્યું.

છેક બર્હાંથી એમની પૂંઠે લાગેલા બર્હાંની ગામલોકોએ આ ચમત્કાર જોયો. ક્રાંતિકારીઓનો અમર લલકાર એમણે પણ સાંભળ્યો. આથી એમનામાંથી પણ કેટલાક જણાએ પાછા ફરવા માંડ્યું.

ક્રાંતિકારીઓ તરફ એ જમાનામાં લોકોને ખૂબ સહાનુભૂતિ હતી, એનો આ દેખીતો પુરાવો છે.

આમ છતાં થોડાક સ્વાર્થી પેટભરા માણસોએ આ ક્રાંતિકારીઓની પૂંઠ પકડવાનું ચાલુ રાખ્યું હતું. એમાંના મોટાભાગના એ વિસ્તારના મુસલમાનો હતા.

એમની દાનત સાવ ખોરી હતી.

પેલા શેઠનું લૂંટાયેલું ધન ક્રાંતિકારીઓ પાસેથી મેળવી એને પાછું શેઠને પહોંચાડવાની એમની જરા સરખી પણ ઇચ્છા ન હતી.

ઊલટું એમને તો હોડીમાં પડેલા હજારો રૂપિયા ક્રાંતિકારીઓ પાસેથી ઝૂંટવી લઈ પોતે જ ચાંઉ કરી જવા હતા.

ક્રાંતિકારીઓ વળી પાછા હોડીમાં બેસી ગયા. હોડી આગળ હંકારી.

હવે એમની પાસે ફક્ત એક જ હોડી રહી હતી.

ભેગા મળી એક જ સ્થળેથી સારી રીતે સામનો થઈ શકે, એ માટે એમણે જાણીબૂઝીને બીજી હોડી બુડાડી દીધી હતી.

પોલીસે હજુ એમનો પીછો ચાલુ રાખ્યો જ હતો. એ લોકો રાઇફલના નિશાનની મર્યાદાની બહાર રહીને જ પાછળ પાછળ આવતા હતા.

કેટલાક સમય બાદ પાછળ પડનારાઓમાંથી ઘણાખરા ગામલોકો તો પાછા વળી ગયા.

માત્ર ધનની લાલચે લોભાયેલા કેટલાક માથાભારે ગામલોકોએ જ આ ક્રાંતિકારીઓની પાછળ જવાનું ચાલુ રાખ્યું.

એ લોકોની હોડીઓ ક્રાંતિકારીઓની હોડીથી થોડે જ દૂર હતી.

ક્રાંતિકારીઓએ પોતાના પર ઝઝૂમી રહેલી આફતોને થોડી હળવી કરવા એમની સાથે સમાધાન કરવાની ઇચ્છા બતાવી.

પોતાની નજીક આવવા એમને વિનંતી કરી.

પહેલાં તો એ લોકોએ આનાકાની કરી, પણ ક્રાંતિકારીઓએ એમને સહેજ પણ ઈજા નહીં કરવાનું વચન આપ્યું ત્યારે એમનામાંના થોડાક જણ ક્રાંતિકારીઓની હોડીની નજીક ગયા. ક્રાંતિકારીઓએ પોતે પણ કોણ છે એની એ લોકોને માહિતી આપી.

આ રીતે પોતાનો ધાડ પાડવાનો હેતુ પણ એમણે એ લોકોને સમજાવ્યો. છેવટે એમણે આ ધનલોભીઓને લલચાવતાં કહ્યું : 'જો તમે લોકો ચૂપચાપ અહીંથી પાછા ફરશો તો તમને દરેકને પચીસ રૂપિયા અમે આપીશું.' એ જમાનામાં પચીસ રૂપિયા બહુ મોટી રકમ મનાતી.

આથી પૂંઠ પકડનારાઓમાંના કેટલાકના મન આ વાત સાંભળી પીગળ્યાં. એમાંના બેત્રણ જણ તો હિંમત કરી ક્રાંતિકારીઓની હોડીમાં પણ કૂદી પડ્યા. પરંતુ જેવી એમણે લૂંટાયેલાં ધન પર નજર કરી કે એમની લોભી આંખો ફરકી! હજારો રૂપિયામાંથી પોતાને માત્ર પચીસ પચીસ રૂપિયા જ મળે! એ તો કેવો અન્યાય!

એમણે તો તરત જ ભયંકર બુમરાણ મચાવી મૂકી. એમણે કહ્યું : ' અમને પચીસ રૂપિયા નહીં જોઈએ! અમને તો તમારે ખોબલે ખોબલા રૂપિયા આપવા પડશે.'

ક્રાંતિકારીઓની હોડીમાંથી ઝટપટ ઊતરી જઈ એ લોકોએ જબરજસ્ત કકળાટ કરી મૂક્યો.

એમણે ક્રાંતિકારીઓને ધમકી પણ આપી કે પોલીસ આવી પહોંચે એ પહેલાં જો તમે અમને સારી એવી રકમ નહીં વહેંચી આપો તો અમે તમારી હોડી પર હુમલો કરીશું.

એ સાંભળી ક્રાંતિકારીઓનો મિજાજ ગયો. એમણે તરત જ એ દગાબાજ લોકો પર વળતો હુમલો કર્યો.

જબરી ઝપાઝપી થઈ. એક જણે તો અમૃત હાજરાને એનું ધોતિયું ખેંચી નીચે સુધ્ધાં પાડી નાખ્યો અને થોડે સુધી એને ઘસડી પણ ગયો હતો. શિશિર નામના ક્રાંતિકારીની આંખોને સહેજ ઈજા પહોંચી હતી.

ક્રાંતિકારીઓના ખૂબ જ જોરદાર હુમલાને લીધી એ દેશદ્રોહી લોકો ત્યાંથી પાછા હટી ગયા.

બપોર થવા આવી હતી.

એટલામાં નદીમાં દૂર દૂર કંઈક ધુમાડાના ગોટા જેવું દેખાયું. એક ક્રાંતિકારે દૂરબીન લઈ એ દિશામાં નજર કરી. એણે ચીસ પાડતાં કહ્યું: 'માર્યા ઠાર! સામેથી પોલીસની લૉન્ચ આવતી જણાય છે.'

ક્રાંતિકારીઓએ કિનારાને ખૂબ દબાવીને હોડી હંકારવા માંડી. એમનાં સારાં નસીબે પોલીસ લૉન્ચ એ બાજુ ન આવતાં બીજી દિશા તરફ વળી ગઈ.

હવે પાણી છીછરું થતું જતું હતું. હોડી ચલાવવી વિષમ બનતી જતી હતી.

આથી ક્રાંતિકારીઓએ એને દોરડું બાંધી કિનારે કિનારે ખેંચતા ખેંચતા આગળ લઈ જવાનું નક્કી કર્યું. ચપોચપ કેટલાક શેરદિલ યુવાનો કિનારા પર કૂદી પડ્યા. હોડી સાથે બાંધેલા લાંબા મજબૂત દોરડાને એમણે ખેંચવું શરૂ કર્યું. એમનું રક્ષણ કરવાને માટે બે સશસ્ત્ર ક્રાંતિકારીઓ એમની પાછળ પાછળ ચાલતા હતા.

આમ ને આમ સાંજ વીતી ગઈ.

કાળી અંધારી રાત વળી પાછી પૃથ્વી પર પથરાઈ ગઈ.

હોડીમાં ને હોડીમાં ક્રાંતિકારીઓની આ બીજી રાત હતી.

હોડીથી કેટલેક દૂર રહી પોલીસ અને થોડાક ગામલોકો હજુ પણ એમની પૂંઠે પૂંઠે જ આવી રહ્યા હતા.

આમાં પણ શરૂઆતથી ક્રાંતિકારીઓની પાછળ પડેલા ગામલોકો ધીરે ધીરે પાછા ફરતા જતા હતા અને એમને બદલે

કાંઠા પરનાં ગામોના નવા નવા લોકો ઉમેરાતા જતા હતા.

એટલામાં નદી ઉપર આ વિસ્તારમાં હંમેશાં ફેલાતી વૈશાખી આંધીએ પોત પ્રકાશ્યું. આકાશમાં વીજળી ચમકવા લાગી. આંધીને લીધે ઘમસાણ મચી ગયું. જોરશોરથી પવન સેંકડો ડાળીઓ તોડતો ચારેબાજુ પોતાના પડછંદા પાથરવા લાગ્યો. ક્રાંતિકારીઓએ આ આંધીનો લાભ લેવાનું નક્કી કર્યું.

નદીનો પટ ખૂબ વિશાળ હતો.

એમણે પોતાની હોડીની દિશા બદલી નાખવાનું વિચાર્યું. પોલીસ એમ જ માનતી હતી કે એ લોકોની હોડી પશ્ચિમ દિશામાં જઈ રહી હતી. પરંતુ એને બદલે ક્રાંતિકારીઓએ એને ઈશાન ખૂણા બાજુ ચૂપચાપ હંકારવા માંડી.

આંધીને લીધે તેમ જ અંધારિયાને લીધે શું બની રહ્યું છે, તે હવે નજરે દેખી શકાતું ન હતું.

આ બાજુ પવન ક્રાંતિકારીઓના પક્ષમાં હતો.

એમની હોડીએ ઝડપથી માર્ગ કાપવા માંડ્યો.

ચાર કલાકનો રસ્તો માત્ર એક કલાકમાં જ એમણે વટાવી નાંખ્યો.

એટલામાં નદીનો પ્રવાહ એક ગીચ જંગલમાં ફંટાવા લાગ્યો.

ક્રાંતિકારીઓએ એ રસ્તે પોતાની હોડી આગળ લીધી.

પોલીસને એમણે ખરેખરી થાપ આપી હતી. એ વાતથી એમનો જીવ આનંદમાં હતો. માથા પર તોળાયેલી તલવારનો ડર જતો રહ્યો હતો.

પોલીસ અને પીછો કરી રહેલા પેલા લોકોનાં તો ભેજાંમાં જ ન ઊતર્યું કે કેમ કરી ક્રાંતિકારીઓની એ આખી હોડીની હોડી

એમની આંખ આગળથી ગુમ થઈ ગઈ!

જંગલમાં સહીસલામત જગ્યાએ નાવ થોભાવી ક્રાંતિકારીઓ હોડીની નીચે ઊતરી પડ્યા. હજુ સવાર પડવાને થોડી વાર હતી. એમણે લૂંટની રકમના કેટલાક ભાગ કરી નાખ્યા. શસ્ત્રોના પણ એટલા જ ભાગ કર્યા. પછી એમની આખી ટોળીને પણ એમણે જુદા જુદા હિસ્સાઓમાં વહેંચી નાખી.

આમ છૂટા છૂટા વેરાઈ જઈ નક્કી કરેલા સ્થળે પહોંચવાનું નક્કી કર્યું. એ અનુસાર ક્રાંતિકારીઓનાં નાનાં નાનાં જૂથોએ પોતપોતાના રક્ષણમાં સોંપાયેલાં ધન કે શસ્ત્રોના હિસ્સાને લઈને છૂટાછવાયા ચાલવા માંડ્યા. આગલે દિવસે અરધા ઉકાળેલા ચોખા ખાધા બાદ આ વીરનરોના પેટમાં અનાજનો એક કણ પણ ગયો ન હતો.

બબ્બે દિવસના સતત ઉપવાસ અને ગોળીઓની રમઝટ વચ્ચે એ બહાદુરોએ પોલીસો અને પેલા લોભિયા ગામલોકોનો સામનો કર્યો હતો. એમના સારા નસીબે એમની પાસે સારી એવી સંખ્યામાં કારતૂસો હતા, નહીં તો પોલીસની બંદૂકબાજીનો સામનો કરતાં એમના કંઠે પ્રાણ આવત.

તે દિવસ બાદ પોલીસે ચારેબાજુ આ ક્રાંતિકારીઓને પકડવાને માટે ખૂબ જ ઝીણવટભરી તપાસ શરૂ કરી. આમાંનો એક પણ ક્રાંતિકારી એમના હાથમાં ન આવ્યો.

દેશને માટે ફનાગીરી વહોરનારા, ધરમને કાજે ધાડ પાડનારા આ દેશભક્તોને કોટિ કોટિ વંદન હજો.

એક વાત આપણે સૌએ યાદ રાખવી જોઈએ કે એ જમાનો અંગ્રેજોની સામે સશસ્ત્ર ક્રાંતિની જેહાદનો – બળવાનો હતો.

દારૂગોળો, બંદૂકો, રાઇફલો, બૉમ્બ, પુસ્તકો, ક્રાંતિકારી સાહિત્ય વગેરે માટે પૈસા વિના કેમ ચાલે? ફંડફાળા ઉપરાંત આ રીતે સરકારની તિજોરીઓ કે કોઈ શ્રીમંત શેઠિયાઓની તિજોરીઓમાંથી તફડંચી કર્યા વિના છૂટકો ન હતો.

આ ક્રાંતિકારીઓ સારા ખાનદાનના નબીરા હતા.

ચોરી કરવી, લૂંટ કરવી, ધાડ પાડવી એ એક નિંદનીય, હલકું કામ છે, એ વાત એ લોકો બરાબર સમજતા હતા. શરૂશરૂમાં તો કેટલાક ક્રાંતિકારીઓએ ધનિકો અને જાગીરદારોની તિજોરીઓ લૂંટવા સામે નાપસંદગી પણ બતાવી હતી.

ક્રાંતિકારીઓના મુખ્ય ગુરુ અરવિંદ ઘોષે જ્યારે એમને સહુને સમજાવ્યા કે દેશને માટે આ જાતનું કામ કરવામાં કોઈ નાનમ નથી અને એ કર્યા વિના બીજો આરો નથી. ત્યારે જ એ લોકો આ જાતની લૂંટફાટ કરવા તૈયાર થયા હતા.

ઈ. સ. ૧૯૧૬માં કલકત્તાના ગોપીરાય વિસ્તારમાં આ રીતે ક્રાંતિકારીઓએ એક લૂંટ કરી હતી. તે બાદ જેને ઘેર એમણે લૂંટ કરી હતી તે ગૃહસ્થને એમણે નીચે પ્રમાણેની એક પહોંચ મોકલી હતી :

'અમારા ભંડોળમાં તમારે ખાતે રૂપિયા નવ હજાર આઠસો એકસઠ અને પાંચ પાઈ જમા છે. તમે અમને આ રકમ ઉધાર આપી છે. જ્યારે ભારતને આઝાદી મળશે ત્યારે અમે લોકો તમારી આ રકમ વ્યાજ સાથે પાછી આપવાની ખાતરી આપીએ છીએ.'

આ કાગળ ઉપર 'બંગાલ બ્રાંચ ઑફ ઇંડિપેન્ડન્ટ કિંગડમ ઑફ યુનાઈટેડ ઇંડિયા' (સંયુક્ત ભારતના સ્વતંત્ર રાષ્ટ્રની બંગાળ શાખા) એ મુજબનું મથાળું છાપેલું હતું.

ગોપીરાય વિસ્તારની આ ધાડ અતુલ્ય ઘોષ અને પુલિન મુકરજી નામના આગેવાન ક્રાંતિકારીઓની રાહબરી નીચે પાડવામાં આવી હતી

આવા તો અનેક બનાવો એ કાળમાં બન્યા હતા.

દેશને માટે લૂંટનું – ધાડનું – ભારે જોખમકારક સાહસ ઉઠાવનારા એ નામી-અનામી વીર યુવકોને આપણે કેમ વીસરીએ?

*



પંડિતનો પ્રકોપ

રે આઝાદી! રે સ્વતંત્રતા!

તને લાવવા માટે કેટકેટલાં બલિદાનો ભારતવાસીઓએ હસતે મુખે આપ્યાં છે!

કેટકેટલા અત્યાચારો વેઠ્યા છે!

કેટકેટલા કારાવાસો સેવ્યા છે!

કેટકેટલી જાનફેસાની દાખવી છે!

દેશને માટે મરી ફીટનારાઓમાં કોઈ કવિ હતા! કોઈ સાહિત્યકાર હતા! કોઈ મહામોટા વકીલો હતા! કોઈ પ્રચંડ બૅરિસ્ટરો તો કોઈ મોટા ન્યાયાધીશો હતા! વેપારીઓ અને નોકરિયાતોનો પણ તોટો ન હતો! કિસાનો અને મજૂરો પણ એ કુરબાનીમાંથી બાકાત ન હતા! શાસ્ત્રોના મોટા મોટા જાણકારો અને ચિંતનથી ભલભલાને ચકિત કરી દે એવા મહાસમર્થ પંડિતોએ પણ પોતાનાં નામ, સુવર્ણાક્ષરે અંકિત એ નામી-અનામી શહીદોની યાદીમાં નોંધાવ્યાં છે.

આઝાદી માટે સર્વસ્વ કુરબાન કરનારા એવા પંડિતોમાં એક સમર્થ પંડિતની–વિદ્વાનની આ વાત છે.

એમનું નામ હતું: લાલા હરદયાલ!

એમનું વતન હતું ભારતનું પાટનગર દિલ્હી!

એમને માટે એમ કહેવાતું કે, એ એક બાબત એક વાર વાંચી લેતા કે સાંભળી લેતા પછી એને ક્યારેય એ ભૂલતા નહીં.

એમની યાદશક્તિ ખૂબ તેજીલી હતી.

એવી વ્યક્તિ અભ્યાસમાં તો કેટલી બધી આગળ હોય, એ વાત તો સહેલાઈથી સમજી શકાય તેમ છે.

વિદ્યાર્થી અવસ્થામાં લાલા હરદયાલે એમની તમામ પરીક્ષાઓ – પછી એ શાળાની હોય કે કૉલેજની, ઉચ્ચ નંબરે પાસ કરી હતી!

એમની પંડિતાઈનો, એમના જ્ઞાનનો, એમના ચિંતનનો કોઈ આરો ન હતો.

એમણે ધાર્યું હોત તો એ એક ભારે નામાંકિત અધ્યાપક થઈ શક્યા હોત!

કદી પણ ન ભૂલી શકાય એવા સમર્થ શિક્ષક થઈ શક્યા હોત!

પણ એમના હૈયામાં માભોમની મુક્તિ માટે મરી ફીટવાની તમન્ના ભડકે બળતી હતી.

ભારતમાતાની ગુલામી એમનાથી સહી શકાતી ન હતી. એ ગુલામીના બંધનો તોડવા માટે જે કંઈ થઈ શકે તે કરી છૂટવાની એમણે મનમાં ગાંઠ વાળી હતી.

એ જાણતા હતા કે દેશદાઝનો આ માર્ગ ખૂબ કપરો છે. મોતને મુઠ્ઠીમાં રાખીને ખાંડાની ધાર પર ચાલવા સરખો છે! પણ માભોમ માટે મોતની એમને પરવા ન હતી.

પરિણામે એમણે અધ્યાપનને બદલે ક્રાંતિની આગ વેરવાનું પસંદ કર્યું.

કેળવણીકારને બદલે એ ક્રાંતિકાર બન્યા.

આમેય એમના સમયમાં દિલ્હીમાં અને પંજાબમાં કેટલાય

દેશભક્ત યુવકોનાં હૈયાંમાં અંગ્રેજો સામે હડહડતી કિન્નાખોરી સળગી રહી હતી.

જેમ બને તેમ જલદીથી અંગ્રેજોની ગુલામી ફગાવી દેવા એ આતુર બન્યા હતા.

આ નવયુવકોમાં લાલા લજપતરાય અને સરદાર અજીતસિંહ મુખ્ય હતા.

એમણે બંનેએ લોકોમાં દેશભક્તિનો દાવાનળ પ્રકટાવવાનું શરૂ કર્યું હતું.

અંગ્રેજ સરકાર એમની પ્રવૃત્તિ ઉપર ચાંપતી નજર રાખી રહી હતી

એને જ્યારે લાગ્યું કે આ બંને નેતાઓની પ્રવૃત્તિ ખૂબ ખતરનાક બનતી જાય છે, ત્યારે તરત જ એણે એ બંનેને એકાએક નજરકેદ કર્યા.

આમ કરવાથી લોકોમાં ફેલાતો અસંતોષ અટકશે. લોકોમાં જાગતી દેશદાઝની ભાવના બુઝાઈ જશે. માભોમને માટે મરી ફીટવાની લોકોની તમન્ના કથળી જશે.

આવા કંઈક ખ્યાલો એ વખતે અંગ્રેજ સરકાર અને તેના ખાંધિયા અમલદારોના મનમાં હતા.

પરંતુ કુદરતનો એક નિયમ છે કે એક જાય કે બીજું કોઈ ને કોઈ તો એનું સ્થાને લે છે જ!

આ બંને નેતાઓ ખૂબ જબરા હતા!

ભારે સમર્થ હતા!

એમનું સમાજમાં જબરું સ્થાન હતું!

લોકો ઉપર એમની મજબૂત પકડ હતી!

આ બધું હોવાથી એમની નજરકેદને કારણે શરૂશરૂમાં થોડા સમય પૂરતી એમણે આદરેલી દેશભક્તિની ચળવળમાં થોડી ઓટ આવી. પરંતુ તેમ છતાં એ આંદોલન સાવ અટકી ન ગયું.

લાલા લજપતરાય અને સરદાર અજીતસિંહની ગેરહાજરીમાં ભાઈ પરમાનંદ, શ્યામજી કૃષ્ણવર્મા અને બીજા એવા કેટલાક નેતાઓ બહાર આવ્યા.

લાલા લજપતરાયે તેમ જ સરદાર અજીતસિંહે જે કંઈ રાજકીય પ્રવૃત્તિ હાથ ધરી હતી તે જાહેર હતી!

એમણે કોઈ છૂપી મંડળી કે ક્રાંતિકારીઓની કોઈ ટોળીની સ્થાપના કરી ન હતી.

એમની એ સરકાર વિરોધી જાહેર અને ખુલ્લી પ્રવૃત્તિની સરકારને સરળતાથી જાણ થઈ જતી હોવાથી, કેટલાક ઉગ્ર વિચારસરણી ધરાવતા દેશભક્તોએ છૂપી ટોળીઓ સ્થાપી ક્રાંતિકારી પ્રવૃત્તિ હાથ ધરવાનું વિચાર્યું.

દિલ્હીમાં આવું એક ક્રાંતિકારીઓનું છૂપું મંડળ પણ રચાયું. એમાં કેટલાય દેશભક્ત ક્રાંતિકારીઓ જોડાયા.

આ ક્રાંતિકારીઓમાં અમીરચંદ નામના શિક્ષક ક્રાંતિકારીનું નામ ખૂબ જ જાણીતું છે.

લગભગ આ જ અરસામાં યુવાન લાલા હરદયાલ પણ દિલ્હીમાં

અભ્યાસ કરતા હતા.

એમ.એ.ની પરીક્ષામાં ખૂબ ઉચ્ચ કક્ષાએ પસાર થયા હોવાથી, તેમ જ એક ખૂબ બાહોશમાં બાહોશ વિદ્યાર્થી તરીકેની એમની ગણતરી થતી હોવાથી, એમને વિલાયતમાં આગળ અભ્યાસ કરવા માટે સરકાર તરફથી જ એક શિષ્યવૃત્તિ મળી.

એ શિષ્યવૃત્તિની મદદથી એ વિલાયત ગયા.

વિલાયતમાં ઑક્સફર્ડ વિદ્યાપીઠમાં એમને પ્રવેશ મળ્યો.

ત્યાં એમણે અભ્યાસમાં થોડો સમય વિતાવ્યો ખરો, પણ અંતે તો એમના હૈયામાં ભરેલી અમાપ દેશદાઝે બહાર ઉછાળો માર્યો. એમને થયું કે અહીં આમ પરદેશી શિક્ષણ લેવાની પાછળ નકામો સમય બગાડવાનો કશો અર્થ નથી. દેશમાં મારી વધુ જરૂર છે.

આથી આ મહાન દેશભક્ત પંડિતરાજે ઑક્સફર્ડમાં એમની પોથીઓ બંધ કરી. શિષ્યવૃત્તિ ફગાવી દીધી. ચૂપચાપ એ ભારત પાછા આવ્યા.

આવતાંની સાથે જ એ દેશમાં ચાલી રહેલી છૂપી ક્રાંતિકારી ચળવળમાં સામેલ થયા. અમીરચંદ, લાલા હનુમંત સહાય, દીનાનાથ, જે. એમ. ચેટરજી જેવા પહેલેથી જ આ પ્રવૃત્તિમાં પડેલા મહાન ક્રાંતિકારીઓ સાથે એમનો ભેટો થયો.

બસ પછી તો પૂછવું જ શું?

લાલાજી ખાઈ ખપૂચીને આઝાદી મેળવવા માટે શક્ય તે સઘળું કરી છૂટવા માટેનાં કામોમાં જોડાઈ ગયા.

કેટલાક વખત બાદ હરદયાળજીના કાન ઉપર એક વાત આવી. પરદેશમાં ભણવા માટે કે નોકરી માટે ગયેલા ભારતવાસીઓનાં મન દેશની ગુલામીને કારણે ખૂબ બેચેન રહે છે. ખૂબ દુ:ખી રહે છે.

પરદેશમાં એ લોકો સારી એવી દોલત કમાય છે, છતાં માભોમની ગુલામીનો ખ્યાલ એમનાથી વેઠી શકાતો નથી. એમનાં હૈયાંમાં દેશની આઝાદી માટે શક્ય તે કરી છૂટવાની જબરી તમન્ના જાગી છે

એવા દેશદાઝથી બળબળતા પરદેશમાં વસતા ભારતવાસીઓનું એક સંગઠન કરવાની જરૂર લાલાજીને લાગી.

એ જ રીતે એમની પાસેથી યોગ્ય સહાય મેળવી, ભારતમાં ચાલતી ક્રાંતિકારી પ્રવૃત્તિને મજબૂત બનાવવાની પણ એટલી જ જરૂરિયાત હતી.

વિદેશમાં વસતા ભારતીયોની મારફતે વિદેશમાં ભારતની મુક્તિ માટે આંદોલનો શરૂ થાય એ ઇચ્છવા જોગ હતું.

લાલા હરદયાલને થયું કે પોતે પરદેશમાં આ દિશામાં કંઈક કરી શકે તેમ છે.

આ બાજુ ભારતમાં પણ એમના માટે ભારે વસમી પરિસ્થિતિ બનતી જતી હતી.

એમની ક્રાંતિકારી પ્રવૃત્તિની અંગ્રેજ સરકારને થોડી થોડી ગંધ આવી ગઈ હતી!

એમને ગિરફ્તાર કરવાનાં ચક્રો પણ શરૂ થઈ ગયાં હતાં.

થોડા જ દિવસોમાં એમના નામનું વૉરંટ બજવાની તૈયારી જ હતી.

અંગ્રેજોના હાથે ગિરફ્તાર થઈ જેલમાં સબડવા કરતાં પરદેશમાં વસેલા દેશભક્ત ભારતવાસીઓનું સંગઠન કરી એમને આઝાદી માટેનાં ક્રાંતિકારી આંદોલનમાં જોડવા એ મહત્ત્વની બાબત હતી.

આથી એમણે દિલ્હીનું તમામ કામ અમીરચંદ અને હનુમંત

સહાયના હાથમાં સોંપ્યું

પછી એક દિવસ લાગ જોઈ એ પરદેશ જવા રવાના થઈ ગયા.

હવે આ અરસામાં યુરોપ અને અમેરિકામાં કેટલાય ભારતીય દેશભક્તો અને ક્રાંતિકારીઓ વસતા હતા.

એ લોકોએ ક્રાંતિકારી ચળવળનાં મંડાણ જે તે દેશમાં ક્યારનાંય માંડી દીધાં હતાં.

આથી જ્યારે લાલા હરદયાલ ભારત છોડી યુરોપ આવ્યા, ત્યારે આવા અનેક તેજસ્વી યુવાન ભારતીય ક્રાંતિકારીઓ એમને આવીને મળ્યા. એમની સાથે એમણે અનેક ચર્ચાઓ કરી. અનેક યોજનાઓ વિચારી.

ભારતમાં વસતા ક્રાંતિકારીઓની તમામ જરૂરિયાતોની રજૂઆત લાલા હરદયાલે એમની સામે કરી.

આ બધી મસલતોને પરિણામે એક નવું ક્રાંતિકારી સંગઠન યુરોપમાં ઊભું કરવાની લાલાજીએ એક હવા ઊભી કરી.

યુરોપમાં થોડા મહિના વિતાવી એ સીધા અમેરિકા પહોંચ્યા.

અમેરિકામાં પણ કેટલાક ભારે તેજસ્વી અને શક્તિશાળી ભારતીય ક્રાંતિકારીઓ તે વખતે મોજૂદ હતા. આ બધામાં ખાસ કરીને ડૉ. પાંડુરંગ ખાનખોજે, અધરચંદ, બાવા સોહનસિંહ, બાવા કેસરીસિંહ વગેરે મુખ્ય હતા.

ડૉ. ખાનખોજેએ કેલિફોર્નિયામાં 'ઇંડિયા ઇન્ડિપેન્ડન્સ લીગ' નામની એક સંસ્થા સ્થાપી હતી. એ જ રીતે કેનેડા અને અમેરિકામાં અભ્યાસ કે રોજગારી માટે ગયેલા પંજાબી યુવાનોએ 'હિન્દી 'ઍસોસિયેશન' નામનું મંડળ શરૂ કર્યું હતું.

રોજગારી કે વેપારના હેતુથી ગયેલા મોટાભાગના ભારતીયો ત્યાં ઠીક ઠીક કમાયા હતા. એમણે આ સંસ્થાઓને સારી એવી રકમ ભેટ આપી હતી.

લાલા હરદયાલે અમેરિકામાં અગણિત અમેરિકનોની સામે ભારતીય દર્શનશાસ્ત્ર અને ભારતીય સંસ્કૃતિ ઉપર ખૂબ સુંદર વ્યાખ્યાનો આપ્યાં.

એમનાં એ ભાષણોની અમેરિકનો ઉપર જબરી અસર પડી.

ઠેર ઠેર એમને ભાષણો કરવાનાં આમંત્રણો મળતાં જ ગયાં.

એમના ઊંડા અભ્યાસને પરિણામે -- એમની જબરી પંડિતાઈને કારણે એમને સાંભળવા આવતા અમેરિકનો એમના તરફ ખૂબ જ આદર અને ભક્તિભાવથી જોતા.

હરદયાલજીએ ઇચ્છ્યું હોત તો એ અમેરિકાની કોઈપણ વિદ્યાપીઠમાં એક અધ્યાપક તરીકે જોડાઈ શક્યા હોત!

ત્યાં મબલખ કમાણી કરી આનંદમાં સુખચેનથી રહી શક્યા હોત!

પ્રભુએ આપેલી એમની પારાવાર પંડિતાઈનું પુણ્ય એ સહેજે પામી શક્યા હોત!

પણ ના!

એમના હૈયામાં તો ભારતમૈયાની મુક્તિનો જ સાદ ગાજતો હતો.

અંગ્રેજોના અન્યાય, અનાચાર અને અત્યાચારોથી એમના મનમાં પારાવાર રોષ ફાટી નીકળ્યો હતો.

અંગ્રેજોને ભારતમાંથી હાંકી કાઢ્યા બાદ જ એ પંડિતનો પ્રકોપ શમે તેમ હતો.

એટલે એમણે એવી કોઈ પણ કામગીરીના લોભમાં નહીં ફસાતાં, પોતાના જીવનમંત્ર સમું ક્રાંતિકારી ચળવળનું કામ અમેરિકામાં શરૂ કર્યું.

દુનિયાભરમાં 'ગદરપાર્ટી'ના નામે ખૂબ જાણીતી બનેલી ક્રાંતિકારીઓની એક વિરાટ મંડળીની તેમણે અને પંજાબીઓએ સ્થાપેલા હિન્દી એસોસીએશનના સભ્યોએ ભેગા મળીને સ્થાપના કરી.

આ ગદરપાર્ટીએ વખત જતાં જબરજસ્ત ક્રાંતિકારી ચળવળ ઉપાડી લીધી.

આ સંસ્થાએ 'ગદર' નામનું દેશભક્તિના અસંખ્ય લેખો છાપતું એક અખબાર પણ શરૂ કર્યું.

ઈ. સ. ૧૯૧૩ના નવેમ્બરની પહેલી તારીખે પ્રકટ થયેલા એના પ્રથમ અંકના સંપાદક લાલા હરદયાલ જ હતા! ગદરપક્ષનું મંત્રીપદ પણ એમને જ સોંપાયું હતું.

ઈ. સ. ૧૯૧૪માં પહેલું વિશ્વયુદ્ધ ફાટ્યું ત્યારે ભારતમાં સશસ્ત્ર ક્રાંતિ કરવા માટે આ ગદરપક્ષે એક મોટી યોજના ઘડી હતી. એમાં લાલા હરદયાલનો ફાળો પણ ખૂબ મોટો હતો.

યોજના તો સરસ ઘડાઈ હતી.

એને માટે ઈ. સ. ૧૯૧૬ના ફેબ્રુઆરી માસની ૨૧મી તારીખ પણ નક્કી કરવામાં આવી હતી.

આમ છતાં કેટલીક ટાળી ન શકાય તેવી મૂર્ખાઈભરી ભૂલો, ભારતીય જનતાનો જેટલા પ્રમાણમાં જોઈએ તેટલા પ્રમાણમાં સહકારનો અભાવ, અને બીજાં કેટલાંક ગંભીર કારણોસર આ આખીય યોજના સાવ નિષ્ફળ ગઈ.



કૃપાલસિંહ નામનો એક કાયર ક્રાંતિકારી ફૂટી ગયો. પરિણામે દેશમાં વસતા અને પરદેશથી ભારતમાં આવેલા અનેક ક્રાંતિકારીઓ સરકારના હાથમાં સપડાયા. પરદેશથી મોકલવામાં આવેલાં હથિયારો અને કારતૂસો પણ અંગ્રેજોના હાથમાં ગયાં. કેટલાય ક્રાંતિકારીઓને ફાંસી, જનમટીપ કે લાંબી મુદતની સજાઓ થઈ.

આ બધાને લીધે લાલા હરદયાલનું મન એકદમ ખાટું થઈ ગયું.

એમને માટે આ ભયંકર ઘા જીરવવો ખૂબ વસમો થઈ પડ્યો.

એમની આખી યોજનાનું જાણે સમૂળું નિકંદન નીકળી ગયું હતું.

દુઃખ, નિરાશા, સાથીઓની બેવફાઈ, એ બધાં કારણોસર ઈ. સ. ૧૯૧૮ બાદ લાલાજીના વિચારોમાં ખૂબ મોટો પલટો આવી ગયો હતો.

એમ કહેવાય છે કે, છેવટે તો એ પોતે એમ માનતા થઈ ગયા હતા કે, અંગ્રેજોના રાજ્યનો અંત લાવવાનું આપણે માટે શક્ય જ નથી.

આવા છેક નિરાશાભર્યા વિચારોએ પહોંચતાં આ મહાન

દેશભક્તના હૈયામાં કેટલી વેદના થઈ હશે? કેટલું મનદુઃખ એમણે વેઠ્યું હશે?

એમના આ વિચારપલટાને લીધે થોડા સમયમાં યુરોપમાં વસતા ક્રાંતિકારીઓમાં લાલા હરદયાલ માટેનું માન ખૂબ ઘટી ગયું. એક વખતના એમના આ નેતાની એમને હવે કોઈ કિંમત રહી નહીં.

હશે જે હશે તે!

એક વાત સાવ સાચી છે.

ન માની શકાય એવી ઘોર નિષ્ફળતા એમને અમેરિકામાં મળી.

એ ખૂબ હતાશ થયા. દુઃખી થયા. ખૂબ ભાંગેલે હૈયે યુરોપ આવ્યા.

એમનું મન, વિચારો બધું બદલાયું.

એમનું સ્થાન ગયું. એમની નેતાગીરી ગઈ. એમનું અભિમાન ઓગળી ગયું. ગૌરવ રગદોળાઈ ગયું.

આ બધાંને લીધે લાલા હરદયાલે એમનાં જીવનનાં બાકીનાં વર્ષો સ્વીડનમાં જ વિતાવ્યાં.

*



જેલમાંથી નાઠા

ઈ. સ. ૧૯૪૨નો ડિસેમ્બર મહિનો છે.

અમદાવાદ શહેર છે.

ઠંડી તો કહે મારું કામ.

લગભગ ચારથી પાંચ વચ્ચેનો સુમાર છે.

સાબરમતીને મળતી નાનકડી વહેળા જેવી ચંદ્રભાગા નદીના કોતરડામાં બે જુવાન ઊભા છે.

એમના શરીર પર જેલમાં કેદીઓ પહેરે એવાં કપડાં છે. પગમાં પણ કેદીઓના જાડા વજનદાર જોડા છે.

બંનેની પાસે એક એક પોટલી છે.

બંને જણા ચારે બાજુ એમની શકરાબાજ જેવી નજર ફેરવે છે. નજીકમાં ક્યાંય કોઈ એમને જોતું નથી એની ખાતરી કરે છે. પછી બંને જણા ચપચપ એમની પોટલીઓ ખોલે છે.

પોટલીમાં છુપાવેલાં કપડાં બહાર કાઢે છે. ભારે ઝડપથી એ પોતાનાં કેદીઓનાં કપડાં બદલી નાખે છે.

નજીકમાં ચંદ્રભાગાના પાણીની અંદર ખાડો કરી એ કપડાં અને જેલના જોડા બંને ઊંડે સુધી દાટી દે છે.

બધું કામ કોઈ પણ જાતની આફત વિના પતે છે. આથી બંને ખૂબ રાજી રાજી થઈ જાય છે. બંને એક બીજાના હાથમાં તાળી

આપે છે.

પછી ચૂપચાપ એ અમદાવાદ શહેર તરફ ચાલી નીકળે છે. પોતાના એક નિકટના દોસ્તને ઘેર સવારના છ વાગે તો એ ગુપચુપ પહોંચી જાય છે.

જેલનાં કપડાં પહેરી આ રીતે વહેલી સવારે ચંદ્રભાગાના તટમાં આવી લાગનારા આ કેદીઓ કોઈ સામાન્ય ગુનેગારો નથી. એમણે ક્યાંય ચોરી કરી નથી. એમણે કોઈને ત્યાં ધાડ પાડી ન હતી. એમણે કોઈનું ખૂન કર્યું ન હતું.

છતાં બંનેને ઈ. સ. ૧૯૪૨ના ઑક્ટોબરમાં સાબરમતી જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. કારણ? કારણ એટલું જ કે આ બંને દેશભક્તોએ ઈ. સ. ૧૯૪૨ના ઑગસ્ટ બાદ ગુજરાતમાં ફાટી નીકળેલા વિરાટ આંદોલનમાં ભાગ લીધો હતો. અંગ્રેજ સરકારને ત્રાહ ત્રાહ પોકરાવવાની એમણે પ્રતિજ્ઞા લીધી હતી. માટે જ લાગ મળતાં પોલીસે એમને ગિરફતાર કરી લીધા હતા.

આ બે યુવાનોમાંથી એકનું નામ હતું : શ્રી વાસુદેવ ભટ્ટ! જ્યારે બીજા યુવાનનું શ્રી રામભાઈ પટેલ!

એ સમયે શ્રી વાસુદેવભાઈ અમદાવાદના વ્યાયામ પ્રચારક મંડળના એક આગળ પડતા કાર્યકર હતા. અંગ કસરતના અનેક દાવપેચ એ જાણે. ભારે હિંમતબાજ. સાહસના પણ જબરા શોખીન. એમના હાથ નીચે અમદાવાદ શહેરના કેટલાય યુવાનોએ તાલીમ લીધી હતી.

જેલમાંથી નાસી છૂટવાની મૂળ આખીય યોજના એમણે જ ઘડી હતી.

ઑક્ટોબર માસની ૨૧મી તારીખે સરકારે એમને જેલમાં

ધકેલ્યા બાદ જેલજીવનથી એ થોડા જ દિવસમાં ભારે અકળાઈ ગયા હતા.

બહાર શહેરમાં, રાજ્યમાં અને દેશમાં જબરજસ્ત આંદોલન જાગ્યું હતું. જાણે વિરાટ જાગ્યો હતો.

અંગ્રેજોને ઊથલાવી નાખવા માટે જનતા જબરો જંગ ખેલી રહી હતી.

આવા કટોકટીના ટાણે જેલમાં સાવ નવરાની માફક બેસી રહેવું એમના ભારે તરવરિયા સ્વભાવને રુચે તેમ ન હતું.

આથી જેલમાં આવ્યા બાદ થોડા જ દિવસોમાં તો એમણે કોઈ પણ હિસાબે અને જોખમે જેલમાંથી નાસી છૂટવાની મનમાં ગાંઠ વાળી.

વાત જોકે ભારે કપરી હતી, છતાં જેમ મુશ્કેલી વધુ તેમ વાસુદેવભાઈનું લડાયક મગજ ઝડપથી ચાલતું.

એમણે ધીરેધીરે એમની ગીધનજર જેલના જુદા જુદા ભાગો તરફ નાખવાનું શરૂ કર્યું.

એમને બીજા રાજદ્વારી કેદીઓ સાથે સાબરમતી જેલમાં છોટા અથવા નાના ચક્કર તરીકે ઓળખાતા વિસ્તારની પહેલા નંબરની બૅરેકમાં પૂરવામાં આવ્યા હતા.

બપોરે જ્યારે બધા કેદીઓ આરામ કરતા હોય ત્યારે વાસુદેવભાઈ કોઈ ને કોઈ બહાને વૉર્ડરને સમજાવી બૅરેકની બહાર નીકળી પડતા.

બે-ચાર દિવસોમાં તો એમણે આખી જેલમાં એકે એક જગા નજરે જોઈ લીધી. એક નકશાની માફક એ બધી જગ્યાઓ એમના મનમાં કોતરાઈ ગઈ.

એ સ્થળોનું અંતર, એમની ઊંચાઈ વગેરેનો પણ એમણે પાકો ખ્યાલ રાખી લીધો.

એ બાદ નાસી છૂટવા માટેનાં સાધનો ક્યાંથી મેળવવા તે વિશે વિચાર કરવા માંડ્યો.

રાજદ્વારી કેદીઓમાંથી કોઈ કોઈ એમના બિસ્તરાને ખૂબ મજબૂત જાડી સૂતરની દોરીઓથી બાંધી લાવ્યા હતા.

આવી દોરીઓ કોની પાસે છે, એ કેટલી લાંબી છે, વગેરે બાબતો પણ એમણે જાણ લીધી.

એ બાદ જેલની બબ્બે દીવાલો ઠેકીને નાસવા માટે સહુથી વધુ કયું સ્થળ અનુકૂળ આવશે, તેનો પણ પાકો વિચાર કરી લીધો.

તપાસ કરતાં એમને ખબર પડી કે રાતને વખતે જે જગાએ કેદીઓને ફાંસી આપવામાં આવતી, એ જગ્યાએ જતાં ચોકિયાતો મનમાં ખૂબ ડરતા હતા.

આવી તો ઘણી બધી વિગતો એમની પાસે ભેગી થઈ.

એ પછી એમણે પોલીસો સાથે છૂપી રીતે સીધે સીધી વાત કરી અથવા બીજાઓને પૂછી રાતને વખતે જેલમાં ચોકીદારોની ગોઠવણી કેવી રીતે થાય છે અને ચોકીદારો ક્યાં ક્યાં ફરે છે, તે પણ જાણી લીધું. બસ હવે બીજું જોઈએ શું?

ફક્ત દસથી બાર દિવસોના ગાળામાં તો વાસુદેવભાઈના ચબરાક ભેજામાં આખી યોજના વિગતવાર ઘડાઈ ગઈ.

હવે માત્ર એનો અમલ જ કરવાનો બાકી રહેતો હતો. પણ એ અમલ કરતાં પહેલાં કેટલીક મુસીબતોનો ઉકેલ લાવવાનો હતો.

વાસુદેવભાઈ જો જેલ કૂદીને નાસી જાય તો પછી એમના બિસ્તરા, એમનાં પુસ્તકો, એમનો બીજો સામાન તો જેલમાં જ

રહી જાય.

આ બધો સામાન જેલમાં સત્તાવાળાઓના હાથમાં જાય, એ વાસુદેવભાઈને ગમતું ન હતું.

આથી એમણે પોતે ભાગી છૂટે ત્યારે એમનો સામાન ધ્યાનપૂર્વક સંભાળી લે એવા કોઈ સાથીની શોધ કરવા માંડી.

હવે એ અરસામાં જ એમને શ્રી રામભાઈ પટેલ સાથે ઓળખાણ થઈ હતી.

એમને રામભાઈનો સ્વભાવ ગમી ગયો હતો.

આથી એમણે એક દિવસ રામભાઈ પાસે પોતાની આખી યોજના રજૂ કરી. પછી એમણે એમને પોતે નાસી છૂટે ત્યારે એમના સામાનનો કબજો લઈ લેવા વિનંતી કરી.

આ બાજુ રામભાઈ તો આ યોજના સાંભળી દિંગ જ થઈ ગયા.

એ પોતે પણ આ જેલજીવનથી કંટાળ્યા હતા. આ જાતનું સાહસ ખેડવાનો એમને પણ શોખ હતો.

આથી સામાનની વાત તો જાણે બાજુએ રહી, પણ રામભાઈએ જ વાસુદેવભાઈની સાથે નાસી છૂટવાની પોતાની ઇચ્છા દર્શાવી. પોતાને એમની સાથે લઈ જવાની એમણે વાસુદેવભાઈને વિનંતી કરી.

વાસુદેવભાઈ એ સાંભળી ખૂબ રાજી થયા. એમને થયું કે એક કરતાં બે ભલા. આથી એમણે રામભાઈને તરત હા પાડી.

હવે વાસુદેવભાઈને એમની આખી યોજના પાછી નવેસરથી વિચારવી પડી.

એકને બદલે બેએ નાસી છૂટવું હોય તો મૂળ યોજનામાં જરૂરી

ફેરફાર કરે જ છૂટકો.

હવે એમની સાથે જ કારાવાસ વેઠી રહેલા, એમના પરિચયમાં આવેલા એક બીજા ભાઈએ પણ વાસુદેવભાઈને એમની આ યોજના ઘડવામાં પોતાનો સાથ અને સહકાર આપ્યા.

કેટલાક દિવસો બાદ વાસુદેવભાઈના એક નિકટના દોસ્ત જેલમાં ભરતી થયા. હવે વાસુદેવભાઈની એમનાં સામાન, બિસ્તરા, પુસ્તકો વગેરેની ચિંતા ટળી. એમણે એમના દોસ્તને જ આ કામ ભળાવી દીધું.

ઑક્ટોબરની ૨૧મી તારીખે જેલમાં આવેલા વાસુદેવભાઈએ ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં તો એમની આખી યોજના એકદમ પાકી કરી નાખી.

ઑગસ્ટની નવમી તારીખે મુંબઈમાં 'અંગ્રેજો ટળો'નો ઠરાવ થયો હતો. એ વાતને બરાબર તાજી રાખવા માટે વાસુદેવભાઈએ નવમી ડિસેમ્બરની રાતે જેલમાંથી નાસી છૂટવાનું નક્કી કરી નાખ્યું.

હવે નવમી તારીખ પછીના રવિવારે રાજકીય કેદીઓ જેલમાં એક નાટક રજૂ કરવાના હતા.

આ નાટકની પૂરબહારમાં તૈયારીઓ ચાલી રહી હતી.

નાટકની તૈયારીઓ માટે જેલમાં મળેલી છૂટછાટો વાસુદેવભાઈને ખૂબ કામ લાગી.

રિહર્સલ માટે એમને ચોથા નંબરની જેલની બરાકમાં જવું પડતું.

એની બરાબર પાછળના ભાગમાં જેલની પશ્ચિમની દીવાલ પડતી હતી.

આથી એ દીવાલનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવાની એમને બરાબરની તક મળી હતી.

એમણે જેલના કોટની તોતિંગ દીવાલોના આ પશ્ચિમ ભાગમાંથી જ નાસી છૂટવાનું નક્કી કર્યું હતું.

એ રીતે આ દીવાલોથી પૂરતાં પરિચિત થવું ખૂબ જ અગત્યનું પણ હતું.

નવમીએ રાત્રે નાસી છૂટવાનું હતું.

આથી એ બંનેએ આઠમીની રાતે એમની યોજનાનું આખરી સ્વરૂપ સમજી લીધું.

રાતે બધા જ સૂઈ ગયા ત્યારે આ બંને ઊઠ્યા.

ચૂપચાપ એમણે નક્કી કરેલી દીવાલ નજીક આવેલા એક મોટા પીપળાના ઝાડ પાસે આવ્યા.

વાનરની માફક જબરી ચપળતાથી એ ઝાડ ઉપર ચઢ્યા.

હવે જેલમાં બે દીવાલો હતી.

એક તો છોટા ચક્કરની નાની દીવાલ. આ દીવાલની ઊંચાઈ ત્રણ મીટર જેટલી હતી.

આ નાની દીવાલથી આશરે આઠ મીટર દૂર એક બીજી સળંગ મોટી કોટ જેવી દીવાલ આવેલી હતી. એ દીવાલની ઊંચાઈ આશરે સાડા પાંચ મીટર જેટલી હતી.

બંને જણા રાતના અંધારામાં તાકીને એ બંને દીવાલો વચ્ચેના રસ્તાને જોઈ રહ્યા.

એ રસ્તા ઉપર ચોકિયાત રોન ફર્યા કરતો.

એક વાર એ એક રાઉન્ડ મારી લે પછી પાછો એ જગાએ ફરીથી વીસેક મિનિટ બાદ જ આવતો.

હવે એમણે નાસવા માટે નક્કી કરેલા રસ્તાની એક બાજુ

રંગશાળા હતી. બીજી બાજુ જેલની હૉસ્પિટલ હતી.

આ બંને જગાએ રાતે ચોકિયાતો બેઠા બેઠા ગપ્પાં મારતા કે આજુબાજુ ચક્કર લગાવી ચોકી કરતા.

આઠમીની રાતે બંને જણાએ ચોકિયાતોની એ આખી વ્યવસ્થા નજરોનજર જોઈ લીધી.

પછી મોડી રાતે બંને પાછા ફર્યા.

ચૂપચાપ એમની પથારીમાં જઈ સૂઈ ગયા.

બીજે દિવસે નવમી તારીખ હોવાને કારણે જેલમાં રાજકીય કેદીઓએ ધ્વજવંદનનો કાર્યક્રમ ગોઠવ્યો.

આ બંને જણાએ પણ એ કાર્યક્રમમાં ભાગ લીધો.

સાંજે એ ચોથા નંબરના બૅરેકમાં ગયા. ત્યાં નાટક અંગેનો કાર્યક્રમ ઘડાઈ રહ્યો હતો.

એ કાર્યક્રમની ચર્ચામાં પણ એમણે ભાગ લીધો.

બપોરે એમણે એક જબરી યુક્તિ વાપરી. એમની સાથે કેદમાં આવેલા એક રાજકીય કેદીની દોરડા જેવી સૂતરની જાડી દોરી ચાલાકીથી પડાવી લીધી.

એ ભાઈને બિચારાને તો સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે એમની એ દોરીનો આ બંને જણા જેલમાંથી નાસી છૂટવા માટે ઉપયોગ કરવાના છે.

વાસુદેવભાઈએ તો એ ભાઈ પાસે એમના મનમાં ઠસી જાય એવું એક ગજબનું બહાનું કાઢ્યું હતું.

એમણે એ ભાઈને કહ્યું હતું કે, એ દોરડીની મદદથી એ પોતે જાદુનો એક જબરો ખેલ કરવાના છે. જગતના મહાન જાદુગરોની માફક એ પોતાનાં કાંડાં બાવડાં એ દોરી વડે બંધાવી

દેવાના છે. કોઈથી છૂટી ન શકે એવી ગાંઠ મારવાનું એ પ્રેક્ષકોને કહેવાના છે. એ રીતે બંધાઈ ગયા પછી આંખના પલકારામાં એ દોરડાનાં બંધનમાંથી છૂટી જવાના છે.

પેલા ભાઈને તો વાસુદેવભાઈની વાત એકદમ સાચી લાગી ગઈ હતી.

વાસુદેવભાઈ પોતે વ્યાયામના એક જબરજસ્ત ખેલાડી હતા. આથી આ જાતનો ખેલ એ કરી શકે એ વાતનો પેલા ભાઈના મનમાં પાકો વિશ્વાસ હતો.

હવે આગલે દિવસે એ બંનેએ નાસી છૂટતી વખતે કઈ કઈ ચીજો સાથે લેવી, કયાં કપડાં પહેરવાં, કયાં કપડાં પોટલી વાળી સાથે રાખવાં, એ બધી બાબતો અંગે પૂરતી વિચારણા કરી નાખી હતી.

એ સાથે સાથે એ દીવાલ ઉપર પહેલાં કોણ ચઢશે, ભૂલેચૂકે પહેરેગીર આવી ચઢે તો શું કરશે, ચેતવણી માટેની સિસોટી કે ઇશારા કેમ કરશે, એ બધી બાબતો ચર્ચી લીધી હતી.

આથી નવમીની રાતે જ્યારે બારના ડંકા પડ્યા ત્યારે બંનેનાં મનમાં અપાર શાંતિ હતી. જબરી નીડરતા હતી. પોતાની યોજના ઉપર અડગ શ્રદ્ધા હતી.

થોડી વાર સુધી પથારીમાં પડખાં બદલ્યા બાદ ધીમે રહીને બંને ઊભા થયા.

એમના સાથી કેદીઓ તો ઘસઘસાટ ઊંઘતા હતા. બિલ્લીપગે બંને બહાર આવ્યા.

અગાઉથી નક્કી કર્યા પ્રમાણે જેલમાં કેદીઓ માટે બાંધવામાં આવેલા કાચા સંડાસોની હાર તરફ બંને જાણા ગયા.

આ સંડાસો તાજાં જ તૈયાર થયાં હતાં. એમના ઉપર હજુ બારસાખો બેસાડવામાં આવ્યા ન હતા.

બારસાખને બદલે ત્યાં એક લાંબો વાંસ આડો બાંધી એના ઉપર કંતાનના હારબંધ પરદા લટકાવવામાં આવ્યા હતા.

આ બંને જણાએ સડાક કરતો એ વાંસ ખેંચી લીધો.

હવે આ કંતાનો એકદમ આ રીતે કાઢી નાખે અને રાતે કોઈ ભાઈ સંડાસ જવા જાય અથવા તો કોઈ ચોકિયાત ફરતો ફરતો એ બાજુ આવે તો! બંને દીવાલો કૂદીને હજુ બહાર પણ ન પડ્યા હોય એ પહેલાં પકડાઈ જવાની સ્થિતિ ઊભી થાય.

આથી આ મુશ્કેલીની અગાઉથી જ વિચારણા કરી બંને પોતાની સાથે કાથીની દોરડીઓ લેતા આવ્યા હતા. એ કંતાનો એમણે એ દોરીઓમાં ભેરવી દીધાં. પછી અગાઉની માફક જાણે વાંસ ઉપરથી જ નીચે લટકતાં હોય એમ એ લટકાવી દીધાં.

ખાસો છએક મીટર ફૂટ લાંબો અને ખૂબ મજબૂત એ વાંસ એમના હાથમાં આવી જતાં એમને થયું કે એમણે અડધો મોરચો તો જાણે સર કરી લીધો જ!

વાસુદેવભાઈએ એ વાંસને એક છેડે લાકડાનો એક આડો ટુકડો ભારે મજબૂતીથી બાંધ્યો. પછી એ ટુકડાની સાથે પેલી જાડી મજબૂત સૂતરની દોરી બાંધી દીધી.

આ બધું પતાવતા રાતના અઢી વાગી ગયા.

બંને જણા તરત જ પેલી નાની દીવાલ પાસે આવ્યા. હજુ બે-ત્રણ મિનિટ પહેલાં જ ચોકિયાત એ નાની અને મોટી દીવાલની વચ્ચેથી પસાર થયો હતો. એ ચોકિયાતના મોટી દીવાલ પર પડેલા પડછાયાને જોઈને આ બંનેને એ વાતની ખાતરી થઈ ગઈ હતી.

આઠ ફૂટની દીવાલ ઠેકીને સામે પડવું એ કંઈ કોઈ મુશ્કેલ બાબત ન હતી.

વાંસ ટેકવી બંને એ દીવાલ કૂદી બીજી બાજુ પડ્યા.

એમણે જોયું તો એમના રસ્તાને એક છેડે આવેલી ઇસ્પિતાલમાં ચોકિયાત હાથમાં ફાનસ સાથે ફરી રહ્યો હતો. જ્યારે બીજા છેડે આવેલી રંગશાળામાં એક ચોકિયાત માગશર સુદ બીજની એ સાવ અંધારી રાતે ઠંડી ઉડાડવા પેટાવેલી એક તાપણીએ તાપી રહ્યો હતો.

બંને જણા દેડકાની માફક જમીન પર કૂદતા કૂદતા હાથમાં વાંસ સાથે મોટી દીવાલ સુધી પહોંચી ગયા.

ઝટ કરતો પેલા વાંસને એમણે દીવાલના આધારે ટેકવ્યો. નક્કી કર્યા પ્રમાણે એક જણ ભારે ઝડપથી એ વાંસ અને દોરીની મદદથી ઉપર ચઢી ગયા. આજુબાજુ જોઈ સબસલામત છે તેની ખાતરી કરી લીધી. બધું જ સલામત જણાતાં એમણે નીચે રહેલા સાથીને ઉપર આવી જવા જણાવ્યું. તરત જ એ પણ ઉપર આવી ગયા.

પછી દીવાલની બીજી બાજુએ એ જ વાંસની અને દોરીની મદદથી એ બંને સરળતાથી ઊતરી ગયા.

એમની છાતી તો આનંદથી ગજગજ ફૂલવા લાગી.

ખભા ઉપર એ વાંસ મૂકી, એ દીવાલની બહાર આવેલાં જેલનાં ખેતરોમાં એમણે ચાલવા માંડ્યું.

થોડે દૂર ખૂબ ઊંચું ઘાસ ઊગેલું એમને જણાયું.

વાસુદેવભાઈએ એ વાંસ ઉપરની દોરી છોડી લીધી. પછી એમણે એ વાંસને એ ઊંચાં ઘાસની અંદર આડો નાખી દીધો.

અંધારી રાત હતી.

આથી બહારના ભાગમાં ફરતા ચોકીદારનું ધ્યાન ભાગ્યે જ એમના તરફ જાય તેમ હતું.

ચૂપચાપ બંને પૂજ્ય બાપુજીએ સ્થાપેલા હરિજન આશ્રમની બાજુએ આવેલા સાબરમતી નદીના કિનારાના કોતરો ખૂંદતા ખૂંદતા છેક ચંદ્રભાગા નદીના સાબરમતી સાથેના સંગમ નજીક આવી લાગ્યા.

તે વખતે મળસકું થવામાં થોડી જ વાર હતી.

બંને જણાએ શરૂઆતમાં કહ્યું તેમ કેદીનો લેબાશ ઉતારી નાટકને લીધે સહેલાઈથી જેલમાં મળી શકેલાં નાગરિકો જેવાં સાદાં કપડાં પહેલી લીધા.

છ વાગતા પહેલાં તો આ શૂરા અને સાહસિક સાથીઓ એમના ભાઈબંધને ત્યાં અમદાવાદ શહેરમાં સુખરૂપ પહોંચી ગયા. આ વાસુદેવ ભટ્ટ આઝાદીબાદ પોંડિચેરીના અરવિંદ આશ્રમમાં એક સાધક તરીકે રહેતા હતા.

ઈ. સ. ૧૯૪૨ના આંદોલન વખતે આવી તો કેટલીય ઘટનાઓ બની હતી.

ગુજરાતના પંચાયત ખાતાના માજી મંત્રીશ્રી ઠાકોરભાઈ દેસાઈએ પણ એ કાળમાં બોમ્બ બનાવવાની કોશિશ કરી જોઈ હતી. એમના ઉપર ધરપકડનું સરકારી વૉરન્ટ પણ છૂટ્યું

હતું. કેટલાક સમય સુધી સરકારની નજર ચુકાવી એ નદીકાંઠા કે એ ઝાડીઝાંખરાની ઓથે છુપાતા રહી ઠામઠામ પગપાળા ફર્યા હતા. વનવગડામાં સૂતા હતા.

છેવટે ઈ. સ. ૧૯૪૩ના મે મહિનાની અધવચમાં એ જાતે પોલીસ સામે હાજર થયા હતા.

આ અને આવા બધા આઝાદીના લડવૈયાઓની અપાર જહેમત, ગજબની દિલેરી, સાહસ, શૂરાતન અને પૂજ્ય બાપુજીએ આખા દેશમાં ત્રણ ત્રણ દાયકા દરમ્યાન જગાવેલી ચેતના અને મરી ફીટવાની તમન્નાને કારણે જ ભારત પોતાની આઝાદી મેળવી શક્યું છે.

આઝાદીના આ સહુ લડવૈયાને આપણા શત શત વંદન હજો.

*



શિર જાવે તો જાવે

ઈ. સ. ૧૯૪૨ની વિરાટ લોકક્રાંતિના સમયની આ વાત છે.

અમદાવાદ શહેર છે.

ઑગસ્ટ અને સપ્ટેમ્બર માસ હજુ હમણાં જ પૂરા થયા છે. ઑક્ટોબર માસ બેસવાની તૈયારી છે.

એવામાં રાયપુરમાં આવેલી પોળમાં રાતના પહોરે બે યુવાનો ભારે ઝડપથી એક મકાનમાં પેસે છે, સડસડાટ કરતા એ ત્રીજે માળે જાય છે. બારીબારણાં બંધ કરે છે. પછી ચૂપચાપ એમના કામમાં પરોવાય છે.

લગભગ સત્તાવીશ અઠ્ઠાવીસ વર્ષની આ યુવાનોની ઉંમર છે.

છેલ્લા કેટલાય દિવસોથી એ બંને દરરોજ રાતના વખતે આ મકાનમાં આવે છે. ત્રીજે માળે જઈ કંઈક ગડમથલ કર્યા કરે છે. મોડી રાત સુધી કામ કરી, વહેલી સવારે પાછા ફરે છે.

એમના જેવા કેટલાક યુવાનો પણ ક્યારેક ક્યારેક આ મકાનમાં આવે છે. નાનાં મોટાં પેકેટો જેવી દેખાતી ચીજો લઈને એ લોકો ચૂપચાપ ત્યાંથી રવાના થાય છે.

બધું જ કામ ભારે શાંતિથી અને ગુપ્ત રીતે ચાલ્યા કરે છે.

હવે તે દિવસે મોડી રાતે એકાએક કમનસીબી આ બંને યુવાનોને ઘેરી લે છે.

કાનના પડદા તોડી નાખે તેવો એક ભયંકર ધડાકો થાય છે. ત્રીજા માળની એમની ઓરડીનાં બારીબારણાં એ ધડાકાને લીધે તૂટી પડે છે. ભીંતો હાલી ઊઠે છે. આગની જ્વાળાઓ એ કમરાને ભરખી રહે છે.

બંને યુવાનો સખત રીતે ઘવાય છે.

મહોલ્લાના લોકો જાગી જાગી છે.

જબરી ધમાલ ધમાલ મચે છે.

જોતજોતામાં બંબો આવી પહોંચે છે.

ઍમ્બ્યુલન્સ આવે છે. સ્ટ્રેચરમાં નાખી એ બંને યુવાનોને ઇસ્પિતાલમાં લઈ જવામાં આવે છે.

ત્યાં તારીખ ત્રીજી ઑક્ટોબર ૧૯૪૨ના રોજ બેમાંના એક યુવાનનું મૃત્યુ થાય છે.

મૃત્યુ પામનાર યુવાનનું નામ છે: નરહરિ રાવળ!

એ અને એનો સાથી એ મકાનમાં પોલીસની નજર ચુકાવી છેલ્લા કેટલાય દિવસોથી બૉમ્બ બનાવવાની કામગીરી કરી રહ્યા હતા. એમણે બનાવેલા કેટલાક બૉમ્બ વડે ક્યાંક ક્યાંક રેલવે લાઇન પણ ઉડાવી દેવામાં આવી હતી.

તે ચુતે આ બૉમ્બ બનાવવાની સામગ્રી એકાએક સળગી જતાં એ ભીષણ અકસ્માત

થયો હતો.

બૉમ્બ બનાવતા બનાવતા આ રીતે શહાદત વહોરનાર આ ભાવનાશાળી તરવરિયો નવયુવાન દિવસે એક વર્તમાનપત્રની કચેરીમાં કારકુની કરતો હતો.

લોકો પાસેથી ઉઘરાણીની રકમ લઈ આવવાનું કામ એને સોંપવામાં આવેલું હતું.

એનો પગાર હતો ફક્ત ત્રીસ રૂપિયા!

કસરતનો એને અનહદ શોખ હતો.

અમદાવાદમાં રોજ એ કાંકરિયા કે નગીનાવાડીમાં કસરત કરવા જતો. આથી એનું શરીર પણ ખૂબ જ કસાયેલું બન્યું હતું.

કારકુની કરતો હતો પણ એનો જીવ એક સાહિત્યકારનો હતો. નાની નાની સરસ મજાની કવિતાઓ પણ તે રચતો. કોઈ કોઈ વાર એનાં કાવ્યો જુદાં જુદાં સામયિકોમાં છપાતાં પણ ખરાં.

૯મી ઑગસ્ટે માતની હાંકલ પડતાં જ એણે પોતાના જીવનનું બલિદાન આપવાનું જાણે નક્કી જ કરી નાખ્યું હતું.

દિવસ આખો ઉઘરાણીની સખત રઝળપાટ કરતો. રાત આખી બૉમ્બ બનાવતો. તે પણ ખૂબ જ છૂપી રીતે. વળી એ બૉમ્બ યોગ્ય વ્યક્તિઓના હાથમાં જાય, એ વાતનું પણ એ ધ્યાન રાખતો.

આ નરહરિની શહાદતે અનેકની આંખમાં તે વેળા આંસુ આણેલા.

૯મી ઑગસ્ટે શરૂ થયેલા એ આંદોલનની યાદ તાજી રહે તે માટે તે પછીના દરેક મહિનાની ૯મી તારીખે ખૂબ જ જલદ કાર્યક્રમો યોજવાનું અમદાવાદના લોકક્રાંતિના નેતાઓએ નક્કી કરેલું.

તે મુજબ દરેક નવમી તારીખે પોલીસો ઉપર, સરકારી કચેરીઓ

ઉપર ભયાનક પથ્થરમારો કરવામાં આવતો. આમાં ખાસ કરીને યુવાન કૉલેજિયનો મોટો ભાગ ભજવતા. પોલીસો હેરાનપરેશાન થઈ જતા. શરૂઆતમાં એ લોકો હવામાં ગોળીબાર કરતા. પછી પથ્થરમારો કરનારા પર સન સન કરતી ગોળીઓ વરસાવતા.

એ વખતે પથ્થરમારો કરનારાઓની એક ખાસ વિશેષતા હતી.

પથ્થરમારો કરી એ સમયના યુવાનો રફૂચક્કર ન થઈ જતા.

એ તો પોલીસને ઉશ્કેરવાને માટે વધુ ને વધુ ઉગ્રતાથી પથ્થરોના વરસાદ વરસાવે જ જતા. પોલીસોને ગુસ્સે કરી એમને પોતાના ઉપર ગોળીબાર કરવાની ફરજ પાડવામાં એમને અનહદ આનંદ આવતો. ગોળીબારથી વીંધાવામાં એ પોતાની જાતને ધન્ય ગણતા. હસતે મુખે આ રીતે શહાદત વહોરવા એ લોકો તલસી રહેતા.

તેમાંય દર મહિનાની ૯મી તારીખે તો એમનો સીનો જ ફરી જતો.

નવમી તારીખે શહાદત પામેલા અમદાવાદના યુવાનોની સંખ્યા ખાસી એવી છે.

ઉમાભાઈ મોતીભાઈ કડિયા નવમી ઑગસ્ટે શહીદ થયા. તે બાદ નાથાલાલ સોમચંદ શાહ નવેમ્બરની નવમીએ, રસિકલાલ ઠાકોરલાલ જાની ડિસેમ્બરની નવમીએ, ગુણવંતરાય માણેકલાલ શાહ ૧૯૪૩ના જાન્યુઆરીની નવમીએ અને વસંતલાલ મોહનલાલ રાવળ ૧૯૪૩ના માર્ચની નવમીએ શહીદ થયા હતા.

એ જ રીતે વિનોદ કિનારીવાળા સપ્ટેમ્બરની ૧૦મીએ તેમ જ પુષ્પવદન ત્રિકમલાલ મહેતા ૧૯૪૩ના જાન્યુઆરીની ૧૦મીએ શહાદત પામ્યા હતા.

આ બધામાં રસિક જાનીએ તો હદ જ કરી હતી. ડિસેમ્બર માસની નવમીની સવારે એ શહાદત પામવાની પ્રતિજ્ઞા લઈને જ નીકળ્યો હતો.

માણેકચોક નજીકની સાંકડી શેરીને નાકે વિદ્યાર્થીઓ અને પોલીસો વચ્ચે જબરું ધીંગાણું જામ્યું એમાં રસિકે ભારે ઉત્સાહ અને ઝનૂનથી આગેવાનીભર્યો ભાગ ભજવ્યો. રીતસરનું જાણે યુદ્ધ જ ચાલવા લાગ્યું. પોલીસોની નેતાગીરી સુલેમાન દેસાઈ નામના ફોજદારના હાથમાં હતી. વિદ્યાર્થીઓનો હુમલો એકદમ ભયંકર બનતાં આ સુલેમાને શરૂઆતમાં હવામાં ગોળીબારો કર્યા.

રસિક એ ગોળીબારો જોઈને વધુ રંગતમાં આવતો ગયો. એણે વધુ ઝનૂનથી ફોજદાર ઉપર સીધો પથ્થરમારો કર્યો. કંટાળીને આખરે સુલેમાન દેસાઈને રસિક પર ગોળી છોડવાની ફરજ પડી.

રસિકની છાતી એ ગોળીથી વીંધાઈ ગઈ. છતાં એક હાથ છાતી ઉપર મૂકી લોહી ચૂતી છાતી સાથે એણે પથ્થરમારો ચાલુ જ રાખ્યો. છેવટે અશક્તિને કારણે બેભાન થઈને એ જમીન પર પટકાયો ત્યારે જ જંપ્યો.

એને ઇસ્પિતાલમાં લઈ જવામાં આવ્યો.

ઇસ્પિતાલમાં મરણ ઝડપથી આવી રહ્યું હતું. તે વખતે પણ એની તો એ સરઘસમાં જ પાછા જવાની ઝંખના હતી. એ કહેતો હતો કે, મને ત્યાં લઈ જાઓ. મારે ત્યાં મરવું છે.

એ વખતે વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓનું આયોજન અમદાવાદની સ્વામીનારાયણ કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય શ્રી રમણિકલાલ શાહના હાથમાં હતું.

એક દિવસ એમની પાસે રસિક ભૂરિયાના નામથી ઓળખાતો એક વિદ્યાર્થી આવ્યો. પોલીસોનો કોઈ પણ હિસાબે નાશ કરવાનો જબરો આવેગ એના મનમાં તે વખતે આવ્યો હતો.

એણે શ્રી રમણિકભાઈને કહ્યું કે, તમે જોઈએ તો મારા આખા શરીર ઉપર ચીંથરાં વીંટો, પછી મને પેટ્રોલમાં બોળો. મારું શરીર સળગાવો અને લશ્કરની છાવણીમાં મને નાંખો જેથી મારી સાથે ફોજની એ આખી બૅરેક સળગી જાય! એમનો દારૂગોળો ફૂટી જાય! એમ ન કરવું હોય તો મને પોલીસચોકી ઉપર સળગાવી એક સળગતા કાકડાની માફક નાખો. જેથી આખી પોલીસચોકી અને પોલીસોનું એક સામટું દફન થઈ જાય.

પોતાની જાતને સળગતો કાકડો બનાવી શહાદત વહોરવા નીકળેલા આ યુવાનની તમન્નાનાં તો કયા શબ્દોમાં વખાણ કરવાં?

એ કાળમાં મિલમાં કામ કરતાં કામદારોએ પણ આ ચળવળમાં હોંશે હોંશે પોતાનો ફાળો આપ્યો હતો.

અમદાવાદમાં ઈ. સ. ૧૯૪૨ની ૯મી ઑગસ્ટથી જ કામદારો હડતાળ ઉપર ઊતર્યા હતા. એમની હડતાલ ખાસી સાડા ત્રણ મહિના સુધી ચાલી હતી. આ હડતાલ તોડાવવા અંગ્રેજ સરકાર માથું પટકીને મરી ગઈ; છતાં હડતાલ તૂટી ન હતી. આખરે મજૂર

મહાજનની વિનંતીને માન આપી, નવેમ્બરની ૨૩મી તારીખે ચોથા ભાગના કામદારોની હાજરી સાથે મિલો શરૂ થઈ હતી.

હડતાળના આ મહિનાઓ દરમ્યાન કામદારોએ પૈસાને લગતી પારાવાર મુશ્કેલીઓ વેઠી હતી, છતાં તેમનો જુસ્સો જરાય નરમ પડ્યો ન હતો.

શહેરમાં ઠેકઠેકાણે લગભગ દરરોજ લાઠીચાર્જ થતા. જુદા જુદા વિસ્તારોમાં અવારનવાર બૉમ્બ ફોડવામાં આવતા.

ઈ. સ. ૧૯૪૨ની એ લડત દરમ્યાન આખા અમદાવાદ જિલ્લામાં કુલ ૧૦૫૭ માણસોની ધરપકડ કરવામાં આવી હતી. ૩૯૭ જણની અટકાયત કરવામાં આવી હતી. ગિરફતાર થયેલાઓમાંથી ૪૩૦ જણને નાની મોટી સજાઓ કરવામાં આવી હતી.

૫૦૦ કરતાં પણ વધુ વિદ્યાર્થીઓ જિલ્લાના ગામડે ગામડે ફર્યા હતા અને લોકોમાં ચેતના આણી હતી. સુધરાઈઓ અને લોકલબોર્ડો ૪ મહિના સુધી મોકૂફ રાખવામાં આવ્યાં હતાં. દુકાનો અને બજારો પણ ખાસા ચાર માસ સુધી બંધ રહ્યાં હતાં.

કુલ ૨૦ જેટલાં સ્થળોએ પોલીસોએ બેફામ ગોળીબાર કર્યો હતો, જેથી ૧૨ જણાએ શહાદત વહોરી હતી. અમદાવાદનાં ૧૮ જેટલાં વીજળી સબ સ્ટેશનોમાં બૉમ્બ ગોઠવવામાં આવ્યા હતા. શહેરના પોલીસ વડાએ બોલાવેલી પોલીસ ઇન્સ્પેક્ટરોની

એક સભા મળી. તે જ વખતે આ અઢારમાંના પાંચ સબ સ્ટેશનોના ભુક્કા થઈ ગયાં હતાં.

ત્રણ પોલીસચોકીઓને ભસ્મીભૂત કરવામાં આવી હતી. યુવાન દેશભક્તોએ ૨૦ જેટલા તારના થાંભલાઓ તોડી નાખ્યા હતા અને જુદાં જુદાં ૧૨ સ્થળોએ બૉમ્બના ધડાકાઓ કર્યા હતા.

આમ ઈ. સ. ૧૯૪૨ની આ લોકક્રાંતિ વખતે ગુજરાતે પણ પોતાનો ગરવો ફાળો આપ્યો છે.

*

શહીદની સહચરી

ઈ. સ. ૧૯૪૨!

સારાય દેશમાં ભારે ઉગ્રતાથી ફેલાયેલું આંદોલન.

બિહાર પ્રાંત!

દેશના બીજા ભાગોની માફક આ પ્રાંતમાં પણ આ વિરાટ આંદોલનની જ્વાળાઓ પ્રકટી ચૂકી છે.

આ બિહાર પ્રાંતમાં માભોમની આઝાદી માટે બનેલા કેટલાક ભારે યાદગાર બનાવોની આ વાત છે.

લોહીના લાલ હિંગળોક અક્ષરો વડે લખાયેલી કુરબાનીના આ ભવ્ય કથાનકો છે.

'કરેંગે યા મરેંગે'ના ગુરુમંત્રના અક્ષરશઃ પાલનની આ જોમભરી વાતો છે.

હજુ તો 'ભારત છોડો'ના ઠરાવ પસાર થયે માત્ર બે જ દિવસ થયા છે.

૧૧મી ઑગસ્ટનો દિવસ છે.

બિહારના પાટનગર પટનામાં એક જગાએ હજારો નવલોહિયા ભેગા મળ્યા છે. એક જબરજસ્ત સરઘસ કાઢવાનું નક્કી કર્યું છે.

પટણાની શેરીઓ ખૂંદી એ સરઘસને ગુલામીના પ્રતીક સમા બિહાર રાજ્યના સચિવાલયમાં

પહોંચવાનું છે.

સચિવાલયની વિશાળ ઇમારતની ટોચે ભારતનો પ્રાણપ્યારો રાષ્ટ્રધ્વજ ફરકાવવાનું વિચારાયું છે.

આ ધ્વજ ચઢાવવા જતાં જો મોત આવીને ભેટે તો મરજીવાની માફક એને વધાવી લેવાની સહુએ તૈયારી રાખેલી છે.

જોતજોતામાં એ સરઘસ એ જમાનાનાં રોમેરોમ શૂરાતન પ્રકટે એવાં સૂત્રો પોકારતું આગળ વધે છે.

રસ્તામાંથી અનેક લોકો આ સરઘસમાં જોડાતાં જાય છે.

જોતજોતામાં એ સરઘસ સચિવાલય પાસે આવી લાગે છે.

સચિવાલયમાં કામ કરતા કર્મચારીઓ એ જંગી જનસમુદાયને જોઈ બહાવરા બની જાય છે.

સચિવાલયના લાટ સાહેબનું કાળજું ફટફડી ઊઠે છે.

સરઘસની મોખરે રહેલા યુવાનો આગના તણખા સમા છે.

વીજળીને વેગે એ સચિવાલયની વિધાનસભાની કચેરીની છેક ટોચે ચઢી જાય છે.

સરઘસમાં હાજર રહેલા લોકોની આંખ ત્યાં મંડાઈ રહે છે.

એ યુવાનોને કોઈ રોકી શકે, કોઈ ટોકી શકે એ પહેલાં તો એ લોકો ભારતની આન અને શાન સમા ત્રિરંગાને વિધાનસભાની ટોચ પર લહેરાવી દે છે.

આખા સરઘસમાં એકઠા થયેલા લોકો 'ભારતમાનો જય', 'આઝાદી ઝિંદાબાદ', 'અંગ્રેજો ચાલ્યા જાઓ' જેવાં સૂત્રો વડે આખું વાતાવરણ ધમધમાવી મૂકે છે.

આ દેખાવ જોઈ સચિવાલયનો વડો લાટ સાહેબ એકદમ અકળાઈ ઊઠે છે.

ભારતના લોકોની, ભારતના યુવાનોની આ હિંમત! આ તાકાત! આ મિજાજ!

વિધાનસભાના મકાન ઉપર ભારતનો ત્રિરંગો ધ્વજ!

એનું માથું એકદમ ફરી જાય છે.

એ તરત જ સહુથી વડા સરકારી અધિકારીને ટેલિફોન કરે છે.

એની પાસેથી આ ગુસ્તીખોર સરઘસ ઉપર ગોળીબાર કરવાનો હુકમ મેળવે છે.

અંગ્રેજ સરકાર વળી ક્યારે આવી પરવાનગી આપવામાં પાછી પડે તેમ છે?

તરત જ ગોળીબારની મંજૂરી મળી જાય છે.

થોડી જ પળોમાં તો પોલીસોનાં ધાડાં ને ધાડાં સરઘસને ઘેરી વળે છે.

પોલીસને ગોળીબારનો હુકમ અપાય છે.

તડ...તડ કરતી ધાણી ફૂટે એમ ગોળીઓ ફૂટે છે.

આ જંગાલિયત ભરેલા ગોળીબારને કારણે અનેક જણા ઘવાઈને જમીન પર પડે છે.

આ ઘવાયેલાઓમાંથી છ જણાં તો ત્યાં ને ત્યાં જ શહાદત પામે છે

હવે આ સરઘસમાં તો નાના નાના કિશોરોથી માંડી ધોળા પળિયાંવાળાં ઘરડાઓ પણ જોડાયા હતા.

એમાંના એક નાના સરખાં કિશોરને પણ પોલીસની એક ગોળી છાતી સોંસરવી વાગી હતી. એ સખત ઘવાયો હતો. એના શરીરની આજુબાજુ લોહીનું ખાબોચિયું ભરાયું હતું.

આમ છતાં એના દેહમાં હજુ જીવ હતો.

આથી એ પાશવી ગોળીબાર પતી ગયા બાદ એ શૂરા કિશોરના બેભાન દેહને ઇસ્પિતાલમાં લઈ જવામાં આવે છે.

માનવતાપ્રેમી દેશભક્ત દાક્તરો આ માસૂમ કિશોરના જાનને બચાવવા જબરી જહેમત ઉઠાવે છે.

થોડી વાર બાદ એ કિશોરને ભાન આવે છે.

એના દેહમાં તો અપાર વેદના થતી હોય છે.

આમ છતાં ભાનમાં આવતાંની સાથે જ એ આંખો પટપટાવતો દાક્તરને પૂછે છે : 'દાક્તર સાહેબ! મને ગોળી ક્યાં વાગી છે? મારી છાતીમાં કે મારી પીઠ પર?'

દાક્તર કહે : 'બેટા! તારી છાતીમાં ગોળી વાગી છે, પીઠમાં નહીં. તું જરા સરખી આ વાતની ફિકર કરતો નહિ.'

દાક્તરના શબ્દો સાંભળતાંની સાથે જ એ કિશોરના ચહેરા પર આનંદની એક લહેરી દોડી જાય છે.

બે પળ માટે એનો ચહેરો મલકી ઊઠે છે.

ત્રીજી પળે તો એનું પ્રાણપંખેરું પાંખો ફફડાવતું ઊડી જાય છે.

દવાખાનામાં હાજર રહેલા સહુ કોઈની આંખો એ બાળકની શૂરવીરતા જોઈ આંસુથી છલકાઈ ઊઠે છે.

જાણે અજાણે સહુના હાથ એ વીર કિશોરના મૃતદેહ તરફ જોડાય છે.

ગુલામીનાં બંધનો તોડવામાં આવા કિશોરોની શહાદતે પણ મોટો ફાળો આપ્યો છે.

*

આ જ ગાળા દરમિયાન બિહારના ભાગલપુર જિલ્લામાં બનેલો એક આવો જ શૂરાતન અને દેશભક્તિથી ભર્યો ભર્યો એક બીજો બનાવ જોઈએ.

આ ભાગલપુરમાં એક મોટા ક્રાંતિકારી આ અરસામાં રહેતા હતા.

એમણે નવયુવાન ક્રાંતિકારીઓની એક ટોળી જમાવી હતી.

આ ટોળીમાં સિયારામબાબુ નામના એક બીજા આગેવાન ક્રાંતિકારી પણ સામેલ થયેલા હતા.

ક્રાંતિકારીઓની આ ટોળીમાં ગજબનું ઝનૂન હતું. ગજબની હામ હતી. અજબનો જુસ્સો હતો!

અવારનવાર આ ટોળીના સભ્યો એકલદોકલ પોલીસો પર હુમલો કરતા.

ક્યારેક નાની નાની પોલીસચોકીઓ ઉપર ધસી જતા.

એમાં હાજર રહેલા પોલીસો સાથે ધીંગાણું મચાવતા.

ચોકીમાં જેટલાં હથિયારો હોય એ લઈ એ લોકો ત્યાંથી રવાના

થઈ જતા.

પોલીસો અને એમના અધિકારીઓ આ ક્રાંતિકારીઓના કરતૂકોથી હેરાન-પરેશાન થઈ ગયા હતા. અનહદ ત્રાસી ગયા હતા.

કોઈ કોઈ વાર બેચાર ચાડિયાઓ પોલીસોને આ ટુકડીના સભ્યોની માહિતી આપવા છૂપી રીતે પહોંચી જતા, પણ આ ટોળીના સભ્યો ભારે સાવધ રહેતા. એમને આવા દગલબાજોની ચાલબાજીની તરત જ ખબર પડી જતી.

એક વાર ખબર પડી જાય કે પછી એ ચાડિયાનું આવી જ બનતું.

લાગ જોઈ આ તેજસ્વી ટોળીનો કોઈ ને કોઈ સભ્ય એ ચાડિયા ઉપર હુમલો કરતો. એનાં નાક-કાન કાપી એને બાંડિયો બૂચો બનાવી દેતો.

સરકારી નોકરો અને પોલીસો ઉપર પણ આ ટોળીનો જબરો ધાક હતો.

સહુ કોઈ એનું નામ પડતાંની સાથે જ પાંદડાની માફક થર થર ધ્રૂજવા લાગતું.

પોલીસોના અનેક ધમપછાડા છતાં આ ટોળીના વફાદાર દેશપ્રેમી સભ્યો ક્યારેય પણ પોલીસને હાથ ચઢ્યા ન હતા.

*

આ જ રીતે પોલીસો ઉપર જબરજસ્ત ધાક બેસાડી દે એવો બનાવ બિહારના મુઝફ્ફરપુરમાં બન્યો હતો.

આ મુઝફ્ફરપુરમાં બાજપટ્ટી નામક એક સ્થળે એક દિવસ લોકોની એક ગંજાવર મેદની એકઠી થઈ હતી.

બધા ભારે મિજાજમાં હતા.

એવામાં કેટલાક પોલીસ અધિકારીઓ આ જનમેદની સામે ચેડાં કરવા ગયા.

લોકોનો મિજાજ ગયો.

એકાદ દરિયાઈ તોફાનની માફક એ લોકો આ પોલીસો અને તેના અધિકારીઓ પર તૂટી પડ્યા.

જબરી ધમાલ મચી રહી.

લોકોની સંખ્યા ખૂબ મોટી હતી.

વળી બધા ઉશ્કેરાયેલા હતા.

આથી બધા ભારે રોષથી પોલીસ અધિકારીઓ પર તૂટી પડ્યા.

થોડા જ સમયમાં તો કેટલાય પોલીસ અધિકારીઓ આ ઝપાઝપીમાં યમઘેર પહોંચી ગયા.

આ બાજુ પોલીસોએ પણ લોકો ઉપર જુલમ ગુજારવામાં કોઈ કમીના રાખી ન હતી.

*

બિહારમાં આ રીતે થઈ ગયેલા અનેક શહીદોમાં ફૂલેનાપ્રસાદનું નામ સોનેરી અક્ષરે કોતરાયેલું રહેશે.

આ ફૂલેનાપ્રસાદ પણ એક વિશાળ સરઘસની આગેવાની લઈ સરકારી કચેરી ઉપર કૂચ કરી ગયા હતા.

કચેરી ઉપર ત્રિરંગો લહેરાવવાની એમની ઇચ્છા હતી.

એક હાથમાં સખ્તાઈથી ધ્વજ પકડી બીજે હાથે દેશભક્તિ અને શૂરાતનથી ભર્યાંભર્યાં સૂત્રો ઝનૂનથી સરઘસ પાસે બોલાવતા એ આગળ વધતા હતા.

કચેરી હવે ઝાઝી દૂર રહી ન હતી.

તેવામાં એકાએક એમની સામે પોલીસોની ટુકડીની એક મોટી

દીવાલ ખડી થઈ ગઈ.

પોલીસોએ એમને આગળ વધતા અટકી જવાનો હુકમ કર્યો.

પણ એવા પોલીસોના હુકમની પરવા કરે એવી કાચી માટીના ફૂલેનાપ્રસાદ બનેલા ન હતા.

એ તો ભારે શાંતિથી સૂત્રો પોકારતા આગળ વધે જ ગયા.

એમની સાથે જ એમના જેવાં જ રણશૂરા અને પ્રખર દેશભક્ત, એમનાં અર્ધાંગના પણ આગળ કદમ બઢાવી રહ્યાં હતાં.

એમનું નામ હતું : તારાવતી.

એ બેની પાછળ કેટલાય શૂરા યુવાનો હતા.

એમને ખૂબ જ નજીક આવી ગયેલા જોઈ પોલીસ અધિકારીએ એમને રોકવા માટે તરત જ ગોળીબારનો હુકમ આપ્યો.

બીજી જ પળે ધાંય...ધાંય... ધાંય... કરતી ગોળીઓનો વરસાદ વરસ્યો.

આમ છતાં વીર ફૂલેનાપ્રસાદ જરા સરખા ખચકાયા નહીં.

એ તો બસ આગળ વધે જ ગયા.

ગોળીઓને એમણે જાણે ગુલાબનાં ફૂલ માની લીધા.

એમની સાથે એ સરઘસમાં સામેલ હતા એ લોકોએ જણાવ્યા

પ્રમાણે એ વીરનરના શરીરમાં એક નહીં... બે નહીં... પણ આઠ આઠ ગોળીઓ ઘૂસી ગઈ હોવા છતાં પણ એ ભારે ઝનૂનથી જીવ પર આવીને આગળ વધે જ જતા હતા.

અંતે નવમી ગોળી ધડાક કરતી એમના શરીરમાં ઘૂસી.

જબરી જીવલેણ એ ગોળી હતી.

એ વાગતાંની સાથે જ અત્યાર સુધી અણનમ રહેલા એ યોદ્ધાના પગ લથડ્યા.

ધમ કરતાં એ જમીન પર ફસકાઈ પડ્યા.

એમનાં પત્ની તારાવતીએ આ નજરે જોયું પણ ખરું

એ એક પળ માટે થંભી ગયાં.

પણ બીજી જ પળે એમણે એક છલંગ મારી.

ફૂલેનાપ્રસાદના જમીન પર ઢળેલા શરીરની પાસે એ આવીને પડ્યાં.

ઝટ કરતો એમણે એમની સાડીના એક છેડામાંથી પાટો ફાડ્યો.

લોહીલુહાણ બની ગયેલા પોતાના વહાલસોયા પતિના શરીરમાંથી નીકળતું લોહી એમણે લૂછી નાખ્યું.

માથા ઉપર ઝડપથી પાટો બાંધ્યો.

પછી લગભગ અડધા મરણ પામેલા પોતાના પતિને જમીન પર ઢળેલા છોડી એ વીરાંગના આગળ વધ્યાં. જાણે કંઈ પણ બન્યું ન હોય તેમ.

ફૂલેનાપ્રસાદના હાથમાંથી રાષ્ટ્રધ્વજ લઈ કેટલાક યુવાનો ભારે ઝડપથી કચેરીમાં પહોંચી ગયા હતા.

તારાવતી પણ ઝટઝટ પોલીસોની હરોળ ભેદી એમની પાસે પહોંચી ગયાં.

એમણે રક્તના કેસરિયા છાંટણે છંટાઈ અનહદ પવિત્ર બની ચૂકેલા ત્રિરંગાને એ કચેરીના આંગણામાં ફરકાવવામાં એ યુવાનોને મદદ કરી.

ધ્વજ ફરકતાંની સાથે જ તારાવતીના ચહેરા પર આનંદની લેરખી ફેલાઈ ગઈ.

એ તરત જ એમના ઘવાયેલા પતિ પાસે પાછાં ફર્યાં, પણ હવે મોડું થઈ ગયું હતું.

પોતાનું આદરેલું અધૂરું રહેતાં એને પૂરું કરવા જઈ રહેલી પોતાની પત્નીની શૂરવીરતાની છેલ્લી ઝલક જોઈ ફૂલેનાપ્રસાદે કાયમને માટે આંખો મીંચી લીધી હતી.

ધન્ય છે ફૂલેનાપ્રસાદને!

ધન્ય છે એ વીર શહીદની સહચરી તારાવતીને! જેણે મરણતોલ ઘવાયેલા પોતાના દેશભક્ત પતિને કોરણે મૂકી રાષ્ટ્રધ્વજ લહેરાવવાના પુનિત કામને અધિક વહાલું ગણ્યું!

ધન્ય છે આ દંપતિની દેશદાઝને!

*

उन शहीदोंकी यादमें जिन्होंने
अपने ख़ूनसे वतनके बागको सींचा

કરેંગે યા મરેંગે

ઈ. સ. ૧૯૪૨! ઑગસ્ટ મહિનો! નવમી તારીખ!

મુંબઈમાં કૉંગ્રેસની ઐતિહાસિક બેઠક મળી. પંડિત જવાહરલાલે 'અંતિમ લડત'ને લગતો ઠરાવ કૉંગ્રેસ સમક્ષ રજૂ કર્યો.

બાપુજીએ 'કરેંગે યા મરેંગે'નું અંતિમ સૂત્ર લોકોને આપ્યું અંગ્રેજોને ભારત છોડવાનો આદેશ આપ્યો.

જનતા આખીએ પોતપોતાની રીતે આ આદેશને અમલી બનાવવાનો પ્રયત્ન કરવા માંડ્યો. દેશભરમાં ખૂણેખૂણે મોટાં આંદોલનો થયાં!

ઈ. સ. ૧૯૪૨ના આ સંગ્રામની આ એક નાનકડી, બહુ ઓછી ઉલ્લેખાયેલી વાત છે.

ભારતની ઈશાન સરહદ!

આસામનો વનરાઈ આદિવાસી જનતા વડે ઓપતો [illegible] પ્રદેશ!

ભારત પર ચીને કરેલાં આક્રમણ વખતે ખૂબ જ મશહૂર બની ગયેલું તેજપુર ગામ! આ તેજપુરથી ફક્ત ૧૬ માઈલ દૂર ઢેકાઈજુલી નામનું એક સ્થળ આવેલું છે. આ વિભાગમાં અહીંના જંગલ વિસ્તારમાં રહેતા પહાડી લોકો તથા ચાના બગીચાઓમાં કામ કરતા મજૂરોની સંખ્યા ખૂબ મોટા



પ્રમાણમાં હતી!

અહીંની આ વસ્તીએ આ સ્થળે આવેલી પોલીસચોકી ઉપર આપણો રાષ્ટ્રધ્વજ ફરકાવવાનું નક્કી કર્યું.

એક વિશાળ સરઘસ નીકળ્યું.

સિપાહીઓએ શાંતિથી ચાલ્યા આવતા આ સરઘસને રોક્યું.

સરઘસના નેતાઓએ ખૂબ જ શાંતિથી પોતાની માંગણી થાણાના વડા અધિકારી પાસે રજૂ કરતાં કહ્યું : 'અમારે આ થાણા ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવવો છે.'

આવી માંગણી સત્તાના મદથી ગાંડાતૂર બનેલા પોલીસો સાંભળે ખરા! એમણે તો ધડાધડ પોતાની બંદૂકોમાંથી આંખો મીંચીને ગોળીઓ છોડવા માંડી. આ બેફામ ગોળીબારને કારણે ૨૦ જેટલી વ્યક્તિઓ તો ત્યાં જ ઢળી પડી શહીદ બની.

આ શહીદોમાં ફક્ત બાર વર્ષની ઉંમરની એક માસૂમ કિશોરી પણ હતી. એનું નામ ફૂલેશ્વરી હતું.

આટઆટલી કુરબાની અંતે એળે તો ન જ ગઈ! જનતાએ પોલીસોની અને તેમના ગોળીબારોની રજમાત્ર પણ પરવા કર્યા વિના એ થાણા ઉપર છેવટે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો જ!

આ આખાય વિસ્તારમાં વનવાસીઓની વસ્તી ખૂબ જ મોટા પ્રમાણમાં છે.

સ્વતંત્રતાની ઝંખના અબોધ, અસંસ્કારી અને સાવ પછાત તરીકે આજ સુધી ઉવેખાયેલા આદિવાસીઓમાં જાગે, એ હકીકત

જ અંગ્રેજ સરકારથી કેમ કરી સહી જાય?

એ આદિવાસીઓને તો સીધા જ કરે છૂટકો!

તાબડતોબ લશ્કરની એક મોટી ટુકડી આ સ્થળે રવાના કરવામાં આવી.

એ ટુકડીએ આ વિસ્તારમાં અત્યાચાર વર્તાવ્યો! એમની જંગાલિયત આગળ જૂના વખતના તાર્તારો બર્બરકો, ચંગીઝખાન કે ખુદ નાદિરશાહ પણ પાણી ભરે.

તેજપુર નજીકના જ એક ગામમાં એક મેળો ભરાયો હતો.

આ મેળો મહાલવા હજારો આદિવાસીઓ આજુબાજુના પ્રદેશમાંથી ત્યાં આવ્યા હતા! એમને આ ચળવળ સાથે કે સરઘસ સાથે કોઈ જાતની લેવાદેવા નહોતી. આમ છતાં સત્તાના મદથી ચકચૂર બનેલા એ મૂર્ખ સૈનિકોએ એમ માન્યું કે આ મેળામાં અંગ્રેજ સરકાર વિરુદ્ધ કોઈ ષડ્યંત્ર રચાઈ રહ્યું છે. પરિણામે એ જડસૂસોએ મેળાના નિર્દોષ સહેલાણીઓ ઉપર આંધળો ગોળીબાર કર્યો.

સોળ જેટલી વ્યક્તિ ત્યાં ને ત્યાં જ મરણ પામી.

સો કરતાં પણ વધુ વ્યક્તિઓ ઘવાઈ.

મૃત્યુ પામેલી વ્યક્તિઓમાં છ તો બહેનો હતી. એમાંની એક બહેન તો સગર્ભા હતી.

એ રાક્ષસી લશ્કરી અમલદારો એ નિઃશસ્ત્ર નિર્દોષ પ્રજા ઉપર આમ ગોળીબાર કરીને જ જંપ્યા નહીં. એમાંનો એક અમલદાર ફરતો ફરતો

ફરતો આ ગામની હૉસ્પિટલમાં જઈ પહોંચ્યો.

ત્યાં એણે ખૂબ જ ઘવાયેલી સ્થિતિમાં પડેલા એક માણસને જોયો. એનું લોહી ઊછળી આવ્યું હતું. એને થયું કે આ વ્યક્તિ જરૂર પેલા મેળામાં સામેલ હશે. ત્યાં જ એ ઘવાઈ ગઈ હશે. હજુ સીધી એ મરી કેમ ન ગઈ? લાવ એને હું પૂરી કરું ઝપ કરતી એણે કમરપટ્ટામાંથી રિવૉલ્વર ખેંચી કાઢી, કોઈ પશુને મારતો હોય એવા ઠંડે કલેજે એ દરદીને વીંધવા નિશાન તાક્યું. એની રિવૉલ્વરમાંથી ગોળી છૂટી જ હોત, પરંતુ ઇસ્પિતાલનો દાક્તર ત્યાં મોજૂદ હતો. એણે એ અધિકારીને ખાતરી આપી કે આ દરદી પેલા મેળામાં થયેલા ગોળીબારથી ઘવાયેલો નથી, ત્યારે જ એ જુલ્મી અધિકારીએ પોતાની રિવૉલ્વર મ્યાન કરી.

આ બેસિતમ અત્યાચારોની ખબર તેજપુર પહોંચી.

તરત જ ત્યાં એક મોટી સભા ગોઠવવામાં આવી.

આ સભામાં આજુબાજુના ગ્રામવાસીઓ ભાગ ન લઈ શકે એ માટે સશસ્ત્ર સૈનિકોનો રસ્તાઓ પર પહેરો મૂકી દેવામાં આવ્યો. આમ છતાં પણ ચોરી-છૂપીથી અનેક લોકોએ એ સભામાં હાજરી આપી. પોલીસની ઇચ્છા હતી કે કોઈપણ હિસાબે એ જનતા ઉપર ભયંકર દાબ બેસાડી દે! કોઈપણ જાતનું આંદોલન કરવાની એમનામાં હિંમત જ ન ઊભી થાય એવી પરિસ્થિતિ પેદા કરે. જો આમ થાય તો જ આસામના એ મોટા વિસ્તારમાં શાંતિ જળવાઈ રહે.

એમણે લોકો ઉપર હુકમનામું બહાર પાડ્યું કે, કોઈએ સભા ન ભરવી. પણ 'કરેંગે યા મરેંગે'નું સૂત્ર જેના રોમેરોમમાં ગાજતું હતું એ જનતા કદી એવો ચંગીઝખાની હુકમ બરદાસ્ત

કરે ખરી કે?

લોકોએ લશ્કરી ફરમાનની ઉપરવટ જઈ સભા ભરી.

ભયંકર ગોળીબાર થયા. સો કરતાં પણ વધુ વ્યક્તિઓ ઘવાઈને જમીન પર ઢળી.

આવા તો કંઈ અત્યાચારો આખા આસામમાં થયા.

એમાં ખાસ કરીને જોલાછોટ, છોટિયા, બેહલા, ચારીગાંવ, હાથીગઢ વગેરે સ્થળોએ પોલીસદમને માઝા મૂકી હતી.

રોહા નામના એક સ્થળે એક હાઈસ્કૂલ ઉપર ત્રિરંગો ફરકી રહ્યો હતો. શાળામાં વિદ્યાર્થીઓ તો આવતા ન હતા, પરંતુ શિક્ષકો નિયમિત હાજર થતા હતા. એક દિવસ એ અંગ્રેજ અમલદાર આ શાળા પાસેથી પસાર થયો. એણે શાળાની ઇમારત ઉપર ત્રિરંગો લહેરાતો જોયો! એની આંખમાં લોહી ઊપસી આવ્યું.

ધસમસતો એ શાળાના મકાનમાં ગયો.

શાળાના થોડા શિક્ષકો ત્યાં હાજર હતા.

એણે એમને ત્રિરંગો ઉતારવા હુકમ કર્યો.

શિક્ષકોએ સાફ ના પાડી દીધી.

પેલા અંગ્રેજ અફસરનો મિજાજ સાતમા આસમાને ગયો. એણે પેલા શિક્ષકોને ગાંડાની માફક ઝૂડવા શરૂ કર્યા. આમ છતાં પેલા શિક્ષકો ન ડગ્યા. માદરે વતનનો ધ્વજ ઉતારવા એ તૈયાર ન હતા.

પેલા ગોરાએ છેવટે એ શિક્ષકોને ગોળીબાર કરી વીંધી નાખ્યા.

રાષ્ટ્રધ્વજના ગૌરવને સાચવવા આમ એ શિક્ષકોએ હસતે મુખે એમના જાનની આહુતિ આપી.

દેશ ખાતર દીધેલાં આવાં બલિદાનો સદા અમર રહેશે.

*

હમ આજ હી મરને વાલે હૈં

ગુજરાત રાજ્યના પૂર્વ સીમાડે હાલ મહારાષ્ટ્રમાં આવેલું નંદરબાર નામનું નગર છે.

ઈ. સ. ૧૯૪૨ની સાલ છે.

સપ્ટેમ્બર માસની નવમી તારીખ છે.

આગલા એટલે કે ઑગસ્ટ મહિનાની નવમી તારીખે મહાત્મા ગાંધીજીએ અંગ્રેજોને આપેલા એલાનને બરાબર એક મહિનો થયો છે.

૧૯૪૨ના સંગ્રામના આરંભની એ માસિક તિથિ છે.

આ તિથિને ઊજવવાનું નંદરબારના રાષ્ટ્રભાવનાથી ભારોભાર ભરેલા નાગરિકોએ નક્કી કર્યું છે.

વહેલી સવારે પ્રભાતફેરી.

પછી સરઘસ.

પછી સભા.

એવો કાર્યક્રમ ગોઠવાયો છે.

કાર્યક્રમ અનુસાર ખૂબ વહેલી સવારે પ્રભાતફેરી નંદરબારની શેરીએ ફરવા નીકળી છે. આ પ્રભાતફેરીમાં અનેક વિદ્યાર્થીઓ જોડાયા છે. નવયુવાનો જોડાયા છે.

મોટી ઉંમરનાં સ્ત્રીપુરુષો પણ એમાં સામેલ છે.

પ્રભાતફેરીમાં એક પછી એક પ્રભાતિયાં ગવાય છે. સાથે સાથે દેશભક્તિનાં ગીતોની રમઝટ પણ સંભળાય છે. યુદ્ધગીતો પણ એમાંથી બાકાત નથી.

મડદામાં પણ પ્રાણ પૂરે એવાં શૂરાતનભર્યાં એ ગીતો છે.

પ્રભાતફેરીની છેક આગળ એક નવલોહિયો યુવાન છે.

એનું નામ છે શિરીષચંદ્ર પુષ્પેન્દ્ર મહેતા.

એની સરદારીની નીચે આગળ વધી રહેલી આ પ્રભાતફેરીમાં ગવાતા એક યુદ્ધગીતના શબ્દો આ પ્રમાણે છે :

'સોનેવાલે જાગ ઊઠે હમ,
આજ હી મરનેવાલે હૈ.'

ગીત ગાનારાઓને ખબર ન હતી કે એમના એ શબ્દો સાચા પડવાનું નિર્માણ થઈ ચૂક્યું છે.

પ્રભાતફેરી આખા ગામમાં ફરીને ચોકમાં આવી વિખરાઈ ગઈ.

પણ શિરીષકુમારને આજે જંપ નથી.

સવારના દસ વાગ્યાનો સમય થયો છે.

નંદરબારની હાઈસ્કૂલ પાસે વિદ્યાર્થીઓનાં ટોળેટોળાં એકઠાં થયાં છે.

શિરીષકુમાર ત્યાં આવી લાગ્યો.

એણે વિદ્યાર્થીઓને પડકાર્યા : 'આજે આઝાદી માટેના આપણા જંગની માસિક તિથિ છે. આપણે કરેંગે યા મરેંગેનો બાપુજીનો આદેશ પૂરો કરવાનો છે. અંગ્રેજોની આપણા દેશમાંથી હકાલપટ્ટી કરવાની છે. આજે એકેએક વિદ્યાર્થીનો ધર્મ છે કે શાળા-કૉલેજમાં હડતાલ પાડવી. કાયરતા છોડી કુરબાનીને પંથે આગળ વધવું.'

વિદ્યાર્થીઓ શિરીષકુમારના શબ્દોને તાળીઓના ગડગડાટ વડે વધાવી લે છે.

એની હાકલને ઝીલવા થનગની રહે છે.

તરત જ શાળાના પટાંગણ પાસેથી જ એક સરઘસ નીકળે છે. એનો આગેવાન છે શિરીષચંદ્ર.

ગામમાં ઠેર ઠેર હડતાલ પડાવતું લોકોને સરઘસમાં સામેલ થવાની વિનંતી કરતું એ સરઘસ નંદરબારની ગલીએ ગલીએ ફરે છે.

ગામના બીજા જુવાનો, નાગરિકો અને વેપારીઓ પણ એ સરઘસમાં જોડાય છે. એકેએક જણમાં અજબ ચેતના ફેલાય છે.

નંદરબારમાં આઝાદી માટે થયેલી લડતના ઇતિહાસમાં આવું જંગી મોટું સરઘસ પહેલી વાર જ નીકળ્યું છે.

નંદરબારના ગાંધીચોકમાં આવી લાગેલું એ સરઘસ એક સાંકડે રસ્તે થઈ માણેકચોકમાં પહોંચે છે.

તરત જ સામેથી પોલીસોની એક મોટી ટુકડી આવીને એમની સામે ઊભી રહે છે.

આ પોલીસના હાથમાં લાઠીઓ છે. ગોળીઓ ભરેલી બંદૂકો છે. બંદૂકો પર અણીદાર સંગીનો છે.

પોલીસોનો અધિકારી સરઘસને ત્યાં થોભવા હુકમ કરે છે.

સરઘસ ત્યાં જરા વાર થોભે છે.

ફોજદારનો બીજો હુકમ છૂટે છે : 'સરઘસને વિખેરી નાખો.'

સરઘસમાં એકઠાં થયેલા સહુ કોઈ વીખરાવાની સાફ ના પાડે છે.

પોલીસોની ચેતવણી અને ધમકીને ઘોળીને પી જાય છે.

તરત જ ફોજદાર લાઠીમાર કરવાનો હુકમ આપે છે. ધડાધડ, ફડાફડ કરતી લાઠીઓ વીંઝાય છે. અનેક કિશોરો, નવલોહિયાઓ

ઘવાય છે. એમનાં માથાં ફૂટે છે. એમનાં અંગ લાલચટ્ટક લોહીથી કેસૂડાના ફૂલથી જેમ ખાખરો શોભે તેમ શોભી રહે છે. પણ કોઈને ઈજાની કે પીડાની કશી જ તમા નથી.

એવામાં ક્યાંકથી એક અજાણ્યો માણસ ત્યાં આવી ગયો લાગે છે.

એને આ ફોજદારની સામે કોઈ પુરાણું અંગત વેર છે. એ ક્યારનો આ ફોજદારનું કાટલું કાઢવાની તક જ શોધી રહ્યો છે.

આજે એને અનાયાસે એ તક મળી રહે છે.

ખીસામાંથી એ એક ધારદાર છરો બહાર કાઢે છે.

ફોજદારને કે સરઘસના બીજા કોઈને એ શું કરે છે, એની સમજ ના પડે એ પહેલાં તો એ ચિત્તાની માફક ફોજદાર ઉપર ત્રાટકે છે.

પાંપણના પલકારામાં એનો છરીવાળો હાથ ઊંચો થાય છે.

સૂરજના તેજમાં ઝળાંહળાં થતી છરી ઝટ કરતી ફોજદારની છાતીમાં ખૂંપી જાય છે.

આથી વાતાવરણ એકદમ તંગ બની જાય છે.

લાઠીમારને બદલે હવે ગોળીબારનો પોલીસોને હુકમ કરવામાં આવે છે.

એક તો આ પોલીસોને તાજા જ ભરતી કરવામાં આવ્યા હતા.

બીજું એ દિવસે લોકો ઉપર ભયંકર જુલમ ગુજારવાને માટે એમને દારૂ પાઈને ચકચૂર કરવામાં આવ્યા હતા.

સરઘસની સહુથી આગળ નાની નાની બાળાઓ હતી. પોલીસના અમાનુષી લાઠીમારને કારણે એ બાળાઓ નીચે બેસી

ગઈ હતી.

આથી શિરીષકુમાર અને બીજા થોડા યુવાનો એકદમ આગળ ધસી આવ્યા.

પોલીસોની બંદૂકોમાંથી વછૂટતી ગોળીઓ પોતાની છાતીમાં ઝીલી લેવાની એમની ઇચ્છા હતી.

નાની નાની બાલિકાઓનું જડસુ પોલીસોની લાઠીઓ અને ગોળીઓ સામે રક્ષણ કરવાની એમની મંગલકામના હતી.

ધડીમ કરતી એક ગોળી છૂટી.

નજીકમાં એક ગાય ઊભી હતી.

ગાયને એ ગોળી વાગી.

વેદનાથી બરાડા પાડતી ગાય ત્યાં જ તરફડીને મરણ પામી. સરઘસના લોકોએ જોઈ ત્રાસી ઊઠ્યા.

હવે પોલીસોએ પેલી બાલિકાઓ સામે બંદૂકો તાકી.

શિરીષકુમાર પોલીસોની સામે પવનવેગે ધસ્યો.

એણે પડકાર કર્યો : 'અરે કાયરો! આ ગાય જેવા મૂંગા પ્રાણી અને કબૂતર સમી આ નાની બાલિકાઓ ઉપર શા માટે ગોળીઓ છોડો છો? ગોળીઓનો વરસાદ વરસાવવો હોય તો વરસાવો મારા ઉપર. તમારી સામે જ ઊભો છું. મારા સાથીઓ પણ છાતી કાઢીને તમારી ગોળીઓ ઝીલવા તૈયાર છે. અમે સહુ મરવાને માટે તૈયાર જ છીએ. ચલાવો તમારી બંદૂકો! છોડો તમારી ગોળીઓ!'

તરત જ નર્યા પશુ જેવા એ જડસુ નશાખોર પોલીસોએ ગોળી છોડી.

પહેલી ગોળી સીધી શિરીષની છાતીમાં વાગી. ઘામાંથી ભખભખ કરતું લોહી વહેવા લાગ્યું. કેસરિયાં કર્યાં હોય એમ એનાં

કપડાં લોહી વડે રાતાંચોળ બની ગયાં.

આમ છતાં જરા સરખો પણ એક ઊંહકારો કર્યા વિના શિરીષ અડગ ઊભો રહ્યો. એણે ફરીથી પોલીસને પડકાર કર્યો : 'ચલાવો તમારી ગોળી.

ધડ કરતી બીજી ગોળી છૂટી.

એના શરીર સોંસરવી નીકળી એ બહાર ચાલી ગઈ.

તોપણ શિરીષ ભારે જુસ્સાથી પહાડની માફક ત્યાં ઊભો રહ્યો.

એવામાં સનનન્ કરતી એક ત્રીજી ગોળી આવી.

હવે શિરીષનું શરીર સહેજ લથડ્યું. આમ છતાં એ તો ટટ્ટાર ઊભા રહેવાની કોશિશ કરતો જ હતો. એવામાં એક જંગલી જેવો પોલીસ ગાંડાની માફક એના ઉપર ધસ્યો. એના હાથમાં એની બંદૂક હતી. ધમ કરતો એણે એની એ બંદૂકનો કુંદો શિરીષના માથામાં માર્યો.

'વંદેમાતરમ્'ના લલકાર સાથે એ શૂરો શિરીષ જમીન પર ઢળી પડ્યો.

ગોળીઓની આ રમઝટને કારણે બે નાની નાની બાલિકાઓ પણ ઘવાઈ હતી.

એ બંને બાલિકાઓ વેદનાથી થોડા સમય સુધી ચીસો પાડી મરણ પામી હતી.

શિરીષ જમીન ઉપર ઢળી પડ્યા બાદ પણ એ ઘાતકી પોલીસોએ શિરીષના સાથીઓ ઉપર અને સરઘસ ઉપર ગોળીબાર ચાલુ જ રાખ્યો હતો.

ફૂલ જેવાં કુમળાં બાળકોની હત્યા કરતાં એમનો જીવ જરાય કંપ્યો ન હતો.

શિરીષ અને પેલી બે બાળાઓની શહીદીથી એમને સંતોષ થયો ન હતો.

આથી થોડી જ વારમાં એમની એ ખૂની ગોળીઓએ બીજા ચાર કિશોરોનો ભોગ લીધો. 'હમ આજ હી મરને વાલે હૈં' એ ગીતના શબ્દો સાવ સાચા પડ્યા.

આ ચારમાં ધનસુખલાલ ગોરધનદાસ શાહની ઉંમર ૧૨ વર્ષની હતી. લાલદાસ બુલાખીદાસ શાહની ઉંમર ૧૪ વર્ષની હતી. ઘનશ્યામ ગુલાબચંદ શાહની ઉંમર ફક્ત ૮ વર્ષની હતી. જ્યારે શશીધર નીલકંઠ કેતકરની ઉંમર ૧૦ વર્ષની હતી.

આમ એ જાલીમ નરપિશાચ સમા પોલીસોએ ચાર દૂધમલ બાળકોને જરા પણ દયા રાખ્યા વિના વીંધી નાખ્યા.

આમ તે દિવસે નંદરબારનો માણેકચોક શહીદોના લોહીથી રંગાઈ ગયો.

એ જગા એક પવિત્ર ભૂમિ બની ગઈ. એક પરમતીર્થ બની ગઈ. નંદરબારનો એ ચોક એક ગૌરવભર્યું સ્થળ બની ગયો.

નંદરબારના લોકોએ આ શહીદોની યાદમાં ત્યાં એક સ્મારક પણ ઊભું કર્યું છે. નંદરબાર બાજુ જવાનું થાય તો એ જરૂર જોજો. સુરતથી નાગપુર, જલગાંવ, ભુસાવળ જતી ટ્રેનના માર્ગમાં ગુજરાતનો સીમાડો છોડ્યા બાદ તરત જ આ નગર આવે છે.

આ માસૂમ નવલોહિયાઓની ગૌરવભરી કુરબાની નૂતન ભારતના કિશોરો કદી વીસરવાના નથી.

*

નામ મારું છે "આઝાદ"

ઉત્તરપ્રદેશનું અલ્હાબાદ નગર છે.

આ નગરમાં આવેલો ઑલ્ફ્રેડ બગીચો છે.

ઈ. સ. ૧૯૩૧નો ફેબ્રુઆરી માસ ચાલે છે.

સત્તાવીસમી તારીખનો એ દિવસ છે.

સવારના આશરે દસેક વાગ્યાનો સુમાર છે.

સૂરજનો કૂણો કૂણો તડકો શિયાળાની એ સવારે ખૂબ હૂંફાળો લાગે છે.

આ બગીચામાં બે યુવાનો ઝટપટ કરતા આવે છે.

એક જગ્યા ઉપર શાંતિથી બેસી જાય છે.

આ બેમાંના એક યુવાનનું શરીર મોટા મલ્લ જેવું છે. એમના કપાળ ઉપર નર્યું તેજ લખલખે છે. એમના ચહેરા પર અજબ પ્રકારની ખુમારી તરવરે છે.

એમની સાથેના યુવાનનું નામ છે: સુખદેવ રાજ.

બંનેના ચહેરા પર થોડી ચિંતાની રેખાઓ દેખાય છે.

હજુ થોડા જ સમય પહેલાં એમણે અલ્હાબાદના ચોકથી કટરા તરફ જતા એક રસ્તા ઉપર કેટલાક વખત પહેલાંનો એમનો એક સાથીદાર જોયો છે.

એ સાથીદારનું નામ છે: વીરભદ્ર તિવારી!

આમ તો એ ક્રાંતિકારી હતો.

કાકોરી લૂંટ કેસમાં એને પણ પોલીસે ગિરફતાર કર્યો હતો.

આમ છતાં કોણ જાણે શાથી પણ કોઈ અજબ રીતે એને

છોડી મૂકવામાં આવ્યો હતો.

પોલીસ એના હડહડતા દુશ્મનસમા ક્રાંતિકારીઓને કોઈ ખાસ કારણો વિના છોડી ન જ દે એ તો દેખીતું હતું.

આથી વીરભદ્રના જેલમાંથી બહાર આવ્યા બાદ મોટા ભાગના એના સાથી ક્રાંતિકારીઓ એના પર જરા સરખો વિશ્વાસ રાખતા ન હતા.

જોકે આ વીરભદ્રમાં સામાને પાણીપાણી કરી નાખવાની પહેલેથી જબરી તાકાત હતી. એને લીધે શરૂશરૂમાં એ ક્રાંતિકારીઓમાં આગળ પડતું સ્થાન મેળવી શક્યો હતો.

આમ છતાં એને માટે એમ કહેવાય છે કે એ એક લાંચિયો ફૂટી ગયેલો અમીચંદ હતો.

ક્રાંતિકારીઓની અનેક છૂપી બાતમી એણે જ પોલીસને પહોંચાડી હતી.

બગીચામાં બેઠેલા પેલા વિરાટ દેહ ધરાવતા યુવાને અનેક વાર આ બેવફા માણસને હાથે ખત્તાં ખાધાં હતાં. આમ છતાં એમના ભોળા સ્વભાવને લીધે એ ક્રાંતિકારીઓની ટોળીમાં સ્થાન પામતો રહ્યો હતો.

જોકે છેલ્લા કેટલાક વખતથી તો આ યુવાન પણ એને માટે એકદમ શંકાશીલ બની ગયા હતા. એ પેટભરા લાંચિયા કુત્તાથી એ દૂર જ રહેવાની કોશિશ કરતા હતા.

આમ છતાં આજે એકાએક રસ્તામાં આ વીરભદ્ર એમને ભટકાઈ પડ્યો હતો.

એને જોઈને જ એ બંને જણા વિચારમાં પડી ગયા હતા.

એ બંને જણા પોતપોતાના વિચારોમાં મશગૂલ હતા. એટલામાં

એ બગીચા પાસે વિશ્વેસરસિંહ અને દાલચંદ નામના બે પોલીસ અધિકારીઓ ત્યાં આવી લાગ્યા.

એમાંનો દાલચંદ પેલા મલ્લ જેવા યુવાનને બરાબર ઓળખતો હતો.

આથી એને એ બગીચામાં જોઈ એ તો એકદમ સડક જ થઈ ગયો.

એ તરત જ છૂપી પોલીસના સુપ્રિન્ટેન્ડન્ટ નાટને મળ્યો. પેલા યુવાનની ઑલ્ફ્રેડ બાગમાંની હાજરીની વાત કરી.

બીજી જ પળે પોતાની રિવૉલ્વર અને બીજા માણસો લઈ નાટ ઑલ્ફ્રેડ બગીચા પાસે મારતી મોટરે આવી લાગ્યો.

પેલા ભીમ જેવું રાક્ષસી શરીર ધરાવતા યુવાનથી આશરે ત્રીસેક ફૂટ જેટલે અંતરે એમણે મોટર થોભાવી.

ત્યાં આવી લાગેલા પોલીસોએ ધીરે ધીરે આખા બગીચાને ઘેરી લીધો.

હજુ સુધી એ યુવાનનું ધ્યાન નાટ તરફ ગયું ન હતું.

નાટ એની મોટરમાંથી નીચે ઊતર્યો.

હાથમાં રિવૉલ્વર પકડી એ પેલા યુવાન તરફ જવા લાગ્યો. હવે એ યુવાનની નજર એના તરફ પડી.

એક સિંહની માફક એ પણ ફાળ ભરતા ઊભા થઈ ગયા.

એમણે પણ ખિસ્સામાંથી રિવૉલ્વર ખેંચી કાઢી.

એમની સાથેનો પેલો બીજો યુવાન સુખદેવ તો એ પહેલાં જ ત્યાંથી છલાંગ મારી નાસી છૂટ્યો.

હવે એકલે હાથે જ એ વિરાટદેહી યુવાને નાટનો અને એમને

ઘેરી વળેલા પોલીસોનો સામનો કરવાનો હતો.

એમને ઊભા થયેલા જોતાંની સાથે જ નાટે ધડ કરતી પોતાની રિવૉલ્વરમાંથી ગોળી છોડી. એ સાથે જ એ યુવાનની રિવૉલ્વરમાંથી પણ આગના લીસોટા વછૂટ્યા.

નાટની ગોળીએ એ યુવાનનો એક સાથળ વીંધી નાખ્યો.

જ્યારે એ યુવાનની ગોળીએ નાટનું રિવૉલ્વર પકડેલું કાંડું વીંધી નાખ્યું. નાટના હાથમાંથી એની રિવૉલ્વર જમીન પર પડી ગઈ.

એટલામાં પોલીસ અધિકારી વિશ્વેસરસિંહે એ યુવાન ઉપર ગોળી છોડવા માંડી.

એ તકનો લાભ લઈ નાટ એક ઝાડના વિશાળ થડની પૂંઠે ભરાઈ ગયો. પેલા યુવાન પણ પવનવેગે દોડી એક થડની પાછળ ગયા.

હવે ધડાધડ કરતા સામસામા ગોળીબારો થવા માંડ્યા.

એ યુવાન પાસે સારી એવી સંખ્યામાં કારતૂસો હતાં.

આથી ગોળીઓ ખૂટી પડવાનો એમને કોઈ ડર ન હતો.

કાળઝાળ સમી એમની રિવૉલ્વરમાંથી સતત ગોળીઓની વર્ષા થતી જ રહી.

કેટલાક પોલીસો એ ગોળી વડે ઘવાયા.

વિશ્વેસરસિંહનું તો એક જડબું જ એ ગોળી વડે વીંધાઈ ગયું

ઝાડની ઓથે છુપાઈ ગયેલા એ ગોરા ગુપ્તચર અધિકારીને સીધેસીધો વીંધી નાંખવા એ યુવાન વારંવાર એ ઝાડના થડ પર ગોળીઓ છોડતા હતા.

એમને આશા હતી કે એમાંથી એકાદ ગોળી એ થડ વીંધી નાટને કાયમને માટે ખતમ કરી નાંખશે, પણ એમની એ આશા આશા જ રહી.

આ બાજુ પોલીસ પણ આજે આ યુવાનનો કાયમને માટે અંત લાવવા માટે અધીર બની હતી.

છેલ્લા કેટલાય વખતથી આ યુવાન અને પોલીસો વચ્ચે સંતાકૂકડીની રમત ચાલ્યા કરતી હતી.

પોલીસની લાખ લાખ કોશિશ છતાં આજ અહીં તો કાલ તહીં એમ વીજળીવેગે ભટકતા એ યુવાન પોલીસના હાથમાં આવતા જ ન હતા.

પોલીસ એમનાથી ત્રાહિમામ્ ત્રાહિમામ્ પોકારી ગઈ હતી.

એ કોઈ સામાન્ય ક્રાંતિકારી ન હતા. એ તો અંગ્રેજોના હડહડતા શત્રુ હતા.

એમના ઉપર લાલા લજપતરાય ઉપર લાઠીઓ ઝીંકનાર પોલીસ સુપરિન્ટેન્ડન્ટ સેંડર્સના ખૂનનો આરોપ હતો. કાકોરી લૂંટમાં પણ એ સંડોવાયેલા હતા.

કેટલાય વખતથી એમના નામનું વૉરંટ નીકળી ચૂક્યું હતું.

ભારે ચપળ અને ચબરાક હોવાને કારણે જ એ અત્યાર સુધી પોલીસને હાથતાળી આપી અનેક ઠેકાણેથી સહીસલામત રીતે નાસી છૂટ્યા છે.

ભારતના ક્રાંતિકારીઓના એ એક ખૂબ શક્તિશાળી નેતા છે.

રામપ્રસાદ બિસ્મિલના એ એક શૂરા સાથીદાર છે.

સરદાર ભગતસિંહ, વિજયકુમારસિંહ, ભગવાનદાસ અને વૈશમ્પાયન જેવા ક્રાંતિકારીઓ પણ એમના તરફ પૂજ્યભાવથી માથું નમાવે છે. ભારે આનંદથી એમને પોતાના પીઢ આગેવાન તરીકે સ્વીકારે છે.

એવા કોણ હશે આ યુવાન?

કોણ હશે એ સમયની જુલમગાર પોલીસને મહિનાઓથી હંફાવનાર અને એની નિંદર વેરણ કરનાર આ મહાન ક્રાંતિકારી?

કોણ હશે આટઆટલા પોલીસો સામે એકલે હાથે ટક્કર લેનાર આ એકલવીર?

એમનું નામ છે: ચંદ્રશેખર આઝાદ!

પોલીસોના ગોળીબાર હવે પહેલાં કરતાં વધુ જલદ બને છે.

ચંદ્રશેખરને પણ એક-બે ઠેકાણે ગોળીઓ વાગે છે.

એમનો વળતા હુમલાનો વેગ ઓછો થાય છે.

એ તકનો લાભ લઈ એક પોલીસ એમના ઉપર તાકીને ગોળી છોડે છે.

ચંદ્રશેખર એ ગોળીથી વીંધાઈ એક મોટા પહાડની માફક ઢળી પડે છે.

ધડાધડ કરતી ગોળીઓ આવી એમને વીંધી નાખે છે. ઑલ્ફ્રેડ બાગની સોહામણી ધરતી ઉપર એ હવે કાયમની નીંદર તાણે છે.

આમ છતાં આજુબાજુ ઊભેલા પોલીસોમાંથી કોઈની પણ એમની નજીક આવવાની હિંમત ચાલતી નથી.

સહુને ડર છે કે આઝાદમાં હજુ પણ થોડી ચેતના બાકી

રહી ગઈ હોય! એ ચેતનાને બળે એ ભયંકર જુસ્સાવાળા યોદ્ધા એમની રિવૉલ્વરમાંથી પાછી ગોળીઓ વરસાવે તો?

આથી એક પોલીસે એમના પગમાં એક ગોળી મારી જોઈ. પગ સહેજ પણ ન હાલ્યો ત્યારે સહુને ખાતરી થઈ કે એ મરણ પામ્યા છે.

હવે બધા એમની લાશ ઉપર તૂટી પડ્યા.

એ વખતના કેટલાક ક્રાંતિકારીઓમાં એવી પણ એક વાયકા હતી કે, એ વીરનર પોલીસની ગોળીથી મરણ પામ્યા ન હતા.

એમણે જ્યારે જોઈ લીધું કે હવે વધુ વખત પોલીસનો સામનો કરવો શક્ય નથી, ત્યારે એમણે પોતે જ એમના ઉપર ગોળી ચલાવી. એમના એક ભવ્ય અને નમૂનેદાર જીવનનો અંત આણ્યો હતો.

જે હોય તે!

એ પોતાની જ ગોળીથી મર્યા હોય કે પોલીસની! પણ એમની શહાદત ભારતવાસીઓનાં હૈયાંમાં સદા અમર રહેવાની છે.

ચંદ્રશેખરની લાશ પર પણ જાણે પોલીસને વેર લેવું હોય તેમ એમની લાશને લોકોને સોંપવામાં આવી ન હતી.

કેટલાક વખત બાદ લોકો જે ઝાડની ઓથે રહી આઝાદે જીવનમરણનો જંગ ખેલ્યો હતો એ ઝાડને એક તીર્થ બનાવી દીધું. ત્યાં જઈ પૂજાઅર્ચના કરવા માંડી.

આથી ઉશ્કેરાઈને આઝાદનું જાણે નામનિશાન મિટાવવું હોય એ રીતે આખા ઝાડને પોલીસે ઉખેડાવી ફેંકી દીધું હતું.

આ ચંદ્રશેખરનો જન્મ મધ્યપ્રદેશમાં આવેલા એક ગામમાં થયો હતો.

એમના એ જન્મસ્થળનું નામ હતું: ભાવરા.

એમના પિતાનું નામ હતું સીતારામ.

આમ તો આ સીતારામજીનું મૂળ વતન બદરકા નામનું એક નાનું સરખું ગામ હતું. પણ ત્યાં જોઈએ તેવી રોજી નહીં મળવાથી, એ પોતાના કુટુંબ સાથે ભાવરા આવ્યા હતા. ભાવરામાં એમને થોડુંઘણું કામ મળી શક્યું. આથી એમણે ભાવરામાં જ કાયમને માટે વસવાટ કરવાનું નક્કી કર્યું.

એમની નોકરી ખૂબ જ સાધારણ પ્રકારની હતી.

માંડ ગુજરાન થઈ શકે એટલી રકમ એમને એમાંથી મળતી.

કિશોર ચંદ્રશેખરે જોઈ લીધું કે, કુટુંબની આ ગરીબાઈને લીધે એમને માટે ભણવાનું ખૂબ મુશ્કેલ બનશે.

કેટલાક વખત બાદ એમના કાન ઉપર ખૂબ ઉત્સાહ આપે એવી એક વાત આવી.

કોઈકે એમને જણાવ્યું કે કેટલાક ધાર્મિક વૃત્તિવાળા ઉદાર લોકો કાશીમાં સંસ્કૃતનો અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓને રહેવા માટેની સગવડ મફત આપે છે. વળી ભોજન પણ મફત મળી રહે એવી સગવડ કરી આપે છે.

ચંદ્રશેખરને થયું કે આ રીતે મફત રહેવાની અને જમવાની તક મેળવી સંસ્કૃતનો અભ્યાસ કરવો બહેતર થઈ પડશે.

આથી લાગ મળતાં જ એ એક દિવસ સીધા બનારસ ઊપડી ગયા.

ત્યાં રહીને ભણતા બીજા વિદ્યાર્થીઓ સાથે રહેવાની એમને આમ તક મળી ગઈ.

અભ્યાસ પણ ઠીક ઠીક ચાલ્યો.

એવામાં મહાત્મા ગાંધીજીએ અસહકારનું આંદોલન ઉપાડ્યું.



આખા દેશમાં એ જોતજોતામાં વીજળીવેગે ફેલાઈ ગયું.

કાશીમાં સંસ્કૃતનો ઊંડો અભ્યાસ કરવા આવેલા વિદ્યાર્થીઓ પણ આ આંદોલનમાં સામેલ થયા.

એમણે બાપુજીના એલાનને બરાબર દિલ દઈને ઉપાડી લીધું.

એમના આદેશ પ્રમાણે શાળાઓ અને કૉલેજો પર પિકેટિંગ કરવાનું શરૂ કર્યું.

નાનપણથી જ ભારે તેજ મિજાજના અને દેશદાઝથી ભર્યું ભર્યું હૈયું ધરાવતા ખૂબ ભાવનાશાળી કિશોર ચંદ્રશેખર આવી વાતમાં કદી પાછળ રહે ખરા કે?

એમણે તો પિકેટિંગની એ ચળવળમાં ખૂબ જોરશોરથી ભાગ લેવા માંડ્યો.

ભારે અલમસ્ત એમનું શરીર હતું.

કસરત કરી કરીને એમણે એ ખૂબ ખૂબ કસ્યું હતું.

વળી બહારનું એ કદી જમતા નહીં.

જાતે જ રસોઈ કરવાની આદત.

આથી પણ એમની તબિયત ખૂબ સરસ બની હતી.

માતેલા મિજાજી સાંઢ જેવા અડીખમ એ લાગતા.

એમ કહેવાય છે કે, શિયાળામાં આખું બનારસ ઘરમાં રજાઈ કે બનૂસ ઓઢી સૂઈ જતું ત્યારે ચંદ્રશેખર એમના મકાનની અગાશીમાં લહેરથી સૂતા. ઓઢવા માટે એમને એક ચાદર બસ થઈ પડતી. ગરમી કે ઠંડીની જરા સરખી અસર ન થાય એવી લોખંડી એમની કાયા હતી.

એમને જોતાંની સાથે ભલભલાના છક્કા છૂટી જતા.

પોલીસ એમની પિકેટિંગની આ ચળવળથી ખૂબ ઉશ્કેરાઈ ગઈ. એક દિવસ લાગ જોઈ પોલીસે એમને ગિરફતાર કરી લીધા.

કાયદા પ્રમાણે એમને શાળા-કૉલેજોમાં ભણવા જતા વિદ્યાર્થીઓનો રસ્તો રોકવા બદલ તેમ જ અસહકારની ચળવળમાં ભાગ લેવા બદલ અદાલતમાં ખડા કરવામાં આવ્યા.

એ જમાનો અસહકારનો હતો.

ગાંધીજીએ અદાલતોનો પણ બહિષ્કાર કરવાનો આદેશ આપ્યો હતો.

હવે એક રીતે જોઈએ તો અદાલતનું અપમાન એટલે આખી બ્રિટિશ સલ્તનતનું અપમાન. અંગ્રેજોની સત્તાનું અપમાન.

એવું અપમાન અંગ્રેજોથી કેવી રીતે સહન કરી શકાય?

એને માટે જ ગાંધીજીએ સહુ કોઈને કોર્ટ, કચેરી જેવાં દરેક સ્થળે સરકાર સાથે અસહકાર કરવા માટે, કેસ ચલાવવા માટે જરૂરી બનતી નામ, જન્મ, ઉંમર, પિતાનું નામ, વગેરે વિગતો ન

આપવાની સાફ સાફ સલાહ આપી હતી.

અદાલતોના કામકાજમાં આ રીતે રુકાવટો ઊભી કરવાનો અને એ રીતે અંગ્રેજ સત્તાની સામે પડકાર ફેંકવાનો આ એક ઉત્તમ રસ્તો હતો.

અંગ્રેજોને ખૂબ ખૂબ અકળાવવાની આ એક ખૂબ ચતુરાઈભરી અહિંસક યુદ્ધનીતિ હતી.

કિશોર ચંદ્રશેખર એ સમયે આ નીતિ બરાબર સમજી ચૂક્યા હતા.

એમણે ગાંધીજીએ ચીંધેલા માર્ગે જ જવાનું મનમાં નક્કી કર્યું હતું.

પોલીસ કે સરકાર એમનું શું કરશે, એમને કેવી સજા આપશે, એ વાતનો એમને જરા સરખો પણ ડર ન હતો.

ભરી અદાલતમાં એમના ઉપર કામ ચલાવનારા ન્યાયાધીશ સાથે અસહકાર કરી, એમને જબરી મૂંઝવણમાં નાખવાની યુક્તિ એમણે બરાબર વિચારી રાખી હતી.

અદાલતમાં એમને પૂછવામાં આવ્યું : 'તારું નામ શું છે?'

ચંદ્રશેખરે તરત જવાબ આપ્યો : 'આઝાદ.'

વળી પાછો સવાલ પુછાયો : 'તારા પિતાનું નામ?'

ચંદ્રશેખરે કહ્યું : 'સ્વાધીન.'

ત્રીજો સવાલ થયો : 'તારું ઘર ક્યાં આવેલું છે?'

ખૂબ ઠંડે કલેજે ચંદ્રશેખરે કહ્યું : 'જેલખાનામાં.'

હવે તો હદ થઈ ગઈ.

આ મુકદ્દમો ચલાવવા બેઠેલા ન્યાયાધીશ એકદમ રાતાપીળા

થઈ ગયા.

એમને થયું આટલા અમથા છોકરાની અદાલતનું આવું ઘોર અપમાન કરવાની આ હિંમત!

એને બરાબર સજા કરવી જોઈએ.

એ જમાનામાં દેશભક્તો માટે ફાંસી અને ફટકાની ઘાતકી સજા બહુ સામાન્ય હતી.

ન્યાયાધીશે ચંદ્રશેખરને તરત જ પંદર ફટકાની સજા ફરમાવી.

એક નાનકડો માસૂમ કિશોર!

એના વાંસા ઉપર સમ સમ કરતો જલ્લાદનો ચામડાનો કોરડો વીંઝાયો!

સટાક કરતો અવાજ થયો.

એ અવાજ સાથે એથી પણ મોટો એક લલકાર સંભળાયો : 'મહાત્મા ગાંધીજીકી જય.'

બીજો ફટકો!

એ જ લલકાર!

એ તો અંગ્રેજ અમલના ફટકા મારનારો જલ્લાદ હતો.

આંખો મીંચી હતું એટલું જોર કાઢી એ કોરડો ફટકાવતો હતો. એક એક ફટકે સોળેસોળ ઊઠતા હતા. ચામડી ઉતરડાતી હતી. લોહીના ટશિયા ફૂટતા હતા! લીલાં લીલાં ચકામાં ઊઠતાં હતાં!

આમ છતાં આ બધીય ભયંકર યાતનાની ચંદ્રશેખરને રજમાત્ર પડી ન હતી.

એક એક ફટકે એના મુખમાંથી જોરશોરથી 'મહાત્મા ગાંધીજીકી જય' ગાજતી હતી!

અપાર એની ધીરજ હતી!

અપાર એની સહનશીલતા હતી!

અજોડ એની દેશભક્તિ હતી!

સજા પૂરી થયા બાદ ચંદ્રશેખરનો છુટકારો થયો.

એક મજાની જાણવા જેવી વાત તો એ છે કે, ચંદ્રશેખરને આવી કડક સજા ફટકાવનાર એ ન્યાયાધીશ ભારત સ્વતંત્ર થયું તે બાદ પણ જીવિત હતા.

આઝાદ ભારતમાં પણ એક સારા એવા ઊંચા હોદ્દા ઉપર એમણે નોકરી બજાવી હતી અને પછી નિવૃત્ત થયા હતા.

ફટકાની સજા ખાઈ છુટકારો મેળવી પાછા ફરેલા ચંદ્રશેખરનું નામ ત્યારથી જ આઝાદ પડી ગયું.

એ હવે લોકોમાં 'ચંદ્રશેખર આઝાદ'ને નામે જ જાણીતા બન્યા.

એમની બહાદુરીની બૂઝ કરવા માટે તરત જ 'જ્ઞાનવાપી'માં એક મોટો સમારંભ ગોઠવવામાં આવ્યો.

આખોય સભાખંડ ખીચોખીચ ભરાઈ ગયો.

સહુ કોઈ આ તરુણ કિશોરનું સન્માન કરવા આતુર હતા.

એક મેજ ઉપર ઊભા થઈ ચંદ્રશેખરે નાનું સરખું પણ દેશભક્તિથી ભારોભાર ભરેલું એક ભાષણ કર્યું.

સહુએ એમના એ ભાષણને તાળીઓના મોટા ગડગડાટ વડે વધાવી લીધું.

લોકોનાં હૈયાંમાં તે દિવસથી 'ચંદ્રશેખર આઝાદ'નું નામ કાયમને માટે અંકાઈ ગયું.

ચારે બાજુ આ બહાદુર છાતી ધડા વિદ્યાર્થીની શૂરવીરતાનાં, એની હિંમતનાં, એની અડગતાનાં છૂટે મોંએ વખાણ થવા લાગ્યાં.

એમના પરાક્રમની વાત એ વખતના એક મહાન દેશભક્ત શ્રી શિવપ્રસાદ ગુપ્તના કાન પર આવી.

શ્રી શિવપ્રસાદ તે સમયે બનારસથી પ્રસિદ્ધ થતા 'આજ' નામના અખબારનું સંચાલન કરતા હતા.

એમણે ચંદ્રશેખરને એમના આગળ અભ્યાસ માટે 'બનારસ વિદ્યાપીઠ'માં તમામ સગવડો આપવાનું માથે લીધું.

'બનારસ વિદ્યાપીઠ'ના સંચાલનમાં પણ ગુપ્તાજીનો ફાળો તો હતો જ.

એમણે ચંદ્રશેખરને પોતાની સાથે રાખવાની આતુરતા બતાવી.

એમના અભ્યાસનો તમામ ખર્ચ પણ એમણે ઉપાડી લીધો.

ચંદ્રશેખર થોડા દિવસો સુધી એમને ત્યાં રહ્યા પણ ખરા.

બનારસ વિદ્યાપીઠમાં ભણવાનું શરૂ પણ કર્યું. આમ છતાં એમનું ચિત્ત ભણવામાં જોઈએ તેવું ચોંટ્યું નહીં.

વાઘ એક વાર લોહી ચાખે એટલે વીફરે! એ રીતે એમણે હવે રાજકીય ચળવળનું લોહી ચાખ્યું હતું. આથી ભણવાગણવામાં એમનું મન ક્યાંથી લાગે?

આથી શિવપ્રસાદજીને ત્યાંથી એ કેટલાક વખત બાદ ચાલ્યા ગયા.

કાશીમાં કમ્ચ્છા નામનો એક મહોલ્લો આવેલો છે. એ મહોલ્લાના નૈૠત્ય ખૂણામાં વૈજનાથ મહાદેવનું એક ખૂબ પુરાણું

મંદિર છે.

આ મંદિરની ચારેબાજુ મહારાણી અહલ્યાબાઈના સમયમાં બંધાયેલી ધર્મશાળાની નાની નાની ઓરડીઓ છે.

સમયના વહેવા સાથે આ ધર્મશાળાની માલિકી એક ગોંસાઈ કુટુંબના હાથમાં આવી. આ કુટુંબ આ ઓરડીઓને શાળાઓ તથા વિદ્યાપીઠમાં ભણતા વિદ્યાર્થીઓને ભાડે આપવા લાગ્યું.

ચંદ્રશેખર આ ધર્મશાળાની એક કોટડીમાં રહેવા લાગ્યા. એમની કોટડીની સામે એક મોટો કૂવો હતો.

હજુ આજે પણ આપણે એમની એ કોટડીને, કાશીએ જઈએ તો જોઈ શકીએ તેમ છીએ.

જ્યારે જ્યારે એમને ભોજન માટે સીધાસામાનની જરૂર પડતી, ત્યારે એ શિવપ્રસાદને ત્યાં ખબર મોકલતા.

એમના ઉપર ખૂબ ખૂબ ફીદા રહેતા શિવપ્રસાદજીના ઘરના દરવાજા ચંદ્રશેખર માટે સદા ખુલ્લા જ રહેતા.

આ અરસામાં એમને એક ક્રાંતિકારનો ભેટો થયો. એમનું નામ હતું: પ્રાણવેશ ચેટરજી.

ભારતમાં કામ કરી રહેલા ક્રાંતિકારીઓના છૂપા દળના એ એક પ્રચારક હતા.

યોગ્ય યુવાનોને શોધી કાઢી એમને આ ચળવળમાં ખેંચી લાવવાનું કામ એ કરતા હતા.

એમણે ચંદ્રશેખરને ક્રાંતિકારીઓની આખી યોજના સમજાવી.

ચંદ્રશેખરને આનંદ આનંદ થઈ ગયો.

એમને જોઈતી પ્રવૃત્તિ મળી ગઈ.

એમણે તરત જ એ ટોળીના સભ્ય થવાની ઇચ્છા બતાવી.

એમને તાબડતોબ ક્રાંતિકારીઓના એ છૂપા દળમાં ભરતી કરવામાં આવ્યા.

જોતજોતામાં તમામ ક્રાંતિકારીઓ એમના તરફ ખેંચાયા!

એમનામાં કોઈપણ યોજના ઘડવાની એક જબરી કાબેલિયત હતી!

કોઈપણ સંગઠન કરવાની એમની આવડત પર ક્રાંતિકારીઓ આફરીન હતા.

કોઈપણ જાતનું સાહસ કરતાં એમના જીવમાં જરાય ખટકો થતો નહીં. આથી જોતજોતામાં એ ક્રાંતિકારીઓના નેતાના પદ તરફ આગેકૂચ કરી રહ્યા.

આ વખતે આ ક્રાંતિકારી દળના ખૂબ ટોચના નેતાઓમાં ભારતના એક મહા જબરજસ્ત ક્રાંતિકાર રામપ્રસાદ બિસ્મિલનું નામ આગળ પડતું હતું.

ચંદ્રશેખર બિસ્મિલનો પડતો બોલ ઉઠાવી લેતા.

એમને ગુરુભાવે પૂજતા.

ચંદ્રશેખરની અજબ દિલેરી અને સાહસપ્રેમ જોઈ રામપ્રસાદે એમનું નામ મજાકમાં 'ક્વિકસિલ્વર' એટલે કે 'પારો' પાડ્યું હતું.

એમને માટે ક્રાંતિકારીઓને એવી અડગ શ્રદ્ધા બેસી ગઈ હતી કે હવે મંડળીના ભયાનક અને કપરામાં કપરા કામમાં એમનો જ સાથ લેવાતો.

રામપ્રસાદ બિસ્મિલની આગેવાની નીચે ચંદ્રશેખરે કેટલીય રાજકીય લૂંટફાટોમાં સફળ રીતે ભાગ લીધો. ક્રાંતિકારી ચળવળ ચલાવવા માટે આ પ્રકારની લૂંટો જરૂરી હતી.

આ બધામાં 'કાકોરી ટ્રેન લૂંટ કેસ'ના નામથી ઓળખાયેલી ધાડનો કિસ્સો તો આખા ભારતમાં ગવાઈ ચૂક્યો હતો.

પોલીસે એ કેસ સાથે સંડોવાયેલા હોવાનું મનાતા ક્રાંતિકારીઓની ઉત્તરપ્રદેશમાં ધડાધડ કરતી ધરપકડ કરી હતી.

એ લૂંટ સાથે સંડોવાયેલા મોટા ભાગના તમામ ક્રાંતિકારીઓ પોલીસના હાથમાં ગિરફ્તાર થઈ ચૂક્યા હતા.

નહોતા પકડાયા એક માત્ર ચંદ્રશેખર આઝાદ!

એમના માટે કાઢવામાં આવેલું વૉરંટ પોલીસોની પાસે જ પડી રહ્યું.

એ લૂંટ બાદ આવું કંઈક બનશે જ એવી આશંકા ચંદ્રશેખરના મનમાં થતી હતી. આથી એ બાદ એ ખૂબ ખૂબ તકેદાર રહેતા હતા.

પોલીસના હાથમાં સપડાવાનો એમને કોઈ ડર ન હતો.

પોલીસના ભયંકર જુલમની એમને કોઈ પરવા ન હતી.

એમને તો પકડાયા વિના બહાર રહી હજુ પણ બની શકે તો ક્રાંતિનાં મોટાં મોટાં કામો કરવા હતાં.

આથી જેવી પોલીસે પકડાપકડી શરૂ કરી, તેવા જ એ કોઈને જરા સરખી પણ ખબર ન પડે એ રીતે કાશીમાંથી ગુમ થઈ ગયા હતા.

પોલીસે લાખ કોશિશો કરી!

હજારો ધમપછાડા માર્યા! તોય ચંદ્રશેખર ન તો પકડાયા કે ન તો એ ક્યાં નાસી છૂટ્યા છે, તેની પોલીસને ભાળ મળી.

પોલીસને બિચારીને ક્યાંથી ખ્યાલ આવે કે, જેની એ આટલી ઝીણવટભરી શોધ કરી રહી છે, એ વ્યક્તિ તો ચૂપચાપ ઝાંસીમાં

જઈને બેઠી છે!

ઝાંસીમાં ચંદ્રશેખરના બે ક્રાંતિકારી સાથીદારો હતા.

એમાંના એકનું નામ હતું ભગવાનદાસ અને બીજાનું નામ હતું મલકાપુરકર.

આ સિવાય પણ કેટલાક ક્રાંતિકારો ઝાંસીમાં હાજર હતા.

એ બધાની મદદથી ચૂપચાપ ચંદ્રશેખરે વળી પાછું એમનું ક્રાંતિકારી દળ સંગઠિત કરવાનું કામ આરંભી દીધું હતું.

એવામાં ભારતમાં સાયમન કમિશન આવી લાગ્યું.

આ કમિશન ભારત કેટલા હદ સુધીના સ્વરાજને માટે લાયક છે, તેની તપાસ કરવા આવતું હતું.

આ કમિશનની નિમણૂકથી ગાંધીજી અને અન્ય તમામ નેતાઓમાં જબરો રોષ ભભૂકી ઊઠ્યો.

સાયમનનો ભયંકરમાં ભયંકર બહિષ્કાર કરવાનું એલાન થયું.

ઠેર ઠેર એની સામે સરઘસો કાઢવાનું, કાળા વાવટા ધરવાનું આયોજાયું.

'સાયમન પાછો જા!'

'સાયમન પાછો જા!'

એવા જાકારા ભારતભરમાં સંભળાવા લાગ્યા.

ક્રાંતિકારીઓની આંખ તો આ કમિશન તરફ ક્યારનીય લાલ થઈ ઊઠી હતી.

એમણે એને પોતાનો પરચો બરાબર આપવાનું નક્કી કર્યું.

એમણે આ કમિશન ઉપર બૉમ્બની વર્ષા કરી આખું ને આખું ઉડાવી દેવાની યોજના ઘડી કાઢી.

માર્કંડેય, હરેન્દ્ર ભટ્ટાચાર્ય અને મનમોહન ગુપ્ત નામના ત્રણ ક્રાંતિકારીઓને આ કામ સોંપવામાં આવ્યું.

આ માટે એમને એક ખાસ પ્રકારનો ભયંકર બૉમ્બ પણ આપવામાં આવ્યો.

આ બૉમ્બની વિનાશ કરવાની શક્તિ ક્રાંતિકારીઓ વડે વપરાતા સામાન્ય બૉમ્બ કરતાં ઘણી વધારે હતી.

ત્રણે ક્રાંતિકારીઓ ચૂપચાપ, ભારે સાવધાનીથી આ બૉમ્બને પોતાની સાથે લઈને આગગાડીમાં બેસી, નક્કી કરેલે સ્થળે જવા ઊપડ્યા.

એમણે મહારાષ્ટ્રનું મનમાડ સ્ટેશન માંડ વટાવ્યું હશે.

એવામાં એકાએક ન જાણે શું થયું તે પેલો બૉમ્બ કાનના પરદા તોડી નાખે એવા વિરાટ ધડાકા સાથે ફાટ્યો.

આગગાડીના એ ડબ્બાનું છાપરું એક પળમાં તો ઊડીને કેટલાય વાર દૂર જઈને પડ્યું.

એ ડબ્બામાં મુસાફરી કરતા કેટલાય મુસાફરો પણ આ અકસ્માતને લીધે ત્યાં ને ત્યાં જ મરણ પામ્યા.

આ મરણ પામનારાઓમાં માર્કંડેય પણ હતો.

પોલીસે તરત જ તપાસ હાથ ધરી.

મનમોહન ગુપ્ત અને હરેન્દ્ર ભટ્ટાચાર્ય થોડા જ વખતમાં પોલીસના હાથમાં સપડાયા.

એમના ઉપર કામ ચાલ્યું.

મનમોહન ગુપ્તને સાત વર્ષની કેદ ફટકારવામાં આવી.

આ દરમ્યાન સાયમન કમિશન તો લાહોર પહોંચી ગયું.

ત્યાં એનો વિરોધ કરવા માટે પંજાબના નરકેસરી લાલા

લજપતરાય મોટું સરઘસ લઈને હાજર હતા.

પોલીસે આ સરઘસ ઉપર પાશવી અત્યાચાર ગુજાર્યા. બેસિતમ માર લોકોને મારવામાં આવ્યો. લાઠીઓની વર્ષા વરસી. બેફામ ઘોડાઓ લોકો પર દોડાવવામાં આવ્યા.

શરીરે વૃદ્ધ એવા લાલા લજપતરાયને પણ એ નરાધમોએ લાઠીઓ વડે બોરડી ઝૂડે એમ ઝૂડી નાખ્યા.

એમને સખત ઈજા પહોંચી.

થોડા જ વખત બાદ ઈ. સ. ૧૯૨૮ના નવેંબરની ૧૭મી તારીખે એ અમાનુષી મારને કારણે લાલા લજપતરાયનું અવસાન થયું.

ભારતના એક મહાન દેશદીપકનો જીવન સિતારો બુઝાયો.

આખા દેશમાં ભયંકર હાહાકાર થઈ રહ્યો.

સહુ કોઈ લાલા લજપતરાય ઉપર આ જુલમ કરાવનાર, એમના ઉપર બેસીતમ લાઠીઓ વીંઝનાર ગોરા પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ સેંડવર્સને ફીટકાર આપી રહ્યા.

આ બનાવથી ક્રાંતિકારીઓ સમસમી ગયા.

લાલા લજપતરાયની થયેલી આ કરપીણ હત્યાનું એમને હડહડતું વેર લેવું હતું.

આ માટે એમણે એ પોલીસ ઇન્સ્પેક્ટર સેંડર્સનું ખૂન કરવાનું

નક્કી કર્યું.

વીર કેસરી ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, શિવરામ રાજગુરુ અને જયગોપાલ એમ ચાર ક્રાંતિકારીઓને આ કામ સોંપવામાં આવ્યું.

આ ચારે જણા યોજના પ્રમાણે પોલીસ કચેરીથી થોડી દૂર સેંડર્સની રાહ જોતા ઊભા રહ્યા.

કેટલાક સમય બાદ એ અભિમાની, ઘાતકી અને પતરાજીખોર ગોરો અમલદાર પોતાની મોટરસાઇકલ પર બેસીને એની કચેરીમાં કંપાઉન્ડની બહાર નીકળ્યો.

ધમધમાટ કરતી એની મોટરસાઇકલ આગળ વધી.

એણે માંડ થોડું અંતર કાપ્યું હશે!

ત્યાં ધડ ધડ ધડ કરતી ક્રાંતિકારીઓની ગોળીઓ વછૂટી.

સેંડર્સનો ખેલ રસ્તા ઉપર ખલાસ થઈ ગયો.

ગોળીબાર કરી ચારેય ક્રાંતિકારીઓ ત્યાંથી પવનવેગે નાઠા.

પોલીસે આખું શહેર માથે કર્યું.

પણ ચંદ્રશેખર ભારે સિફતથી આ વખતે પણ પોલીસની આંખમાં ધૂળ નાખી નાસી છૂટ્યા.

એ બાદ ભગતસિંહે અને બટુકેશ્વર દત્તે દિલ્હીની વિધાનસભામાં બૉમ્બ ફેંક્યો. ક્રાંતિકારી દળે તૈયાર કરેલું નિવેદન કોઈપણ જાતના

ધડકાટ વિના ત્યાં વહેંચ્યું

આ આખીય યોજના ચંદ્રશેખરની જ ઘડેલી હતી.

ભગતસિંહ અને બટુકેશ્વર પોલીસના હાથમાં સપડાયા. એમને આ કેસમાં કાળાપાણીની સજા થઈ. ભગતસિંહ ઉપર 'લાહોર કાવતરાં' કેસ ચલાવવામાં આવ્યો. એમાં તેમને, રાજગુરુને અને સુખદેવને ફાંસીની સજા થઈ.

આ વખતે પણ ચંદ્રશેખર તો પોલીસના હાથમાં ન જ સપડાયા.

બાળપણથી એમણે પોતાને માટે નક્કી કરેલી 'આઝાદ'ની અટક એમણે સાચી પાડી. એમના મોટા ભાગના સાથીઓ જેલમાં ગયા. કાળાપાણીની સજા પામ્યા, ફાંસીએ ચઢ્યા, છતાં ચંદ્રશેખર તો આઝાદના આઝાદ જ રહ્યા.

પોલીસના અનેક ધમપછાડા છતાં એ એમના પંજામાં ન આવ્યા તે ન જ આવ્યા.

ક્યાંય સુધી એમણે પોલીસને હંફાવી!

અંતે શરૂઆતમાં કહ્યું તેમ ઈ. સ. ૧૯૩૧ના ફેબ્રુઆરી માસની ૨૭મી તારીખે એ પોલીસોની સાથે ગોળીબારની રમઝટ જમાવી, અંતે આ ફાની દુનિયામાંથી પણ મુક્ત બની ગયા! આઝાદ બની ગયા!!

નાનપણથી જ એ ભયંકર ગરીબાઈમાં ઊછર્યા હતા! પરિણામે

ક્રાંતિકારીઓની ટુકડીની પાઈએ પાઈનો ઝીણવટભર્યો હિસાબ રાખતા.

ક્યારેય એક પૈસાનો પણ નકામો ખર્ચ એમના હાથે થતો નહીં.

એમની સાથેના ક્રાંતિકારીઓ તેમના દળની રકમમાંથી એક પૈસાનો પણ ખોટો ખર્ચ ન કરે, એની એ કડકમાં કડક તકેદારી રાખતા.

પોલીસની નજરથી બચવા માટે ભાગંભાગ કરતા, ક્રાંતિકારીઓને રોજિંદા ખર્ચ માટે એમની ટુકડી તરફથી ખૂબ જ નાનકડી રકમ આપવામાં આવતી.

જો કોઈને નાટક-સિનેમા જોવાની ઇચ્છા થાય તો એને રોજે મળતી આ રકમમાંથી થોડુંઘણું બચાવીને જ પોતાના મનોરંજનની સગવડ કરવી પડતી.

આવી કડક એમની રીતિનીતિ હતી.

ન કોઈ એમાં અપવાદ હતો.

ન કોઈ એમાં છૂટછાટ હતી.

વળી બીજાઓને મોતના મુખમાં આગળ ધકેલી, પોતે ટુકડીના સંગઠન કે સંચાલન માટે બહુ જ જરૂરના છે, એમ માની એ કદી પણ એકેય સાહસમાં પાછળ રહેતા નહીં.

આવી કોઈપણ યોજના અમલમાં મૂકતી વખતે એ સદા આગળ જ રહેતા.

એને લીધે એમની ટુકડીની શિસ્ત ઉપર ભારે અસર થતી.

તમામ ક્રાંતિકારીઓ આ કારણે એમના તરફ ખૂબ જ લાગણી અને અદબથી વર્તતા.

મરતાં સુધી આઝાદ રહેનાર, કેદખાનાને પોતાના ઘર તરીકે ન્યાય કચેરીમાં ઓળખાવનાર પણ ક્યારેય કેદખાનામાં ન પુરાનાર, અનેક ક્રાંતિકારીઓને દોરવણી આપનાર, આ ભારે નિષ્ઠાવાન વીરનર ચંદ્રશેખર આઝાદનાં પરાક્રમો ક્યારેય કોઈ વીસરશે નહીં.

*



શૂરો સપૂત

પટના શહેરમાં સરકારી છાપખાનું આવેલું છે. એ છાપખાનામાં એક માણસ નોકરી કરે છે. સાવ સામાન્ય નોકરી છે.

એ માણસનું નામ છે વિનોદવિહારી બોઝ. એમને એક દીકરો છે. એનું નામ છે રાસબિહારી.

આ રાસબિહારીને કિશોર અવસ્થામાંથી જ એક જબરી લગની લાગી છે. એ લગની છે લશ્કરમાં જોડાવાની.

આમ છતાં એને એક સામાન્ય સૈનિક થવું નથી. લશ્કરમાં જોડાઈ એને તો સૈનિકોમાં પ્રચાર કરવો છે.

ભારતમૈયાની આઝાદી માટે એ સૈનિકોને છૂપી રીતે તૈયાર કરવા છે. અંગ્રેજોનું નિકંદન કાઢવા માટે એમનામાં એ ન દબાય એવી તમન્ના જગાડવી છે.

આમ છતાં એની એ ઇચ્છા પાર પડી શકે તેમ નથી.

ક્રાંતિકારી ચળવળનો એ વખતે ભારતમાં આરંભ થઈ ચૂક્યો હતો. અંગ્રેજો કોઈ વાતનું જોખમ લેવા તૈયાર ન હતા. તેમાંય લશ્કરની બાબતમાં તો એ ખૂબ જ સજાગ હોય એ દેખીતું છે. લશ્કર વીફરે તો ભારત ઉપર રાજ્ય કરવું મુશ્કેલ બની જાય.

એ જમાનામાં બંગાળીઓ લશ્કર માટે બહુ જોખમી ગણાતા. ભારે ઊર્મિભર્યા, ભાવુક અને તરવરિયા ગણાતા બંગાળી યુવકો

ક્રાંતિ કરવા માટે લશ્કરમાં જોડાવાની તક શોધતા જ ફરતા હતા.

એ સંજોગોમાં લશ્કરમાં બંગાળીઓની ભરતી નહીં કરવી એવો એક સામાન્ય નિયમ અંગ્રેજોએ કરી નાખ્યો હતો.

આથી ઠીક ઠીક મથામણ બાદ રાસબિહારીને લશ્કરમાં જોડાવાની એમની ઇચ્છા પડતી મૂકવી પડી.

એમણે પિતાનો જ ધંધો સ્વીકાર્યો.

દહેરાદૂનમાં આવેલી વનસંશોધન સંસ્થામાં એમણે નોકરી કરી લીધી, પણ આ નોકરીથી એમને સંતોષ નથી. એમના મનમાં ભારતમૈયાની ગુલામી જોઈ અનહદ દુઃખ થઈ રહ્યું છે.

આથી થોડા જ વખતમાં એક નવ યુવાનોની ટોળકી તૈયાર કરે છે. આ ટોળકીની મારફત ક્રાંતિકારી કામગીરી એ શરૂ કરે છે.

એમની સામેનું પહેલું કામ ક્રાંતિકારી સાહિત્ય તૈયાર કરવાનું હતું.

આથી 'લિબર્ટી'(સ્વતંત્રતા)ના નામથી એ નાની મોટી અનેક પરિચય પત્રિકાઓ એમની ટોળીની મદદથી તૈયાર કરે છે.

આ પત્રિકાઓ લોકોમાં ચોરીછૂપીથી છૂટે હાથે વહેંચે છે. એટલું જ નહીં પણ લશ્કરમાં આ પત્રિકાઓ ખૂબ મોટી સંખ્યામાં વહેંચવાની એ ગોઠવણ કરે છે.

યુવાન રાસબિહારીને આટલાથી સંતોષ થતો નથી. ભગવાને એમનામાં સુંદર સંગઠન શક્તિ મૂકી છે. આથી એ જમાનામાં એમની આજુબાજુ વેરાયેલા ક્રાંતિકારીઓનાં નાનાં નાનાં જૂથોને એ એક કરે છે. આખા ઉત્તર ભારતમાં એમનું સંગઠન જબરજસ્ત બને છે.

એમના આ સંગઠનમાં માસ્તર અમીરચંદ અને લાલા હનુમંત સહાયની ટોળીઓ પણ જોડાય છે.

લાલા હનુમંત સહાય એક જબરા દેશભક્ત છે. ભારે જોશીલા છે. દેશને માટે સઘળું કુરબાન કરવાની એમને ભારે હોંશ છે.

દિલ્હીમાં કાપડની એમની મોટી દુકાન હતી. એ દુકાનમાં પરદેશી કાપડ વેચાતું હતું. દેશને માટે પોતાનાં તન, મન અને ધનનો ભોગ આપવા આતુર બનેલા હનુમંત સહાયે દેશભક્તિના આવેશમાં પોતાની કાપડની દુકાન પણ બંધ કરી નાખી હતી. આ બાજુ દિલ્હીના માસ્તર અમીરચંદ પણ જાય તેવા નથી. 'લિબર્ટી'ના નામથી નીકળતી પત્રિકાઓમાં મોટાભાગના લેખો એમના જ હતા.

એ લેખો વાંચતાની સાથે મનમાં જબરું ઝનૂન જાગતું. એક અદ્ભુત જોશ આવતું. અંગ્રેજોના રાજ્યને અને અંગ્રેજોને ખતમ કરવાનું ખુન્નસ ઊભરાતું.

અમીરચંદના એક ખૂબ લાડકવાયા વિદ્યાર્થી તે અવધવિહારી. એમની ઉંમર અમીરચંદ કરતાં વીસ વર્ષ નાની હતી.

રાસબિહારીને દિલ્હીની આ ટોળકીના સભ્યો સાથે ઓળખાણ થઈ ત્યારે એમને ખૂબ જ આનંદ થયો.

અમીરચંદ અને એમના સાથીદારો પાકા ક્રાંતિકારો હતા, એ બાબતમાં એમને કોઈ શંકા ન હતી.

એ જ રીતે રાસબિહારીને કાશીના ક્રાંતિકારીઓના પરિચયથી પણ અનહદ આનંદ થયો.

કાશીના ક્રાંતિકારીઓનું જૂથ સારું એવું મોટું હતું. એના નેતા શચીન્દ્રનાથ સન્યાલ હતા. એમાં દામોદર શેઠ, સુરેશચંદ્ર ભટ્ટાચાર્ય જેવા કેટલાય તરુણ ક્રાંતિકારીઓ જોડાયેલા હતા.

આ અરસામાં અંગ્રેજી સરકારે કલકત્તાને રાજધાનીના શહેર તરીકે રાખ્યું હતું. બંગાળામાં ક્રાંતિકારીઓની ચળવળ ભારે વેગ

પકડતી હતી. આથી અંગ્રેજોએ રાજધાની દિલ્હીમાં ખસેડવાનું નક્કી કર્યું.

પરિણામે ઈ.સ. ૧૯૧૧ના ડિસેમ્બરની ૧૨મી તારીખે ઇંગ્લૅન્ડના શહેનશાહ પંચમ જ્યોર્જ દિલ્હી આવ્યા. દિલ્હીમાં મોટો દરબાર ભરાયો. એમાં આખા ભારતના રાજા, મહારાજાઓ, ભાયાતો, ઠાકોરોને બોલાવવામાં આવ્યા. આ દરબારમાં જ દિલ્હીમાં રાજધાની ખસેડવાની જાહેરાત થઈ.

આ દિલ્હી દરબાર ભરાયા પછી લગભગ એક વર્ષ વીતી ગયું.

ઈ.સ. ૧૯૧૨ના ડિસેમ્બર માસની ૨૩મી તારીખે ભારતનો વાઇસરૉય લૉર્ડ હાર્ડિંજ દિલ્હીમાં આવ્યો.

એને માટે ભવ્ય સવારી યોજવામાં આવી.

હાર્ડિંજની એ સવારી બાદ દિલ્હી અંગ્રેજોની કાયમને માટે રાજધાની બનવાની હતી.

ભારે ધામધૂમ, ભારે રોનક અને દબદબાથી હાર્ડિંજની સવારી દિલ્હીના મશહૂર ચાંદનીચોક પાસેથી પસાર થતી હતી. એ જ વખતે લાગ જોઈ ક્રાંતિકારીઓએ હાર્ડિંજ પર બૉમ્બ ફેંક્યો. એ બચી ગયો. એનો મદદનીશ માર્યો ગયો.

વાઇસરૉય ઉપર બૉમ્બ ફેંકવાની આ આખીય યોજના ઘડનાર રાસબિહારી હતા.

અંગ્રેજ સરકાર માથાં પટકી મરી ગઈ, તોપણ શરૂશરૂમાં કોઈ કરતાં કોઈ હાથ ન આવ્યું.

ઘણી લાંબી શોધખોળ બાદ સરકારને વહેમ ગયો કે આમાં રાસબિહારી સંડોવાયેલા છે.

આથી કલકત્તામાં એમની જબરી શોધ કરવામાં આવી, પણ ચતુર રાસબિહારી કલકત્તામાંથી ચૂપચાપ ગુમ થઈ ગયા હતા.

છેવટે આ યોજના સાથે સંકળાયેલો એક દીનાનાથ નામનો એક ક્રાંતિકારી પોલીસના હાથમાં સપડાઈ ગયો. અંગ્રેજોના ભયંકર ત્રાસ અને જુલમથી ડરી જઈ એ બેવફા બન્યો. એણે ક્રાંતિકારીઓની આખી યોજના સરકાર સામે ધરી દીધી. એમનાં નામઠામ આપ્યાં.

આ યોજનાના પ્રાણ સમા માસ્તર અમીરચંદે સુલ્તાનચંદ નામના એક છોકરાને દત્તક લીધો હતો. આ સુલ્તાનચંદ પણ ફૂટી ગયો. એણે પણ અમીરચંદની વિરુદ્ધ અદાલતમાં સાક્ષી આપી.

આમ દીનાનાથ અને સુલતાનચંદ જેવા બબ્બે બેવફા અને કાયર અમીચંદોને કારણે અમીરચંદ, અવધબિહારી, બાલમુકુંદ અને વસંત કુમારને ફાંસી થઈ. હનુમંત સહાય અને બલરાજ ભલ્લાને સાત સાત વર્ષની દેશનિકાલની સજા થઈ.

નાસી છૂટેલા રાસબિહારીને આ દુઃખદાયક સમાચાર મળ્યા.

દુનિયામાં ક્યારેય લોકો સામે નિરાશ કે દુઃખી ન દેખાનારા રાસબિહારી આ સમાચાર સાંભળી છૂટે મોંએ રડ્યા.

આ બાજુ કાશીમાં પણ ક્રાંતિકારી ટોળી ઝાઝો સમય ટકી ન શકી. પાઈ પાઈ માટે ક્રાંતિકારીઓને ત્યાં વાખા પડવા માંડ્યા. એક દિવસ તો ધનની આ ખેંચથી

રાસબિહારી એકદમ અકળાઈ ગયા. એમણે શચીન્દ્ર સન્યાલ તેમ જ બીજા ક્રાંતિકારીઓને પોતાને પોલીસને સોંપી દેવા જણાવ્યું.

પોલીસે એમના નામનું સાડાસાત હજાર રૂપિયાનું ઇનામ કાઢ્યું હતું. પોતાને આ રીતે ગિરફ્તાર કરાવી દઈ પોલીસ પાસેથી સાડાસાત હજાર રૂપિયા મેળવવાની, પૈસાની તંગીથી એકદમ આકુળવ્યાકુળ બની ગયેલા રાસબિહારીએ જાતે જ સલાહ આપી! કેટલી જબરી દેશભક્તિ એમના દિલમાં સમાયેલી હશે?

આટઆટલી આફતો હતી, તેમ છતાં એકદમ સાવ હિંમત હારી જવાનું રાસબિહારીના સ્વભાવમાં ન હતું. એટલે એમની ક્રાંતિકારી પ્રવૃત્તિ તો સતત ચાલ્યા જ કરતી.

કોઈ ને કોઈ ક્રાંતિકારી તો હંમેશાં એમની સાથે જ રહેતા જ!

એમણે લશ્કરમાં પ્રચાર કરવાનું કામ પણ સાથોસાથ ચાલુ જ રાખ્યું હતું. અનેક સૈનિકોને એમના તરફ સહાનુભૂતિ હતી. એમના મનમાં પણ માભોમને આઝાદ કરવાની તમન્ના રાસબિહારીએ જગાડી હતી.

આમ છતાં રાસબિહારીનું જૂથ ખૂબ નાનું હતું. આગળ જણાવ્યું તેમ એમની પાસે પૈસા ન હતા. જોઈતી સાધનસામગ્રી ન હતી.

આથી ખુલ્લંખુલ્લા એ સૈનિકો એમની સાથે જોડાતા ખૂબ ડરતા હતા.

કેટલાક વખત બાદ વળી પાછું દિલ્હીમાં ક્રાંતિકારીઓનું એક નાનું સરખું નવું મંડળ જમાવવામાં આવ્યું.

આ બાજુ પોલીસની નજર ચુકાવવાને માટે રાસબિહારીને ચારેબાજુ ભયંકર દોડાદોડી કરવી પડતી હતી.

આ દોડાદોડી દરમિયાન પણ રાસબિહારીએ એક વાત સાફ સાફ જોઈ લીધી. ભારતમાં ક્રાંતિકારીઓનું ખૂબ સબળ અને મોટા પાયા ઉપર સંગઠન કરવું હોય તો એમને જરૂરી એવાં શસ્ત્રો કોઈપણ હિસાબે મેળવી આપે જ છૂટકો.

હવે એવાં શસ્ત્રો ભારતમાં તો ન જ મળે એ દેખીતું હતું. અંગ્રેજ સરકારનો શસ્ત્રો ઉપર જબરો અંકુશ હતો.

આથી એ શસ્ત્રો કોઈપણ હિસાબે પરદેશમાંથી જ મેળવવા જોઈએ. એ માટે કોઈકે પરદેશ જવું જોઈએ.

રાસબિહારી જેવા મહા કુશળ સંગઠનકાર આ કામ સારી રીતે પાર પાડી શકે તેમ હતા.

આથી સહુએ એમને જ પરદેશ જવા જણાવ્યું. રાસબિહારીએ પહેલાં તો સાફ સાફ ના પાડી દીધી, પણ છેવટે એ માની ગયા. એમણે કહ્યું કે એક વાર ભારતના તમામ યુવકો અને યુવતીઓ પાસે હથિયારો આવવા દો. પછી દેન છે અંગ્રેજોની કે આ દેશમાં રહી એ રાજ કરી શકે?

આમ રાસબિહારીએ પરદેશ જવાનું નક્કી કર્યું.

પરદેશથી એમણે મોટી સંખ્યામાં પિસ્તોલો અને કારતૂસો છૂપી રીતે ભારત મોકલવાનાં હતાં.

શચીન્દ્ર અને બીજા સાથીઓ દેશમાં ક્રાંતિકારીઓની ટોળીનું સંગઠન કરી એક મોટી યોજના ઘડવાના હતા. બધું બરાબર ગોઠવાઈ જાય એટલે રાસબિહારીએ દેશમાં પાછા ફરવાનું હતું.

ઈ. સ. ૧૯૧૫નો એપ્રિલ મહિનો હતો.

રાસબિહારીએ પોતે ઓળખાઈ ન જાય એ માટે વેશપલટો કર્યો હતો. એમનું નામ પણ એમણે બદલી નાખ્યું હતું. રાજા પી. એન.

ટાગોરનું નામ ધારણ કરી એ પરદેશ ઊપડવાના હતા.

નક્કી કરેલા દિવસે સ્ટીમરમાં બેસતાં પહેલાં એ શચીન્દ્રને છેવટના મળ્યા. ખૂબ વહાલથી એ એમને ભેટ્યા. આંખમાં આંસુ સાથે એમણે શચીન્દ્રને કહ્યું : 'દોસ્ત! આ રીતે ભારત છોડીને ભાગી નીકળતાં મારા મનમાં કેટલી વેદના થાય છે, એ હું તને કેમ કરી સમજાવું? જુઓ, તમે બધા ખૂબ જ ચતુરાઈથી અને સાવધાનપણે રહેજો. અહીં બધું બરાબર ગોઠવાઈ જાય એટલે તું પણ મારી સાથે પરદેશમાં ચાલ્યો આવજે.'

હવે તે વખતે શચીન્દ્રનાથ ઉપર પણ પોલીસનું વૉરંટ તો નીકળી ચૂક્યું જ હતું. આમ છતાં દેશમાં ક્રાંતિકારીઓના સંગઠન માટે એમની હાજરીની ભારે જરૂર હતી.

થોડા જ દિવસો બાદ રાસબિહારી હેમખેમ જાપાન પહોંચી ગયા.

એમની ઇચ્છા શાંગહાઈમાંથી છૂપી રીતે ભારતમાં શસ્ત્રો મોકલવાની હતી. આથી શાંગહાઈ ગયા, પણ ત્યાં એમણે જોયું કે એમની ઇચ્છા બર આવે તેમ નથી. આથી એ પાછા ટોકિયો ગયા.

હવે આ વખતે જાપાનમાં ભારતના મહાન દેશભક્ત લાલા લજપતરાય મોજૂદ હતા. એ ઉપરાંત શ્રી હેરંબલાલ ગુપ્ત પણ ત્યાં આવી ચઢ્યા હતા.

રાસબિહારી આ બંનેને મળ્યા. એમની પાસેથી પ્રેરણા મેળવી.

જાપાનમાં આવ્યા ત્યારે શરૂશરૂમાં રાસબિહારીને જાપાનીઝ ભાષા આવડતી ન હતી.

જ્યારે જાપાનીઝો ભારે સ્વદેશાભિમાની હોઈ એમનામાં ખૂબ

ઓછા લોકો અંગ્રેજી જાણતા હતા.

આમ છતાં રાસબિહારીએ જાપાનના એક શહેરમાં સુશિક્ષિત જાપાનીઓની એક સભા ભરી. એ સભામાં એમણે અંગ્રેજો વિરુદ્ધ મોટું ભાષણ કર્યું.

આ ભાષણની જાણ જાપાનમાં રહેતા અંગ્રેજ સરકારની એલચીની થઈ. તરત જ ભારે ઝીણવટભરી તપાસ થઈ.

થોડા જ સમયમાં અંગ્રેજોને ખબર પડી ગઈ કે પી. એન. ટાગોર બીજું કોઈ નહીં પણ રાસબિહારી ઘોષ પોતે જ છે.

વળી એ એકલા નથી. એમની સાથે અંગ્રેજોના હડહડતા દુશ્મન સમા લાલા લજપતરાય અને હેરંબલાલ પણ જાપાનમાં જ છે.

આથી અંગ્રેજ સરકારે આ ત્રણેને જાપાનની બહાર કાઢી, એમને સોંપી દેવા જાપાનની સરકારને વિનંતી કરી.

જાપાનીઝ સરકાર અને બ્રિટિશ સરકાર વચ્ચે આ બાબતમાં લાંબો પત્રવ્યવહાર ચાલ્યો.

એ દરમિયાન લાલા લજપતરાય તો અમેરિકા ચાલ્યા ગયા. હવે રહ્યા રાસબિહારી અને હેરંબલાલ.

થોડા વખત બાદ હેરંબલાલ પણ જાપાનથી રવાના થઈ ગયા.

આ બાજુ અંગ્રેજોએ જાપાનીઝ સરકાર ઉપર રાસબિહારીને પોતાને હવાલે કરવા ભારે દબાણ આણવા માંડ્યું.

એ અરસામાં રાસબિહારીએ જાપાનીઝ ભાષા શીખવાની શરૂઆત કરી દીધી હતી. ભારે ઝડપથી એ શીખતા હતા. સાથે સાથે જાપાનીઓને એ અંગ્રેજી પણ શીખવતા જતા હતા.

એમના સારા નસીબે એમને મિત્સૂઈ તોયામા નામના એક જાપાનીઝ નેતાનો પરિચય થયો. આ તોયામા જાપાનના સૈનિકોના

એક ખૂબ જબરા આગેવાન હતા.

એમણે જ રાજબિહારીને પોતાને ત્યાં આશરો આપ્યો હતો.

એમની લાગવગ જાપાનના શહેનશાહથી માંડીને અદનામાં અદના નાગરિક સુધી પહોંચતી હતી.

આથી હવે તોયામા અને અંગ્રેજ સરકાર વચ્ચે રાસબિહારીની બાબતમાં મોરચો મંડાયો.

તોયારીમાં જરા સરખું પણ નમતું આપે તેવા ન હતા. વળી જાપાનીઝ સરકારે પણ એમનો જ પક્ષ લીધો હતો.

આમ છતાં રાસબિહારી ઉપરનો ભય હજુ દૂર થયો ન હતો.

અંગ્રેજો ભારે કાબેલ હતા.

એમના જાસૂસો અને રાજપુરુષો ભારે જબરા હતા. એ ધારે તો ચોરીછૂપીથી રાસબિહારીનું અપહરણ કરાવી શકે તેમ હતા. અથવા તો ઠંડે કલેજે એમનું ખૂન પણ કરી શકે તેમ હતા.

રાસબિહારીના ભલાને માટે તોયામાએ એક ખૂબ સુંદર રસ્તો કાઢ્યો.

જાપાનના એ સમયના રીતરિવાજોને દૂર ફગાવી દઈ, એમણે રાસબિહારીનાં લગ્ન જાપાનમાં એક ખૂબ ઊંચા કુળવાન કુટુંબમાં કરાવી દીધાં.

રાસબિહારીનાં પત્નીનું નામ હતું તોસિકો.

એમનાં સાસુનું નામ હતું શ્રીમતી સો મા. જાપાનમાં એ બંનેનો ભારે પ્રભાવ હતો. એ ખૂબ શક્તિશાળી હતાં.

એમને છેડવાની બહુ ઓછામાં હામ હતી.

રાસબિહારીનું એમનાં પત્નીએ અને સાસુએ જબરું રક્ષણ કર્યું

ઈ. સ. ૧૯૨૩ સુધી અંગ્રેજોના પંજામાં ન ઝડપાઈ જવાય એ માટે એમને જાપાનમાં ઠેરઠેર છૂપા રહેવું પડ્યું. આ બંને સ્ત્રીઓની ઓથ અને હામને લીધે જ રાસબિહારી તેમ કરી શક્યા.

બ્રિટિશ એલચીખાતાએ એમને જીવતા યા મૂએલા પકડવા માટે ઘણાં બધાં કાવતરાં કર્યાં હતાં. પણ રાસબિહારીએ પોતાની પત્ની અને સાસુની સહાયથી એ બધાં કાવતરાં નિષ્ફળ બનાવ્યાં હતાં. અંતે જ્યારે એ જાપાની નાગરિક બન્યા ત્યારે જ અંગ્રેજોએ જાહેરમાં એમની સામે કાવતરાં કરવાનું બંધ કર્યું.

આ બધી દોડાદોડ અને રઝળપાટમાં પણ ભારે ચબરાક એવા રાસબિહારીએ જાપાની ભાષા સાંગોપાંગ શીખી લીધી.

એ પોતે જાપાની ભાષામાં ખૂબ સુંદર લેખો લખતા હતા. એમના લેખો જાપાનમાં ખૂબ વખાણ્યા હતા. આ સફળતાથી આશાવંત બની એમણે જાપાની ભાષામાં સારાં એવાં પુસ્તકો પણ બહાર પાડ્યાં.

એ જ્યાં જતાં ત્યાં જાપાનીઓમાં ભારત વિશે પ્રચાર કરતા. ભારતની આઝાદી માટે જાપાની લોકોની સહાનુભૂતિ અને મમતા મેળવતા.

ઈ.સ. ૧૯૧૪માં પહેલું વિશ્વયુદ્ધ થયું. જાપાન અંગ્રેજોના પક્ષમાં જોડાયું. આથી રાસબિહારીએ કરેલો પ્રચાર પ્રમાણમાં નકામો ગયો. જાપાન ખુલ્લી રીતે ભારતની આઝાદીની ચળવળને ટેકો ન આપી શક્યું.

આમ છતાં રાસબિહારી નિરાશ ન થયા. એમણે જાપાનીઓમાં ભારત તરફી પ્રચાર તો ચાલુ જ રાખ્યો. જો બીજું વિશ્વયુદ્ધ થાય તો જાપાન ભારતને પક્ષે ઊભું રહે, એ જ એમના એ પ્રચારનો

હેતુ હતો.

એ અરસામાં ચીનના મહાન નેતા ડૉ. સૂન યાત સેન પણ જાપાનમાં આવ્યા.

એમને પણ તોયામાએ જ આશરો આપ્યો હતો.

સૂન યાત સેન અને રાસબિહારી વારંવાર સાથે બેસતા. પોતપોતાના દેશની આઝાદી માટે અનેક યોજનાઓ વિચારતા.

રાસબિહારીની જે મુશ્કેલીઓ હતી, લગભગ એવી જ મુશ્કેલીઓ સૂન યાત સેનની પણ હતી.

રાસબિહારીએ જાપાનમાંના એમના આટલા વસવાટ દરમિયાન સારી એવી રકમ પણ ભેગી કરી હતી. આથી એમણે સૂન યાત સેનને જાપાની ચલણમાં સારી એવી રકમ, ચીનની આઝાદીની ચળવળ માટે ભેટ આપી હતી.

ટોકિયોમાં રાસબિહારીએ એક હોટેલ શરૂ કરાવડાવી હતી. આ હોટેલમાં જાપાનમાં આવતા ભારતવાસીઓ એકઠા થતા હતા.

આ હોટેલમાં ભારતીય ભોજનની વાનગીઓ પીરસવામાં આવતી.

એ જમાનામાં ભારતમાંથી જાપાન આવીને રહેલા કે આવતા અનેક ભારતવાસીઓને રાસબિહારીએ ઉદાર હાથે મદદ કરી હતી.

એક વાર કવિવર રવીન્દ્રનાથ ટાગોર પણ જાપાન આવ્યા હતા. એમણે ભારત માટે રાસબિહારીએ જાપાનમાં જે કંઈ કર્યું હતું તેની ખૂબ ખૂબ પ્રશંસા કરી હતી.

જાપાનમાં થોડો વખત રહી ગુરુદેવ ભારત પાછા ફર્યા. ત્યાં એમને ખબર પડી કે રાસબિહારીના વતનમાં એમનું મકાન ધરતીકંપને કારણે તૂટી પડ્યું છે. એમણે એ મકાનના સમારકામ

માટે પોતાના તરફથી છસો રૂપિયા મોકલાવ્યા. અંગ્રેજી સરકારની આંખમાં ધૂળ નાખી ભારતમાંથી નાસી છૂટેલા એક ગુનાખોર ક્રાંતિકારીના મકાનને સમું કરવા આ રીતે કવિવર ટાગોર જ મદદ મોકલવાની હિંમત કરી શકે! એ કાળમાં આ એક ખૂબ મોટું સાહસ હતું. રાસબિહારી સાથે જરા સરખી પણ સહાનુભૂતિ દેખાડનાર અંગ્રેજોની નજરે ખૂબ મોટો ગુનેગાર ગણાતો.

જાપાનમાં બેઠાં બેઠાં રાસબિહારીએ 'ન્યુ એશિયા' નામનું એક સામયિક પણ શરૂ કર્યું હતું. આ સામયિકમાં ખાસ કરીને ભારત વિશે લેખો આવતા.

ટોકિયોમાં રહ્યા રહ્યા પણ રાસબિહારી દરેક વર્ષે જલિયાંવાળા બાગના અત્યાચારોના ગોઝારા દિનની ઉજવણી કરતા. એમણે જાપાની ભાષામાં એકંદરે ૧૬ પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં હતાં. એમાં ભારત દેશની સંસ્કૃતિ, લોકકથાઓ, ભારતની આઝાદી, રામાયણ, ગીતા, રવીન્દ્રનાથ ટાગોરનાં કાવ્યો ને અનુવાદ વગેરે મુખ્ય છે.

ઈ. સ. ૧૯૩૮માં બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું.

રાસબિહારી જે તકની રાહ જોઈ રહ્યા હતા, એ તક એમને હવે મળી ગઈ. પહેલા વિશ્વયુદ્ધમાં એમની પ્રવૃત્તિઓ ઉપર એમને કાબૂ રાખવો પડ્યો હતો. પણ આ વખતે હવે એમને મોકળો હાથ મળે એવા સંજોગો હતા. એમણે છૂપી રીતે ખૂબ બધી તૈયારીઓ કરવા માંડી.

આ વખતે દેશપાંડે નામના એક મરાઠા યુવાન એમના મંત્રી તરીકે કામગીરી બજાવતા હતા.

ઈ. સ. ૧૯૪૧ના ડિસેમ્બર માસની આઠમી તારીખે જાપાને પણ વિશ્વયુદ્ધમાં ઝુકાવ્યું. એણે અંગ્રેજો સામે લડી રહેલાં જર્મનીનો

પક્ષ લીધો.

રાસબિહારીના આનંદનો પાર ન રહ્યો. હવે જાપાનમાં ખુલ્લંખુલ્લા અંગ્રેજો વિરુદ્ધ કામ કરી શકાશે. હવે ભારતની આઝાદીની ચળવળ જાપાનમાં બેઠાં બેઠાં પણ લડી શકાશે. આવા વિચારોથી એ ખૂબ આશાવંત બન્યા.

જાપાનમાં રહેતા ભારતવાસીઓને એમણે ટોકિયોમાં બોલાવ્યા. એમની પાસે એમણે પોતાની આખી યોજના રજૂ કરી. હવે જ સાચો મોકો આવ્યો છે, એમ એમણે સૌ ભારતવાસીઓનાં મન પર ઠસાવ્યું.

જાપાને યુદ્ધમાં ઝુકાવ્યું તેના બરાબર અઢારમે દિવસે ટોકિયોમાં ભેગા થયેલા ભારતવાસીઓએ ભારતની આઝાદીની જાહેરાત કરી. ભારતને સ્વતંત્ર કરવા માટે 'ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગ' નામની એક સંસ્થાની પણ તેમણે એ જ વખતે સ્થાપના કરી.

છેલ્લાં ઘણાં વર્ષોથી ભારત સાથે એમનો સીધો સંપર્ક તૂટી ગયો હતો. ભારતમાં એ અરસામાં ખૂબ જાણીતા હોય એવા નેતાને જાપાનમાંથી ભારતની આઝાદીની ચળવળ શરૂ કરવા માટે બોલાવવાનું એમણે વિચાર્યું. એવું કહેવાય છે કે એમણે જ એ માટે વીર સાવરકરની મારફત નેતાજી સુભાષચંદ્ર બોઝને સંદેશો મોકલાવ્યો હતો. એ સંદેશા અનુસાર જ એક દિવસ સુભાષબાબુ ભારતમાંથી અંગ્રેજોની આંખમાં ધૂળ નાખી છટકી ગયા હતા.

હશે જે હશે તે!

જાપાને યુદ્ધમાં ઝુકાવતાની સાથે અગ્નિએશિયાના દેશો એક પછી એક જીતતા માંડ્યા.

જે જે દેશો જીતતા ગયા, તે તે દેશોમાં રાસબિહારીની યોજના

અનુસાર આઝાદ હિંદ ફોજનું સંગઠન થતું ગયું.

આ બધા જિતાયેલા દેશોમાં લાખો ભારતવાસીઓ રહેતા હતા. એમણે પોતાનાં તન, મન, ધન, માભોમની મુક્તિ માટે આઝાદ હિંદ ફોજને આપ્યાં. આમ રાસબિહારીની નેતાગીરી નીચે અગ્નિ-એશિયાના દેશોમાં જબરજસ્ત કામ થયું.

એટલામાં ભારતમાંથી નાસી છૂટેલા સુભાષબાબુ આવી લાગ્યા.

એમના આવવાથી આઝાદ હિંદ ફોજનો સીનો જ ફરી ગયો.

આ બાજુ રાસબિહારી ઉપર જાપાનની સરકારના ખૂબ બધા ઉપકાર હતા. બકરું કાઢતાં ઊંટ ન પેસી જાય એનો પણ એમણે વિચાર કરવાનો હતો. અંગ્રેજો જતાં જાપાનીઓનાં મનમાં ભારતના માલિક બનવાની ઇચ્છા ન કરે નારાયણ અને જાગે તો?

એ સંજોગોમાં જાપાનના અનેક અહેસાનો નીચે અત્યાર સુધી જાપાનમાં રહેલા રાસબિહારીથી જાપાનીઓનો વિરોધ ન થઈ શકે તો!

સંભવ છે કે આ બધું વિચારીને રાસબિહારીએ ઈ.સ. ૧૯૪૩ના જુલાઈ માસમાં આઝાદ હિંદ ફોજનો હવાલો સુભાષચંદ્ર બોઝને સોંપી દીધો. એમને રાસબિહારીએ આઝાદ હિંદ ફોજના સરસેનાપતિ બનાવી દીધા.

આ પ્રસંગે એક સરસ

મઝ્રનો ભવ્ય મેળાવડો થયો.

આ મેળાવડામાં રાસબિહારીએ કહ્યું : 'મિત્રો અને સાથીઓ! હવે હું ઘરડો થઈ ગયો છું. આ કામ મારા કરતાં એક યુવાન વ્યક્તિ વધુ સુંદર રીતે કરી શકશે. સુભાષબાબુથી ચડિયાતી બીજી કોઈ વ્યક્તિ મારી નજરમાં નથી.'

ભારતનાં કમનસીબે બીજાં વિશ્વયુદ્ધમાં જાપાન હાર્યું.

ઈ.સ. ૧૯૪૫ના જાન્યુઆરી માસની ૨૧મી તારીખે આઝાદ હિંદ ફોજની છેલ્લી હાર થઈ.

સુભાષબાબુને લઈ જતું વિમાન તૂટી પડ્યું. એમાં એમનું અવસાન થયું.

ઈ. સ. ૧૯૪૫માં થયેલી આઝાદ હિંદ ફોજની હાર પહેલાં જ રાસબિહારીનું જાપાનમાં અવસાન થયું.

એમના શબને લઈ જવાને માટે જાપાનના રાજમહેલનું શાહી વાહન મોકલવામાં આવ્યું.

જાપાન સરકાર તરફથી બહાર પડતી યાદીઓમાં એમના અવસાનના સમાચાર છાપવામાં આવ્યા.

જાપાનની સરકાર સાથે જેને સીધો સંબંધ ન હોય એવી વ્યક્તિઓને અપાતાં ઊંચામાં ઊંચા માન અને શાહી દબદબા સાથે એમના દેહની અંતિમ ક્રિયા કરવામાં આવી.

આખા જાપાને એમના અવસાન બદલ શોક અનુભવ્યો.

આમ દેશ ખાતર દેશવટો ભોગવનાર ભારતનો આ શૂરો સપૂત જાપાનની ઝરતી પર અવસાન પામ્યો.

આપણે એમને અને એમનાં જીવનને કદી નહીં વીસરીએ.

*

પ્રતિજ્ઞા પૂરી થઈ

ઈ.સ. ૧૯૦૮ની વાત છે.

દેશદાઝ અને શૂરાતનથી લખલખતો એક નવયુવાન છે.

માત્ર સત્તર વર્ષની એની ઉંમર છે.

એનું નામ છે : ચંપકરામન પિલ્લાઈ.

કેરલમાં આવેલું કોચીન શહેર એનું વતન છે.

ભારતમૈયાની ગુલામી આ આગના તણખા જેવા યુવાનની આંખોમાં કણાની માફક ખટકે છે.

માભોમની મુક્તિ માટે મરી ફીટવાની એની તમન્નાનો કોઈ આરો નથી.

દેશમાં રહીને ક્રાંતિકારી ચળવળ હાથ ધરવાનું ખૂબ કપરું છે.

આથી એ ચૂપચાપ પરદેશ જવાનું નક્કી કરે છે. યુરોપનું જર્મની એને ખૂબ માફક આવશે એમ એ માને છે. એટલે કોઈની પણ આંખે ચડ્યા વિના એ સીધો જર્મની પહોંચે છે.

'જયહિન્દ'નો લલકાર કરતાંની સાથે જ આજે આપણું હૈયું દેશદાઝથી ભરાઈ આવે છે. ભારતવાસીઓ માટે આ બંને શબ્દો એક અમરમંત્ર જેવી બની ચૂક્યા છે.

'જયહિન્દ'નો નારો, આ લલકાર ચંપકરામન પિલ્લાઈએ સર્જ્યો હતો એમ કહેવાય છે. ઈ. સ. ૧૯૩૪માં એ મરણ પામ્યા.

ઈ. સ. ૧૯૦૮થી માંડી ઈ. સ. ૧૯૩૪ સુધી આ વીરનર વિદેશમાં જ રહ્યા હતા. વિદેશમાં બેઠાં બેઠાં એમણે ભારતની આઝાદી માટે અગણિત પ્રયાસો કર્યા હતા.

એમણે પરદેશમાં પણ નાનીમોટી સમિતિઓ રચી હતી. જુદા જુદા દેશોમાં વસતા ભારતીય ક્રાંતિકારીઓનું એક સંગઠન પણ એમણે બનાવ્યું હતું. ભારતની આઝાદી અંગેના ઢંઢેરાઓ પણ એમણે પરદેશમાંથી બહાર પાડ્યા હતા.

ભારતની સ્વતંત્રતાની ચળવળને વેગ મળે એ હેતુથી એમણે પરદેશમાં રહ્યાં રહ્યાં અનેક સામયિકો અને છાપાંઓ ચલાવ્યાં હતાં. આ બધાંમાં એમણે ભારતની ક્રાંતિકારી ચળવળને ખૂબ વેગ મળે એવાં તીખાં તમતમતાં કેટલાંય લખાણો પ્રસિદ્ધ કર્યાં હતાં.

એ સાથે સાથે એમણે એમનો અભ્યાસ પણ ચાલુ રાખ્યો હતો. ભારે બુદ્ધિમાન હોવાથી જોતજોતામાં એમણે ડૉક્ટરની ઉચ્ચકક્ષાની ઉપાધિ પણ મેળવી લીધી હતી.

જર્મનીમાં બેઠાં બેઠાં એમણે ભારતની આઝાદી માટે આદરેલી આ ઉગ્ર ઝુંબેશને જોઈ અંગ્રેજ સરકાર એમના ઉપર ખૂબ રોષે ભરાઈ હતી. એમની પાછળ અંગ્રેજોના છૂપા જાસૂસોનાં ધાડાં ને ધાડાં ઘૂમતાં રહેતાં. કોઈપણ પળે લાગ મળે તો ચંપકરામનું કાટલું કાઢી નાખવાનો એમને સાફ સાફ હુકમ કરવામાં આવ્યો હતો. પણ ચંપકરામન ભારે ચતુર હતા. હરણ જેવા ચપળ અને સાવધ હતા.

અંગ્રેજ જાસૂસોને હાથતાળી આપી એ બેધડક એક જગ્યાએથી

બીજી જગ્યાએ સહીસલામત નાસી છૂટતા હતા.

એમની ચબરાકી, એમની ઝડપ, એમની કુશળતાથી ખૂબ કુશળ મનાતા અંગ્રેજ જાસૂસો પણ દાંતમાં આંગળાં કરડતાં.

ચંપકરામન પિલ્લાઈ

એમ કહેવાય છે કે બ્રિટિશ ગુપ્તચર વિભાગ એમની અંગ્રેજો વિરુદ્ધની જબરદસ્ત કાર્યવાહીથી એકદમ ત્રાસી ગયો હતો. પરિણામે એમનું માથું લાવી આપનારને એક લાખ પાઉન્ડ એટલે આશરે વીશ લાખ રૂપિયા જેટલી રકમનું ઇનામ આપવાની પણ એક વાર જાહેરાત કરવામાં આવી હતી.

ઈ. સ. ૧૯૧૪માં પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. તે વખતે ડૉ. ચંપરકામન જર્મન નૌકાદળમાં જોડાયા. અંગ્રેજો તે વખતે જર્મન સામે લડતા હતા. આથી જર્મનોની નોકરી સ્વીકારી અંગ્રેજો ઉપર વેર વાળવાનો આ ખૂબ સરસ અવસર હતો.

એ જમાનામાં જર્મનોનું યુદ્ધ જહાજ 'એમ્ડન' આખા વિશ્વમાં ખૂબ જાણીતું બન્યું હતું. એણે હિન્દી મહાસાગરમાં અંગ્રેજોની માલિકીનાં અનેક સ્થળોએ બૉમ્બમારો કર્યો હતો. અંગ્રેજોની અનેક સ્ટીમરો અને યુદ્ધ જહાજોને એણે ભિડાવ્યાં હતાં.

આવી ખૂબ શક્તિશાળી યુદ્ધનૌકામાં ચંપકરામની કામગીરી લીધી હતી.

આ 'એમ્ડન' જહાજે પહેલા વિશ્વયુદ્ધના ઈ.સ. ૧૯૧૪થી ઈ.સ. ૧૯૧૮ના ગાળા દરમિયાન ભારતના કિનારા ઉપર પણ બૉમ્બમારો

કર્યો હતો.

બહુ ઓછાને ખબર હશે કે, ડૉ. ચંપકરામન પિલ્લાઈએ જ એમ્ડન જહાજમાંથી ભારતના દરિયાકિનારા ઉપર આવેલાં અંગ્રેજ સરકારનાં જુદાં જુદાં મથકો ઉપર એ બૉમ્બમારો કર્યો હતો. એમની ભારે ચોકસાઈ અને કુશળ નિશાનબાજીને કારણે આ સ્થળોની આસપાસ રહેતા ભારતીય નાગરિકોની જાનહાનિ થતી બચી ગઈ હતી. ચંપકરામનની સુયોગ્ય દોરવણી ન હોત તો અનેક નિર્દોષ ભારતીયો આ બૉમ્બમારાને કારણે માર્યા ગયા હોત.

આ યુદ્ધનૌકામાંથી ચંપકરામન એક દિવસ ખૂબ છૂપી રીતે એમના વતન કોચીનમાં પણ પહોંચી ગયા હતા. મિત્રો અને સંબંધીઓને મળી એ તરત પાછા એમના જહાજ ઉપર ભારે ઝડપથી પહોંચી ગયા હતા.

આ વખતે ભારત છોડતી વખતે એમણે એમની ઐતિહાસિક બની ગયેલી એક પ્રતિજ્ઞા લીધી હતી.

આ પ્રતિજ્ઞા લેતી વખતે એમણે કહ્યું હતું : 'હવે પછી કોચીનની ધરતી ઉપર હું ભારતનો ત્રિરંગો રાષ્ટ્રધ્વજ લહેરાવતા અને ભારતની માલિકીનાં હોય એવા ખૂબ શક્તિશાળી જહાજમાં જ પાછો ફરીશ.' મતલબ કે ભારત આઝાદ નહીં થાય ત્યાં સુધી એ કદીપણ ભારતની ભૂમિ ઉપર પગ નહીં મૂકે!

ઈ. સ. ૧૯૩૦માં જર્મનીમાં એડૉલ્ફ હિટલરનો ઉદય થયો. આ હિટલર એનાં અનેક પિશાચી કામો અને ઘાતકીપણા માટે ખૂબ જાણીતો હતો.

જર્મનીમાં રહીને ભારત માટે ક્રાંતિકારી ચળવળ ચલાવી રહેલાં ડૉ. ચંપકરામન પિલ્લાઈ સાથે હિટલરને અમુક કારણોસર ન બન્યું

બસ થઈ ચૂક્યું!!

પોતાનો સહેજ પણ વિરોધ કરનારને મરણને શરણ પહોંચાડવા માટે ખૂબ જ જાણીતા હિટલરની ખફગી ચંપકરામન ઉપર ઊતરી. એમ કહેવાય છે કે હિટલરની સૂચનાથી ચંપકરામનને ધીમું ઝેર આપવામાં આવ્યું હતું. આ ઝેરને પરિણામે જ ઈ. સ. ૧૯૩૪નાં મે માસમાં આ બહાદુર ક્રાંતિકારીનું જર્મનીમાં અવસાન થયું.

એમનાં પત્નીનું નામ હતું લક્ષ્મીબાઈ. એ પણ એમના પતિની માફક ખૂબ બહાદુર હતાં. ચંપકરામનની રઝળપાટને લીધે તેમજ એમની પૂંઠે લાગેલી છૂપી પોલીસને કારણે લક્ષ્મીબાઈને ખૂબ વેઠવું પડ્યું હતું.

ચંપકરામનને જર્મનીના પાટનગર બર્લીનમાં જ અગ્નિદાહ દેવામાં આવ્યો હતો. એમની ભસ્મનો કુંભ લક્ષ્મીબાઈએ એક અમૂલી થાપણની માફક સાચવી રાખ્યો હતો.

ચંપકરામનના મરણ બાદ લક્ષ્મીબાઈએ મુંબઈમાં વસવાટ કર્યો હતો. એમને આરંભમાં સારી એવી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ડૉ. ચંપકરામન પિલ્લાઈનાં મરણ બાદ ૩૨ વર્ષે એમની પ્રતિજ્ઞાનું પાલન કરવામાં આવ્યું.

ભારતના નૌકાદળની પહેલી ક્રુઝર આઈ. એન. એસ. દિલ્હીમાં ભારે દબદબાથી ચંપકરામનની ભસ્મને મુંબઈથી એમના વતન કોચીનમાં લઈ જવામાં આવી. ઈ.સ. ૧૯૬૬ના સપ્ટેમ્બર માસની ૧૯મી તારીખે આ બનાવ બન્યો હતો.

આમ ભારતીય નૌકાદળના ભારતીય રાષ્ટ્રધ્વજ લહેરાવતાં આ યુદ્ધ જહાજે ચંપકરામનની મુરાદ પાર પાડી.

આપણી આ ક્રુઝર 'દિલ્હી'ની પસંદગી શા માટે કરવામાં આવી,

એની પાછળ પણ એક કારણ છે.

આ ક્રુઝરનું મૂળ નામ તો હતું આઈ. એન. એસ. 'એચીલીસ.' એની માલિકી મૂળ તો અંગ્રેજ સરકારની હતી. બીજાં વિશ્વયુદ્ધમાં આ એચીલીસે ખૂબ જ નોંધપાત્ર કામગીરી બજાવી હતી. અંગ્રેજોની

સામે લડાઈમાં ઊતરેલા જર્મનોનાં દાંત એણે ખાટકરી દીધા હતા. જર્મન યુદ્ધ જહાજ 'ગ્રાફસ્પી' સાથે એણે જબરજસ્ત જંગ ખેલ્યો હતો.

સ્વતંત્રતા મળ્યા બાદ સ્ટીમરને 'આઈ. એન. એસ. દિલ્હી'નું નામ આપવામાં આવ્યું હતું.

ભારતના આધુનિક નૌકાદળનું એ પ્રથમ યુદ્ધ જહાજ છે.

આ જહાજમાં પોતાની ભસ્મને લઈ જવાતી જોઈ વીર ચંપકરામનના આત્માને અપાર શાંતિ મળી હશે. ભારતવાસીઓ ડૉ. ચંપકરામનની વીરતાને કદી વીસરશે નહીં.

*

उन शहीदोंकी यादमें जिन्होंने
अपने खूनसे वतनके बागको सींचा

અબલા બની પ્રબલા

હે સ્વતંત્રતા!

તને સહસ્ર સહસ્ર પ્રણામ!

તારે માટે ભારતની ધરતી પર કેટકેટલા જંગ ખેલાયા!

કેટલા યુવાનોએ, કેટલા વૃદ્ધોએ, કેટલાં બાળકોએ, કેટલા કિશોરોએ અને કેટલાં બહેનોએ હસતે મુખે તારા કાજે પોતાના જાન આપ્યા છે!

તારે માટે લડવામાં આવેલી એ લડતનો ઇતિહાસ આંખ સામે આજે જ્યારે ધરીએ છીએ, ત્યારે અમારાં હૈયાં આનંદથી, ગૌરવથી, અભિમાનથી ભરાઈ જાય છે.

ઈ. સ. ૧૯૪૨ની ઑગસ્ટની વાત છે.

મહાત્મા ગાંધીજીએ અંગ્રેજોને 'ભારત છોડો'નું અંતિમ એલાન આપ્યું. અંગ્રેજ સરકારે દેશના તમામ નેતાઓને જેલભેગા કરી દીધા.

જનતાએ પોતે હવે પોતપોતાની રીતે દેશવ્યાપી આંદોલન શરૂ કર્યું. સરકારે ભયંકર દમનલીલા શરૂ કરી. લોકો વીફર્યા. ક્યાંક ક્યાંક સશસ્ત્ર આંદોલનો થયાં.

એવાં એક સશસ્ત્ર આંદોલનની આ વાત છે.

બંગાળ એટલે

ક્રાંતિકારીઓની જન્મભૂમિ. આ બંગાળમાં આ ગાળામાં જનતાએ સરકારની સામે ખરેખરો જંગ માંડ્યો.



ક્યાંક ચોકીઓ સળગાવાઈ! પુલો તોડાયા! રસ્તાઓમાં અંતરાયો ઊભા થયા! સરકારી કર્મચારીઓને પકડવામાં આવ્યાં. કેટલાકને સારી એવી પુષ્પાંજલી પણ આપવામાં આવી. ક્યાંક વળી સરકારી ઇમારતોના ભુક્કા પણ બોલાવવામાં આવ્યા. ન્યાયની અદાલતો, પોસ્ટ ઑફિસો, રેલવે વગેરે પર હુમલા થયા. બસો, ટ્રામો વગેરે વાહનો સળગાવવામાં આવ્યાં. દેશી બનાવટના બૉમ્બ પણ ફોડવામાં આવ્યા. કેટલાક ગોરા, કેટલાક દેશી સરકારી અધિકારીઓનાં ખૂન પણ થયાં. જનતાને પક્ષે હજારોએ કારાવાસ સેવ્યો.

હજારોએ નિર્દય અને સદંતર જંગલી સૈનિકોનો ભયંકર લાઠીમાર ખાધો. કેટલાયે હસતે મુખે પોલીસની ગોળીઓ છાતીમાં ઝીલી. કેટલાય ઉપર ઘોડા દોડ્યા! કેટલાયની છાતીમાં પોલીસની સંગીનો ખૂંપાઈ ગઈ!

કેટલાયે કેદ પકડાયેલા ક્રાંતિકારીઓ ઉપર બેસિતમ સિતમ વરસ્યો.

સરકાર અને પ્રજા વચ્ચે ચાલેલા આ ભયંકર જંગના છાંટા બંગાળના મેદિનીપુરમાં પણ ઊડ્યા હતા.

સપ્ટેમ્બર મહિનાની ૨૬ની તારીખે મેદિનીપુરમાં ક્રાંતિકારીઓની એક મોટી સભા ભરવામાં આવી હતી. એમાં પોલીસચોકીઓ, ન્યાય કચેરીઓ અને એવાં બીજાં સરકારી મકાનો પર હુમલો કરવાનું અને આખું મેદિનીપુર કબજે કરવાનું વિચારવામાં આવ્યું હતું.

એ સભામાં થયેલા નિર્ણયો અનુસાર સપ્ટેમ્બરની ૨૮મી તારીખે દરેક અગત્યના રસ્તા ઉપર મોટાં મોટાં ઝાડ કાપીને નાખવામાં આવ્યાં. પરિણામે એ રસ્તાઓ પરનો વાહનવ્યવહાર બંધ થઈ ગયો.

૩૦ જેટલા પુલો તોડી પાડવામાં આવ્યા. ૨૭ માઈલ જેટલા લાંબા તાર અને ટેલિફોનનાં દોરડાં કાપી નાખવામાં આવ્યાં. તાર માટેના ૧૯૪ જેટલા થાંભલા તોડી પાડવામાં આવ્યા. કોશી અને હુગલી નદીમાંની તમામ હોડીઓ ડુબાવી દેવામાં આવી.

સરકારે તરત જ વળતાં પગલાં ભર્યાં. રસ્તાઓ સરખા કરવા માંડ્યા. ૨૯મી સપ્ટેમ્બરના બપોરના બે સુધીમાં મોટર જઈ શકે એ રીતે રસ્તાની સાફસૂફી થઈ ગઈ.

આ બાજુ લોકો પણ ખૂબ જ વીફર્યા હતા. ૨૯મી સપ્ટેમ્બરથી માંડી પછીના સાત દિવસ દરમિયાન લોકોએ કેટલીય સરકારી ઇમારતોના ભુક્કા બોલાવી દીધા. ૧૨ દારૂની દુકાનો સળગાવી દીધી. ૧૩ જેટલા સરકારી નોકરોને લોકોએ કેદ પકડ્યા. એમની પાસેથી સરકારી નોકરી છોડી દઈશું, એવી પ્રતિજ્ઞા લેવડાવ્યા બાદ એમને છોડી મૂક્યા. થોડીઘણી બંદૂકો અને તલવારો પણ ક્રાંતિકારીઓના હાથમાં એકઠી થઈ.

પોલીસે આ બધાંનો સામનો કરવા કેટલાય ગોળીબાર કર્યા! કેટલાય ઘવાયા! પણ દરેકે દરેક ક્રાંતિકારીએ ગોળીને સામે મોંએ ઝીલી હતી.. કોઈની પીઠ પર ગોળીનો ઘા થયો ન હતો. આ બીના

એ ક્રાંતિકારીઓને મરી ફીટવાની ઉન્નત તમન્ના બતાવી આપે છે.

૨૯મી તારીખે આખા શહેર પર જુદી જુદી દિશાઓમાંથી સરઘસ લાવીને શહેરનો કબજો લેવાની વિચારણા પણ થઈ હતી.

એ પ્રમાણે બપોર ૩ વાગે પશ્ચિમ વિભાગનું એક વિશાળ સરઘસ શહેર પર ચઢી આવ્યું. આ સરઘસમાં આઠ હજાર જેટલા ક્રાંતિને ચાહતા દેશભક્તો હતા. ક્રાંતિના લલકાર કરતું આ સરઘસ જેવું પોલીસ થાણા અને સરકારી કચેરી નજીક આવ્યું, તેવી જ પોલીસ એમના પર લાઠીઓ લઈને તૂટી પડી.

પણ લાઠીમારથી આ સરઘસ ન ડગ્યું. એટલે પોલીસના વડા અધિકારીએ સરઘસ ઉપર ગોળીબાર કરવાનો હુકમ આપ્યો.

બુડ બુડ બુડ કરતી ગોળીઓ છૂટવા માંડી. મેદની ખાખાવીખી થઈ ગઈ.

પાંચ ક્રાંતિકારો તો ત્યાં ને ત્યાં જ શહાદત પામ્યા. આમ છતાં કેટલાક સાહસિક યુવાનો ગોળીબારની પરવા કર્યા વિના વરસાદની માફક છૂટતી ગોળીઓની સામે આગળ ધસ્યા!

એમાંના કેટલાય ઘવાયા! કેટલાય મરાયા! આ બધામાં રામચંદ્ર બેરા નામનો એક બહાદુર ક્રાંતિકારી હતો.

ગોળીઓથી એનું શરીર ખૂબ ખૂબ ઘવાયું હતું. એનાં વસ્ત્રો લોહીથી તરબોળ બન્યાં હતાં. છતાં એ પોલીસની ગોળીઓ વચ્ચેથી છેક કચેરીના દરવાજા સુધી પહોંચી ગયો.

દરવાજા પાસે એ ફસડાઈ પડ્યો. એનું પ્રાણપંખેરું અંતિમ વેળાની પાંખો ફફડાવવા લાગ્યું.

અપાર વેદના થતી હતી છતાં આ છાતીધડા દિલેર યુવાનના ચહેરા પર સ્મિત ફરતું હતું. પોતાનામાં હતું એટલું બધું જોર વાપરી

એણે બૂમ પાડી : 'મિત્રો! મેં કચેરી કબજે કરી છે! જય સ્વતંત્રતા!'

એ શબ્દોની સાથે જ એનું પ્રાણપંખેરું ઊડી ગયું.

આ તો પશ્ચિમ દિશામાંથી આવેલા સરઘસની વાત થઈ.

એ જ રીતે ઉત્તર દિશામાંથી પણ નવલોહિયા દેશભક્તોનું એક ટોળું કૂચ કરતું આવતું હતું. આ ટોળાની આગેવાની માતંગિની હાજરા નામની એક બહાદુર નારીએ લીધી હતી.

એની ઉંમર ૭૩ વર્ષની હતી! પરંતુ એમાં ત્રેવીસ વર્ષની યુવતીનો જુસ્સો હતો! તમન્ના હતી! ઉત્સાહ હતો!

વાનપુકુર નામના એક તળાવ પાસે પોલીસે આ સરઘસ ઘેરી લીધું. પછી ધોબી કપડાં ધોતો હોય એ રીતે હવામાં લાઠીઓ ઘુમાવી એમણે નિર્દયતાપૂર્વક લોકો પર એ વરસાવવા માંડી.

પોલીસનો આ અમાનુષી લાઠીમાર જોઈ લક્ષ્મીનારાયણદાસ નામનો એક ક્રાંતિકારી ખૂબ ઉશ્કેરાયો.

સામે ઊભેલા એક લશ્કરી અધિકારી ઉપર એ કૂદ્યો. એના હાથમાંથી એની બંદૂક છીનવી લીધી.

બસ! પછી તો પૂછવું જ શું?

કેટલાક સિપાહીઓ આ યુવાનને ઘેરી વળ્યા! ગાદલું ટીપતા હોય તેમ એને લાઠી વડે ટીપી ટીપીને ઠંડે કલેજે મારી નાખ્યો.

આ જોઈને પણ મગરૂર માતંગિની ન ડગી!

એણે તો સરઘસને આગળ વધવા લલકાર કર્યો. પોતાના હાથમાં તિરંગો લઈ એ સહુથી આગળ ચાલવા માંડી.

એના હાથમાંથી ધ્વજને નીચે પાડવા માટે પોલીસે એનાં બંને કાંડાં ગોળીથી વીંધી નાખ્યાં. તોપણ એણે એ ધ્વજ છોડ્યો નહીં.

ઊલટું એણે દેશવાસીઓને જ ગોળીએ દેતા સૈનિકોને ઉદ્દેશીને

કહ્યું: 'અરે અભાગિયાઓ! તમારા જ દેશવાસીઓ ઉપર ગોળી છોડવી તમને શોભે? છોડી દો આ પરદેશી સરકારની નોકરી! ફગાવી દો તમારો પહેરવેશ! ફંગોળી દો તમારી લાઠીઓ અને બંદૂકો!'

ધડીમ્ કરતી એક પોલીસની ગોળી છૂટી. એ ગોળીનું નિશાન બરાબર લેવાયું હતું. ગોળી ઉપર જમરાજ જાતે સવાર થયા હતા. સડસડાટ કરતી એ ગોળી માતંગિનીના લલાટમાં ઘૂસી ગઈ.

બીજી જ પળે માતંગિનીનું શબ જમીન પર ફસડાઈ પડ્યું. આમ છતાં એના બંને હાથ રાષ્ટ્રધ્વજ ઉપર ચપસીને બીડેલા હતા.

એક પોલીસે એક લાત મારીને એના બંને હાથમાં પકડાયેલા ધ્વજને દૂર ફેંકી દીધો.

માતંગિના ચહેરા પર ચરમ સંતોષ, અપૂર્વ ગૌરવ અને ઉલ્લાસ તરવરતાં હતાં. માવડીને માટે હસતે મુખે એ મોતને ભેટી હતી. અબલા મટી એ પ્રબલા બની હતી! એ અને માતૃ-મુક્તિ માટે મરી ફીટનારી એવી અસંખ્ય પ્રબલાઓનું સ્મરણ કરી, આપણે નતમસ્તકે એમને અંજલિ આપીએ.

*

ફાંસી કે ફૂલમાળા

ઈ. સ. ૧૯૪૨.

ભારતમાં લોકોએ આઝાદી માટે જબરજસ્ત જંગ જગાવ્યો છે.

તે સમયના આસામની વાત છે.

આસામમાં કેટલાક નવલોહિયા યુવાનોએ ઠેરઠેર રેલવેના પાટા ઉખેડી નાખ્યા છે. આ યુવાનોના એક આગેવાન છે. એમનું નામ છે કૌશલ કોનવર.

પોલીસની શકરાબાજ જેવી નજર એમની પૂંઠે જ ફરતી રહે છે.

એ થોડા જ વખતમાં પોલીસના હાથમાં પરહેજ થાય છે.

ભારે ઝડપથી એમના ઉપર કેસ ચાલે છે.

એમણે રેલવેને સારી પેઠે નુકસાન કર્યું છે. આથી ખૂબ રોષમાં આવેલી સરકારના ન્યાયાધીશો આ વીરનરને ફાંસીની સજા ફટકારે છે.

કોઈ ફૂલમાળા ભેટ મળી એમ કૌશલ એ સજાને આનંદથી વધાવી લે છે.

મોતનો એમને જરા સરખો ડર નથી.

ઈ. સ. ૧૯૪૩ના જૂન માસની ૧૫મી તારીખે એમને ફાંસી આપવાનો હુકમ થાય છે.

કૌશલને ભગવાન ઉપર અડગ શ્રદ્ધા છે.

જેલમાં બેઠાં બેઠાં પણ એ રોજ ગીતાનો પાઠ કરે છે.

એક દિવસ જેલમાં એમના એક સાથીએ એમને ફાંસી વિષેનો અભિપ્રાય પૂછ્યો.

એમણે કહ્યું : 'એક દેશભક્તને માટે ફાંસી તો સાવ નજીવી ચીજ છે. જન્મ થતી વખતે માણસ દોઢ કલાક સુધી વેદના વેઠે છે. એની સરખામણીમાં ફાંસીને કારણે શરીરમાં થતી વેદના તો ખૂબ થોડી પળો માટે વેઠવી પડે છે.'

કેદખાનામાં આ છાતીધડા વીરનરનું વજન સારું એવું વધ્યું હતું.

એમને જે દિવસે ફાંસી આપવાની હતી તે દિવસે સવારે ફાંસિયાઓ જ્યારે એમને લેવા માટે આવ્યા ત્યારે એ ઝટ ઝટ તૈયાર થઈ ગયા. પાંચ મિનિટ સુધી એમણે પ્રાર્થના કરી. પછી શાંતિથી જાણે ફરવા નીકળ્યા હોય તેમ, એ ચાલતા ચાલતા ફાંસીના માંચા પાસે પહોંચ્યા.

ફાંસી પર પડતા પહેલાં એમણે કહ્યું : 'જે કારણસર આજે મને ફાંસી દેવાઈ રહી છે, એ કારણ માટે મને ભારે ગર્વ છે. ભગવાનની મારા ઉપર મોટી મહેરબાની છે. માટે જ એણે આ મહાન કાર્ય માટે મારા પર એની પસંદગી ઢોળી હતી.'

એ બાદ 'પાર કરો દીનાનાથ સંસારસાગર' એ ગીત ગાતાં ગાતાં એ મંચ પર ચડ્યા હતા.

આસામના આ કૌશલ જેવા કેટલાય કોડીલાઓની કુરબાની બાદ ભારત આઝાદ થયું છે.

એ નામી અનામી દેશભક્તોને આપણાં હાજરો વંદન હજો.

*

દેશપ્રેમી દાદીમા

ઈ. સ. ૧૯૪૨.

ઑગસ્ટની નવમી તારીખ બાદ કેટલાક દિવસો પછી બનેલી આ ઘટના છે.

આસામના નવગાંવ જિલ્લાનું બરહમપુર નામનું એક ગામ.

આ ગામમાં કૉંગ્રેસની એક સભા ભરવાની હતી.

સભામાં હાજરી આપવા માટે હજારો ગામ લોકો આવી લાગ્યા હતા. સ્ત્રીઓ હતી. બાળકો હતાં. વૃદ્ધો હતા. આગથી બળબળતા લોહીવાળા જુવાનો પણ હતા.

કેટલાકે એમના હાથમાં રાષ્ટ્રધ્વજો પણ લીધા હતા.

આ સભાની માહિતી પોલીસને તેમ જ લશ્કરને પણ પહોંચી ગઈ હતી.

આ સભા તોડવા માટે એ લોકો સભાસ્થળે આવી લાગ્યા હતા.

હવે આ સભામાં હાજરી આપવા માટે ભોગેશ્વરી નામનાં એક ઘરડાં દાદીમા પણ આવ્યાં હતાં. એમની સાથે એમની એક નાનકડી પૌત્રી પણ હતી. આ નાનીસરખી છોકરીનું નામ હતું : રત્નમાલા!

આ ફૂલ જેવી કુમળી રત્નમાળાએ એના હાથમાં રાષ્ટ્રધ્વજ પકડ્યો હતો.

રત્નમાલાની બાજુમાં એની ફોઈ પણ હાજર હતી. એ ઉપરાંત રત્નમાલાની માતાનાં બા પણ હાજર હતાં.

આમ બબ્બે દાદીઓ અને ફોઈ વડે ઘેરાયેલી રત્નમાલા સભામાં શું થાય છે તે જોવા આવી હતી.

એવામાં એકાએક જ ગોરા અમલદારોએ સભામાં હાજરી

આપવા આવેલા લોકોના હાથમાંથી રાષ્ટ્રધ્વજ આંચકી લેવાનો હુકમ આપ્યો.

ધડાધડ કરતા સૈનિકો અને પોલીસો એ કામ કરવા મંડી પડ્યા!

એક ગોરા સાર્જન્ટની નજર રત્નમાલા ઉપર પડી. આ ગુલાબના ફૂલ જેવી રૂપાળી બાલિકાના હાથમાં ત્રિરંગો જોઈ એનો મિજાજ ગયો.

એક છલંગ મારી એણે રત્નમાલાના હાથમાંથી ત્રિરંગો ઝૂંટવી લીધો. પછી એનામાં હતી એટલી તાકાત વાપરી એણે જોરથી આ બાળકીને ધક્કો માર્યો.

નાની અમથી બિચારી રત્નમાલા! એ રાક્ષસના એક જ ધક્કે જમીન પર ગબડી પડી.

એ મોટા સાર્જન્ટનો આ જુલમ રત્નમાલાનાં દાદી ભોગેશ્વરીથી ન જોઈ શકાયો.

એ ઘરડાં હતાં પણ આગના તણખા જેવા મિજાજનાં હતાં.

એમણે તરત જ જમીન ઉપરથી એ ત્રિરંગો હાથમાં લઈ લીધો.

અત્યારે એ અબળા મટીને સાક્ષાત રણચંડી સમાં બની ગયાં હતાં.

પોતાની પૌત્રીને જમીન ઉપર નિર્દયતાથી પટકનાર એ અંગ્રેજ અધિકારીની સાન ઠેકાણે લાવવાનું એમણે તરત જ મનમાં નક્કી કરી નાખ્યું હતું.

આથી કોઈ ચોરને ધીબે એમ એમણે ત્રિરંગાની લાઠી વડે પેલા અંગ્રેજ અમલદારને ધીબી નાખ્યો.

ચારે બાજુ જબરો સોપો પડી ગયો.

એ ઘરડાં ડોશીમાએ હટ્ટાકટ્ટા અંગ્રેજનાં પૂઠિયાં રંગી નાખ્યાં હતાં.

એ ગોરો સાર્જન્ટ એ જમાનામાં એનું આ હડહડતું અપમાન ખમી શકે ખરો કે?

એણે તરત જ એ ઘરડાં ડોશીમા ઉપર ગોળીબાર કર્યો.

ભોગેશ્વરી દેવી એમના હાથમાં રાષ્ટ્રધ્વજ લઈ જમીન ઉપર ઢળી પડ્યાં.

આ જોઈ ત્યાં ભેગા મળેલા લોકોએ ડોશીમાનો જયજયકાર કરી મૂક્યો.

હવે એમણે હાથમાં રાખેલા રાષ્ટ્રધ્વજની કિંમત એકદમ વધી ગઈ.

એ ધ્વજના સન્માન માટે હવે તો મરી ફીટવું જ રહ્યું.

તરત જ લોકો ભોગેશ્વરી દેવીએ એમના હાથમાં પકડી રાખેલો ધ્વજ લેવા દોટ મૂકી.

પોલીસ ગભરાઈ.

લશ્કર ગભરાયું.

મોટા અમલદારો ગભરાયા.

આવી ગભરામણ થાય એટલે એમના હાથમાં રહેલું રામબાણ હથિયાર એ તરત જ વાપરે.

એ હથિયાર તે બંદૂક! રાઇફલ! રિવૉલ્વર! મશીનગન!

ગોરા અમલદારે તરત લોકો ઉપર ગોળીબારનો હુકમ આપ્યો.

કેટલાક લોકો આ આંધળા ગોળીબારથી ઘવાયા.

એમાંથી લક્ષ્મીરામ હજારિકા અને થાનૂરામ તથા બાલૂરામ નામના બે સગા ભાઈઓ તો ત્યાં જ મરણ પામ્યા.

આ લક્ષ્મીરામ હજારિકા જબરા દેશભક્ત હતા.

મરતી વખતે એમણે ખિસ્સામાંથી ૬૭ પૈસા બહાર કાઢ્યા. આ ૬૭ પૈસા એમણે એમની માતૃભૂમિની મુક્તિ માટે સમર્પણ કર્યા. એમણે આપેલા આ ૬૭ પૈસાના સિક્કા દેશની એક મહામોલી થાપણ તરીકે સંઘરવામાં આવ્યા છે.

આ લક્ષ્મીરામનાં પત્ની પણ એમના જેવા જ દિલેર અને દેશપ્રેમી હતાં.

એમને જ્યારે લક્ષ્મીરામના અવસાનના સમાચાર આપવામાં આવ્યા, ત્યારે આ બહાદુર નારીની આંખમાંથી આંસુના ફુવારાને બદલે નર્યો દેશપ્રેમ વહેવા લાગ્યો.

એમણે ભારે ગૌરવથી કહ્યું : 'માતૃભૂમિને માટે એ આમ શહીદ થયા!'

લોકોએ શહીદ થયેલા આ દેશભક્તોની લાશો પોલીસના હાથમાં પડવા ન દીધી.

બીજે દિવસે જ્યારે પોલીસ અને લશ્કર એ ગામમાંથી રવાના થયા, ત્યારે જનતાએ શહીદોની ભવ્ય સ્મશાનયાત્રા કાઢી.

સ્વાતંત્ર્યસંગ્રામના આ શહીદોને આપણા હજારો વંદન હજો.

*

કનકની કુરબાની

ઈ. સ. ૧૯૪૨.

ભારતના સ્વાતંત્ર્યસંગ્રામનું એક ખૂબ જ યાદગાર વર્ષ.

આ જ વર્ષના ઑગસ્ટ મહિનાની નવમી અંગ્રેજોની કૂટનીતિથી થાકીહારીને છેવટે મહાત્મા ગાંધીજીએ સમસ્ત ભારતીય જનતાને એક આદેશ આપ્યો : 'કરેંગે યા મરેંગે.'

આખા ભારતમાં એક જબરજસ્ત ઇન્કિલાબ મચ્યો. જાણે એક મહા ભયંકર જુવાળ આવ્યો.

ઈ.સ. ૧૯૪૨ના આ સંગ્રામની આ એક નાનકડી ગાથા છે.

ઑગસ્ટ માસની ઓગણીસમી તારીખ.

આસામ પ્રાંત! ત્યાંના ગોપુર નામના નગરની પોલીસચોકી!

આ પોલીસચોકી તરફ એક મોટું સરઘસ આવી રહ્યું છે.

એ સરઘસ જાતજાતના નારા બોલે છે.

અંગ્રેજોને ટળવાનું કહે છે! ઇન્કિલાબ ઝિંદાબાદ કહે છે!

આઝાદી લઈને જ ઝંપીશું એમ કહે છે.

'કરેંગે યા મરેંગે'ના પડકારા કરે છે.

એક અજબ ઉત્સાહ આ આખા સરઘસમાં છે.

ઓછામાં ઓછા પાંચ હજાર જેટલા માણસો આ સરઘસમાં સામેલ છે.

એક ભારે નવાઈની વાત તો એ છે કે એ સરઘસની મોખરે એક કિશોરી ચાલી રહી છે.

અંગ્રેજો ચાલ્યા જાવ

એની ઉંમર ફક્ત ચૌદ વર્ષની છે!

તેજથી લખલખતું એનું લલાટ છે! ઉશ્કેરાટ અને માભોમની આઝાદીની તમન્નાને કારણે એનો ચહેરો લાલઘૂમ થઈ ગયો છે.

એના એક હાથમાં ભારતનો પ્રાણપ્યારો રાષ્ટ્રધ્વજ છે!

આ કિશોરીનું નામ છે કનકલતા બરૂઆ!

પોલીસચોકી એનાથી હવે થોડા જ વામ દૂર છે.

પણ એને એ વાતનો કોઈ થડકો નથી!

કોઈ ચિંતા નથી. એને તો એ થાણામાં જ પહોંચવું છે.

કોઈ પણ હિસાબે એ ચોકીનો કબજો લેવો છે.

મોતને જાણે એણે મૂઠીમાં લીધું છે!

'કરેંગે યા મરેંગે'નો પૂજ્ય બાપુજીનો આદેશ બરોબર આચરી બજાવવાના તાન પર એ ગુલતાન છે.

જોતજોતામાં એ સરઘસ પેલી પોલીસચોકી નજીક આવી ગયું.

ચોકીમાં પોલીસો હતા.

આવડા મોટા સરઘસને જોઈ એ લોકો પહેલાં તો ચોંકી ગયા.

એમની લાઠી અને એમની બંદૂકો બરાબર સંભાળી લીધાં.

ચોકીના દરવાજા નજીક આવતાં જ એ સરઘસ થોભી ગયું.

ખૂબ મક્કમતાથી કનકલતા ચોકીના દરવાજા તરફ આગળ વધી. પોલીસો એની સામે આવીને ઊભા. કનકલતાએ પડકાર કર્યો : 'આ ચોકીનો કબજો અમારા હવાલે કરો!'

પોલીસો પહેલાં તો એ માંગણીથી ડઘાઈ જ ગયા.

કનકલતાએ જરા મીઠાશથી એમને કહ્યું : "જુઓ ભાઈઓ! આપણે બધાં એક જ માતાનાં સંતાનો છીએ. તમે પરદેશી સરકારના નોકર છો, એટલે તમે શું માભોમની મુક્તિની આડે આવશો? મારી તમને સલાહ છે કે, તમે પરદેશીઓની આ નોકરી ફગાવી દો.

થાણું અમને સોંપી દો.' પણ પોલીસ એટલે પોલીસ!

અને આ તો અંગ્રેજ રાજઅમલ વખતની અનેક અત્યાચારો કરતાં જરાય ન કંપનારી, અને પોતાના રાજકર્તાઓને રાજી રાખવાને માટે અધમમાં અધમણ કામ કરનારી આ પોલીસ હતી!

એમને સરઘસની, કનકલતાની કે એની સલાહની જરા પણ પડી ન હતી. એ તો એમના બળ ઉપર, એમના અત્યાચારે પર, એમની બંદૂકો અને લાઠીઓ પર મુસ્તાક હતા!

એમણે તો ઊલટી સામી ધમકી આપી : 'તમે લોકો અહીંથી ચૂપચાપ ચાલ્યા જાઓ. નહીં તો તમને બધાંને અહીં હતા ન હતા કરી નાખવામાં આવશે. અમે તમારા જેવાથી રજ માત્ર ડરતા નથી.'

કનકલતાએ હવે એમને ખૂબ કડકાઈથી કહ્યું : 'જુઓ, આ ચોકી જનતાની માલિકીની છે. પોલીસો જનતાના સેવકો છે. જો તમારે એવા સેવક ન રહેવું હોય તો આ ચોકી છોડી હમણાં ને હમણાં ચાલવા માંડો. નહીં તો પછી અમે આ ચોકીમાં પ્રવેશ કરીએ છીએ. જોઈએ છીએ તમે અમને કેમ અટકાવો છો તે!'

એક જમાદારે ફરી કનકલતાને ચેતવણી આપી કહ્યું : 'આ સરઘસ, આ બધા લોકો, અને તમે જાતે અહીંથી આંખના પલકારમાં ખસી જાઓ! નહીં તો આ તમને છેલ્લી ચેતવણી આપી કહું છું કે, અમારી બંદૂકો તમારાં ભડથાં કરી નાખતાં જરા સરખી પણ નહીં અચકાય.'

કનકલતાને એવી ધમકીની તેમને રજ માત્ર પડી ન હતી. તો એની સાથે સરઘસમાં આવેલા લોકોને પણ પોલીસની જરા સરખી પડી ન હતી.

વધુ ને વધુ લોકો ચોકી તરફ આવતા જતા હતા.

કનકલતાએ આગળ વધવા કદમ ઉપાડ્યાં.

હવે વાતચીતનો કશો અર્થ ન હતો.

એ પાર કે તે પાર! એ જ એક માત્ર રસ્તો હતો! એ જ એક માત્ર અંજામ હતો.

સહેજ પણ થડકાર વિના કનકલતા ડગ ભરતી જ ગઈ!

ફટ ફટ કરતી બંદૂકો એની સામે તાકવામાં આવી. છતાં કનકલતા તો આગળ વધે જ ગઈ.

એની પાછળ સરઘસનાં માણસો હતા.

પોલીસોની ધીરજ ખૂટી.

આવી નાફરમાની એ જુલમગારોથી સહી જ કેમ જાય?

બંદૂકમાંથી ધડીમ ધડીમ કરતી ગોળીઓ વછૂટી. આંખના પલકારામાં કનકલતા ચોકીના દરવાજા પાસે ઢગલો થઈને ઢળી પડી.

શસ્ત્રધારી પોલીસની સામે ધસી ગયેલી કનકલતા પાસે કોઈ શસ્ત્રો ન હતાં. એની પાસેનું અમોઘ શસ્ત્ર તો માત્ર એક જ હતું. એની નૈતિક તાકાત! એનો ન દાબી શકાય તેવો જુસ્સો! જાનફેસાનીની એની ઉત્કટ ભાવના!

સરઘસના નેતા સમી કનકલતાને જમીન પર ઢળતી જોઈને તરત એક તરવરિયો યુવાન એના તરફ લપક્યો. કનકલતાના હાથમાંથી એણે ત્રિરંગો પોતાના હાથમાં લીધો.

આ નવલોહિયા યુવકનું નામ હતું: મુકુંદ કાવતા.

એને કોઈએ આમ કરવાનું કહ્યું ન હતું.

એને કોઈએ દેશસેવાના પાઠ પઢાવ્યા ન હતા.

આ બધું એકદમ અંદરથી જાગતા એક માત્ર જુસ્સાને અને હૈયામાં ઊમટતા અસીમ દેશપ્રેમને કારણે જ બન્યું હતું.

કનકલતાના હાથમાંનો ધ્વજ ઉપાડી મુકુંદ, એણે આદરેલું પૂરું કરવા ચોકીની અંદર દાખલ થવા આગળ વધ્યો.

વળી પાછો 'ધડીમ' 'ધડીમ' કરતો અવાજ થયો.

બંદૂકોનાં નાળચામાંથી ધુમાડો નીકળી પડ્યો.

મુકુંદ પણ કનકલતાના શબ નજીક ઢળી પડ્યો.

આમ છતાં લોકોનો જુસ્સો જરાય શમ્યો નહીં. એ ચોકી ઉપર કોઈ પણ હિસાબે કબજો મેળવવાનું જાણે લોકોએ નક્કી જ કરી નાખ્યું હતું. લોકો આગળ જ વધ્યા. પછી પાછી બંદૂકો ગાજી ઊઠી! ધડાધડ ગોળીઓ ચારે બાજુ છૂટવા માંડી.

એવો એક અંદાજ છે કે તે દિવસ થયેલા આ ગોળીબારોને કારણે ઓછામાં ઓછી સાઠ જેટલી વ્યક્તિઓ શહાદતને વરી હતી.

જોકે પાછળથી સરકાર તરફથી આ બનાવ અંગે જાહેર થયેલા અહેવાલમાં આ હત્યાકાંડમાં માત્ર નવ જ વ્યક્તિઓ મરણ પામી છે એવું જાહેર થયું હતું.

ધન્ય છે કનકલતાને! એના નામ પ્રમાણે એ સાચેસાચ શહાદતની સુવર્ણવેલ સમી હતી!

એને પગલે પગલે પોતાના જાન ન્યોછાવર કરનાર મુકુંદ કાવતા અને અન્ય શહીદો પણ એટલી જ ધન્યતાને પાત્ર છે.

થોડા જ સમયમાં કનકલતા અને બીજા સાઠે શહીદોની વાત આખા ગોપુરમાં ફેલાઈ ગઈ.

લોકો એકદમ વીફર્યા.

ઘેરેઘેરેથી સહુ એ હત્યારી પોલીસચોકી તરફ ધસી આવ્યા.

પોલીસચોકીને એમણે ચારે બાજુથી ઘેરી લીધી.

ઘડીભર તો એવી જ હવા ફેલાઈ ગઈ કે, ખૂબ આવેશમાં આવી ગયેલા લોકો કદાચ એ પોલીસચોકીને જ સળગાવી દેશે.

પોલીસો એકદમ ગભરાયા. વાત એટલી બધી વણસી કે ત્યાંના અંગ્રેજ કલેક્ટરને ખુદને એ ચોકી પાસે આવવું પડ્યું.

એણે લોકોને મહામુસીબતે શાંત પાડ્યા. છેવટે કનકલતાનું શબ ખૂબ માન સાથે પાછું આપવાની શરતે લોકો માંડ શાંત પડ્યા.

કનકલતાના શબની બીજે દિવસે ભવ્ય સ્મશાનયાત્રા કાઢવામાં આવી. એના શબ ઉપર પ્રાણપ્યારો ત્રિરંગો ધ્વજ ઓઢાડવામાં આવ્યો. ચાર કુમારિકાઓએ પોતાના કંધા ઉપર કનકલતાની નનામી ઊંચકી.

આખા ગોપુરમાં એ સ્મશાનયાત્રા ફરી. લોકોનાં ટોળાં ને ટોળાં આંખમાં આંસુ સાથે એમાં સામેલ થયાં.

આ સ્મશાનયાત્રાની આગળ નાનો સરખો એક બાળક ચાલતો હતો.

માંડ દસેક વર્ષની એની ઉંમર હશે. એની આંખમાંથી ડબક ડબક કરતાં બોર બોર જેવાં આંસુ વહી રહ્યાં હતાં.

એનો ચહેરો રોષથી લાલઘૂમ હતો.

કનકલતાને છેલ્લી સલામી આપવા એ દૂધમલ બાળક સ્મશાનમાં જઈ રહ્યો હતો.

કેટલાક વખત બાદ સ્મશાનયાત્રા સ્મશાનમાં પહોંચી.

જોતજોતામાં ચીતા ખડકવામાં આવી.

એના ઉપર કનકલતાના દેહને પૂરતાં માન અને આદરની લાગણી સાથે મૂકવામાં આવ્યો. ચિતામાં અગ્નિ મુકાયો.

થોડી જ વારમાં ચિતા ભડ ભડ બળી રહી.

એ વખતે પેલો બાળક સ્મશાનભૂમિની એ માટીમાં કોઈક આકૃતિ બનાવી રહ્યો હતો.

કોઈકે એને વહાલથી પૂછ્યું : 'બેટા! આ શું કરી રહ્યો છે તું?'

બાળકે આંખમાંથી આંસુ લૂછતાં જવાબ આપ્યો : 'હું આ માટીમાંથી પોલીસચોકી બનાવી રહ્યો છું. કનકબહેનનો દેહ બળીને ભસ્મ થાય એ પહેલાં એ ચોકી ઉપર હું ત્રિરંગો ફરકાવીશ જેથી કનકબહેનને શાંતિ થાય.'

બાળકની આ વાત સાંભળી સ્મશાનમાં હાજર રહેલા કેટલાય માણસોની આંખમાં પાણી આવ્યાં. કનકલતા બરૂઆ ઝિંદાબાદ!

*

STAR BOOKS
Wembley Point, WEMBLEY HA9 6DE (U.K.)
Phone: 020 8900 2640
E-mail : info@starbooksuk.com

CoLibrì
COVER SYSTEM ®
Made in Italy
01-15 MIN
8 032919 991362
www.colibrisystem.com

ઈ. સ. ૧૯૪૭ની પંદરમી ઑગસ્ટે ભારત અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ થયું. આ આઝાદી મેળવવા માટે ભારતની ભૂમિ પર ઈ. સ. ૧૮૫૭થી પણ પહેલાંના સમયથી માંડી ઈ. સ. ૧૯૪૭ સુધીમાં કેટકેટલા જંગ ખેલાયા. સરફરોશીની તમન્ના સેવતા, અગણિત નવલોહિયા યુવાનોએ હસતે મોઢે બલિદાન આપ્યાં. દેશભરમાં ક્રાન્તિની એક વિરાટ જ્વાળા પ્રજ્વલિત થઈ. ગાંધીજીના આગમન બાદ લડત મુખ્યત્વે અહિંસક માર્ગે આગળ વધી અને અંતે આઝાદી પ્રાપ્ત કરી શકાઈ. આમ છતાં જે ક્રાન્તિકારી ભાઈબહેનોએ ભારતને આઝાદ કરવા પોતાનાં સર્વસ્વની કુરબાની કરી, એ આપણાં મનમાંથી ક્યારેય ભુલાઈ જવું જોઈએ નહીં.

એ દેશભક્તોનાં ચરિત્રો, એમનો ઉત્કટ દેશપ્રેમ, એમની અદ્ભુત દિલેરી અને સાહસિકતાની વાતો, આપણી ઊગતી પેઢીને માટે અત્યંત જોમદાયી અને પ્રેરણાદાયી બની રહેશે, એમ વિચારી આ પુસ્તકનું આયોજન કરવામાં આવ્યું છે.

પોતાનાં બાળકો રાષ્ટ્રપ્રેમનું સાહિત્ય વાંચે, એમનામાં ઉત્કટ દેશપ્રેમ પેદા થાય એવું ઇચ્છતા વાલીઓ, શિક્ષકો, શાળાઓ, સહુ કોઈને આ પુસ્તક અત્યંત લાભદાયી બની રહેશે એવી અપેક્ષા છે.

આ ૭ શ્રેણીમાં....

Online Bookst
www.rrshet
ISBN : 978-93-512
9789351 22

KT-672-598